સટીક

નળાખ્યાન

પ્રસિદ્ધ કરનાર

દામુભાઈ ડાહ્યાભાઈ મહેતા

તથા

છગનલાલ ઠાકોરદાસ મોદી

સુરત

સને ૧૯૨૦

કિમ્મત ૧—૨—૦

NALÁKHYÁNA

BY

MAHÁKAVI PREMANÁND

(WITH CRITICAL AND EXPLANATORY NOTES AND SKETCH OF THE POET'S LIFE)

Kadvans I–XXV.

EDITED BY

Damubhai Dayabhai Mehta,
M. A., B.Sc., LL.B.,
Varistha Court Judge, Baroda;

AND

Chhaganlal Thakurdas Modi, *B.A.*
Retired Educational Inspector, Baroda Prant.

TWELFTH EDITION

SURAT 1920

મહાકવિ પ્રેમાનંદ કૃત

નળાખ્યાન

(સંપૂર્ણ ટીકા, અનેક પાઠ તથા કવિજીવન સહિત)

કડવાં ૧–૨૫

પ્રસિદ્ધ કરનાર

દામુભાઇ ડાહ્યાભાઇ મહેતા,
એમ. એ., બી. એસસી., એલએલ. બી.;
વરિષ્ઠ કોર્ટ જડ્જ, વડોદરા રાજ્ય;

તથા

છગનલાલ ઠાકોરદાસ મોદી, બી. એ.;
રિટાયર્ડ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, વડોદરા પ્રાન્ત.

બારમી આવૃત્તિ.

સુરત સં. ૧૯૭૬

સુરત–ચૌટાના પુલ ઉપર આવેલા "સુરત સીટી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પ્રસિદ્ધ કરનારને માટે ઠાકોરદાસ માનસીંગે છાપ્યું.

PREFACE.

Nalakhyana may be called the best poem by the best poet in the Gujarati language. At the same time it is one of the most difficult, in our opinion, of all the poems by the great and popular poet Premanand. We long felt the desirability, or rather the necessity, of having an annotated edition of this very interesting work. The absence of the vernaculars from the University curriculum naturally resulted in their disregard by the people who spoke them. The laudable but futile movement for introducing the vernaculars into the higher examination of the Bombay University and the selection of *Nalakhyana* as a text-book for the University School Final Examination prompted us to fulfil our long-cherished hope, and we at once determined to annotate the first twenty-five *kadvans* of that poem. In the beginning we had in view the sadly-felt want of the students of High Schools, but we had to extend our scope, and consequently to double the size first contemplated by us, in order to make the work useful to the advanced scholars of Training Colleges and to the general public.

In annotating the present work we have, as far as was possible, adopted the system generally followed in annotations of English works. The text of *Nalakhyana*, selected by us, is that published in *Brihat Kavyadohana*, Vol. I, edited by Mr. Ichharam S. Desai. The Government edition recommended for the University S. Final Examination contains readings, which vary in material and important points from almost all other printed and manuscript editions we could lay our hands on, to the

extent of distorting the poet's real meaning, and rendering the lines void of poetical beauty in some places. We have, however, not omitted to insert all the important and necessary readings from that edition, along with those from other editions, consulted by us.

The *Alankaras* (figures of speech), not being equally useful to all, have been treated separately in an appendix at the end. A sketch of the poet's life is also given for the convenience of students.

We have to acknowledge our heart-felt thanks to our well-known Pandit Shri Gatulalji, Kavi Savitanarayan and Mr. Ichharam S. Desai, for the valuable assistance rendered by them in the preparation of this book.

BARODA,
1st June, 1889.

D. D. Mehta.
C. T. Modi.

NOTE—From the eighth edition, the annotations have been given after the whole text, and not below the text on each page as in previous editions.

પ્રસ્તાવના

મહાકવિ પ્રેમાનંદકૃત નળાખ્યાન ગુજરાતી ભાષામાં ઉત્તમ પંક્તિનું કાવ્ય ગણાય છે. તેનાં બધાં કાવ્યોમાં એ વર્ણનશૈલી અને વર્ણનરસમાં સર્વોપરી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. જનપ્રિય નળાખ્યાનમાં પુણ્યશ્લોક નળ રાજાનું અને સતિ દમયન્તીનું ચરિત્ર વર્ણવવામાં આવેલાં છે. પતિવ્રતા સ્ત્રીનો ધર્મ શો છે, તેનો પતિપ્રત્યે પ્રેમ કેવો હોય છે, કળિ એટલે કલેશ બુદ્ધિના પ્રવેશથી મનુષ્યની કેવી દુર્દશા થાય છે, જુગટું રમવાથી કેવા અનર્થ નિપજે છે, સજ્જનને ભોળવી દુર્જનો તેને કેવે આડે રસ્તે લઇ જાય છે અને પાછળથી કુમતિનો નાશ થતાં પોતાનાં આગલાં કુકર્મો અથવા માઠી વર્તણુક વિષે તે સજ્જન પુરૂષને કેવો પશ્ચાત્તાપ થાય છે, મહાન્ પુરૂષો ઉપર ભયંકર સંકટો પડવાં છતાં પણ તેઓ ન્યાય માર્ગથી ન ચળતાં કેવી રીતે ધૈર્ય ધારણ કરે છે, ઈત્યાદિ ઉત્તમ પ્રકારની શિક્ષાથી ભરપૂર અને મનોરંજક આ કવિતા ગ્રંથ દરેક ગુર્જર ગૃહસ્થના ઘરમાં રાખવા યોગ્ય છે. આવા ઉત્તમ કાવ્યની ટીકા છપાવવાની જરૂર છે એવું અમને લાંબા વખતથી લાગતું હતું. યુનિવર્સિટીની પરીક્ષાઓમાંથી દેશી ભાષાને બાતલ કરવાથી સ્કૂલ અને કૉલેજોના વિદ્યાર્થીઓને તેનો જોઇએ તેવો અભ્યાસ કરવાનું કારણ રહ્યું નહીં અને તેથી તેઓનું પોતાની દેશી ભાષાનું જ્ઞાન ઘણું અપૂર્ણ થવા લાગ્યું છે. મુંબઇની યુનિવર્સિટીની ઉપલી પરીક્ષામાં દેશી ભાષાને દાખલ કરાવવાને જે જરૂરનો અને સ્તુત્ય પ્રયાસ ચાલ્યો છે તેથી તથા યુનિવર્સિટી સ્કૂલ ફાઇનલ પરીક્ષામાં ગુજરાતી કાવ્યના પુસ્તક તરીકે નળાખ્યાન પસંદ કરવાથી આ કામ

હાથમાં લેવાનો અમારો વિચાર થયો. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવા પ્રકારની ટીકા આપવાનો પ્રથમ વિચાર કરેલો; પણ સામાન્ય રીતે ગુજરાતી વર્ગને અને ટ્રેનિંગ કૉલેજોના ઉપલા વર્ગનાં અભ્યાસીઓને આ પુસ્તક સાધનભૂત થાય તેવો ઉદ્દેશ રાખી એના કદમાં ઘણો વધારો કરવો અમને યોગ્ય લાગ્યો. આ ગ્રંથ તૈયાર કરવામાં નળાખ્યાનની છાપેલી તથા હાથની લખેલી જૂદી જૂદી અનેક પ્રતો જોવામાં આવી હતી, ને તે બધીમાંથી સ્કૂલ ફાઇનલ પરીક્ષા માટે પસંદ કરેલી સરકારી આવૃત્તિને આધારભૂત ગણવામાં આવી નથી, પરંતુ ભાઈ ઈચ્છારામ સૂર્યરામે પ્રકટ કરેલા 'બૃહત્ કાવ્યદોહન ભાગ ૧ લા' માં આપેલા નળાખ્યાનને મૂળ તરીકે અમે રાખેલું છે, તેનું મુખ્ય કારણ એ છે કે સરકારી આવૃત્તિમાં એટલે અધે દરજ્જે પાઠફેર થયલો માલમ પડે છે કે કેટલાક ભાગમાં કાવ્યની ખુબી અને રસ બંને તેમાંથી જતાં રહેલાં જણાય છે; છતાં સરકારી તથા બીજી પ્રતોમાંથી અગત્યના જણાયલા પાઠો ટીકાની નીચે * બતાવેલા છે. પાઠમાં બતાવેલી પ્રતોની સમજુતિ આ પ્રમાણે છે:—

પ્રત ૧ 'બૃહત્ કાવ્યદોહન ભાગ ૧ લા' માં આપેલું નળાખ્યાન.
,, ૨ સં. ૧૯૩૯ માં ઉતારેલી.
,, ૩ ,, ૧૮૮૧ ,, ,,
,, ૪ નર્મદાશંકરના હાથની લખેલી.
,, ૪ ક સં ૧૮૦૬ માં ઉતારેલી.
,, ૪ ખ ,, ૧૮૨૧ ,, ,,
,, ૪ ગ ,, ૧૮૫૬ ,, ,,
,, ૪ ઘ ,, ૧૮૯૨ ,, ,,

---

*આઠમી આવૃત્તિથા ટીકા પાછળ આપવામાં આવી છે.—છ. ઠા. મોદી.

,, ૪ ચ ,, ૧૯૦૭ ,, ,,
,, ૫ નર્મદાશંકરની છાપેલી સરકારી.
,, ૬ સરકારી 'ગુજરાતી કાવ્યદોહન' તથા 'કાવ્યદોહન ભાગ ૨ જો' કવિ દલપતરામવાળો તથા 'મોટું કાવ્યદોહન' અમદાવાદવાળું.

સર્વને ઉપયોગી નહી ધારી, નળાખ્યાનમાં આવેલા અલઙ્કાર સમજવા પૂરતો અલઙ્કારવિચાર પાછલા ભાગમાં આપવામાં આવેલો છે.

આ ગ્રંથ તૈયાર કરવાના સંબંધમાં પંડિત શ્રી ગટૂલાલજી, કવિ સવિતાનારાયણ અને ભાઈ ઇચ્છારામ સૂર્યરામ તરફથી જૂદે જૂદે પ્રકારે અગત્યની મદદ મળી છે તે માટે તેમનો ઉપકાર માનીએ છીએ.

વડોદરા,
જ્યેષ્ઠ શુદ ૩, ૧૯૪૫

દા. ડા. મહેતા.
છો. ઠા. મોદી.

સંક્ષિપ્ત શબ્દોનો ખુલાસો. (ABBREVIATIONS)

સં.=સંસ્કૃત.
આ.=આરબી.
દ્વ. સ.=દ્વન્દ્વ સમાસ.
પં. તત્. સ.=પંચમી તત્પુરૂષ સમાસ.
ષ. તત્. સ.=ષષ્ઠી તત્પુરૂષ સમાસ.
સ. તત્. સ.=સપ્તમી તત્પુરૂષ સમાસ.
ક. સ.=કર્મધારય સમાસ.
દ્વિ. સ =દ્વિગુ સમાસ.
બહુ. સ =બહુવ્રીહિ સમાસ.
દ્વિ. વિ.=દ્વિતીયા વિભક્તિ.
સં. વિ.=સંબોધન વિભક્તિ.
પ્ર.=પ્રત.
ક.=કડવું.
લી.=લીટી.
પ્રે. ભા. અ.–ક.=પ્રેમાનંદકૃત ભાગવત દશમસ્કંધ અધ્યાય–કડવું.
પ્રે. રણ.=પ્રેમાનંદકૃત રણયજ્ઞ.
પ્રે. ઓ.=પ્રેમાનંદ ઓખાહરણ.
પ્રે. લ.=પ્રેમાનંદ લક્ષ્મણાહરણ.
પ્રે. ચ.=પ્રેમાનંદ ચંદ્રહાસ.
વ. શ. ગ.=વલ્લભભટ્ટનો શણગારનો ગરબો.
સા. શત.=સામળ શતશાઈ.
સા. નં. બ.=સામળ નંદબત્રીશી.
સા. વિ. વા.=સામળકૃત વિદ્યાવિલાસીની વાર્તા.
ગિ. રા.=ગિરધરકૃત રામાયણ.
દ. કા.=દયારામકૃત કાવ્યસંગ્રહ.
શુ. આ.=શુકદેવ આખ્યાન.

કવિ જીવન.

પ્રેમાનંદ ભટ્ટ.

ગુર્જરકવિશિરોમણિ કૃષ્ણસુત પ્રેમાનંદભટ્ટકૃત નળાખ્યાનનું સર્વોપરી કાવ્ય સટીક પ્રગટ કરતાં એ કવિનું સંક્ષિપ્ત જીવનચરિત્ર આપવું અવશ્યનું છે. આપણા લોકોમાં ચરિત્ર લખવાનો ધારો ન હોવાથી આ મહાકવિ ક્યારે જન્મ્યા તે કહી શકાતું નથી, તોપણ એણે બનાવેલા ગ્રંથોપરથી આટલું અનુમાનથી ધારી શકાય છે કે, એ સંવત ૧૭૦૦ થી ૧૭૯૦ સુધીમાં વડોદરામાં થઈ ગયા હતા.

દંતકથા એવી ચાલે છે, કે એ કવિ તદન મૂર્ખ હતો, ને ભણ્યાગણ્યા વગર રઝળ્યા કરતો હતો. એક વખત વડોદરામાં આવેલા કામનાથ ને બહુચરાજીની વચ્ચેના એક મકાનમાં કોઈ સંત પુરુષ આવી ચઢ્યો. પ્રેમાનંદે તેની ઘણી સેવાચાકરી કીધી, તેથી તે સિદ્ધ ઘણો રાજી થયો. સિદ્ધ વડોદરેથી મુકામ ઉઠાવનાર હતો, તે વખતે પ્રેમાનંદે ઘણી આજીજી કીધી ને સિદ્ધે પ્રસન્ન થઈ કહ્યું, કે હું કાલે જનાર છું, માટે પ્રભાતમાં આવજે, કંઈ આપીશ. પ્રેમાનંદ જાતે એદી રહેલો હોવાથી સવારમાં મોડો ઉઠ્યો, ને સિદ્ધના મુકામ પર જતાં મોડું થયું એટલે સિદ્ધ ચાલ્યો ગયો. એ તેની પૂઠે ગયો ને વડોદરા બહાર તેનો મેળાપ થયો. સિદ્ધે કંઈ અપ્રસન્ન વદને સામું જોયું, પણ પ્રેમાનંદને દયામણો ને દામણો જોઈ દયા લાવીને તેની જીભપર કંઈક સિદ્ધાઈનો મંત્ર લખ્યો. પછી કહ્યું કે જો તું વહેલો આવ્યો હોત તો સંસ્કૃત મહાકવિ થાત, પણ જા હવેથી તું પ્રાકૃત કવિ તરીકે બહુ પંકાઈશ. આટલી પણ પ્રસાદી પ્રાપ્ત થઈ તેથી બહુ આનંદ માનતો પ્રેમાનંદ ઘેર આવ્યો, ને તે દિવસથી એનામાં કવિત્વશક્તિ આવી કહેવાય છે.

બીજી એવી પણ દંતકથા ચાલે છે કે એ ન્યાયશાસ્ત્ર ભણ્યો હતો, ને પુરાણનું સારૂં જ્ઞાન ધરાવતો હતો; પણ પ્રથમથી તેનામાં કવિત્વશકિત નહોતી. એક પ્રસંગે કોઈ મહાત્મા એને ઘેર આવ્યો ને કહ્યું કે હું બે દિવસનો અપવાસી છું, કંઈ આપ. પ્રેમાનંદે ખાવાનું આપ્યું ને સિદ્ધે પ્રસાદી આપી. આનાકાની કરતાં પ્રેમાનંદે તે પ્રસાદ આરોગ્યો. જો ઉમળકાથી ખાધો હોત તો એનામાં સંસ્કૃત કાવ્ય કરવાની શકિત આવત, પણ અપ્રસન્ન વદને ખાધો તેથી પ્રાકૃત કવિતા કરવાને શક્તિવાન થયો હતો.

આ સર્વે દંતકથા જોતાં આટલું તો નક્કીપણાથી કહી શકાય છે કે એ પ્રથમ જડ હશે, ને પાછળથી એમનામાં કાવ્ય કરવાની શક્તિ આવેલી. તે સાથે તેને સંસ્કૃતનો પણ થોડો ઘણો સંસ્કાર પાછળથી થયલો જણાય છે. જો તેમ નહીં હોત તો એની કવિતાના મુખ્ય પ્રસંગો જે પુરાણ તથા ભારતમાંના છે તે એના જાણ્યામાં આવત નહીં. વળી એમ પણ કહેવાય છે કે એ પુરાણી હોવાથી કેટલેક પ્રસંગે કથાઓ કરતો હતો, ને તેમાંથી એ કમાઇ ખાતો હતો.

પ્રેમાનંદ કવિનો કાળ તે પ્રાકૃત ભાષાની કવિતાનો કે કવિનો કાળ નહતો, એટલું છતાં એ પ્રાકૃતમાં કવિતા કરવાને કેમ લલચાયો તેનું કારણ સવિસ્તર જણાતું નથી, પરંતુ એની કવિતા એના પોતાના કાળમાં લોકમાં પ્રસિદ્ધ થઈ હતી; ને તેથી કેટલાક તેને નિંદનારા તેમ કેટલાક તેને વંદનારા હતા. એ સંસ્કૃત પુરાણ કે મહાભારત વાંચતો હતો ત્યારે શ્રોતાઓ વાહવાહ કરતા નહીં, પણ જ્યારથી પ્રાકૃત કવિતા, કથા તરીકે વાંચવા માંડી ત્યારથી એની કથા સાંભળવાને શ્રોતા ઘણા આવતા હતા, ને તેથી એને પ્રાપ્તિ પણ ઠીક થતી હતી; અને તે પરથીજ એને પ્રાકૃત કવિતા કરવાનો શોખ વિશેષ થયલો હોવો જોઇએ. એણે પ્રાકૃતમાં કથા કરવા માંડી તેથી એને વડોદરાના પુરાણીઓ સાથે ઘણી તકરાર થઈ હતી. ત્યારે પ્રેમાનંદે ગર્વથી કહ્યું હતું કે તમો ભાગવત ભારતની કથા કરો છો, પણ તમો કોળવાઇ મારીને ફર્યા કરો તેવું કરીશ. હું પ્રાકૃતમાં ભાગવત કરી કથા કરીશ, તો તમને કોઈ

સાંભળશેએ નહી. પછી એણે ભાગવતના જૂદા જૂદા સ્કંધો કાવ્યમાં રચ્યા હતા, ને તેની કથા પણ થયલી સંભવે છે.

એની કવિતા તથા કથાની ખ્યાતિ સુરત અને નંદરબાર સુધી થયલી હતી. સુરતમાં રહીને પણ તેણે કેટલીક વેળા કથા કીધી જણાય છે. અમારા મિત્ર રા. ઇચ્છારામ સૂર્યરામ દેશાઇએ કરેલી શોધ પ્રમાણે, "પ્રેમાનંદે ત્રણ વખત સુરતમાં કથા કરી છે. એક વાર ચાર-ખાનાને ચકલે, એક વાર ઘીને કાંટે ને એક વાર જદાખાડીમાં. સુરતમાં લીંબુ શેરીને નાકે મોહનદાસ નામના કણબીને ત્યાં એ ઉતારો કરતો હતો. આ મોહનદાસ દેવીભક્ત હતો; પણ કથાનો ઘણો શોખીન હતો; ને તેથી તેણે ઘણાક પુરાણી અને ગાગરિયા ભટોને આશ્રય આપેલો છે." સુરતમાં કથા કરતાં વખતો વખત પ્રેમાનંદ નંદરબાર જતો હતો. તેને ત્યાંના ઠાકોરનો આશ્રય હતો એમ કેટલાક તરફથી કહેવામાં આવે છે, પણ જે વૃત્તાંત એ કવિ સંબંધી ભાઈ ઇચ્છારામ મેળવી શકયા છે, તે પરથી જણાય છે કે ત્યાંના રાજાનો પુત્ર વીરસિંહ એ કવિનું ઓખાહરણ સાંભળીને ઘણો ખુશ થઈ ગયો હતો. તેથી તેણે પોતાના પિતા ભૂપતસિંહના મ્હોડા આગળ કવિની ઘણી તારીફ કીધી, ને ઓખાહરણ દરબારમાં વાંચી સંભળાવવા કવિને તેડાવ્યો. કવિએ ઓખાહરણ ફક્કડ રીતે વાંચ્યું ને તેથી સભા સંતુષ્ટ થઈ. રાજાએ થોડુંક ઇનામ આપ્યું, ને કહ્યું કે કોઈ રાજકુળનું આખ્યાન લખો. એ વખતે રાજાની એક રાણી મરણ પામેલી હતી ને રાજા શોકમાં હોવાથી દુઃખમાં દીલાસો મળે તેવા હેતુથી કવિએ નળાખ્યાન લખવું શરૂ કીધું, ને સંવત ૧૭૪૨ માં પૂરૂં કીધું; પણ તેટલામાં ઠાકોરનો પાટવી કુંવર વીરસિંહ મરણ પામવાથી પ્રેમાનંદનો પાછળથી કોઇએ ભાવ પુછયો નહી, ને તેથી કવિની કેટલીક આશા નષ્ટ થઇ. કવિએ નળાખ્યાન કર્યું છે તે એનાં સઘળાં કાવ્યોમાં સર્વોપરી છે.

આ કવિએ ઘણાં કાવ્યો લખ્યાં છે. જે ગ્રંથો અમારા જોવામાં આવ્યા છે તે ગ્રંથોની ટીપ અમે હેઠળ આપીએ છીએ:—

૧ દશમસ્કંધ.
૨ અષ્ટમસ્કંધ.
૩ સપ્તમસ્કંધ.
૪ ડાંગવ આખ્યાન.
૫ ઋષ્યશૃંગ આખ્યાન.
૬ નળાખ્યાન.
૭ ચંદ્રહાસ આખ્યાન.
૮ બભ્રુવાહન આખ્યાન.
૯ મૃદાલસા આખ્યાન.
૧૦ વામાનાખ્યાન.
૧૧ અભિમન્યુ આખ્યાન.
૧૨ સુધન્વા આખ્યાન.
૧૩ દ્રૌપદી વસ્ત્રાહરણ.
૧૪ સુભદ્રાહરણ.
૧૫ ઓખાહરણ.
૧૬ લક્ષ્મણાહરણ.
૧૭ વલ્લભ ઝગડો.
૧૮ મામેરૂં.
૧૯ નૃસિંહ મેહેતાની હુંડી.
૨૦ નૃસિંહ મેહેતાના પિતાનું શ્રાદ્ધ.
૨૧ નૃસિંહ મેહેતાના પુત્ર શામળશાનો વિવાહ.
૨૨ ભ્રમર પચીસી.
૨૩ દાણલીલા.
૨૪ રણયજ્ઞ.
૨૫ રઘુવંશ કાવ્ય.
૨૬ વિવેક વણજારો.
૨૭ સુદામા ચરિત્ર.
૨૮ સ્વર્ગનિસરણી.
૨૯ હરિવંશ.

એ કવિએ બીજા ગ્રંથો કીધા છે, પણ જે અમારા જોવામાં આવ્યા નથી, પણ માત્ર નામ સંભળાય છે તેની ટીપ અત્રે આપીએ છીએ.

૧ મહાભારત.
૨ સંપૂર્ણ ભાગવત.
૩ સંપૂર્ણ રામાયણ.
૪ હારમાળા.
૫ કર્ણચરિત્ર.
૬ ભીષ્મચરિત્ર.
૭ રેવાખ્યાન.
૮ અશ્વમેધ.
૯ નરકાસુરાખ્યાન.
૧૦ વ્રજવેલ.
૧૧ ત્રણ નાટક. (જેનાં નામ માલમ નથી)
૧૨ દ્રૌપદીહરણ.
૧૩ અષ્ટાવક્ર આખ્યાન.
૧૪ રૂક્મિણી હરણ.
૧૫ માર્કંડેય પુરાણ.

આટલા ગ્રંથોની ટીપ આપી છે તોપણ પ્રેમાનંદના કરેલા નકકી કેટલા ગ્રંથ છે તે કોઇ પણ રીતે કહી શકાતું નથી.

એના કાવ્યો ગ્રંથો માટે વિચાર આપવાનું કામ દુર્ઘટ નહી, તો પણ અઘરૂં તો ખરૂં. આ સર્વોપરી કવિનાં કાવ્યો ગુજરાતમાં બહુ લોકપ્રિય છે એમાં ના પડાશે નહી. દશમસ્કંધ ને નળાખ્યાન ચોમાસામાં શેહેરમાં ને ગામડામાં ઘેરઘેર ગવાય છે; મામેરૂં સ્ત્રીઓના સીમંત પ્રસંગે રંગ આપે છે. ચૈત્ર માસમાં ઓખાહરણ ગાજી રહે છે; ભાદ્રપદમાં–શ્રાદ્ધ પક્ષમાં નૃસિંહ મેહેતાના પિતાનું શ્રાદ્ધ ગવાય છે; સુદામાચરિત્ર ને હુંડી પણ વખતો વખત લોકોને આનંદ આપે છે; સ્વર્ગ નિસરણી બારણા આગળ બ્રાહ્મણો ગજાવે છે. એવી રીતે કોઈ પણ કવિની કવિતા ગુર્જર પ્રદેશમાં રંગ આપતી જણાતી નથી. કવિની કવિતા વર્ણનરસ ને વર્ણનશૈલીમાં ખુબીદાર છે; ને વિષયનું રૂપ બાંધી તે દર્શાવવાની શક્તિ, શ્રોતાનાં મન હરણ કરવાની શક્તિ, જેટલી પ્રેમાનંદની કવિતામાં છે તેટલી બીજા કવિની કવિતામાં નથી. કવિને રસાલંકારનું ઉત્તમ જ્ઞાન હોય તેમ લાગે છે, ને તેથી જેવો તેણે પોતાની કવિતામાં રસ મૂક્યો છે તેવો દયારામભાઈની કવિતામાં પણ નથી. નૃસિંહ મેહેતા સંબંધી કવિતામાં સાંસારિક જ્ઞાન એવી તો ઉત્તમ રીતે દર્શાવ્યું છે કે તેનું ચિત્ર પણ પાડી શકાય. એ પુરાણ કથા વાંચતો હોવાથી શ્રોતાને કેમ રંજન કરવા તે શક્તિ ઉત્તમ પ્રકારની એનામાં હતી.

કવિ નર્મદાશંકર લખે છે કે 'નળાખ્યાનમાં કરૂણાનું પ્રાધાન્ય ને શૃંગાર હાસ્ય એ (રસો) છે........એનો (પ્રેમાનંદનો) સૌથી શ્રેષ્ઠ ગ્રંથ પોતાની ઠરેલી સ્થિતિમાં ઠરેલી કલમથી લખાયલો નળાખ્યાનનો છે.'

કવિનો સ્વભાવ કવિતા તરફ જોતાં, માયાળુ, વિવેકી ને સાથે વિનોદી હતો. ઠાવકી મજાક કરવામાં, કોઈને બનાવવામાં એ ચઢતો હતો, પણ તેમાં વિવેક ચૂકતો નહી. એ વળી નિરભિમાની હતો–જો કે પ્રસંગોપાત અભિમાનનાં વાક્ય જણાય છે તો પણ મદાભિમાન એનામાં નહોતું. એની કવિતા રસીક, બોધક, મોહક અને આનંદ દેનારી ને મન હરનારી છે. સંસાર વિષય સમજનાર એ નિપુણ, હસાવવામાં મગ્ન ને નિવૃત્તિ આનંદમાં નિમગ્ન હતો. તે સંસાર ઉપાધિથી દાઝતો, પણ કાવ્યરસમાં રાજતો.

તા. ૧–૬–૮૯

નળ અને દમયન્તી ચરિત્ર.

(નર્મકથાકોષ ઉપરથી.)

નળ એ દ્વાપરના અન્તમાં થયલો સૂર્યવંશી રાજા—નિષધ દેશના વીરસેનનો પુત્ર હતો. એ સ્વરૂપે સુંદર શાસ્ત્રજ્ઞાતા, ધનુર્વેદ નિપુણ ને પુણ્યશીલ હતો. એની કથા એની સ્ત્રી દમયન્તીના સંબંધમાં આ પ્રમાણે છે. વીરસેનની રાજસભામાં વિદર્ભ દેશના ભીમક રાજાની કન્યા દમયન્તીનાં સ્વરૂપ શૃંગારવર્ણન થયા કરતાં તેથી નળનું હૃદય વિંધાયું હતું ને એ ઉદાસ રહેતો. એક દિવસ વનમાં ગયો ત્યાં એણે સુંદર હંસોની પંક્તિ દીઠી. નળના કરકમળમાં મુક્તામાળ જોઈને એક હંસ નળના હાથ ઉપર ચઢયો, ને મનુષ્યવાણીથી બોલ્યો કે રાજા મારો ઘાત ન કરીશ—દમયન્તી તને મળે તેવો હું યત્ન કરીશ. નળે કહ્યું તને હું મારા પ્રાણ કરતાં વધારે ગણીશ, પણ હમણાં ને હમણાં તું વિદર્ભ દેશ જઇને દમયન્તીને સમજાવ. પછી હંસ દમયન્તીની વાડીમાં જ્યાં તે બેઠી હતી ત્યાં ગયો. સખીઓએ પકડવા માંડયો પણ તે તેના હાથમાં ન આવ્યો, પણ જ્યારે દમયંતીએ તેને બોલાવ્યો ત્યારે તે તેની પાસે આવ્યો ને બોલ્યો કે હે રાજપુત્રી, હું ત્રિભુવનમાં ફરી વળ્યો છઉં પણ નળના જેવો સુકુમાર સ્વરૂપસુંદર મેં બીજો જોયો નથી; ને એવાં ઘણાંક વખાણ કર્યાં એ સાંભળી દમયન્તી પણ નળ સાથે પરણવાને લોભાઈ ને એણે હંસને કહ્યું કે તું જા ને નળને કહે કે મેં મનથી તમને વરમાળ પહેરાવી છે માટે મારા પિતા સ્વયંવર રચે તેમાં ઉતાવળા આવજો. હંસે જઇ નળને કહ્યું ને થોડા દિવસ પછી ભીમકને ત્યાંથી નળને તેડું આવ્યું. એવું બન્યું કે નારદે ઇંદ્ર સભામાં દમયન્તીનાં વખાણ કરેલા તેથી ઇંદ્ર, યમ, અગ્નિ ને વરૂણ એ ચારે સ્વયંવરમાં આવતા હતા. વાટમાં નળ મળ્યો તેને ઇંદ્રે કહ્યું કે લોકોમાં તું પુણ્યશીળ કહેવાય છે, માટે તારે પોતાનો સ્વાર્થ છોડી દઇ અમારાં દૂત રૂપે થઈ દમયન્તીને એવો બોધ કરવો કે જેથી તે અમારામાંના એકને વરમાળ ઘાલે. નળે કહ્યું કે અંતઃપુરમાં મારાથી કેમ જવાશે? ત્યારે ઇંદ્રે કહ્યું કે

દમયન્તી વગર બીજું કોઈ તને દેખશે નહી. પછી નળ અંતઃપુરમાં ગયો એટલે મુખ જોતાં વારને દમયંતીએ જાણ્યું કે એજ મારો પ્રિતમ છે. નિષધરાજાએ પોતાનું ખરૂં નામ ન કહ્યું પણ બોલ્યો કે હું ઇંદ્ર, યમ, અગ્નિ, વરૂણનું દૂતત્વ કરવા આવ્યો છું–તેઓ તારા સૌંદર્ય ઉપર આસક્ત છે. માટે એ ચારમાંથી એકને તું વરમાળ પહેરાવ. દમયંતી બોલી કે, ધનુષમાંથી બાણ છૂટ્યું તે પાછું કેમ ફરે. માટે મેં મારૂં મન નળને સમર્પ્યું છે તે બીજા કોઈ ભણી હવે જનાર નથી–નળ વિના બીજા પુરૂષ મારે મન પિતા, ભાઈ અથવા પુત્ર સરખા છે. પછી નળે પેલાઓ પાસે આવીને વર્તમાન કહ્યા. ત્યારબાદ સ્વયંવરમાં તે ચાર દેવતાઓએ નળનું રૂપ ધારણ કર્યું હતું તેથી દમયન્તી વિચારમાં પડી ને દેવચિહ્નના ઉપર લક્ષ આપી જોયું તો તે દેવતાઓ અંતરીક્ષ આસને હતા ને નિષધનળ પૃથ્વી પર હતો. તરતજ દમયન્તીએ નિષધનળને વરમાળ પેહેરાવી દીધી. પછી તે દેવતાઓ નળદમયંતીને આશીર્વાદ દઈ વર આપી અંતર્ધ્યાન થયા અને નળ દમયંતીને લઈને પોતાને નગર ગયો. પછી દમયંતીને ઇંદ્રસેન અને ઇંદ્રસેના કુંવરી એમ બે સંતાન થયાં. એ સમયે કળી સ્વયંવરમાં આવતો હતો તેને ઇંદ્રાદીએ જ્યારે કહ્યું કે દમયંતી તો નળને પરણી ચૂકી ત્યારે તેણે નિશ્વાસ મૂકયો ને પછી ક્રોધે ભરાઈ નળદમયંતીને દુઃખ દેવાનો વિચાર કીધો. નળના પિત્રાઇ ભાઇ પુષ્કરને નળ સાથે દ્યૂત રમવાને ભંભેર્યો. દ્યૂતમાં નળ સર્વસ્વ હાર્યો ત્યારે એણે પોતાનાં કુંવર કુંવરીને ભીમક પાસે મોકલાવી દીધાં. જ્યારે પુષ્કરે કહ્યું કે દમયન્તીની હોડ કરી દ્યૂત રમ ત્યારે નળે તે સાંભળ્યા કીધું. પછી પુષ્કરે તેઓનાં વસ્ત્રાભૂષણ હરી લઈને તેમને કહ્યું કે મારા નગરમાંથી નીકળો ને ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈ નળ સાથે ભાષણ કરશે તેને તત્કાળ શિક્ષા કરવામાં આવશે. એ ઉપરથી નળદમયન્તી એકેક વસ્ત્રે નગર બહાર ત્રણ દિવસ નિરાહાર રહ્યાં–કોઇ બારણે ઉભું ન રાખે ને કોઈ ભાષણ ન કરે. ચોથે દિવસે એઓએ વનમાં પ્રવેશ કર્યો તો ત્યાં એક પુષ્ટ બગ નજરે પડયો. રાજા તેને પકડવા જેમ પૂઠે દોડે તેમ તેમ તે દૂર જતો જાય, તેથી નળે પોતાનું વસ્ત્ર કહાડી

તેના ઉપર નાંખ્યું એટલે તે વસ્ત્ર સહિત ઉડી ગયો, ને રાજા નગ્ન થઇ રહ્યો. પક્ષીએ ઉડતાં ઉડતાં કહ્યું કે હું પુષ્કરની તરફનો છું ને તારૂં વસ્ત્ર લઈ જાઉં છું. નળ ક્ષુધાથી પીડિત દીન વદને આમ તેમ જોતો હતો, એવામાં કળી મચ્છ રૂપે એક પાસેના તળાવની બહાર પડયો, એને જોતાંજ નળે તેને માર્યો ને દમયંતીના હાથમાં આપ્યો. એ તેને ધોવા તળાવની પાસે બેઠી ને મચ્છના મ્હોમાં આંગળી ઘાલી દુર્ગંધી કહાડવા જાય છે એવે આંગળીમાંથી અમૃતસ્રાવ થયો ને મચ્છ સજીવન થઈ તળાવમાં જતો રહ્યો. દમયન્તીએ વ્હીલે મ્હોડે બનેલી વાત નળને કહી પણ એણે તે ન માન્યું; એજ ખાઈ ગઈ એમ જાણી તેનો તિરસ્કાર કર્યો પછી દમયંતીએ પોતાના વસ્ત્રનો એક છેડો નળને કહાડી આપ્યો ને સૂર્યાસ્ત થયો એટલે બંને એક વૃક્ષ નીચે સુતાં. દમયન્તી ભર નિદ્રામાં પડી હતી. તેના સામું નળે જોયું તો તેની પૂર્વસ્થિતિનો વિચાર તેને આવ્યો ને એથી ઘણું દુઃખ કરવા લાગ્યો. એણે વિચાર્યું કે એને છોડી હું જતો રહું તો મારે એનું દુઃખ જોવું ન પડે. એટલામાં કળી પાળીરૂપે નીચે પડયો ને નળે અર્ધવસ્ત્ર કાપી દમયન્તીથી છુટો થઈ ચાલવા માંડયું.

દમયન્તીએ જયારે જાગીને જોયું તો નળ અર્ધવસ્ત્ર કાપી જતો રહેલો ને એથી તે મૂર્છા ખાઈ પડી—પછી કેટલીક વારે સાવધ થઈ નળને પોકારતી તે વનમાં ભટકવા લાગી. માર્ગમાં એક અજગર મ્હોડું વકાશી પડ્યો હતો તેના મુખમાં તેનો પગ પડવાથી તેણે તે ગળવા માંડયો. દમયન્તીએ ચીસ પાડી નળને પોકાર કર્યો. તે એક પારધીએ સાંભળ્યો ને એણે આવી અજગરને મારી દમયન્તીને મુક્ત કરી. એ પારધી એનું રૂપ જોઇ કામાતુર થયો ને આલિંગન કરવા જતો હતો તે વેળા દમયન્તીએ તેને બહુ સમજાવ્યો પણ ન માન્યું, ત્યારે તેને શાપ દઇ બાળી ભસ્મ કર્યો. દમયન્તી ઉત્તર પંથે જવા લાગી તો માગમાં એક મહાતાપસને દીઠા ને એને તેણે નળ સંબંધી જ્યારે પૂછ્યું ત્યારે તાપસે કહ્યું 'તને તારા સ્વામીને મેળાપ હવે વહેલો થશે.' આગળ ચાલતાં દમયન્તીને નદી તીરે કેટલાક સોદાગરો મળ્યા તેઓના

સંઘમાં તે રાતે રહી. એવું બન્યું કે ત્યાં વનના હાથીઓનું ટોળું પાણી પીવા આવ્યું. તેઓએ સર્વનો સંહાર કરવા માંડયો એટલે સૌ ન્હાસવા લાગ્યા. દમયન્તી ન્હાસતી એક વનમાં આવી ને સવાર થઈ એટલે કેટલાક સોદાગરોની પાછળ તેણે ચેદવસુપુરીમાં આવીને નગ્રમાં પ્રવેશ કર્યો. અહીંના રાજા સુબાહુની માએ તેને દીઠી ને પછી દમયન્તીને પાસે બોલાવી તું કોણ છે એવું પૂછયું. દમયન્તીએ પોતાનું નામ જણાવ્યા વગર કેટલીક વાત કહી. પછી રાજમાતાએ કહ્યું કે તું અહીં રહે; દમયન્તી બોલી કે હું કોઇનું ઉચ્ચિષ્ટ ભોજન ન કરૂં, પાદપ્રક્ષાલન ન કરૂં ને બીજા કોઈ સાથે ભાષણ ન કરૂં, એવું હોય ને મારા પતિની ખોળ કરાવો તો રહું. રાજમાતાએ તે કબૂલ કર્યું ને પુત્રી પ્રમાણે ગણવાનું વચન આપ્યું પછી દમયન્તી સુનંદા નામની રાજકન્યા સાથે અહીં રહી.

દમયન્તીને છોડી નળ ચાલતો થયો હતો. તેણે પ્રથમ તો વનમાં ભયંકર દાવાનળ બળતો દીઠે ને કોઈની ચીસ સાંભળી પછી તેણે જઇ જોયું તો ત્યાં એક મોટો નાગ બળતો હતો. નાગે નળને કહ્યું મારૂં નામ કર્કોટક છે ને હું નારદના શાપથી અહીંયાં બળ્યાં કરૂં છું; પણ નારદે મને ઉશાપ આપ્યો છે કે નળ રાજા તને છોડાવશે, માટે મને મુક્ત કર પછી નળે તેને ઉંચકી ખાંધ ઉપર નાંખ્યો ને નીચે મૂકવા જાય છે એટલામાં તેણે નળને હાથે દંખ દીધો. એની વિષ-જ્વાળથી નળ કાળો અને કદરૂપો થઇ ગયો. કર્કોટકે નળને કહ્યું કે તારૂં રૂપ છુપાવવા મેં દંખ દીધો છે ને પછી એક વસ્ત્ર આપી કહ્યું કે તારી અવધ પુરી થાય એટલે આ વસ્ત્ર મારૂં સ્મરણ કરી પહેરજે—તારૂં રૂપ પૂર્વવત્ થશે ને દમયન્તી તથા રાજ પાછાં મળશે. પછી નળ અયોધ્યાના ઋતુપર્ણ રાજાને ત્યાં ગયો ને બાહુક નામ ધારણ કરી કહ્યું કે હું નળનો સારથી છું ને અશ્વમંત્ર જાણું છું. પછી ઋતુપર્ણે એને સર્વ સારથીઓનો ઉપરી કરી અશ્વશાળામાં રાખ્યો. અહીં એ નિત્ય રાતે દમયંતીને સંભારી વિલાપ કરે. બીજા સારથીઓએ તેને એમ કરવાનું કારણ પૂછવાથી નળે કહ્યું કે કોઇ ભેદ બુદ્ધિ માણસ પોતાની

રત્ન જેવી સ્ત્રીને વનમાં ત્યાગ કરી જતો રહ્યો ને પછી તે મૂર્ખ શોક કરવા લાગ્યો તેની રીતી હું સહજ કરી દેખાડું છું.

દમયંતીના પિતાએ દેશોદેશ નળદમયંતીને શોધવા બ્રાહ્મણો મોકલ્યા હતા, તેમાં સુદેવે ચૈદ્યવસુપુરીમાં આવી દમયંતીને ઓળખી. દમયંતીએ પણ તેને ઓળખ્યો ને પછી તે રડી પડી. સુનંદાએ વિસ્મિત થઇ સુદેવને દમયંતી વિષે પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે એ તારી મસિઆણ બેન દમયંતી છે. પછી સૌએ તેને પ્રથમ ન ઓળખી તેનો પશ્ચાત્તાપ કર્યો ને દમયંતી સર્વનો ઉપકાર માની સુદેવ જોડે પોતાના પિતાને ઘેર ગઇ. અહીંથી દમયંતીએ નળની શોધ કરવા બ્રાહ્મણો મોકલ્યા હતા, તેમાંથી પર્ણાદ નામનો વિપ્ર સમાચાર લાવ્યો કે તમારી વાત સાંભળી માત્ર એક અયોધ્યાનો રાજસારથી નામે બાહુક ઘણો શોક કરવા લાગ્યો; પછી દમયંતીએ સુદેવને ઋતુપર્ણ પાસે મોકલ્યો ને કહેવડાવ્યું કે દમયંતી ફરી સ્વયંવર કરે છે ને કાલે પ્રાત:કાળે મુહૂર્ત છે માટે જે રાજા વહેલો આવશે તે વરમાળ પેહેરશે. રાજાએ બાહુકને બોલાવી વર્તમાન કહ્યું. બાહુક બોલ્યો કે સૂર્યોદય થતાં પહેલાં પહોંચાડીશ. પછી બાહુકે મરકટ જેવા અશ્વ જોડી રથ તૈયાર કર્યો. ઋતુપર્ણે તે જોઇ પુષ્ટ અશ્વ જોડવાનું કહ્યું, બાહુક કહે કે હાથી મોટા હોય છે ને સિંહ નાનો હોય હોય છે માટે શું હાથી સિંહ કરતાં બળવાન છે ? પછી બાહુકે અશ્વના કાનમાં મંત્ર મૂક્યો કે તે પવન વેગે ઉડ્યા. માર્ગમાં રાજાનું વસ્ત્ર પડી ગયું ત્યારે તેણે બાહુકને રથ ઉભો રાખી તે લાવવાનું કહ્યું. બાહુકે કહ્યું કે તે વસ્ત્ર હવે દશ યોજન દૂર રહ્યું છે. એવામાં ત્યાં એક બ્હેડાનું વૃક્ષ જોઇ રાજાએ ગણિત કરી તેનાં પાંતરાં ને ફળ કેટલાં છે તે કહી આપ્યું; પછી ઋતુપર્ણની ઇચ્છાથી બાહુકે તેને અશ્વમંત્ર આપ્યો ને પોતે તેની પાસેથી ગણિતવિદ્યા લીધી. એ વિદ્યાના બળથી નળના અંગમાંથી કળી નીકળી મૂર્તિમંત ઉભો રહ્યો, ને કહ્યું કે મેં તારો બહુ છળ કર્યો છે, માટે તારી કથા સાંભળશે તેને હું નહી પીડું. પછી કળીએ બ્હેડાના વૃક્ષમાં પ્રવેશ કર્યો. બાહુકે રથ હાંક્યો ને વિદર્ભ જઇ પહોંચ્યા. દમયંતી આદિએ રથની ગતિ જોઇ જાણ્યું કે તે નળજ છે, ઋતુપર્ણે ત્યાં સુનકાર જેવું દીઠું પણ ભીમકે તેનું ઘણું સન્માન કર્યું.

નળ બાહુક અશ્વશાળામાં ઉતર્યો. અહીં દમયંતીએ તેની પરીક્ષા કરવા કેશિની નામની દૂતી મોકલી ને એણે બાહુકને નળના સમાચાર જાણતા હો તો કહો એમ પૂછ્યું. બાહુકે ઉત્તર દીધો કે તે કાયા કરૂપ કરી કોણ જાણે ક્યાં ગુપ્ત રહ્યો હશે. એ ઉત્તર દમયંતીએ જાણ્યો એટલે દાસીને કહ્યું, કે એને કંઈ અન્નઉદક આપશો નહી ને આ બાળકોને લઈ ત્યાં બેસી એની ચિકિત્સા જોયા કરો. દાસી બંને બાળકને લઈ ત્યાં ગઈ. બાહુકે તેઓને દીઠાં એટલે તેની આંખમાં આંસુ આવ્યાં ને પછી તેણે બાળકોને છાતી સાથે સારી પેઠે ચાંપ્યાં. બાહુકે દાસીને કહ્યું મારાં બાળકો મને સાંભરવાથી મેં એમ કર્યું. જ્યારે બાહુકે કોરા કુંભને મંત્રવડે જળથી ભર્યો, ને ઘાસને ફુંકી અગ્નિ પ્રગટ કર્યો ત્યારે દમયંતીને નિશ્ચય થયો કે તેજ નળ છે. ભીમકે એ સર્વ જાણ્યું ને પછી બાહુકને સભામાં બોલાવ્યો ત્યાં એ પોતાના લગ્નસમારંભનું સ્થાન જોઈ ઘણો ખેદ પામ્યો ને નીચું ઘાલી બેઠો. એવામાં આકાશ વાણી થઈ કે હે નળરાજા, હવે તારૂં રૂપ પ્રકટ કર. પછી બાહુકે નાગનું સ્મરણ કરી તેનું આપેલું વસ્ત્ર પહેર્યું કે તે પૂર્વરૂપ થઇ રહ્યો. દમયંતી આદિ સર્વ પ્રસન્ન થયાં ને ઘણાં દાનધર્મ કર્યાં પછી નળરાજા અપાર સૈન્ય લઈ દમયંતી સહિત પોતાના દેશમાં આવ્યો ને પુષ્કરને બોલાવી કહ્યું કે મારી સાથે દ્યૂત રમ કે યુદ્ધ કર. નળે દ્યૂત રમી સર્વ રાજપાટ પાછું જીતી લીધું ને પુષ્કરની દયા જાણી તેને એક ગામ આપ્યું. પછી નળરાજા સ્વસ્થપણે ધર્મરાજ કરી કેટલેક કાળે દમયંતી સહિત સ્વર્ગે ગયો.

પ્રેમાનંદે નળાખ્યાનમાં પોતાના વર્ણનને રસમય અને રમુજી કરી શોભાવવા સારૂ પ્રસંગોપાત મહાભારતના વનપર્વના અધ્યાય ૫૨—૭૯ માં આપેલી નળની કથામાં વધારો તેમજ ફેરફાર કરેલો છે. નર્મકથાકોષ-માંથી લીધેલી ઉપરની હકીકત મહાભારતને લગભગ અનુસરતી છે.

ઉપયુક્ત પુસ્તકો.

નામ	કિમ્મત	તૈયાર કરનાર
૧ વધૂબોધ	૦–૬–૦	દામુભાઈ ડાહ્યાભાઈ મહેતા
૨ ગુજરાતી કહેવતો	૧–૨–૦	,,
૩ નીતિબોધ	૦–૭–૦	છગનલાલ ઠાકોરદાસ મોદી
૪ પુત્રીશિક્ષા	૦–૫–૦	,,
૫ ઇરાવતી	૧–૮–૦	,,
૬ હિતવચનમાળા	૦–૧–૦	,,
૭ સામાન્ય જ્ઞાન પ્રશ્નમાળા	૧–૦–૦	,,
૮ સામાન્ય જ્ઞાન પ્રશ્નમાળા ના ખુલાસા	૩–૦–૦	,,
૯ જ્ઞાન ગમ્મત (દર સટના)	૦–૬–૦	,,
૧૦ ગુજરાતના ઇતિહાસની વાતો	૦–૪–૦	,,

મળવાનાં ઠેકાણાં—તૈયાર કરનારા તથા કરશનદાસ નારણદાસ બૂકસેલર નાણાવટ—સુરત.

નળાખ્યાન.

કડવું ૧ લું. રાગ કેદારો.

શંભૂ સુતનું ધ્યાનજ ધરૂં, સરસ્વતીને પ્રણામજ કરૂં;
આદરૂં રૂડો નૈષધનાથ રે.

ઢાળ.

નૈષધનાથની કહું કથા, પુણ્યશ્લોક જે રાય;
વૈશંપાયન વાણી વદે, આણિક પર્વ મહિમાય.
રાજ્ય હારી ગયા પાંડવ, વસ્યા દ્વૈત[1] વનમોઝાર;
એકલો અર્જુન ગયો કૈલાસે, આરાધ્યા ત્રિપુરાર.
પશુપતાકાસ્ત્ર પશુપતિએ આપ્યું, પછે ગયો સ્વર્ગમાહે;[2]
કાલકેત પુલોમા માર્યો, પંચ વર્ષ રહ્યો તાંહે.
યુધિષ્ઠિર રાય અતિ દુઃખ પામ્યા, ઉપન્યો ઉદ્વેગ;
પુનરપિ પારથ નહીં આવ્યો, ભાઈએ કીધો તાંહાં નવો નેગ.
એહવે સમે એક તાપસ આવ્યો, વૃહદશ્વ એહવું નામ;
પૂજા કીધી પાંડવે, આપ્યો વસવાનો ઠામ.
ચાતુર માસ તાંહાં રહ્યા, કુંતીસુત કરે સેવાય;
રાત રાતના વારાફરતી, પાંડવ ચાંપે પાય.[3]
એક વાર યુધિષ્ઠિર બેઠા, તળાંસવાને ચર્ણ;

૧. 'સ્વાતિક' (પ્ર. ૬)

૨. 'પશુપતાકા પશુપતિએ આપ્યું, પછી ગયો સુરલોક; આધી વ્યાધી નહીં જશ, જ્યાં નહીં સંકટ ને શોક.' (પ્ર. ૬).

૩. 'રાતના રાતે વારા પરઠી, પાંડવ ચાંપે પાય.' (પ્ર ૨. ૩).

તે સમે અર્જુન સાંભર્યો, ભરાયું અંતસ્કર્ણ.
ધર્મરાયને ઋષિજી પૂછે, જળે ભીના પગ માહારા;
શે દુઃખે સતવાદી રાજા, નેત્રે ભરે જળધારા.૪
ધર્મ કેહે સાંભળીએ સ્વામી ઉઠી ગયો અર્જુન;
અવળાસવળા સાલે સવ્યસાચી, માટે કરૂં છોં રૂદન.૫
ભીમસેનની પાસે જો હું, માગું દાતણ પાણી;
બડબડતો જાયે રીસાવી, લાવે વૃક્ષ મોટું તાણી.
પ્રાંતઃસામગ્રી નકુલ પાસે, કદાપી જો મેં માગી;
એક પોહોર તો વાર લગાડે,૬ એટલી કરે વરણાગી.
સહદેવને જો કામ દેઉં, સાધુ મંન ન આણે રોષ;
પણ મધ્યાન્હે ઘરમાંથી નીસરે, જોતો જોતો જોષ.
દક્ષિણ દિશાએ જોગણી જો, જાઉં તો દુઃખ પામું;
પૂર્વ દિશાએ પરવરૂં તો, તો ચંદ્રનું ઘર છે સાહામું.
એવી રીત તો ત્રણે ભાઈની, મુજથી નવ સેહેવાય;
દ્રૌપદીને મોકલું તો, હરણ કરી કો જાય.
વણ માગે વેળાએ આપે, જે જોઈએ તે આણી;
ફળજળ મુખ આગળ લેઈ મેહેલે, તે તો ગાંડીવ પાણી.
તેહના ગુણ હું નથી વિસરતો, રહ્યો છોં રૂદયા રાખી;
સુખ સંતોષ વિના છોં સૂનો, મુનિ હું પારથ પાખી.
નિશ્વાસ મુકી ધર્મ એમ પૂછે, કોહોને વૃહદશ્વ રૂખી;
વન વસવું ને વિજોગ પડીઓ, હું સરખો કો દૂખી.

---

૪. 'શું દુઃખ છે સત્યવાદી રાજા, નેત્રે વહે જળધારા' (પ્ર. ૬)

૫. 'આડાઅવળી સાલે છે, માટે કરૂં છૌં રૂદન.' (પ્ર. ૨) 'આડાઅવળા સાલે પારથ પાખે, માટે...' (પ્ર. ૩) 'આડા ઘા સાલે છે સબળા...' (પ્ર. ૪ ગ, ઘ.) 'આડાઅવળા ઘાય મુજને, સાલે છે અનુદિન.' (પ્ર. ૪ ચ) 'દુઃખ ઘણું સાલે હૃદયમાં...' (પ્ર. ૬)

૬. 'પહોર દિવસ ચઢિ જાય'...(પ્ર. ૬)

રાજ્યાસન ધન ભુવન રિધ, તેહ હમો સર્વ હારી;[૭]
એહવું કોને હવું હશે સ્વામી, પીડા પામી નારી.
વળતા વાણી વદે વૃહદસ્વજી, શું આણે વૈરાગ;
નળ દુઃખ પામ્યો અરે પાંડવ, નથી તેહનો સોમો ભાગ.
રૂપ રાજ્ય ને ધંન બળ તે, ન મળે નળસમાન;
અનેક કષ્ટ તેહના જેવું, કો ન ભોગવે રાજાન.
ભીમક કુમારી નળની નારી, રૂપ શું કહું મુખ માંડી;
તે રાણી જાહાં નહીં ફળ પાણી, નળે વનમાં છાંડી.
દાસી રૂપ ધર્યું દમયંતી, કુબડું થયું નળ ગાત્ર;
તેહેનાં દુઃખ આગળ યુધિષ્ઠિર, તાહરૂં દુઃખ કોણમાત્ર.
કરજોડીને ધર્મ એમ પૂછે, કોહો મુજને રૂષિરાય;
ઘણું દુઃખ પામ્યો નળરાજા, શા કારણ કહેવાય.
કોણ દેશનો નરેશ કહાવે, કેમ પરણ્યો દમયંતી;
તે રાણી નળે કેમ છાંડી ને, કાંહાં મૂકી ભમયંતી.
ઉતપત્ય કોહો નળદમયંતીની, અથ ઇતિ કથાય;
દુખીઆનું દુઃખ સાંભળતાં માહારી, ભાગે મનની વ્યથાય.

વલણ.

વ્યથા ભાગે મહારા મનની, કહે યુધિષ્ઠિર રાજાન રે;
વદે વિપ્ર પ્રેમાનંદ તે, નળતણું આખ્યાન રે.

કડવું ૨ જું. રાગ ગોડી.

વૃહદશ્વજી મુખ વાણી વદે, રાય યુધિષ્ઠિર ધરતા હૃદે;[૮]
નૈષધ નામે દેસ વિશાળ, રાજ્ય કરે વીરસેન ભુપાળ.

---

૭. 'રાજ્યાસન ધન ભવન રિધસિધ, સરવે બેઠા હારી.' (પ્ર. ૬)

૮. 'વૃહદશ્વ વાણી ઉચરે, રાય યુધિષ્ઠિર શ્રવણે ધરે.' (પ્ર. ૬)

તેહને સુરસેન બાંધવજંન, તે બેહુનો એકેકો તંન;
તે રૂપે કુટડા જેવા કામ, નળ પુષ્કર બન્યોનાં નામ.[૯]
પછે નળને આપી રાજ્યાસંન, પિતા કાકો બન્યો ગયા વંન;
ચલાવે રાજ્ય નળ મહામતી, પુષ્કરને કીધો સેનાપતી.
જીત્યા દેશ વધારી ખ્યાત, [૧૦]શત્રુ માત્ર પમાડ્યા શાંત;
ભૂપતિ સર્વ નૈષધને ભજે, નળ પુષ્કરે કીધો દિગવજે.
પ્રજા સુએ ઉઘાડે બાર, ન કરે ચોરી ચોર ચખાર;
સત્યે યમપતિ કીધો સાધ, પુરમાંહે કોને નહિ વ્યાધ.[૧]
કનકે ભરીઆ છે કોઠાર, જેહવા ધંન તેવા દાતાર;[૨]
જાચકનાં દારિદ્ર કાપીઆં, નળે મુખમાગ્યાં ધન આપીઆં.
ભિક્ષુક કહે ભલું નળનું રાજ, ગયું દુઃખ હોલાણી દાજ;
કીર્તિ થઈ નળની વિસ્તીર્ણ, જેમ સૂરજનાં પ્રસરે કીર્ણ.[૪]
પુણ્યશ્લોક ધરાવ્યું નામ, વૈષ્ણવ કીધું બાધું ગામ;
ઘેર ઘેર થાયે હરિ કીર્તન, એકાદશી વ્રત કરે હરિજન.[૫]
ચારે વરણ પાળે નિજધર્મ, ધ્યાયે દેવ વ્યાપક પરિબ્રહ્મ;[૬]
નળે લીધો એટલો નેમ, માગ્યું દાન આપે કરી પ્રેમ.
જો આવે મસ્તક માગનાર, તો આપતાં ન લગાડે વાર;[૭]

---

૯. 'રૂપે કુગડા જેવા કામ, નળ પુષ્કર બેઉનાં નામ.' (પ્ર. ૬)
૧૦. 'દેશે દેશ જીત્યા કરિ ખ્યાત.'................. (પ્ર. ૬)
'જીત્યા દેશ વધારી ખ્યાત, નળે શત્રુ'........... (પ્ર. ૪, ૫)
૧. 'સત્યે યમને કીધો સાધ્ય, પુરમાં કોને ન વ્યાપે વ્યાધ.' (પ્ર. ૬)
૨. 'કનકે ભરિયા બહુ કોઠાર, જેવું ધન તેવો દાતાર.' (પ્ર. ૨, ૬.)
૩. 'ભિક્ષુક................. દરિદ્ર ગય ઓલાઈ દાઝ.' (પ્ર. ૬)
૪. કીર્તિ................,જેમ એક સુરજને ઘણાં કીર્ણ.' (પ્ર. ૪, ૨
૫. 'મંદિર મંદિર હરિ કીર્તન, એકાદશી કરે સહુકો જંન.' (પ્ર. ૪)
૬. 'ચારે વર્ણ પાળે કુળ ધર્મ, ચાલે યજ્ઞાદિકનાં કર્મ.' (પ્ર. ૪)
૭. 'કોય આવે મસ્તક માગનાર, તે આપતાં ન લગાડે વાર.' (પ્ર. ૨,૬)
'જો માગે મસ્તક માગનાર, તો આપતાં નળ ન લગાડે વાર.'(પ્ર. ૪,૫)

ઉત્તર દક્ષિણ પુરવ દશ,[૮] વીરસેનસુતનો વાધ્યો યશ.
ત્યારે પુષ્કરને થઈ અદેખાઈ, મુજથકી વાધ્યો પિતરાઈ;
નળને નમે પ્રજા સમસ્ત, એ આગળ હું પામ્યો અસ્ત.
એહેવું જાણી મન આણી વૈરાગ, ગયો વંન ઘર કીધું ત્યાગ;
નળનો વાળ્યો તે નવ વળ્યો, દારૂણ વનમાં પોતે પળ્યો.
જઈને સેવ્યું પર્વત શૃંગ, તળે વહે છે નિર્મળ ગંગ;
શલ્યાનું કીધું આસન, પાનડાનું કીધું છત્ર રાજંન.[૯]
માનસી રાજ માંડયું વનતણું, કોકિલા ગાન કરે છે ઘણું;[૧૦]
આ મૃગ તે[૧] અશ્વ માહારે કારણે, દ્રુમ પ્રતિહાર ઉભા બારણે.
ભુંડ હસ્તી પૃથ્વી પરજંગ, એ રાજ કેમે ન પામે ભંગ;[૨]
કો લુટી લેવા આવી નવ ચડે, ઉઘાડે બાર ખાતર નવ પડે.
એણી પેરે માંડયું રાજ્યાસંન, અણચાલતે વશ કીધુ મંન;[૩]
એ કથા એટલેથી રહી, નળરાજા શું કરતો તહીં.
જારે પુષ્કર ઉઠી વનમાં ગયો, ભાઇ વિના ભુપ એકલો રહ્યો;
નિષકંટક રાજ્ય એકલો કરે, ધર્મઆણ રાજાની ફરે.
માગાં મોકલે દેશદેશના ભૂપ, નળ જોવડાવે કન્યાનું રૂપ;
શરીર કુળ માંહે કાહાડે ખોડ, કહે ન મળે કો મારી જોડ.

લીટી ૭૪ ની ઉપર પ્ર. ૨ માં નીચલી લીટી વધારે છે:—
'ભગવંત ઉપર કેવળ ભાવ, મન ચિત્ત હરિ સાથે દ્રઢાવ.'

૮. 'દેશ (પ્ર. ૨); 'પશ્ચ' (પ્ર. ૪ ક, ૪ ચ)

૯. 'શલ્યાનું કીધું સિંહાસન, વૃક્ષપત્ર તે છત્ર રાજન.' (પ્ર. ૨)
'શલ્યાનું કીધું સિંહાસન, પત્રનું છત્ર ધરે રાજંન.' (પ્ર. ૬)

૧૦. 'કોકિલા સ્ત્રીનું ગાન ... ...' (પ્ર. ૪. ૫)

૧. 'અશ્વત્થઅશ્વ ... ...' (પ્ર. ૬.)

૨. 'ભુંડ હસ્તી પૃથ્વી પરસંગ, એ રાજ્ય મારૂં નવ થાએ ભંગ.' (પ્ર. ૬)

૩. 'એણીપેરે... ... ...અચળ તેણે વશ કીધું મંન.' (પ્ર. ૪)

બત્રીસ હોય લક્ષણ સંપૂર્ણ,[૪] તેહનું હું કરૂં પાણિગ્રહણ;
એમ કરતાં વહી ગયા દિન, એહવે આવ્યા નારદ મુંન.

વલણ.

નારદ મુનિ પધારીઆ, સુણ યુધિષ્ઠિર ભૂપાળ રે;
પછે વેણાપાણીએ કેમ મેળવ્યું, નળનું વેવીસાળરે.

કડવું ૩ જું. રાગ રામગ્રીની દેશી.

એણીપેર બોલ્યા વૃહદશ્વ વાણીજી, નળને ઘેર આવ્યા વેણાપાણીજી;
વીરસેનસુતે દીધું માનજી અર્ઘપાદ્યે પૂજ્યા ભગવાનજી.

ઢાળ.

પૂજ્યા નારદ આદર આણી, રૂદેમાં અતિ પ્રેમ;
અન્યોઅન્ય પૂછીઓ, સમાચાર કુશળી ક્ષેમ.[૫]
રાજ્ય આસન નળનું દેખી, નારદ રૂખી એમ પૂછે;[૬]
પટરાણી દીસતાં નથી એ, કોહોની કારણ શૂં છે.
આસને બેસવું રાણી વિના, તેહનો મોટો દોષ;
પછે પ્રતિઉત્તર વિચારી નળ, બોલીઆ ધરી શોષ.
નળ કહે તમો પ્રજાપતિના, પુત્ર વેણાધારી;
જાણુતા હશો બ્રહ્માએ, માહરે નિરમી છે કો નારી.
સપ્તદ્વીપ નવ ખંડમાંહે, કાંઈ કન્યા કોટાકોટ;
રૂખી હું વરૂં એહવી નવ મળે, શકે છે કન્યાની ખોટ.
રૂપ તાંહાં કુળ નહીં, કુળ તાંહાં નહીં ચાતુરી ચાલ;[૭]
કો સકળ લક્ષણ હોય પૂરણ, તો હું પરણું તતકાળ.

---

૪. 'અંશ વંશ લક્ષણ પૂરણ, તેહનું.'... ... ...(પ્ર. ૪, ૫)
૫. 'અન્યો અન્યે એ સમે, પૂછયું કૂશળ ક્ષેમ.' (પ્ર. ૬)
૬. 'રાજ્ય સુનું દેખી નળનું, નારદજી વળિ પૂછે.' (પ્ર. ૬)
૭. 'જહાં કૂળ ત્યાં રૂપ નહીં, રૂપ તહાં નહિ ચાલ.' (પ્ર. ૬)

નારદ રૂખી તવ ઓચર્યા, એમ ન કીજે ભૂપ;
તાહરા સરખું નવ મળે, કો શ્યામાનું સ્વરૂપ. ૧૧૦
પણ તે કન્યા અલોકીક છે,[૮] વેદ જેહને વરણે;
તે ઇંદ્રને ઇચ્છે નહીં, તો તૂંને કાંહાંથી પરણે.
નળ કહે ઓ મહામુનિ તે, કન્યાનું કોણ નામ;
કવણ રાયની દીકરી ને, કવણ તેહનું ગામ.
નારદ કેહે સકળ દેશ મધ્યે, ઉત્તમ વિદર્ભદેશ; ૧૧૫
તાંહાં રાજ્યાસન કરે છે, ભીમક નામે નરેશ.
તેહેને ઘેર એક તારૂણી, વજાવતી નામ નિદાન;[૯]
પુણ્યદાન અપાર કીધાં, પણ પેટે નહીં સંતાન.
એહવે સમે એક દમન નામે, આવીઓ તાપસ;
આતિથ્ય કીધું તેહનું ને, જમાડ્યો ખટ રસ.
ઘણા દિવસની ગઈ ક્ષુધા, ને પામીઓ સંતોષ; ૧૨૦
ત્રિકાળ જ્ઞાને જાણીઓ, રાણીનો વંઝાદોષ.[૧૦]
પૂછીને તાંહાં ખરૂં કીધું, નિશ્ચે નહિ સંતાન;
કરૂણા આણી આપીઊં, રાયરાણીને વરદાન.
ત્રણ પુત્ર ને એક પુત્રી, હશે રૂપનાં ધામ;[૧] ૧૨૫
એધાણી રાખજે એટલી, જે માહારે નામે નામ.
એહવું કહીને ઋષીજી, પામીઆ અંતરધાન;
કેટલે દિવસે રાણીને પછે, આવીઆં સંતાન.

---

૮. 'પણ એક કન્યા અલોકિક છે.' (પ્ર. ૪, ૫) 'એક કન્યા અલોકિક છે.' (પ્ર. ૬)

૯. 'તેહને........વજાવતી નામ અભિધાન.' (પ્ર. ૪, ૫)
'તેને ત્યાં એક તારૂણી, વજાવતી નિદાન.' (પ્ર. ૬)

૧૦. 'ત્રિકાળ જ્ઞાનિયે જાણીઓ, રાણીને વંઝા દોષ'. (પ્ર. ૬)

૧. 'હશે રૂપ હૌમ'. (પ્ર. ૬)

દમન દંતુ દુર્દમન, દમયંતી નામજ ધર્યાં;
હર્ષ પામ્યો ભૂપતિ, બાળક ચાર ઉછર્યાં.
દમયંતી જે દીકરી તે, મુખે વરણી ન જાય;
અંગ તણી તો ઉપમા, નળ કશીએ ન અપાય.[૨]

વલણ

ઉપમા ન અપાયે નળ મેં, એમ બોલ્યા વેણુધારી રે;
નળ કહે નારદ પ્રત્યે, તેહનું રૂપ કહો વિસ્તારી રે.

કડવું ૪ થું. આશાવરી.

નારદનાં વચન સુણી, બોલ્યા નૈષધધણી;
ભીમક તણી કુંઅરી છે, કેહેવી ફૂટડી રે.

ઢાળ

ફૂટડી કેહેવી દમયંતી, કોહો તેનું વીખાણ;
નારદ કેહેરે સાંભળો, વીરસેન સુત સુજાણ.
ગુણ ચાલ ને ચાતુરી, અદ્ભુત સુંદર વેશ;
તેહને હું કેમ વર્ણવું, વર્ણવી ન શકે શેષ.[૩]
બુદ્ધિ પ્રમાણે માનનીનું, કરૂં છું વર્ણન;[૪]
જ્યમ સાગરમાંથી ચાંચ જળની, ભરે પક્ષીજન.
દમયંતીનો ચોટલો, દેખી અતી સોહાગ;
અભિમાન મૂકી લજ્જા આણી, પાતાળ પેઠો નાગ.
ભીમકસુતાનું વદન સુધાકર, દેખીને શોભાય;[૫]

---

૨ 'તન વદન ને લોચને, ઉપમા કશી ન અપાય.' (પ્ર. ૪, ૫)
૩. 'તેને હું શું વરણવું વરણવી ન શકે શેષ.' (પ્ર. ૬)
૪. 'વળી બુધ્યમાને માનુનીનુ કરૂં છે (પ્ર. ૪)
૫. 'દેખી નવ સોહાય.' (પ્ર. ૪); 'દેખીને સોહાય.' (પ્ર. ૪ ખ ગ, ઘ, ચ.)

ચંદ્રમા તો ક્ષીણ પામી, આભમાં સંતાય.[૬]
સૃષ્ટિ કરતાં બ્રહ્માએ, ભર્યું તેજનું પાત્ર;
તે તેજનું પ્રજાપતિએ, ઘડયું દમયતીનું ગાત્ર.
તેમાંથી કાંઈ શેષ વાધ્યું, ઘડતાં ખેરો પડિયો;[૭]
બ્રહ્માયે એકઠું કરીને, તેનો ચંદ્રમા ઘડિયો.
નળ કહે નારદને, એ વખાણભાવ ન પહોતો;
દમયંતી હમણાં અવતરી, ચંદ્ર[૮] પહેલો નહોતો.
નારદ કહે બ્રહ્માજીયે, સઉ પહેલી ઘડીને રાખી;
પણ પૃથ્વીમાં અવતારિ નહિ, ભરથાર એવા પાખી.
વિરંચિયે વેદ નાંખી, ઉદય હવડે પામી;
તે જો અહિંયાં અવતરી, તો નિશ્ચે હશે કો સ્વામી.
નળ કહે આગળ વિસ્તારો, એ ભેદ મેં સાંભળિયો;[૯]
ચંદ્ર પહેલી ચતુરા, સંદેહ મનનો ટળિયો.
નારદ કહે સાંભળો રાજા, મીન ને મધુકર;[૧૦]
નેત્ર ભૃકુટિ દેખીને, જળ કમળ કીધાં ઘર.
નાસિકા વેસર દેખીને, કળાધર ને કીર;[૧]
તેણે અરણ્ય પવત સેવિયાં, ધારી શકયા નહિ ધીર.

---

૬. 'જોઇ જોઇને ચંદ્ર ક્ષીણ પામે, તે અભ્રમાં સંતાય.' (પ્ર. ૪)

૭. 'કાંઈએક શેષજ વાધીયું ઘડતાં તે ગેરો પડીયો;'
વિરંચીયે એકઠું..............................(પ્ર. ૪)

૮. 'શું ચંદ્ર' (પ્ર. ૪)

૯. 'નળ કહે આધ વિસ્તારે, ભેદ મેં સાંભળિયો.' (પ્ર ૪)

૧૦. 'કહે નારદ સાંભળિયે રાજા, ખંજન મીન મધુકર;
નેત્ર ભ્રકૂટી જોઇ વન, જળ કમળ કીધાં ઘર.' (પ્ર. ૪)

૧. 'નાસિકાને વેણુ દેખીને, નાઠા કલાકર ને કીર; તેણે અરણ્ય સેવીયું, નવ્ય રાખીયું ધીર.' (પ્ર. ૨) 'નાસિકાવેસરને દેખી, નાહાઠા કલાકર ને કીર; તેણે વન ને પર્વત સેવ્યાં, નવ રખાઇ ધીર.' (પ્ર. ૪)

દમયંતીના અધર દેખી, પેટ વેધ્યું પ્રવાળી;
એ કામનીનો કંઠ સાંભળિ, કોકિલા થઈ કાળી.[૨]
રસના વાણી સાંભળી, સરસ્વતીને આવ્યો વૈરાગ;
કુંવારી પોતે રહી, સંસાર કીધો ત્યાગ.
દંત દેખી દાડમ ફાટયું, કપોત સંતાડે મહોને;[૩]
તે નાદ કરતો ફરે વનમાં, કહે દુઃખ કહું હું કોને.
દમયંતીના કુચ દેખી[૪], હાર્યું કુંજરકૂળ;
તે હીડંતાં ચાલંતાં હાથી, માથે ઘાલે ધૂળ.
હસ્તકમળથી કમળ હાર્યુ, જળમાં કીધું ઘર;
ઉદર દેખી દમયંતીનું, સુકાયું સરોવર.

વલણ

સરોવર સુકાયું સાંભળી, નળરાય મનમાં રંજ્યા;[૫]
દમયંતીની જંઘા દેખી, કેળ રહી કાકવંઝા.

કડવું ૫ મું. રાગ સામેરી.

દમ તી છે દોષ રહીતા, તેના ગુણની ગાઉં ગીતા;
નારદજી વાચક એમ બોલે, નહિ ઉપમા તારૂણીની તોલે;[૬]
દમયંતી છે દોષ રહીતા, તેના ગુણની ગાઉં ગીતા. ટેક.
જોઈ ભીમકસુતાની કટી, સિંહની જાત વનમા ઘટી;
હંસને પણ થઈ ચટપટી, ચાલ્ય ગોરીની આગળ મટી. દમયંતી.
રામા અંગની રોમાવળી, વનસ્પતિ દવે મરે છે બળી;

---

૨. ‘કામનીના સ્વર થકી, કોકિલા બળી થઇ કાળી.’ (પ્ર. ૨)
૩. ‘દંત દેખીને દાડેમ ફાટયું, ગ્રીવાથી કપોત સંતાડે મોહોને.’ (પ્ર. ૪)
૪. ‘દમયંતીના કૂચમંડળ દેખી.’ (પ્ર. ૪)
૫. ‘સરોવર સૂકાય ને કદલી લાજી વન માંહેરે;
દમયંતીની ઝંઘા દેખી, તે કાહાવે કાગ વંઝારે.’ (પ્ર. ૪)
૬. ‘નારદજી વાએક બોલે, નહી કો તરૂણીને તોલે.’ (પ્ર. ૪)

તેનાં વસ્ત્ર રહ્યાં જળહળી, દેખી આભમાં પેસે વીજળી. દમયંતી.
પગપાનીથી હાર્યો અળતો, રહે અબળાને પાગે લળતો;
નેપુરનો નાદ સાંભળતો, રહે ગાંધર્વનો સાદ બળતો. દમયંતી.
વરણથી ચંપક નવ ભજીયો, માટે મધુકરે તેને તજીયો;
એવું રૂપ બ્રહ્માએ સર્જિયું, બીજું કોઈ નથી નીપજિયું.૭દમયંતી.૧૮૫
હવે સણગાર વખાણું સોળ, મંજન ચીર હાર તંબોળ;
ઉઠે સુગંધની કલ્લોળ, અંગે અરગજાના રોળ.૮ દમયંતી.
શીશફૂલ રત્નરાખડી, શોભે ભમરમાં ચુની જડી;
ગોફણો રહ્યો અંગશું અડી, કટિમેખળાશું પડે વઢી. દમયંતી.
ગળુબંધ કંઠે નવરંગ, મુગતાહાર છે બે સંગ; ૧૯૦
શકે ગિરી કરીને ભંગ, સ્તન મધ્યે વહે છે ગંગ.૯ દમયંતી.
વાયે ઓઢણી રહિ છે ઉડી, ખળકે કંકણ ને કર ચુડી;૧૦
રૂપે રતિ તો સંભ્રમે બુડી, એવી કોઇ મળે નહિ રૂડી. દમયંતી.
વાજે નેપુરકેરો ઝણકો, અંગુઠે અણવટનો ઠણકો;
અંગુળિયે વીછવાનો રણકો, બોલે મધુર ઝાંઝરનો ઝણકો. ૧૯૫
જેણે દમયંતી નવ જોઈ, તેણે ઉમ્મર એળે ખોઈ;
જાણે કાયા કંનકની લોઈ, એવી જગમાં બીજી ન કોઈ.* દમયંતી.
જેમ નદીમાં ભાગીરથી, તેમ શામામાં સર્વથી;
ત્રણ લોકમાં જોડી નથી, જાણે સાગરથી કાઢી મથી. દમયંતી.
ઇંદ્રાદિક પરણવા ફરે, મહિલા મનમાં નવ ધરે;૧ ૨૦૦

---

૭. 'સ્વરૂપ બ્રહ્માએ સરજીયું, એહેવું કોઈ નથી નીપજીયું.' (પ્ર. ૪)
૮. 'ચંદન અરગજાના રોળ, ઉઠે સુગંધીના કલ્લોલ.' (પ્ર. ૪)
૯ 'શકે ગિરિ શૃંગ કરી ભંગ, તે જાણે મધ્યે વેહે છે ગંગ.' (પ્ર. ૪)
૧૦. 'ખળકે કર કંકણ ચૂડી.' (પ્ર. ૪)
*. 'જાણે કાયા કણકની લોઇ, એહવી હવી ન હોશે કોઇ.' (પ્ર. ૪)
૧. 'ઇંદ્રાદિક પરણવાને આફળે, પણ મહિલાનું મન ન મળે.' (પ્ર. ૪)

અશ્વનીકુમાર આગળ પળે, તે ન આવે આંખ્યજ તળે. દમયંતી.
જ્યારથી એ પુતળું અવતરિયું, નારીમાત્રનું માન ઉતરિયું;
દમ્યું જગતસ્વરૂપ ઉદે કરિયું, માટે દમયંતી નામ ધરિયું. દમયંતી.
જોગી થઇ તજ્યું હશે સર્વસ્ત, તીર્થ નાહ્યો હશે સમસ્ત;
ગાળ્યાં હશે હીમાળે અસ્ત, તે ગ્રહશે દમયંતીનો હસ્ત. દમયંતી.
વખાણ સાંભળિને સબળ, રૂધિર અટવાયું પળ પળ;
નારદ પ્રત્યે બોલ્યો નળ, સ્વામી પરણવાની કહો કળ. દમયંતી.
નારદ કહે મારૂં કહેણુ ન લાગે, હું નવ જાઉં તારે માગે;
મને મોહના બાણજ વાગે, બ્રહ્મચર્યવ્રત મારૂં ભાગે. દમયતી.
એવું કહી પામ્યા અંતરધ્યાન, મોહ પામ્યો નળરાજાન;
લાગ્યું દમયંતીનું ધ્યાન, કામજ્વર થયો વહ્નિ સમાન. દમયતી.
વૈદ મોટા મોટા આવે, વગડાની ઔષધિ લાવે;
તાપ કોઈયે ન સમાવે, મંત્રી કહે શું થાશે હાવે. દમયંતી.

વલણ

હવે શું થાશે કહે મંત્રી, વિચારે છે મન રે;
નીલાંવસ્ત્ર પહેરી અશ્વે બેશી, નળરાય ચાલ્યો વન રે.[૨]

કડવું ૬ હું. રાગ વસંત.

અનંગઅનળ તે નળને પ્રગટ્યો, વન ગયો વહ્નિ સમાવ્વા;
હયે બેઠો ચિંતામાં પેઠો, લાગ્યો આકુળ વ્યાકુળ થાવા. અનંગ. ટેક.
નીલાં વસ્ત્ર ને નીલો વાઘો, મૃગયાનો શણગાર;[૩]
અઘોર વનમાં રાયે દીઠું, માનસરોવર સાર. અનંગ.

---

૨. 'નીલાંબર પેહેરી હયે બેશી, નળ રાજા ચાલ્યો વંનરે.' (પ્ર. ૪)

૩. 'નીલાં વસ્ત્ર નીલો વાઝી, ધરી મૃગયાનો શૃંગાર; દૂર પંથે પોંતો પ્રાક્રમ દીઠું, માનસરોવર સાર.' (પ્ર. ૨) 'લીલાં વસ્ત્રને લીલો વાઝી, ધરી મૃગયાનો શણગાર; દૂર પંથ પોહોતો તે પ્રાક્રમી, દીઠું માનસરોવર સાર.' (પ્ર. ૪)

સુભટ સાથે કોય મળે નહિ, એકલો[4] ન પડે ગમ્ય; ૨૨૦
હયથકો હેઠો ઉતરીને, વન જોવા લાગ્યો રમ્ય. અનંગ.
વૃક્ષ વારૂ ચારોળીનાં, ચંદન ચંપા અનેક;
નાનાવિધનાં પુષ્પને ભારે, વળિ રહ્યાં છે વંક. અનંગ.
મોગરો મરડાઈ રહ્યો ને, મગી અરણી ને મરેઠી;
આંબલિ આવળ ને અગથિયા, એખરા ને અરેઠી. અનંગ. ૨૨૫
કદળીથંભ શોભે અતિ સુંદર, સાકર સરખી સેલડી;
લવિંગલતા ને લિંબુ વળી, વિરાજે વૃક્ષવેલડી. અનંગ.
નાળીકેરી નારંગી નોતમ, નીચાં નમ્યાં બહુ નેત્ર;
ફોફળી ફાલસિ સુંદર દીસે, ખજ્જુર ખારેકનાં ક્ષેત્ર. અનંગ.
પીપળા પીપળિ વડ ને ગુલર, દાડમડી ને પાલાશ; ૨૩૦
અશ્વથિ ઉતરી નળરાજાએ, વન નિરખ્યું ચોપાસ. અનંગ.
જળ ફળ સબળ દેખી નળ હરખ્યો, ઉત્તમ આંબા સાખ;
બાબચિ બીજોરી ને ચિનિકબાલા, ઝુલે ઝુમખા દ્રાક્ષ. અનંગ.
સુંદર કુમુદનિ સરોવરમાંહે, વાયુ પ્રહારે નમંતી;
દેખી અનળ તે બમણો વ્યાપ્યો, સાંભરી દમયંતી. અનંગ. ૨૩૫
શીતળ વાયુ વહ્નિ સરખો, લાગે રાયને તન;
નગ્ન વૃક્ષ છે કદળીનાં, તેને દેતો આલિંગન. અનંગ.
રંભન ચુંબન કરે કેળને, થડથી મરડી પાડે;
મુખથી શબ્દ કરે જેમ કોઈ, મોટો મેગલ ત્રાડે. અનંગ.
એવે સમે બહુ હંસ ત્યાં દીઠા, સુવરણનાં છે અંગ; ૨૪૦
તે દેખી દમયંતી વીસરી, ટળી ગયો અનંગ. અનંગ.
નહોતું દીઠું તે મેં દીઠું, આવ્યો દીસ અનુક્રમી;[5]

---

૪. 'એકલાં.' (પ્ર. ૪)
૫. 'નોહોતું દીઠું તે મેં દીઠું, આંહાં આવ્યો દેશ અનુક્રમી.' (પ્ર. ૨)
'નોહોતું......જોઈ આહાવો દેશ અનુક્રમીં.' (પ્ર. ૪)

આવિ કનકની જાત પંખીની, બ્રહ્માએ ક્યારે નિરમી. અનંગ.
એકે હાથ પડે એમાંથી, પાળું પાસે રાખું;
રમાડું જમાડું એને, દુઃખ દહાડા ખોઇ નાંખું.અનંગ.
શરપ્રહાર કરૂં જો એને, તો એ થાય નિધન;
ગ્રહણ કરવું જોઇએ જીવતું, ભૂપ વિમાસે મન.૬ અનંગ.
એવે સકળ પંખીનો રાજા, દીઠો પૃથ્વીમાંય;
વૃક્ષતણે થડ નીદ્રા કરીને, ઉભો છે એક પાય. અનંગ.
તેને દેખી નળ મનમાં હરખ્યો, ભેદ કરી પરવરિયો;૭
અંબર ઓઢી અંગ સંકોડી, શ્વાસરૂંધન કરિયો. અનંગ.
દ્રુમ થડ પુંઠે નળ ભડ આવ્યો, બેશી આઘો ચાલ્યો;
લાંબો કર કરી લઘુલાઘવીમાં, પંખીનો પગ ઝાલ્યો. અનંગ.

ઉથલો

ઝાલ્યો પંખી ઉઠચો, નળને કીધા ચંચના પ્રહારરે;
પછે પોતાની વાણીએ કરી, કરવા લાગ્યો પોકારરે.

કડવું ૭ મું. રાગ મારૂ.

હંસે માંડ્યો રે વિલાપ, પાપી માણસાંરે; શું પ્રગટયું માહરૂં પાપ. પા૦
એ કાળા માથાના ધણી, પા૦ જેને નિર્દયતા હોયે ઘણી. પા૦
એ તો જીવને મારે તતખેવ, પા૦ હવે હું મુઓ અશ્વમેવ. પા૦
ટુંપી નાખશે માહારી પંખાય, પા૦ મુને શેકશે અગ્નિમહાય. પા૦
કોણ મુકાવે કરી પક્ષ, પા૦ માહારે મરવું એહને ભક્ષ. પા૦
આ મજ સરખું રતન, પા૦ તે એળે થાશે નિધંન. પા૦
ટળવળી મરશે માહારી નાર, પા૦ તે જીવશે કેહેને આધાર. પા૦
અહો નારીએ દીઠો નાથ, પા૦ ધાયો સહસ્ર સ્ત્રીનો સાથ. પા૦

---

૬. 'એહને ગ્રહણ કીધો જોઈએ જીવતો, રાય વિમાસે મન.' (પ્ર. ૪)
૭. 'તેને દેખી નળ મન હરખ્યો, મોણે મોણે પરવર્યો.' (પ્ર. ૪)

નાથ[૮] ઉપર ભમે સ્ત્રીવૃંદ, પા૦ ઘણું કરવા લાગાં આક્રં પાદ.૦
હંસીએ દીધો શાપ, પા૦ તારી સ્ત્રી એમ કરજો વિલાપ. પા૦
હંસ નારીને કહે વચન, હંસી સાંભળોરે;
તમે જાઓ સર્વ ભુવન, આંહાંથી પાછાં વળોરે.[૯]
જે કાંઇ લખ્યું હશે બ્રહ્માય, હં૦ તે અક્ષર નવ ધોવાય.[૧૦] આં૦
કેમ છૂટીએ કર્મના બંધ, હં૦ આપણે એટલો હશે સંબંધ.આં૦
જો અણઘટતું કીધું અમે, હં૦ મને વારી રાખ્યો નહિ તમે. આં૦
આપણે વસવું વૃક્ષ ને વ્યોમ,હં૦આજ મેં નિદ્રા કીધી ભોમ.આં૦
જે થાએ થાનકભ્રષ્ટ, હં૦ તે પામે માહારી પેર કષ્ટ. આં૦
સર્વને દેઉ છોં શીખામણ, હં૦ તમો ધરણિ મા મુકશો ચર્ણ. આં૦
એમ કહેતો સ્ત્રીને ભરથાર, હં૦ દેખી નળે કીધો વિચાર. આં૦
પંખી સર્વ પામ્યાં છે રોષ, હં૦ તે દે છે મુજને દોષ. આં૦
તમે હંસ ધરો વિશ્વાસ, હં૦ હું નવ કરવાનો નાશ. આં૦

વલણ

નવ કરવાનો નાશ એહેવી, વાણી નળે કહી રે;
વચન સુણી નળરાયનાં, હંસને વાચા થઇ રે.

કડવું ૮ મું. રાગ મારૂ.

મનુષ્યની પેરે પંખી બોલ્યો, મુને મુકી જુઓ એક વાર;
પ્રાણદાન તું આપીશ તો, કાંઇ હુંએ કરીશ ઉપકાર.[૧]
મૂકું મુજને સર્વથા આ, રૂવે છે સહસ્ર સુંદરી;
એહેને આસના વાસના કરીને, હું આવીશ તુજકને ફરી.

---

૮. 'નળ.' (પ્ર. ૬)
૯. 'તમે જાઓ સ્વર્ગ ભુવન, અહિથી પાછાં વળોરે.' (પ્ર. ૬)
૧૦. 'આ લીટી પ્ર. ૪, ૫ માં નથી.
૧. 'કાંઇ હુંઓ કરીશ ઉપકાર.' (પ્ર. ૪, ૫)

વચન સુણી વીર વિસ્મે પામ્યો, બલ્યા હવે નહીં ચૂકું;
રૂપ ને વાણી બે ગુણ તુજમાં, મરતાં લગે નવ મૂકું,
હંસ કહે વિશ્વાસ આણો, અમો બ્રહ્માનાં વાહંન;
આકાશ અવની એક થાયે તો, જુહું ન બોલું વચંન.
નળ કહે હું વીરસેનસુત છૌં, નૈષધ માહરૂં ગામ;
દેશપતિ ને ક્ષત્રી કેવળ, નળરાય માહરૂં નામ.
હુંથી વિઘ્ન થાયે નહીં, પ્રાણની પેરે પાળું;
અમો રાજવંશીને રૂડું લાગે, તારૂં બોલવું રઢીઆળું.
ખટપટ ટાળો મરણની ને, રખે આણો શોક;
એમ જાણી રોહો મુજ પાસે, જાવાની આશા ફોક.
પંખી કહે રે પુણ્યશ્લોક માહારી, માતા રોઇરોઇ મરશે;
એકનો એક છૌં તેહને, માતા કોહોને જોઇ ઠરશે.
એક સહસ્ર રૂએ છે નારી, ઘેર ત્રણ છે પટરાણી;
માહારૂં બંધન જાણી સર્વકો, તતક્ષણ તજશે પ્રાણી.
વાહાલી સ્ત્રીએ પુત્ર પ્રસવ્યો, મેં તેહેનું મુખ નથી જોયું;
અરે નળ રાજા હું રંકનું તે,[૨] સુતનું સુખ કાં ખોયું.[૩]
આપણ બન્યો મિત્ર થયા તેહનો, સૂરજ દેવતા સાખી;
રૌરવ નરકે હું પડું જો, ન પાળું વાચા ભાખી.
ગુરૂદ્રોહી સ્વામીદ્રોહી, એ પાતિક લાગે મુજને;
જો નારીને મળી આવી, શીશ ન નમાવું તુજને.
ત્રાહે ત્રાહે કરી નળ બોલ્યો, મૂકું છું નિરધાર;
તું જાણે પરમેશ્વર જાણે, સમતણો વિચાર.
પ્રતિજ્ઞા માટે મૂકું છું, મળવાને તારી નાર;

---

૨. 'તે' (પ્ર. ૪, ૫)
૩. 'અરે...હું રાંકનું તેં, સુતનું સુખડું ખોયું.' (પ્ર. ૬)

નહિ આવે તો શું કટક ચઢાવું, કે તુંને કહાડું ન્યાતબાહાર.[૪]
એહવું વચન કહીને પછી મુકયો, હંશ ઉડયો આકાશ;
રૂદન મા કરશો એમ કેહેતો, આવ્યો પ્રેમદા પાસ.
સમાચાર કહ્યો શ્યામાને, સમજાવી સુંદરી;
વાળાવી નારીને પોતે, આવ્યો નળ કને ફરી.
જેમ કો અંધ આનંદ પામે, ફરી આવે લોચંન;
તમ રાયનું હંસને દેખી, હરખ્યું અતિસે મંન.
ભૂપ કહે આ કાળને વિષે, પંખી બહુ સતવંત;
પ્રતિજ્ઞા પાળી પોતાની તુંને, વાહલા હશે ભગવંત.
હંસ કહે હો ભૂપતિ, સાંભળ માહારા મિત્ર;
બોલ્યું વાચક પાળીએ નહિ તો, કાગ ને અમો શો અંત્ર.

વલણ

અંતર શો અમો કાગ કરતાં, મિત્ર જો અમારી પેર રે;
હંસ સાથે અશ્વ બેસી, નળરાય ચાલ્યો ઘેર રે.

કડવું ૯મું. રાગ દેશાખ.

નળરાજા મંદિર આવીઓ, સુભટ[૫] હંસ સાથે લાવીઓ;
સૈન્ય સઘળું સાહામું જાય, હંસને દેખી વિસ્મે થાય.
આ વસ્ત કાંહાંથી પામ્યા રાજાન, એણી પેરે પૂછે પરધાન;
નળ કેહે સરોવર માન, તાંહાંથી મુને આપ્યો ભગવાન.
એ માહરે થયો છે વીર, એમ કહી આવ્યો મંદિર;
કનકનું કીધું પિંજર, હંસને રહેવાનું ઘર.
એકઠા બેસી બન્યો જમે, દ્યૂતક્રીડા તે રસિયા રમે;[૬]

૪. 'નહીં આવે તો કટક ચડાવી, ફેડું તારો ઠાર.' (પ્ર. ૪, ક)
'નહિ આવે તો કટક ચડાવિશ, કઢાવું નાત્યબહાર.' (પ્ર. ૬)

૫. 'શુભ' (પ્ર. ૧)

૬. 'ધૂતક્રીડા સાથે રમે.' (પ્ર. ૪, ૫)

અન્યોન્ય કાઢી લે તંબોલ, મુખે વાણી કરતા કલ્લોલ.[૭]
હંસવિના ન ચાલે ઘડી, પ્રેમ રહેણે પ્રીત જે જડી;[૮]
અશોકવાટિકામાં એક વાર, બન્યો બેઠા ગુણભંડાર.
હંસે વાત વ્રેહેની કરી, ત્યારે નળને દમયંતી સાંભરી;
ડીઓ જામ્યો આકસ્માત, નેત્રે કીધું આંસુપાત.[૯]
હંસ પૂછે મારા વીર, તાહારે નયણે કાં વેહે છે નીર;
નળ કહે શું પૂછે મૂને, એટલું સૂજ નહીં પડે તુંને.[૧૦]
પરણ્યા કુંવારા ન જુઓ અમો, ઘરમાં ભાભી દીઠી હશે તમો;
હંસ બોલે ને કર ઘસે, મેં જાણ્યું ભાભી પીહેર હશે.[૧]
તમો કુંવારા ન જાણ્યા માટ,[૨] શું પૃથ્વીમાં કન્યાનો દાટ;
પોતાની પાંખે લોહ્યું જળ, ખગે રોતો રાખ્યો નળ.
મરકલડું કરી મહીપતી, મિત્ર સાથે બોલ્યો વીનતી;
જે દહાડે મેં તમને ગ્રહ્યા, તે બોલ શું વીસરી ગયા.
તેં કહ્યું નળ મુક એક વાર, કાંઈ હુંએ કરીશ ઉપગાર;
ભાઈ તે બોલ્યું કહીંએ પાળશો, એ મોહોટું દુઃખ ક્યારે ટાળશો.[૩]
વળતો હંસ કહે મહારાજ, હું સરખું કાંઇ સોંપો કાંજ;

---

૭. 'મુખે વાણીના કરે કલોળ.' (પ્ર. ૪) 'મુખે વાણિ બોલે કલ્લોલ.' (પ્ર. ૬)
૮. 'પ્રેમરેણશું પ્રીતડી જડી.' (પ્ર. ૬)
૯. 'હુમો જામ્યો... ...' (પ્ર. ૪ ક); 'હુમો ભીંજ્યો અકસ્માત, નેત્રે કીધો આંસુપાત.' (પ્ર. ૬)
૧૦. 'એટલી સૂજ શું નહિ હોય તને.' (પ્ર. ૬)
૧, 'હંસ બોલ્યો ત્યાં કરને ઘસે, મેં જાણ્યું ભાભી પીયર પધાર્યાં હશે.' (પ્ર. ૪); 'હસ બોલ્યો કરને ઘશી, મેં જાણ્યું ભાભી પીયર વશી.' (પ્ર. ૬)
૨. 'તમો કુંઆરા ન જાણ્યા નાટ' (પ્ર. ૪, ૫,); 'કુંવારા નવ જાણું માટ' (પ્ર, ૬.)
૩. 'એ બોલ ક્યારે પાળશો, મોટું દુઃખ ક્યારે ટાળશો.' (પ્ર. ૬)

મહા કઠણ જે કારજ હશે, તે હું સેવકથી સરવે થશે.
નળ કહે તમો કરો સર્વથી, પણ મારી જીભ ઉપડતી નથી;
કપરૂં કામ કેમ દેવાય, કદાપિ થાય કે નવ થાય.
ન થાય તો તમો પામો ખેદ, લાજે ઘેર નાવો વાયક વેદ;[૪]
હંસ કહે અમથો નવ વળું, હું રીસાવાનું નોહું પૂતળું.
ચૌદલોકમાં ગયાની ગત્ય, તાહારૂં કારજ થાશે સત્ય;
નળ કહે હો પંખીજન, શરીર સુનાનું ચાંચ રતન.
એહેવી તમારી દીસે દેહ, કાંહાંથી વર પામ્યા ભાઇ એહ;
હંસ ભણે સાંભળ હો નળ, સરોવરમાં છે સોનાનાં કમળ.
નિત્ય ભોજન કરવું તેહ, જેવું જમવું તેવી દેહ;
પાળ પગથીએ જડયાં રતન, ચંચ ઘસું અમો પંખીજન.[૫]
તેહની વળગે છે રેખાય, માટે રત્નજડિત ચંચાય;
હવે મા પુછો આડી વાત, કામ શું છે કોહોની ભ્રાત.
નળ કેહે એક વિદર્ભ દેશ, કુંદનપુર ભીમક નરેશ;
તેહેને દમયતી દીકરી, કારણરૂપે તે અવતરી.

વલણ

કારણરૂપે તે અવતરી, વણ દીઠે મોહ થયો અમને;
તે નારીસુ વેહેવા મેળવો, એવું માગું છૌં તમકને.

કડવું ૧૦ મું. રાગ રામગ્રી.

હસીને બોલ્યા વિહંગમ વાણીજી, ભ્રાત શું માગ્યું લજજા આણીજી.[૬]

---

૪. ન થાય......, લાજે ઘેર...વેદ' (પ્ર. ૪, ૫); 'ન થાય તો નવ પામશો ખેદ, લાજશો નહિ ઘેર આવજો વેદ'. (પ્ર. ૬)

૫. 'પંખીનાં ચિહ્નન' (પ્ર. ૪); 'પંખી ચિનહ' (પ્ર. ૫)

૬. 'હસીને બોલ્યા વિહંગમ વાણીજી, સમરથ સાચો સારંગપાણીજી; ભુખ તમારી નૃપ નહીં આગીજી, માગી માગીને શી એક માગીજી; (પ્ર. ૪ ખ, ,

ઢાળ

માગી માગીને શુંરે માંગ્યું, એક દમયંતી નારી;
દેવકન્યા આણી આપું તો, કવણ ભીમક કુમારી.
વિદ્યાધરી ને કિન્નરી, ગાંધ્રવી તે રૂપનિધાન;૭
તે નારીનાં રૂપ આગળ, દમયંતી મૂકે માન.
કોટી કન્યા પરણાવું, પદ્મની ગૌર ગાત્ર;
તેહેની કાંતિ આગળ દમયંતી, તે દીસે દાસી માત્ર.
અતળ વિતળ સુતળ તળાતળ, રસાતળ પાતાળ;
ત્યાં પેસી નાગકન્યા આણી આપું, કોણ ભીમકની બાળ.
નળ કેહે હું સકળ શ્યામા, પામ્યો પંખીરાય;
કોટી કારજ તેં કર્યાં મેળવ, વૈદર્ભીસુ વેહેવાય.
એક માસનો વાયદો, હંસે કર્યો સુજાણ;
ત્યારે નળ કેહે ત્રીસ દહાડા, ત્રીસ જુગ પ્રમાણ.
ત્યારે દિવસ આઠની અવધ કરી, કેહેતો ગયો ગુણવાન;
પીઠી કરજો રાજજી, તત્પર કરજો જાન.
ભૂપ કેહે પ્રયાણ તે, હંસ મેં ન કેહેવાય;૮
હું તો તું વિના એહેવો, પ્રાણ વિના જેમ કાય.
હવે એમ જાણી વિલંબ મા કરશો, રખે કરતા કોસુ સ્નેહ;
જો અવધ વટશે આવ્યાની તો, પડશે માહરો દેહ.
વિશ્વાસ આપ્યો વીરને, પછે પરવર્યો ખગેશ;
થોડે કાળે આવીઓ, જાંહાં વિદર્ભ દેશ.
ભીમકરાયના ઘરની વાડી, ત્યાં દમયંતીનું ધામ;
તે વાડી મધ્યે આવી હંસે, લીધું નળનું નામ.

---

૭. 'વિધાધરી ને ગાંધ્રવી, તે હોય રૂપનિધાન.' (પ્ર. ૬)
૮. 'ભૂપ કહે આ પ્રાણ તે. હંસ નામે કહેવાય;
'હું તો તું વિના એવો સુનો, જેમ પ્રાણવોણિ કાય.' (પ્ર. ૬)

ચંદ્રમા મસ્તકે આવ્યો, પૂર્ણિમા મધ્યજામની;
સખી સાથે દ્યૂત રમે છે, દમયંતી જે ભામની.
તેણે સમે તાંહાં હંસલે, વિખાણ્યો નળરાજાન;
શબ્દ સુંદર સાંભળી, શ્યામાએ ધરીઓ કાન.
હરિવદનીએ હંસ દીઠો, બેઠો ચંપક છોડ;
આ શું સોનાનું સાવજું,[૯] થયું ઝાલવાનું કોડ.
શોભતું ને બોલતું કરે, નળની વિખાણ;
એ પંખી કર ચડે નહીં, તો તજું માહારો પ્રાણ.
અબળા હેઠી ઉતરી, ઝાંઝર કાઢયા તતકાળ;[૧૦]
હંસે દીઠી કામની, ત્યારે બેઠો નીચી ડાળ.
દ્રોડે આડી અવળી અંગના, કરે ઝાલવાનો ઉપાય;
હાથમાંથી હંસ નહાસે, ચપળ નવ ઝલાય.
પંખી કહેરે પ્રેમદા, અમો કમળના રહેનાર;
નળવિના કો ન ઝાલે તું, કોણ જે ગ્રેહેનાર.[૧]

વલણ

ગ્રેહેનાર તું કોણ મૂર્ખી, તુને કાંહાંથી નળની શુદ્ધ રે;
વચન સુણીને વામાએ, વિચારી ઝાલવાની બુદ્ધ રે.

કડવું ૧૧ મું. રાગ મારૂ.

ચતુર ભીમકની કુમારી, તેણે અકળીત વાત વિચારી;
નથી હંસ દેતો મને સાહાવા, પણ નવ દેઉં એહેને જાવા.
પંખી ધીરે કમળને કાજે, હાથ આપ્યા મને મહારાજે;
જોગવાઇ જગદીશે મેલી, મહારી કમળ જેવી હથેલી.

---

૯. 'આ શું સોનાનું સાવજડું.' (પ્ર. ૬)
૧૦. 'અબળા તે હેઠી ઉતરી. કાઢયાં ઝાંઝર અંતરિયાળ.' (પ્ર. ૬)
૧. 'નળ વિના..............કોણ ગ્રેહે જે નાર.' (પ્ર. ૪, ૫)
'મને નળ વિણ કોઈ ન ઝાલે, તું કોણ ઝાલણહાર.' (પ્ર. ૬)

શરીર સઘળું કહીંએ સંતાડું, પાણુપંકજ એહેને દેખાડું;
પોતાનાં વસ્ત્ર દાસીને પેહેરાવી,બેઠી ચેહેબચામાં આવી.
મસ્તક મુકયું પલાસનું પાન, વિકાસી હથેલી કમળસમાન;
મધ્ય મુકયું જાંબુનું ફળ, જાણે ભ્રમર લે છે પીમળ.
પોતે નાસિકાએ ગણુગણુતી,ભામા ભમરાની પેરે ભણુતી;
હંસે હરિવદની જાણી, ન હોયે પંકજ પ્રેમદાનો પાણી.
એસું જઈ થઈ અજ્ઞાન, પરણાવવો છે નળરાજાન;
આનંદ આણી અંબુજભણી ચાલ્યો,બેસતાં અબળાએ ઝાલ્યો.
દમયંતી કહે શે ન નાઠો, હલ્યા ગાડુઓ થઈને ગાઢો;[2]
મુને દ્રોડાવી કીધી દૂખી, મુવા પહેલાં ન ઓળખી.
તારા અવગુણ નહીં સંભારૂં, મુને બાપના સમ જો મારૂં;[3]
હંસ કેહે શું જાઓ છો ફૂલી, નથી બેઠો હું ભ્રમે ભૂલી.
હુંમાં પ્રાક્રમ છે અતિઘણું, ચંચ પ્રહારે તાહારા હસ્ત હણું;
દમયંતી કહે હંસ ભાઈ, તાહારે માહારે થઈ મિત્રાઈ.
અન્યો અન્ય તે બોલજ દીધો, હાથેથી મુકીને ખોળે લીધો;
તમો વિખાણ કીધું સબળ, તે ભીઆ કોણ છે નળ.
તેહેના કોણ માત ને તાત, મુને વિખાણી કોહો વાત;[4]
હંસ બોલ્યો મુખે તવ હસી, અબળા દીસે ઘેલી કશી.
તેહેના ગુણ બ્રહ્મસભામાં ગવાય,નળ તે વિષ્ણુ આગળ વખણાય;
એ ભીઆ મોટા ચતુરસુજાણ, જે હું નળની કરૂંરે વિખાણ.
નળ દીઠો નહીં તે નર રોઝ, સાંભળ્યો નહીં તે વખડોજ;[5]
જોયો નહીં તેહેનાં લોચન કહેવાં, મોરપીછ ચાંદલીઆ જેવાં.

---

૨. 'દમયંતી કહે ઉડી કાં ન નાઠો, અલ્યા ગારૂત્રો થઈ શું ગાઠો.' (પ્ર. ૬)
૩. 'તોય અવગુણ નહિ વિચારૂં, બાપના સમ જો નહિ મારૂં.' (પ્ર. ૬)
૪. 'તેનાં કોણ દેશ માત તાત, તેની કહો વસ્તારીને વાત.' (પ્ર. ૬)
૫. 'નળ નહીં દીઠો તે રોઝ, તેના કાન તે વખના ડોઝ.' (પ્ર. ૪, ૬)

એટલામાં મન વેહેવળ કીધું, ચિત્ત મહિલાનું આકરશી લીધું;
બેહુ કર જોડીને નમયંતી, હંસ પ્રત્યે કેહે દમયંતી.
હું પુછું છૌં બીહીતી બીહીતી, નળની કથા કોહો અથઇતિ;
છે બાળક વૃદ્ધ જોબનધામ,[૬] શે અર્થે નળ ધરાવ્યું નામ.
તમે આવડો જીભે વરણ્યો, છે કુંવારો કે પરણ્યો;
એહેવાં વચનને સાંભળી, ત્યારે હંસ બોલ્યો કળકળી.
નળ છે કુંવારો નથી કન્યા, છે બ્રહ્માનો મોટો અન્યા;
અમો કોટાનકોટ નારી નિરખી, ન મળે નળને પરણવા સરખી.
એકવાર બ્રહ્માએ શું કરીઉં, સકળ તેજ એક પાત્રમાં ભરીઉં;
તે તેજનો ઘડયો નળરાયે, કાંઈએક રજ વાધી પાત્રમાંહે.
તેની એક થપોલી હવી, આકાશે ઉપન્યો રવી;
વાહાણે સાંજે નળ બાહેર નીસરે, તેજવંત વનમાં ફરે.
સૂરજ ઝાંખી કાહાડે કોર, વાહાણું સાંજ તેણે ટહાડો પોહોર;[૭]
અદૃષ્ટ જયારે થાય રાજાન, નિશ્ચંત ભાનુ તપે મધ્યાહ્ન.

વલણ

મધ્યાહ્નને નળ જાય મંદિરમાં, માટે સૂરજ તપે ઘણું;
હંસ કેહે હો હરિવદની શું, વિખાણ કરૂં તે નળતણું.

કડવું ૧૨ સું. રાગ જેતશ્રી.

હંસ ભણે હો ભામની, બ્રહ્માંડ ત્રણ જોયાં સહી;
નળની તુલના મેળવું પણ, મહીતળમાં તુલના કો નહીં;[૮]—તુલના૦

---

૬. 'છે બાળવૃદ્ધ જોબનધામ.' (પ્ર. ૪, ૬)
૭. 'સૂર્ય બિહિતો જાંખી કાઢે કોર, સાંજે વહાણે ટાઢે પોહોર;
ઘરમાં અદૃષ્ટ થાય રાજન, ત્યારે નિશ્ચે તપે મધ્યાન.' (પ્ર. ૬)
૮. 'પણ નળની જોડી મીઢવું, મહીતળમાં એવો કોઈ નહીં.' (પ્ર. ૪ ખ)
'પણ નળનિ જોડે મીઢહું, એવો મહિતળમાં કોઇ નહીં.' (પ્ર. ૬)

જુગ્મ રવિસુત રૂપ, આગળ જાય નાખી વાટ;[૯]
ગંભીરતાએ વર્ણવું, પણ અર્ણવમાં ખારાટ;–તુલના૦
શીતળતાએ શશિ હાર્યો, મુકે કળા પામે કષ્ટ;
તેજથી આદિત ફરે નહાઠો, મેરૂ કેરી પૃષ્ઠ;–તુલના૦
ઐશ્વર્ય યુદ્ધે ઇંદ્ર હાર્યો, ઉપાય કીધા લાખ;
નળ આગળ મહીમા ગયો માટે, મહાદેવ ચોળે રાખ;–તુલના૦
નૈષદરાયના રૂપ આગળ, દેવને થઈ ચિંતાય;
રખે આપણી સ્ત્રિઓ વરે નળને, સર્વે માંડી રક્ષાય;–તુલના૦
લક્ષ્મીનું મન[૧૦] ચંચળ જાણી, વિષ્ણુ મન વિમાસે;
પ્રેમદાને લેઇ પાણીમાં પેઠા, બેઠા શેષને વાંસે;–તુલના૦
હીમસૂતાને હર લેઈ નાઠા, ગયા ગુફામાંય;
સહસ્ર આંખ્ય ઇંદ્રે કરી, કરવા નારીની રક્ષાય[૧];–તુલના૦
સિદ્ધિબુદ્ધિને ધીરે નહીં, રાખે ગણપતિ અહોનિશ પાસ;
રૂષિપત્નીને રૂષિ લેઈ નાઠા, જઇ રહ્યા વનવાસ;–તુલના૦
પાતાળમાં લેઈ પદમનીને, વસિયા વરૂણ તે ભૂપર;
સ્વાહાને સાચવવા વહ્નિયે, ધર્યાં અડતાળીશ રૂપ;–તુલના૦
ચંદ્ર ને સૂરજ નાઠા ફરે છે, રખે વરતી નારી;
નારદજી આગળથી ચેત્યા, માટે રહ્યા બ્રહ્મચારી;–તુલના૦
હંસ ભાણે હો ભામની, એમ સહુએ શામા સંતાડી;

---

૯. 'યુગલ રવીચંદ્ર રૂપ આગળ, નાખી જાય વટ:
ગંભીરતારું વર્ણવું, હાર્યાં સમુદ્ર ચંદ્ર ખટ.' (પ્ર. ૨)
પ્ર. ૪ ક માં 'રૂપ' નથી;
'જુગ્મસુત રવિરૂપ આગળ, જાય નાખી વાટ.' (પ્ર. ૪ ખ. ચ)

૧૦. 'ચિત્ત' (પ્ર. ૪)

૧. 'સહસ્ર આંખ ઇન્દ્રે કીધી, નારીને જતી જોવાય.' (પ્ર. ૪)

૨. 'પાતાળમાં લેઇ પદ્મનીને, વશ્યો વરૂણરાય;
સ્વાહાને સાચવવા [illegible], ધરી અડતાળીશ કાય.' (પ. ૪)

નળના વપુના વાનથી, સર્વે સૃષ્ટિ કષ્ટ પમાડી;૩–તુલના૦
પુરૂષને અદેખાઈનું બળવું, નારીને દહે કામ;
અનલ પ્રગટયો સર્વને, માટે નળ ધરાવ્યું નામ;–તુલના૦
જપ વ્રત જેણીએ કર્યાં હશે, સેવ્યો હિમ પરવત;૪
તે નારી નળને પરણશે, જેણે કાશી મુકાવ્યું કરવત;–તુલના૦
બ્રહ્માજીની સૃષ્ટિમાં કો, ન મળે જાચક રૂપ;
નળને દાને દારિદ્ર છેદ્યાં, ભિક્ષુક કીધા ભુપ;–તુલના૦
ત્યારે નરમ થઈ દમયંતી બોલી, નિર્મળ નળ ભુપાળ;
જેમતેમ કરતાં ભાઇ માહારો, તાંહાં મેળાવ વેવીસાળ;–તુલના૦
હંસ કહે કોકટ ફાંફાં જેમ, વામણો ઇચ્છે આંબાફળ;
તેમ તુજને ઇચ્છા થઈ, ભરતાર પામવા નળ;–તુલના૦
હજાર હંસ હું સરખા ફરે છે, નૈષધપતિના દૂત;
અપકરી પરણાવીએ, તો તું સરખું કંઈ ભૂત;૫–તુલના૦
વચન સુણી વિહંગનાં, અબલાએ મુકયો અહંકાર;
ભુંડા એમ શું મને નિભ્રંછ્યાં, આપણે મિત્રાચાર;–તુલના૦
સ્નેહ તે સત્કર્મનો એમ, વદે વેદ ને ન્યાય;
એમ જાણી પરણાવ મુજસું, લાગું તહારે પાય;–તુલના૦

વલણ

પાયે લાગું ને નળ માગું, હવે આવી તારે શર્ણ રે;
નહીંતર પ્રાણ જાશે માહારા, ને પીંડ પડશે ધર્ણ રે.

કડવું ૧૩ મું. રાગ વેરાડી.

હંસ ભણે હો ભગની માહરી, ભીમક રાજકુમારી;
નિશ્ચે નળ તુજને પરણાવું, મને દયા આવેછે તાહારી. હંસ ભણે૦

---

૩. 'નળ તેજ ગુણ બળરૂપથી, સર્વ સૃષ્ટિ કષ્ટ પમાડી.' (પ્ર. ૪)
૪. 'જપતપ વ્રત જેણીએ કર્યાં હશે, સેવ્યો હશે પરવત.' (પ્ર. ૪)
૫. 'એપ કરી પરણાવીએ, અંતે તુજ સરીખું ભુત.' (પ્ર. ૬)

અમો મળતાંને પ્રાણુજ આપું, પુરૂં મનની આશ;[૬]
તાહારો મોહ લગાડું નળને, નાખી ઉંચા નીચા પાશ. હંસ ભણે૦
એક જડીબુટ્ટી[૭] સુંઘાડું નળને, તતક્ષણ થાશે ઘેહેલો;
આફ્ણીએ આંહાં આવીને રહેશે, વેહેલો સર્વની વેહેલો.[૮]હંસભણે૦
નળને તું નિરધાર પરણશે, એ માહારો સંકેત;
રખે ત્યાર પેહેલી કોને વરે, પછે હું થાઉં ફજેત. હંસ ભણે૦
આવશે નળનાં રૂપ લઇને, દેવતા મોટા ઘાતી;[૯]
વણ તપાસે વરીશ મા, રખે ડાહી થઈ વહાતી. હંસ ભણે૦
નળ અમરમાં વેહેરો શું છે, ઓળખાવ્યો તે વેશ;[૧૦]
દેવ રહેશે અંતરિક્ષ ઉભા, નવ મળે નીમેષ.[૧] હંસ ભણે૦
સ્વયંવર તું ઘેર રચાવે, વળી કરે એક વાનું;
તારો પિતા નોહોતરૂં મોકલે, તું પત્ર લખજે છાનું. હંસ ભણે૦
હંસરાયનાં વચન સુણીને, વામા કરે વિદાય;
જાઓ કહું તો મારી જીભ કાપું, ગયા વિના કામ ન થાય. હંસ ભણે૦
હોરે વિહંગમ હોરે વિહંગમ, મારો વિરહનો વહ્નિ સમાવો;[૨]
વીરસેનસુતને વીવા અરથે, વીરા વહેલા વહેલા લાવો. હોરે વિ૦
તારા વ્હોણી નળનો વિજોગ છે, હું એ એ દુઃખે દુઃખાળી;[૩]
અન્ન ન ભાવે નિદ્રા ન આવે, મેલાપ તમારા ટાળી. હોરે વિ૦

---

૬. 'અમો મળ્યાને પ્રાણ આપીયે, પૂરિયે મનની આશ.' (પ્ર. ૬)
૭. 'જડી મૂળી' (પ્ર. ૪, ૫. ૬)
૮. 'આફુરો આવી રહેશે ઉભો, વેલો સરવથી પેહેલો.' (પ્ર. ૬)
૯. 'આવશે નળનાં રૂપ ધરીને, છે દેવ મોટા ઘાતી.' (પ્ર. ૬)
૧૦. 'નળ........વેરો શો છે, ઓળખાતું તે વેશ.' (પ્ર. ૬)
૧. 'દેવના વીરજ વસ્ત્ર તે અંત્રિક્ષ ઉભા, નવ મળે નીમેષ.' પ્ર. ૪. ૫)
'દેવ...........ન મળે મેષોનમેષ.' (પ્ર. ૬)
૨. 'મારા તનનો તાપ સમાવો.' (પ્ર. ૪)
૩. 'તાહારી વોણી નળને વિજોગે, તેણે દુઃખે હું બાળી.' (પ્ર. ૪)

વિશ્વાસ આપીને વાત વેહેવાની, રખે જાતા વિસરી;
સ્વયંવરમાં નળ નહીં આવે તો, પ્રાણ જાશે નીસરી. હારે વિ૦
જો તમો નાથ આણી નહિ આપો, તો કોણ આપશે વળતું;
મોટું પુન્ય છે મનુષ્ય રાખ્યાનું,[૪] અનંગ અગ્નિથી બળતું. હારે વિ૦
માત તાતને સગા ભાઇ હું, તેહેને લાજું કહેતી;
કેમ કહું નળને પરણાવો મુને, સરવે કહે અલેતી. હારે વિ૦
ગુહ્ય વાત[૫] તે મિત્રને કહીયે, વાહાલાની હોય ચોરી;
વણ રોગે આ વપુની વેદના, તું હંસ જાણે મોરી. હારે વિ૦
તાહારી આશાસૂત્રનો તંતુ, પ્રાણ રહ્યો છે વળગી;
વેહવા વાત મિથ્યા સાંભળતાં, દેહ થાશે પ્રાણથી અળગી. હારે વિ૦
વિશ્વાસઘાતનું પાપ છે મોહોટું, તમો ડાહ્યાને શું કહીએ;
વૃદ્ધની વાત કરી જાઓ છો, નથી કીધી નાહાને છૈએ. હારે વિ૦
હંસ કહે હો ભામનિ, નિશ્ચે રહે તું વિશ્વાસે;
એમ કહીને ખગ તાંહાંથકી, ઉડી ગયો આકાશે. હારે વિ૦
આવી મળ્યો નળ રાજાને, વાત કહી જે વીતી;
સમાચાર કહ્યો જઈ હંસે, નળને અથઇતિ. હારે વિ૦
પંખી કહે પુણ્યશ્લોકજી, વીતી વાત શું કરૂં;
દિન દશ પાંચમાં આવ્યું દેખશો, પરણ્યાનું નોહોતરૂં. હારે વિ૦

વલણ

નોહોતરૂં આવશે સ્વયંવરનું, હંસે વાત નળને કહી;
વેવિશાળ મળ્યું, દૂત ફળ્યું, તેમાં કાંઈ સંદેહ નહીં રે.

---

૪. 'મોહોટું દુઃખ છે મન રાખ્યાનું.' (પ્ર. ૪)
'મોહોટું દુઃખ છે મન વશ રાખ્યાનું.' (પ્ર. ૪ ખ, ચ)
૫. 'ગુંજની વાત.' (પ્ર. ૪)

કડવું ૧૪મું. રાગ મલ્હારની દેશી.

બન્યો મિત્રો મળીને બેઠા, પૂછે નળ ભૂપાળજી;
વીર વિહંગમ કોહોને વારતા, કેમ મેળવ્યો વેવિશાળજી.
ગામ ઠામ ને રૂપ ભૂપગુણ, ગોત્ર ને આચર્ણજી;
સર્વાંગે સંપૂરણ શ્યામા, માન્યું તાહરૂં અંતસ્કર્ણજી.
કેમ ગયો કેમ દૂત થયો, વાત કહો મુને માંડીજી;
તે કન્યા કેમ બોલી તુજ સાથે, લજ્જા મનની છાંડીજી.
પંખી કહે સાંભળીએ સ્વામી, કન્યા વર્ણન વિવેકજી;૬
શેષ છેક ન પામે સ્તવતાં, શું કહું જીભ્હા એકજી.
કુંદનપુર તે કુંદન જેવું,૭ જોતાં મોહ ઉપજાવેજી;
વૈકુંઠ ત્યાં આણ્યું પ્રસ્થાને,૮ અમરાપુરીને લજાવેજી.
ચારે વર્ણ ધર્મને પાળે, જે પોતાનાં કર્મજી;
સુખનિવૃત નિરભે પ્રજા ને, આણ ભીમકની ધર્મજી.
આનંદ ઓછવ ને હરિસેવા, ઘેરઘેર વાજીત્ર વાજેજી;
વાસવ વિષ્ણુ વિરંચી ઇછે, વાસ સુખને કાજેજી.
વિદ્યા મુકાવી નિશાચરની, તે શીખ્યા દીશાચર કામજી;
જુગ્મકપાટ વિજોગ પુરમાં,૯ જુઆં રહે અષ્ટ જામજી.
કર્મત્યાગ પારધીએ કીધાં, ગુણકાએ ગ્રહી લજ્જાજી;
ઉચ્ચાટ એક અધર્મીને વર્તે, સકંપ એક ધ્વજાજી.
ભુવન ભવ્ય ભૂપ ભીમકનાં, ભુવન ત્રણ વ્યતિરેકજી;
ઘરની વાડી પરમ મનોહર, મધ્યે અવાસ છે એકજી.

---

૬. 'કન્યા વરણુ વિવેકજી.' (પ્ર. ૨. ૬)
૭. 'કુંદન કેરૂં' (પ્ર. ૪, ૫)
૮. 'શું વૈકુંઠ આણ્યું પૃથ્વીમાં.' (પ્ર. ૬)
૯. 'યુગ્મ કપાટી વિયોગીપુર માંહાં, જુયા રહે અષ્ટ જામજી.' (પ્ર. ૨)
'જુગ્મ કપાટ વિજોગીપુરમાં..........' (પ્ર. ૬)

સપ્તભોમ તે વ્યોમ સમાને, ફરતી બારી જાળીજી;
દશ સહસ્ર નારી આયુધધારી, કરે કન્યાની રખેવાળીજી.
ચંદન ચંપક ચારોળી ને, વટ વાળો વેલડીજી;
ફણસી ફોફળી ને શ્રીફળી, આંબાં સાખ સેલડીજી.[૧૦]
બીલી કોઠી દ્રાખ દાડમી, નારંગી ને નેત્રજી;
અખોડ ખજુર ને લવંગલતા, બહુ ખારેકનાં ખેત્રજી.
શીતળ જળાશય કમળ કેતકી, કુસુમ પૂરણ કુંજજી;
મળીઆગર મોગરા માલતી, ખટપદ ગુંજા ગુંજજી.
વેલ વળી એખરો કળી, શીતળ વાય સમીરજી;[૧]
વચણ પંખી રચણ બોલે, ડોલે રાજ્ન ગીરજી.
સાગ સીસમ ને સરઘુઆ, સાદડીઆ તાલ તમાલજી;
કરેણ કામ બાબચી બદ્રિકા, જાવત્રી જાયફળજી.[૨]
વાડ વાટિકા વંક વાલામણી, કેળ વંન બીજોરીજી;[૩]
બેલડીએ સાહેલડી વળગી, હીંડે ગુણવંત ગોરીજી.
તે વનમાંહે હું ગયો ને, હવો હર્ષ પૂર્ણજી;
વૃક્ષજુથમાં પેસી બેઠો, ગોપવીને વર્ણજી.
દાસી સર્વ થઇ નિદ્રાવશ, ઈંદુ આવ્યો માથેજી;
દમયંતીએ દ્યુત આરંભ્યું, માધવી સખી સાથેજી.

---

૧૦. 'અઢાર ભાર વનસ્પતિ શોભાત, સાકર સરખી શેલડી' (પ્ર. ૨)
૧. 'કનેર ને વળી કેવડા, નાળીકેર ભરીયાં નીરજી;
તાહાં રચણ પંખી વચણ બોલે. નવ રહે રાજ્ન ધીરજી' (પ્ર. ૨)
'વેણ રેણ બોલે કોકીલા, શોર મોરના શાયજી;' (પ્ર. ૪ ખ, ચ)
'વેલા વાલોળ પરવળના વળિ, શીતળ વાય સમીરજી;
રેણિયે પંખી વાણી બોલે, ડોલે ગેર ગંભીરજી,' (પ્ર. ૬)
૨. 'કરેણુક બાબચીની ને બદ્રિફળ, જાવંત્રીને જાયફળજી.' (પ્ર. ૪ ખ)
'કણેર બાબચિ બદામ બદ્રી, જાવંત્રી જાયનાળજી.' (પ્ર. ૬)
૩. 'વાડ વાટિકા વાંક વલામણ, કેવલ વન્ન બીજોરીજી.' (પ્ર. ૨)

તેણે સમે મેં તમો વર્ણવ્યા, શ્યામાએ ધરીઆ શ્રવણજી;
ઉઠી બાળી અટાળીએ આવી, જોતી નેત્રે વીક્ષણજી.
પાસે દાસી બન્યો રાખી, ચતુરા ચોદશ ભાળેજી; ૫૬૦
આ વનમાં કોઈ જન આવ્યો છે, બોલી કરે આ કાળેજી.

વલણ

આ કાળે બોલી કોણ કરે છે, જુઓ વનમાં ફરીફરી[૪];
હંસ કહે હું હવો વિસ્મય, શું વખાણું એ સુંદરી.

કડવું ૧૫ મું. રાગ ધનાશ્રી.

ભૂપ મેં દીઠી ગર્વઘેલડી, સખી બે મધ્ય ઉભી અલબેલડી;
કદળીસ્થંભ જુગલ સાહેલડી, વચ્ચે વૈદર્ભી કનકની વેલડી. ૫૬૫

ઢાળ

વેલ જાણે હેમની, અવેવ ફૂલે ફૂલી;
ચકિત ચિત થયું માહરૂં, ને ગયો દૂતત્વ ભૂલી.
સામસામા રહ્યા શોભે, વ્યોમભોમ્ય બે સોમ;[૫]
ઈંદુમાં બિંદુ બિરાજે, જાણે ઉડગણ ભોમ્ય.
ઉભે અમિનિધિ કીરણ પ્રગટયાં, કળા થઈ પ્રકાશ; ૫૭૦
જ્યોતે જ્યોતથી સ્થંભ પ્રગટયો, શું એથી થંભ્યો[૬] આકાશ.
કામનીનો ધમ્મીલ લેહેકે, ગોફણો શોભાવી રક્ષે;[૭]
શકે ધરાધર વાસ લેવાને, ચડ્યો ચંદન વૃક્ષે.

---

૪. 'આ કાળ વાણી વદે કોએક, જુએ વનમાં ફરી ફરી;
હંસ કહે હું થયો હતવત, શું વર્ણવું તે સુંદરી.' (પ્ર. ૪)
૫. 'સાહામ સાહામી હવી શોભા, વ્યોમ ભોમે સોમ.' (પ્ર. ૪)
૬. 'દહ્યું.' (પ્ર. ૪) 'દહ્યો.' (પ્ર. ૬)
૭. 'કામનીનો પરિમલ બેહેકે, કળા શોભે લક્ષ;
શકે ધરાધર વાસ લેવા, ચડયો ચંદન વૃક્ષ' (પ્ર. ૪)

કુરંગ મીનની[૮] ચપળતા, શું ખંજન જાળે પડિયાં;
નેત્રઅણિઅગ્રે શ્રવણ વીંધ્યા, સોય થઇ નીમડિયાં.[૯]
શકે નેત્ર ખેત્ર છે મોહનું, ડોડાળાં અંબૂજ;
ભ્રુવ શરાસન દૃષ્ટિ શર, હાવ ભાવ બે ભૂજ.
ગળસ્થળ નારંગ ફળશા, આદિત્ય ઇંદુ અકોટી;
અધર પ્રવાળી દંત કનકરેખા, જીહ્યા જાણે કસોટી.[૧૦]
કીર આનનપર શ્રીખંડ શોભે, કોયલ બોલે અણછતી;[૧]
વનલતાપર પંખી બેઠો, નવ રહેવાયું મારી વતી.
અધરરસ પર શ્વેત બિંદુ, મેં જાણ્યું કરૂં ગ્રાસ;[૨]
ઉદર સર આભરણ અંબુજ, જઇને પૂરૂં વાસ.
નાભી નીકટ મેખળા, રહે ગમન સાથ અમારો;[૩]
રોમાવળિ દ્રુમ કુચ ટોડા, ઉરમંડળ શું ઉવારો.
અંગ રંગ તરંગ યૌવન, જોતાં તૃપ્ત ન થઇએ;
ક્ષુધા તૃષા પીડે નહીં, રૂપસુધામાં રહિયે.[૪]
કચભૂષણ કદળી પત્ર ઉપર, શબ્દ તેનો ઉઠે;[૫]

---

૮. 'કુરંગ દૃગની.' (પ્ર. ૪)
૯. 'નેત્ર અગ્રે શ્રવણ વેધ્યાં, સોય થઇ નીવડયાં' (પ્ર. ૪)
૧૦. 'રક્ત હેમ અધર દ્વિજ હીરા, સુત્રાધાર કસોટી.' (પ્ર. ૪)
'દંત હેમ અધર બીજ, જીહ્વા જાણે કસોટી.' (પ્ર. ૪ ખ, ચ)
૧. 'કીરઆનન પર શિખંડી શોભે, કાળી બોલે આગળતી;
લતા ઉપર પક્ષી દીઠાં, નવ રહેવાયું મારી વતી.' (પ્ર ૪)
૨. 'અધર સ્પર્શિત સ્વાતી બિંદુ, મેં જાણ્યું કરૂં ગ્રાસ;
ઉદર સર આભ્રણ અબુજ, જઇ સધ પૂરૂં વાસ.' (પ્ર ૪)
૩. 'નાભી નિરજ પાસ મેખલા, રેહે ગમન સાથ અમારો;
રોમાવળી દ્રુમ કુચ ટોડલા, ઉરમંડળ ઓવારો.' (પ્ર. ૪)
૪. 'સરૂપ સરમાં રહીયે.' (પ્ર. ૪)
૫. આ પાઠ પ્ર. ૨, ૩ ને ૪ માં છે.
'કુચ ભૂષણ કદળી ઉપરે, શબ્દ તેનો ઉઠે;
ન બોલે પંખો પણ પ્રહર થાતે, લાગ્યા યૌવન પુઠે.' (પ્ર. ૬)

તાં બોલે પંચાનન પ્રહારથી, શું લાગો મેગલ પૂઠે.
કેળશાખાયે જલજ જુગમ ચઢયાં, ગજ એથી પામે ખેદ;
યુગમ અંબુજ તાંહાં મળીયાં, મળ્યા મધુકર વેદ.
સ્કંધ પદના તે કદળી સરખા, ખટ તોયજ તોય પાખે;[૬]
સુદ્ધ બુદ્ધ નવ રહિ મારી, હું બોલી ઉઠયો અભિલાખે.
વદી વાણી વ્યોમચરની, પડયો મુરછા ખાઈ;
હાટક રૂપ દેખી સખિ સાથે, મુજને ગ્રાહાવા ધાઇ.
મોહવારૂણી પી પડયો, કન્યાએ ગ્રહ્યો આવી;[૭]
ભુજઅંબુજ મેં પણ ભેધ્યાં, તોયે મન ના લાવી.
નાત ગામ ને નામ પૂછયું, સ્વામી તારો કૂણ;
રટણ રસનાયે કરી બાધી, એવો વરણ નિપૂણ.
સ્વામી નળ ને વરણુન નળનું, દૂત નળનો હુંય;[૮]
ગિરિ તરૂવર કે ધાતુ ફળ કે,[૯] કુસુમ નળ તે શુંય.

'કંચન ભૂષણ...' (પ્ર. ૪ ખ, ચ)
'કચ ભૂષણ કટી ઉપરે, શબ્દ તેના ઉડે;
ન બોલે પંતે પણ પ્રહાર થાતાં, લાગ્યા યૌવન પુઠે.' (બુદ્ધિ પ્રકાશ, ૧૮૭૧ ના જુલાઇ)

૬ 'સ્થંભ વદને કદલી સરખા, ખટ તોયજ તોય પાખે;
સુધી બુધી ન રહી માહારી, બોલી ઉઠો અભીલાખે.' (પ્ર. ૪)
'સ્કંધ વદન કદળી સરખા, ખટના અજ એ પાંખે;' (પ્ર. ૪)
'સ્કંધ વદન કદલી શાખા. ખટ નવ જતો એ પાખે;' (પ્ર. ૪ ચ)
'સ્કંધપદ તે કદળી સરખા, ખસતો જતા તે પાસે.' (બુદ્ધિ પ્રકાશ, ૧૮૭૧ ના જુલાઇ)

૭. 'મોહ વારૂણી પાઇને પાડયો, કન્યાયે ગ્રહ્યો આવી;
ભુજ અંબુજમાંહાં પર ભેધ્યાં, તાડે મન ન લાવી.' (પ્ર. ૪)

૮. 'હુંય' (પ્ર. ૪, ૬)

૯. 'ગિરિ તરૂવર ધાતુ ફળ જળ' (પ્ર. ૪)

પ્રાણ નળ કે ઉદર નળ, કે જળ નળ ગ્રેહનો;
રહે તુજ મળ્યો કાંતિ કમળે,[૧૦] એ વરણ તેની દેહનો.
પર અગ્ર વૃશ્ચિક આંકડો, ભેદ્યૂં નિજ ભુજતળ;[૧]
શકે તારા નાથનિ એવી, કાયા છે કોમળ.
શબ્દ શુણિ શામાતણો, હું સહિ રહ્યો તે કાળ;
તમ પ્રતાપે તારૂણીને, મેં નાખી મોહજાળ.
અમૃતઘટ થાયે જો ઊણો, અમર પાન જ્યારે કરે;
વૈદર્ભીની વાણી સુધા જાણી, લેઈ કુંભ પૂરો ભરે.
વિનતાવદન વિધિયે કીધું, સાર શશીનું લીધું;
નક્ષત્રનાથને લાંછન ભાસે, કલંક લાગટ કીધું.
ગ્રહેશ ને શરવરીપતિ તે, ગોખ્ય ઉભા ફરે;
વૈદર્ભીના વક્ત્ર આગળ, અમર તે આરતી કરે.
કચ્યસમુહની રાવ કરવા, વિધિ કને કળાધર ગયો;
કર અધર ચંદ્ર કાઢયો ઠેશે, તે અદ્યાપિ અંતરિક્ષ રહ્યો.
સંસાર સર્વનું સાર લીધું, દિવ્ય દેહડી થવા;
ઘડી દમયંતી ને ભુજ ખંખેર્યા, તેના તો તારા હુવા.
જગ્ન જાગ ને ધર્મ ધ્યાન, તીરથ કીધાં હશે સમસ્ત;
તેને પુણ્યે પુણ્યશ્લોકજી, ગ્રહશો દમયંતીનો હસ્ત.
ભાગ્ય ભૂપ એ તમતણું, જે વશ વૈદરભી વળી;
વેવિશાળ મળ્યું ને દૂતર[૨] ફળ્યું, નવ શકે તેનું મન ચળી.
કાલ આમંત્રણ આવશે, તમે કરો તત્પર જાન;
એ વાત્ત નિશ્ચે જાણજો, તેના સાક્ષી શ્રીભગવાન.

---

૧૦. 'રહેતો જમલોકાંત કમલા' (પ્ર. ૪)

૧. 'પદ અગ્ર વૃશ્ચિક અંકડો, તેણે ભેદ્યું મુજ ભુજતળ' (બુદ્ધિ પ્રકાશ, ૧૮૭૧ ના જુલાઇ)

૨. 'દૂતત્વ' (પ્ર. ૪. ૫)

આનંદ નળ પામ્યો ઘણો, પણ સ્વપ્ના સરખું ભાસે;
વિશ્વાસ મન નથી આવતો, જે વીવા કેઈ પેર થાશે.

વલણ

થાશે સંબંધ ભિમકસુતાનો, એ આશ્ચર્ય મોટું સર્વથા;
કહે પ્રેમાનંદ કહું હવે, દમયંતીતણી કથા.

કડવું ૧૬ મું. રાગ ગોડી.

હંસ વળાવિને વળી વિનતા, જ્યાં પોતાનું ધામ;
દમવા લાગ્યો દમયંતીને, નળના વિરહનો કામ.
વખાણબાણ શામાને વાગ્યાં, પંખી ગયો મોહ મેલી;
રોમે રોમે વહ્નિ પ્રગટ્યો, લાગી તાલાવેલી.
ઘડિયે ઘરથી બહાર નિસરે, બેસે જઇને અટાળી;
ચંદ્રકિરણ અગનીથી અદકા, મારશે મુજને બાળી.
વણ પરણ્યાંને વ્યાકુળ કરવા, વ્યોમ વસ્યો છે પાપી;
શું કહિયે કમળાપતિને રાહુનું, મસ્તક નાખ્યું કાપી.
સિંહિકાસુતને શરીર હોત તો, મુજને ચિંતા થોડી;
સુધાકરને ગળત પેટમાં, બળી થાત રાખોડી.[3]
જળપાત્ર વિશે ઇંદુબિંબ દીઠું, સખીને કીધી શાન;
લાવ્ય ભોગળ રિપુને મારૂં, પ્રહારે પિષ્ટ સમાન.
એમ કરતાં પ્રાતઃકાળ થયો, તારૂણીને આવ્યો તાવ;
અન્ન ન ભાવે નિદ્રા ન આવે, વાત તણો નહિ ભાવ.
અગ્નિના તણખા સરખા લાગે, ટાઢક ચરચે જેહ;
વાયુ વ્યાધના બાણ સરીખો, નિસરે સોંસરો દેહ.
દુખતું જાણી આવી રાણી, જોયું વસ્ત્ર ઉઘાડી;
ચુંબન કરીને પૂછે માતા, શું દુઃખ છે તને માડી.

---

૩. 'સુધાકરને ગળી પેટમાં, બાળી કરત રાખોડી.' (પ્ર. ૪)

લાડકવાઈ ક્યાંથકિ જીવે, છે કર્મ અમારાં દોખી;
અક્ષત ઉતારો દૃષ્ટિ બેઠી હોય, કોઇની મેલી ચોખી.
પરણ્યાનો ઓરિયો નવ વીત્યો, જાત સાસરે સમોતી;
રત્ન દીકરી ક્યાંથી જીવે, ત્રણ ભાઈની બેન પનોતી.
આવડો તાવ તે તારૂણિને શો, દૈવને ઘેર વળ્યો ડાટ;
કહે કુંવરી અંતરની આપદા, અમને થાય ઉચાટ.
સુખ મરડી દમયંતી બોલી, ઘરડાં માણસ નઠોર;[૪]
પરણ્યાં કુંવારાં કાંઇ ન પ્રીછે, ફોકટ કરવો સોર.
હું સમાણિ જાય સાસરે, તેના જોને[૫] ભોગ;
તેની પેરે મારે થાશે, આકુરો[૬] જાશે રોગ.
વચન સુણીને સમજ્યાં રાણી, પુત્રી થઈ પરણનારી;
ભામનીએ જઈ કહ્યું ભીમકને, પુત્રી કાહાં લગી રાખશો કુંઆરી.
વહાણું વાય ને દુખવા આવે, જો જીવે આ વારકી;[૭]
કોહાને ભાએગે કાળથી ઉગરે, પરણાવી કરો પારકી.
દીકરી માણસ મોટી થઇ[૮] ત્યારે,પીહેર નવ સોહાયે;
સ્વયંવર કરીને પરણાવો, જાંહાં એની ઇચ્છાયે.
રાયે પુત્ર તેડાવ્યા પોતાના, કહ્યું બેહેનને પરણાવો;
દેશ દેશના જે રાજા, દૂત મોકલી તેડાવો.
અન્ન ધન તૃણ સામગ્રી, મંડપને રચાવો;[૯]
ધવળ મંગળ ગીત નફેરી, અપછરા નચાવો.

---

૪. 'ઢોર' (પ્ર. ૪)
૫. 'જો તું' (પ્ર. ૪)
૬. 'આફીણીયે' (પ્ર. ૪)
૭. 'આ બાળકી.' (પ્ર. ૫, ૬)
૮. 'મોટું થાય.' (પ્ર. ૬)
૯. 'અન્ન ધન તૃણની સામગ્રી, મંડપ મોટો રચાવો.' (પ્ર. ૬)

સ્વયંવરની સામગ્રી માંડી, મોટા મળ્યા રાજાન;[૧૦]
નળને તેડવા ભીમકે મોકલ્યો, સુદેવ નામે પ્રધાન.

વલણ

પ્રધાન નૈષધ મોકલ્યો, નારદે કીધું હતું વિખાણ રે;[૧]
દમયંતીએ પત્ર પઠાવ્યો, વાંચી નળે દીધાં નિશાણ રે.

કડવું ૧૭ મું. રાગ સારંગ.

આવી સુદેવે આપ્યો કાગળ, હૃદયા ચાંપી વાંચે નળ;
સ્વસ્તિ શ્રી નૈષધપુર ગામ, પુણ્યવંત પુણ્યશ્લોક નામ.[૨]
છે કાલાવાલાની કંકોતરી, લખીતંગ[૩] દમયન્તી કિંકરી;
આંહાં આવી ગયા ખગપત, કહે તે વારતા માનજો સત.
મેં તમને સમર્પ્યું ગાત્ર, આ સ્વયંવર તે નિમિત્ત માત્ર;
મીનનીરની કરજો પ્રીત, માહારા સરખું કરજો[૪] ચિત્ત.
વાંચ્યો કાગળ ને હરખ્યો નળ, તત્પર કીધું જાનનું દળ;
અતિ શીઘ્ર સાંચરે રાય, શુકને મળી સવચ્છી ગાય.
કોરંગ કોરંગનીને સાથ, સાહામા ઉતર્યાં દક્ષિણ હાથ;[૫]
હંસ ભણે ભલા શુકન, તું દમયંતિ પામે રાજન.
વિદર્ભ જઇને સિધ કીજીએ, મને આજ્ઞા હવે દીજીએ;[૬]

---

૧૦. 'સ્વયંવર સામગ્રી સૂતે આરંભી, મળ્યા મોટા રાજન' (પ્ર. ૨)
૧. 'પ્રધાન નૈષધ મોકલ્યો, હંસે કર્યુ હતું વખાણ;
દમયન્તીયે પત્ર પાઠવ્યું. વાંચી નળે દીધાં માનરે' (પ્ર. ૬)
૨. 'સ્વસ્તિશ્રી નૈષધપુર ગામ, પુણ્યવંત ને પુણ્યશ્લોક નામ.' (પ્ર. ૪, ૫);
'સ્વસ્તિશ્રી નૈષધપુર ગામ, પુણ્યશ્લોકજિ પુણ્યવંત નામ.' (પ્ર. ૬)
૩. 'લખિત' (પ્ર. ૬)
૪. 'રાખજો' (પ્ર. ૬)
૫. 'કુરંગ કુરંગણીની સાથ, આગળ ઉતર્યાં તે દક્ષીણ હાથ.' (પ્ર. ૬)
૬. પ્ર. ૨, ૪, ૫ માં લી. ૬૮૦–૭૧૩ નથી.

વળિ કો સમે આવિશ રાજન, તું છે મારો પ્રાણજીવન.
ભાઇ તુજને કહું વીનતી, દ્યૂત ના રમશો નૈષદપતી;
નવ કરશો સ્ત્રિનો વિશ્વાસ, એ બે થકી થાય વિનાશ.
ચાલ્યો ખગપતિ વિનતી કરી, નળરાજાએ આંખડી ભરી;
હંસ કહે સાંભળ રાજન, એમ કરીયે ન કાચું મન. ૬૮૫
માત પિતા સુત બાંધવ જેહ, સર્વે વેર સંબંધે મળ્યું તેહ;
તારે કાજે મેં રાજા એહ, ખગપતિનો ધાર્યો દેહ.
હું છું બ્રાહ્મણ ને તું છે ભીલરાય, પૂર્વ જન્મની કહું કથાય;
મારા ઘરમાં હું દુખિયોથયો, કાશિ કરવત મૂકાવા ગયો.
એવો સમો મનમાં ધરી, ચાલ્યો વનમાં સમર્યા હરી; ૬૯૦
અઘોર વનમાં ભૂલો પડયો, તારે સ્થાનક આવી ચઢયો.
તેવા માહે રજની થઈ, દ્વાદશ કોશમાં વસ્તી નહીં;
તેવા વનમાંહિ રહેતો તુંય, ત્યાં આવીને ચઢ્યો હુંય.
તારે સ્થાનકે આવી રહ્યો, ત્યાં તું પણ ચિંતાતુર થયો;
મારી આગતા સ્વાગતા કરી, પણ સૂવાની ચિંતા ધરી. ૬૯૫
નહાની હતી ગુફા છેક, આવ્યું માણસ માય ન એક;
તારી સાધવી નારી સુજાણ, મારૂં આસન કર્યું નિર્વાણ.
તું તો વીરા બહાર રહિયો, રાક્ષસ આવી તને મારિયો;
માંસ ચરણ હસ્ત હેઠે રહ્યું, નવ જાણું તેનું શું થયું.
તારી સ્ત્રીએ તજ્યો ત્યાં પ્રાણ, કાઇ ભક્ષ કરી નિરવાણ; ૭૦૦
મરતાં એવું બોલી સતી, એજ વર દેજો કમળાપતિ.
એવું જ્યારે સ્ત્રી બોલી વચંન, ત્યારે મેં વિચાર્યું મંન;
શું જીવું હત્યા લઈ[૭] કરી, એને તું મેળવજે હરી.
એવું બોલી હું તે વાર, પડ્યો બળતા અગ્નિ મોઝાર;
તે માટે પંખી અવતાર, લીધો નૈષદમાં આ વાર.

---

૭. 'એ' (પ્ર. ૬)

એવો બોલ ખગપતિયે કહ્યો, શીર નામીને ઉભો રહ્યો;
આજ્ઞા આપો તો તતપર થાઉં, અમો અમારે સ્થાનક જાઉં.
એવી વિનતિ હંસે કરી, નળરાયે આંખડી ભરી;
એ શું બોલ્યો મારા વીર, તારા વિના ધરૂં કેમ ધીર.
આપ્યું તેં મને પ્રાણનું દાન, તું છે મારા બંધુ સમાન;
હંસ કહે તેં ખરૂં કહ્યું વીર, પણ સાંભળ પરમ સુધીર.
તારૂં રૂણ છુટયો હું ભ્રાત, હવે રહેવાની કરિશ ન વાત;
એમ કહીને ઉડ્યો આકાશ, ત્યારે નળે મુકયો નિશ્વાસ.
નળ પોહોતો વિદ્રભા દેશ, તાંહાં મળ્યા મોટા નરેશ;
ચોહોફેર સબીરનાં ધામ, વસ્યા રાજા તેટલાં ગામ.
સાગરમાં નાવ હોયે જેમ, ભીમકનું નગ્ર દીસે તેમ;
ગજદળ હયદળ ને માનવ, તેણે અન્ન થયું મોઘું સરવ.[૮]
રસકસ સાહામું નવ જોવાય, તૃણ જળ ટાંકે[૯] તોળાય;
રંક લોકની ચાલે અરજના, માગ્યાં મૂલ આપે ગરજના.
ભીમક લે સર્વનો તપાસ, જે જોઈએ તે ફેરવે દાસ;
નગર ભરાયું ખચમચી, રાયે મંડપ રચના રચી.
હીંડોળા બાંધ્યા[૧૦] ધારણે, કદળી સ્થંભ રોપ્યા બારણે;
ચિત્રામણ ચિતરિયાં ભીંત, નાના પ્રકારની કરી રીત.
મંડપ લીંપ્યો કનકની ગાર, સાહામા સાહામી આસનની હાર;
જેહેને જાંહાં બેઠાનો ઠામ, તાંહાં રાજાનાં લખિયાં નામ.[૧]
એ કથા એટલેથી રહી, એક નવીન વારતા થઈ;
નારદને કલહની ટેવ, ગયા સ્વર્ગ જાંહાં બેઠા દેવ.

---

૮. 'દવ.' (પ્ર. ૪ ૫)
૯. 'ત્રાંસે' (પ્ર. ૪, ૬); 'કાંટે' (પ્ર. ૪ ખ.)
૧૦. 'હિંડોળા ખાટ બાંધી.' (પ્ર. ૬)
૧. 'જેને જ્યાં બેસવાનો ઠામ, આસન ઉપર લખિયાં નામ.' (પ્ર. ૬)

પૂજ્યા અરચ્યા પ્રીત અપાર, તવ ઇંદ્ર પૂછે સમાચાર;
કહો ઋષિ પૃથ્વીની પેર, કો પુરૂષ ન આવે અમારે ઘેર.
પૃથ્વીમાં પડતી સાધુની કાયે, તે આવતા સ્વર્ગ માંહે;
અમરાવતીનો સુનો ઘાટ, જમપુરની વેહે છે વાટ.
જમપુર ભરાઈ વસ્યું, આહાં કો નાવે તે કારણ કશું;
કેહે નારદ સાંભળીએ સત્ય,હવડાં મનુષ્ય જાયે અવગત્ય.
દમયંતી દમયંતી કરતા મરે, તે સર્વ જમપુરી સંચરે;[૨]
જેણે દમયંતી દીઠી નથી, જીવતા મુઆ તે સર્વથી.
ત્યાં સ્વયંવર માંડયો આજ, મળ્યા છે પૃથ્વીના રાજ;
શું અપ્સરાના વોહોછો[૩]વના, દમયંતીની દાસી દેવાંગના.
વિદર્ભ દેશ ને કુંદનપૂર, જાઓ જોવા શું બેઠા સૂર;
કહી નારદ થયા અંતરધ્યાન, છાના દેવ થયા સાવધાન.
સંભારી રૂપ મનમાં ફૂલતા, ચાર દેવને લાગી લલૂતા;
ઇંદ્ર અગ્નિ વરૂણ ને જમ, ઉઠી ચાલ્યા જે જયમ ત્યમ.

વલણ

જયમ ત્યમ ચાલ્યા દેવતા, ધરી જુજવાં રૂપ રે;
વિદર્ભ ગયા મનભંગ થયા, દેખી નળનું રૂપ રે.

કડવું ૧૮ મું. રાગ સારંગ.

નળને જોવા ઇંદ્ર રહ્યા છે,[૪] એટલે આવ્યા જમજી;
અગ્નિ વરૂણ પૂઠેથી આવ્યા, પૂછે માંહોમાંહે કયમજી.
અન્યો અન્યે ચોરી કરતાં, બોલે જુજવાં કામજી;
ચારે દેવ માંહોમાંહે છેતરે, ન લે પરણ્યાનું નામજી.

---

૨. 'જે જન દમયન્તી કરતા મરે, તે જન જમપુરમાં સંચરે.' (પ્ર. ૨)
૩. 'વહોછા' (પ્ર. ૬)
૪. 'નળને જોઈ ઇંદ્ર રહ્યા છે.' (પ્ર. ૨)

અગ્નિ કહે શું અધર્મ બોલવું, સર્વ દમયંતીના લોભીજી;
મનના મનોરથ રાખો મનમાંપ,નળ આગળ કાંતિ ન શોભીજી.
પછે તાળી દઇ હસ્યા માંહોમાંહે, કપટ કીધું ત્યાગજી;
સ્વયંવરમાં ચારે જઈ જોઇએ, કોહોનું ભળશે ભાગ્યજી.૬
વરૂણ ભણે વૈદર્ભી વર્યાની, મૂકો મનની આશાજી;
પરણશે નળ આપણે ફજેતી, છેદાશે અધરસું નાસાજી.
અગ્નિ કહે હો વાસવ રાજા, મૂકો હૈયાનો હર્ષજી;
દમયંતીને તમો ન પામો, જો તપો શત વર્ષજી.
ભીમકસુતાને આલિંગન નહીં દે, અભાગિયાં આપણાં ગાત્રજી;
વિરસેનસુત આગળ વિષ્ણુ ન પામે, તો આપણ કોણ માત્રજી.૭
જદપી મનસા નળની મૂકી, આપણી મમતા કરેજી;૮
ગુણ વોહોણી જો હોય દમયંતી, બલા આપણી વરેજી.
લક્ષણ વોહોણી દમયંતી છે, રૂપ યૌવન ઉનમત્તજી;
ગોળ મુકીને ખોળને ખાયે, નોહે ચતુર પશુવતજી.૯
બેહુ પ્રકારે એહેને ન વરવી, માટે પાછા ફરવુંજી;
માણસ વરે ને દેવ ફરે એથી, આપે ભલું મરવુંજી.
શક્ર કેહે નળરાજાને, જમરાજ લો જમલોકજી;

---

૫. 'મનના મનોરથ મનમાં રહ્યા.' (પ્ર. ૨)
'મનના મનોરથ પણ રહ્યા મનમાં.' (પ્ર. ૬)
૬. 'કેનું ભડે છે ભાગ્યજી.' (પ્ર. ૨)
૭. 'ભીમક સુતાસુ આલિંગન નવ દે, અભાગીઆં આપણાં શરીરજી;
નળ આગળ વિષ્ણુ નહિ પામે તો, આપણ ન રખાય ધીરજી.' (પ્ર. ૪)
૮. 'કદાપિ નળને મૂકે માનની, આપણી મમતા કરેજી;
તોએ ગુણ વોહોણી દમયંતીને, (એ) બલા આપણ(ને) વરેજી.'(પ્ર. ૨)
'જદપી મનસા નળની મુકી, આપણ ઉપર ધરેજી;
ગુણ વોહોણી જો હોય દમયંતી તો, બલા આપણે વરેજી.' (પ્ર. ૪)
૯. 'ગોળને મેહેલી ખોળ (કુંણ) ખાએ, તો એ ચતુરા પશુવતજી.' (પ્ર. ૨)
'ગોળ મુકી જો ખોળને ખાશે, એ ચતુરા પશુવતજી.' (પ્ર. ૬)

આફ્ણીએ આપણને વરસે, થશે હંસનું કીધું ફોકજી.
વરૂણ ભણે જે એ શી લઘુતા, વણ ખુટે મરે કયમજી;[10]
એમ ચાલતું હોય તો લેઉં દમયંતીને,એમ કહેવા લાગા જમજી.
અગ્નિ કેહેરે ભલો શ્રમ કીજે, કદાપી થાય સાચોજી;[1]
દમયંતી ભણી દૂત થૈ જાય, ત્યારે નળને જાચોજી.
પછે નળ પાસે આવ્યા સ્વર્ગવાસી, વેશ વીપ્રનો ધારીજી;
ત્રિપુંડ તાણ્યાં પુસ્તક કરમાં, ગ્રહી સુંદર ઝારીજી.[2]
નળે નિર્મળ બ્રાહ્મણ દીઠા, આપ્યાં આદરમાનજી;[3]
આસન આપી પૂજા કીધી, પછે પૂછે રાજાનજી.[4]
કામકાજ અમસરખું કહીએ, હરિ મોહોટા છે કરનારજી;
વિપ્ર કેહે અમો આવ્યા છેયે, તુંને જાણી ગુણ ભંડારજી.[5]
નળ કેહે જે માગો તે આપું, માનજો અવશ્યમેવજી;
વચન લેઈ વિપ્રવેશ મુકીને, થયા પ્રત્યક્ષ દેવજી.
વજ્ર પાશ જવાળા ગ્રહી, જમે ગ્રહ્યો જમદંડજી;
જળહળ મંદીર થઈ રહ્યાં, જાણે ઉદયા માર્તંડજી.
ચકીત રાજા થઈ રહ્યો, કરતો દંડ પ્રણામજી;
નળ વિના કો દેખે નહીં રે, દેવ રૂપનાં ધામજી.

---

૧૦. 'ધર્મ કહે એ શી લઘુતા, કહો વણ ખૂટે કયમ મારૂંજી;
ઈમ ચાલતું હોય તો લઉં દમયંતીને, અર્થે મારો સારૂંજી.' (પ્ર. ૨)

૧. 'વિશ્વાનર કહે ભલું શ્રમ કરી જોઇએ, કદાપી થશે સાચોજી.' (પ્ર. ૨)
'અગ્નિ કહે રે ભલું શ્રમ કીજે, કદાપિ થાય સાચુંજી;
દમયંતી ભણી દૂત થૈ જાય, નળને જઈને જાચુંજી.' (પ્ર. ૪, ૫)

૨. 'ત્રીપુંડ્ર તાણ્યાં પુસ્તક પાસે, હાથમાં ગ્રહી ઝારીજી.' (પ્ર. ૨)

૩. 'આદરે આપ્યાં આસનજી' (પ્ર. ૨); 'આદર દીધાં માનજી.' (પ્ર. ૪, ૫)

૪. 'ભલે દર્શન દીધું પવિત્ર કીધાં, હું રાંકને ભુવનજી.' (પ્ર. ૨)

૫. 'સત્ય ભંડારજી' (પ્ર. ૨, ૬)

વલણ

રૂપધામ તે દેવતા, વિનતી નળરાયને કરે રે;
તું દૂત થઇ જા કન્યાને જો,[૬] દમયંતી અમને વરે રે.

કડવું ૧૯ મું. રાગ બીહાગડો.

દેવ કેહે હો રાજા મિત્ર, પુણ્યશ્લોક પરમ પવિત્ર;[૭]
કૃપા કરી કન્યા કને જાઓ, વેવીસાળીઆ અમારા થાઓ.
મહિલાને મારો મોહનાં બાણ, ચારે ચતુરનાં[૮] કરજો વખાણ;
ભાગ્ય હોશે તેહને વરશે, જેહેના કર્મનું પાનડું ફરશે.
નળ કેહે રક્ષક બળીયા હોય, મુને પેસવા નવ દે કોય;
દેવ કેહે જાઓ જોગીને વેખે, દમયંતી વિના કો નવ દેખે.
ચારે કરે નળને અણુસારા, બે ગુણ અદકા બોલજો મારા;
એહેવું સાંભળી ચાલ્યો નળરાય, ત્યારે દેવને વિમાસણ થાય.
રૂપવંત નળનેરે જોશે, કન્યાનું મન સદ્ય મોહોશે;[૯]
વાત કેહે નહીં આપણી વરણી, વેવીસાળીયો બેસશે પરણી.
દષ્ટે દષ્ટ જ્યારે મળશે, ગુણ આપણા નવ સાંભળશે;[૧૦]
નળને લેવરાવ્યો જોગીનો વેષ, શીખવ્યું તેમ કરજો વિશેષ.[૧]
રૂપ પાલટીને નળ પળીયો, દેવે અનુચર એક મોકલીઓ;
દૂતને દેખે નહિ નળરાય, આગળ પાછળ બન્યો જાય.

---

૬. 'જે' (પ્ર. ૪, ૬)
૭. 'દેવ કહે હો નળ મહામિત્ર, પુણ્યશ્લોક રાજા પવિત્ર.' (પ્ર. ૨)
૮. 'દેવના' (પ્ર. ૨, ૪, ૬.)
૯. 'રૂપવંત દૂતને જોશે, કન્યાનું..................' (પ્ર. ૨)
'રૂપવંત એ નળને જોશે, કન્યાનું મન તેને મોશે.' (પ્ર. ૬)
૧૦. 'દષ્ટો દષ્ટ ભાઈ જ્યારે મળશે, ગુણ નહિ આપણા સાંભરશે.'(પ્ર.૨)
'દષ્ટે દષ્ટ જ્યારે મળે, ગુણ આપણા નવ સાંભળે.' (પ્ર. ૪, ૫)
'દૃષ્ટિએ દૃષ્ટિ મળશે જ્યારે, ગુણ આપણા નવ સંભારે.' (પ્ર ૬)
૧. 'શીખવ્યો તામસ કરજે તેષ.' (પ્ર. ૪, ૫)

પેઠા ઘરમાં પાધરા દ્વાર, કો નવ દેખે દિવસના ચોર;
જ્યાં દમયંતીનું અંતઃપુર, ત્યાં આવ્યો નળરાય શૂર.
દીઠી દેવકન્યા જેવી દાસ, જે રમતી રાણીને પાસ;
કોઈ નાયકા તો ત્યાં નાહાતી, કોઈ કન્યાના ગુણ ગાતી.
કોઇ શામળી ને કોઇ ગોરી, કોઇ મુગ્ધા ને કોઇ છોરી;
કોઇ કામ કરતી હાલેમાલે[૨], કો વસ્ત્ર બાંધે ઘડી વાળે.
રેહે આપ આપણે સાજે, હાર ગુંથતી કન્યા કાજે;
એમ જોયો હેઠલો માળ, પછે બીજે ચઢયો ભૂપાળ.
ત્યાં દાસીનું જુથ જોયું, પછે ચઢયો જ્યાં ત્રીભોયું;
વસે છે દમયંતી નારી, સહસ્ર દાસી સેવા કરનારી.
કેટલી ગાન કરે સ્વર ઝીણા, કો નાચે વજાડે વીણા;[૩]
વાતે રીજવતી ચતુરસુજાણ, કેટલી કરતી કન્યાનું વખાણ.
એકાંત ત્યાં છે ઓરડી, હીંડોળે હીર દોરડી;[૪]
હરિવદની બેઠી હીંચે, દાસી કેશમાં ધુપેલ સીંચે.
કિંકરી પાસે માથું ગુંથાવે, કેહે સેંથો રખે વાંકો આવે;
ભીંત માંહે જડી છે ખાપ, વણ ધરે દીસે છે આપ.[૫]
આગળ દમયંતી પાછળ દાસી, સાહામા પ્રતિબિંબ પ્રકાશી;
મુખ કમળ કન્યાનું ઝળકે, સામો ચંદ્ર બીજો જાણે ચળકે.[૬]
શોભે નારી જોબન ધામ, મુખે નળરાજાનું નામ;
એવું ભૂપતિએ રૂપ જોયું, મોહબાણ મનડું પરોયું.

---

૨. 'હેઠલે માળે' (પ્ર. ૨, ૪, ૫)

૩. 'કેટલિક...ઝીણા, કોઈ કરમાં વજાડે વીણા.' (પ્ર. ૬)

૪. 'ત્યાં બાંધી હીંડોળે દોરડી' (પ્ર. ૨); 'હિંડાળો બાંધ્યો હીર દોરડી' (પ્ર. ૪); 'હીંડોળો હીર દોરડી' (પ્ર. ૫); 'હીંડોળે બાંધી હિર દોરડી.' (પ્ર. ૬)

૫. 'ભીંતે જડી ચોપાસે ખાપ, આફણીએ દીસે સઘળું આપ.' (પ્ર. ૨)

૬. 'સામ સામા ચંદ્ર જાણે ચળકે.' (પ્ર. ૨)
'જાણે ચંદ્ર બિંબ સહામું ચળકે.' (પ્ર. ૪)

અંગરંગથી આડો આંક, મોહ્યા દેવ તણો શો વાંક;
ચારમાં કોનું ભાગ્ય ભળશે, રત્ન આ કર કોને ચઢશે.
મને પરણુત મનની રૂચે, અંત્રાઈ થયા દેવ આવી વચ્ચે;[૭]
ભલું ભાવી પદારથ થયો, નળે વિવેક મનમાં ગ્રહ્યો.[૮]

વલણ

ગ્રહ્યો વિવેક શોકને તજી, જ્ઞાન તે હૃદયે ધરે રે;
સત્ય પોતાનું પાળવા, દેવનું માગ્યું કરે રે.

કડવું ૨૦ મું. રાગ સામેરી.

બેઠી દમયંતી શીશ ગુંથાવા, સ્વયંવરને સાંતરી થાવા;[૯]
સામી ભીંતમાં જડી છે ખાપ, વણ ધરે દીસે છે આપ.

ઢાળ

આપ દીસે છે વણ ધરે, પ્રતિબિંબ જોતી દૃષ્ટ;
દાસીને દમયંતી બેઠાં, નળ આવી રહ્યો છે પૃષ્ઠ.
પ્રતિબિંબ પડયું દર્પણમાં, પ્રેમદાએ દીઠો પૂર્ષ;
ગઈ ખુણે નહાસી તેડી દાસી, શું બેસી રહી છે મૂર્ખ.
માધવી વળતું વદે બાઈ, શા માટે નાશી ગયાં;
મેં કો ન દીઠું તમે દેખી, આવડું શું વિસ્મે થયાં.
ગેહેલી તાહારી મીટ મસ્તકમાં, મેં દર્પણ રાખ્યું દૃષ્ટિમાં;
સ્વરૂપ દીઠું દિવ્ય નળનું, ન મળે બીજો સૃષ્ટિમાં.
વેશ છે વૈરાગનો જાણે, નાટક કોએક લાવ્યો;
શકે તો એ પ્રાણજીવન, નળરાય નિશ્ચે આવ્યો.

---

૭. 'મુને પરણુત તો માનુની રૂચે, અંતરાયી થયા દેવ વચે.' (પ્ર. ૨)
૮. 'નળે વિવેક હૃદેમાં લહ્યો.' (પ્ર. ૨)
૯. 'સ્વયંવરમાં શીઘ્ર જવા.' (પ્ર. ૧)

સાહેલી કેહે પ્રીછો તમો, કાં દીઠું છે જે ઝંખના;[૧૦]
નળ આવીને કેમ શકે જ્યાં, ના આવે પ્રાણી પંખના.
કામની કેહે તે પ્રીછીઉં, તું દાસી માણસનો અવતાર;[૧]
ન માને તો આવ કૌતક, દેખાડું બીજી વાર.
પુનરપિ બેઠાં પૂઠ પૂઠે, દર્પણમાં મીટ જોડ;
સ્વરૂપ[૨] નળનું દેખાડયું, જેની કાંતિ કંદર્પ[૩] કોડ.
દાસી રાણી થયાં બેઠાં, ઝબકારે ઝબકી વીજળી;[૪]
દમયંતી કેહે દાસીને કાં, માહારી વાત કેહેવી મળી.
પછે સ્તુતિ માંડી શ્યામાએ, અંતરપટ આડો ધરી;
દેવસ્વરૂપ થાઓ દેખતા[૫], ત્યારે નળે દેહ પ્રગટ કરી.
આપી આસન કરી પૂજન, પછે પૂછે કિંકરી;
કેહો દેવપુરૂષ કાંહાંથી આવ્યા, વેશ જોગીનો ધરી.
નળ કહે તું નીચ માણસ, કેમ વદું હું વૈખરી;[૬]
દમયંતી પુછે તો બોલું, નહીંતર જાઉં પાછો ફરી.
દમયંતી કહે દેવ જદ્યપી, પણ થઈ આવ્યા સંન્યાસી;
કપટરૂપને કન્યા કેમ પૂછે, માટે પૂછે દાસી.

---

૧૦. 'દાસી કહે દમયંતી સાંભળો, તમને નળની જખના;
નળ આવીને નવ શકે, જ્યાં ન આવે પ્રાણી પંખના.'
૧. 'કામની કહે કિંકરી, તુંને પતીત નથી લગાર.' (પ્ર. ૨)
'કામની કેહે તં પ્રીછીઉ'..................(પ્ર. ૫)
'કામની કહે પ્રીછો નહીં, દાસી માણુસ અવતાર;
નવ માને તો આવ્ય દેખાડું, કૌતક બીજી વાર.' (પ્ર. ૬)
૨. 'પ્રતિબિંબ' (પ્ર. ૨)
૩. 'કામની' (પ્ર. ૪, ૫)
૪. 'ઝબકારે અબળા થઇ આંખી, જાણે ઝબકી વીજળી.' (પ્ર. ૨)
૫. 'હો દેવ સ્વરૂપ ધોરે દેખા.' (પ્ર. ૨)
'હો દેવસ્વરૂપ ધોને દેખા.' (પ્ર. ૬)
૬. 'કિંકરી' (પ્ર. ૬)

વલણ

દાસી સંન્યાસી જોગ છે, કેવળ નોહે અતીત રે;
વચન સુણીને નળ મન હરખ્યો, હરી લીધું ચીત રે.

કડવું ૨૧ મું. રાગ મારૂ.

મન મોહ પામ્યો મહિપતી, ધન્ય દેવ જે વરશે સતી;[૭]
ભોગી ભૂપને ભામનિ ભોગ્ય, દેવને અમો અયોગ્ય.[૮]
નારિ પ્રત્યે નળ એમ કહે છે, જો તું જોગીરૂપને લહે છે;[૯]
અમો ન જાઉં વિષયાની વાટે, અહિયાં આવ્યો હું સાધવી માટે.[૧૦]
હું તો દૂત છું દેવતાતણો, પાળું છું આચાર આપણો;
બારૂં પૂર્વ જનમનું પુન્ય, ભાગ્યમાંહિ કાંઈ નથી નુન્ય.[૧]
જે દેવદૂત ઘેર[૨] આવ્યો, મોદવર્ધન વારતા લાવ્યો;
અળગું કરોને અંતરપટ, કરૂં વાત આણીને ઉલટ.
અમો રૂપ કોટાનકોટ ધરૂં, તજી સ્વારથ પરમાર્થ કરૂં;
સાંભળીને બોલ રસાળા, પટ તજીને નીસરી બાળા.
પરિસ્વેદ મુક્તા રહ્યાં ટપકી, બહાર નીસરિ વીજળિ ઝબકી;
હિંડતાં હાલે જ્યમ દ્રુમવેલી, નળ નિકટ ગઈ ગર્વઘેલી.
તારૂણીનો પ્રતાપ ન માયો, ઝબકારે નળ ઝંખવાયો;[૩]

---

૭. 'ધન્ય દેવ વરે એ સતી.' (પ્ર. ૪)
૮. 'ભોગી ભૂપને ભાવતી, નહીં દેવ ઘટે એહેને પતી.' (પ્ર. ૪)
૯. 'નારી પ્રત્યે નળ એમ કેહે, તું શું જોગીરૂપને લેહે.' (પ્ર. ૪)
૧૦. 'આંહાં આવ્યો હું સાધવી માટે.' (પ્ર. ૪)
૧. 'ભાએગમાં નથી કાંઈ નૂન્ય.' (પ્ર. ૪)
૨. 'બારણે' (પ્ર. ૪)
૩. 'તાપ તારૂણી તેજ ન ખમાયો......' (પ્ર. ૨)
'તારૂણીનું તેજ ન ખમાય, ઝબકારે નળ ઝંખવાય.' (પ્ર. ૪)
'તારૂણીના તેજનો તાપ ન ખમાએ, ઝબકારે નળ ઝાંખો થાએ.' (પ્ર. ૪ ખ, ચ)

દીઠી મદપૂરણ માતંગી, નળ તકિયે બેઠો ઉઠંગી.૪
ઘુઘરિ ઝાંઝરની ઝણઝણતી, પગને અંગુઠે પૃથ્વી ખણતી;
કર દીધો છે ગળસ્થળે, એવી નારી દીઠી નળે.
પ્રેમે પ્રેમે થયાં બે ભેળાં, મોહ્યો મહિપતિ દેખિ મહેલા;
સત્યવાદિયે સત્યજ રાખ્યું, મનથી પરણવું કાઢી નાખ્યું.
રખે ઇંદ્રિ નારીને નરખે, નળ મન પાછું આકરખે;૫
બેઠો આસને આસન વાળી, માંડી વાત સત્ય સંભાળી.
પરમારથે દેવનિ વતી, ગોષ્ટિ માંડિ છે નૈષદપતી;૬
અહો લલિતા૭ અંબુજલોચની, સુખવર્ધનિ દુઃખમોચની.
બેસો આસને લજ્જા છાંડી, પુછું વાત કહો મુખ માંડી;
કન્યા કહે કોહો જે કેહેવું, મુને ઘટે છે ઉભાં રેહેવું.૮
પર પુરૂષ બેઠાં કેમ બેસું, જાણે નળ તો કેહેશે એ શું;૯
વારૂ થયું જે તમે મળીયા, શું નૈષધનાથે મોકલીયા.
વળી કોહોને કાહાવ્યું જેહ, સાંભળવા ઈચ્છું છું તેહ;૧૦
વળતા બોલ્યા વીરસેન સુત, નહિ હું નળનો દેવનો દૂત.
નળ નળ મુખ શું ભાખે, તજી સુધા વિષ કાં ચાખે;
તજી સ્વજન શત્રુને કેમ મળીએ, મુકી ચંદન કાં વળગે બાવળીએ.

---

૪. 'રહી ઉભી સર્વ ઉઠંગી' (પ્ર. ૨)
'તકીએ ઉભી છે અઠીંગી.' (પ્ર. ૪)
૫. વિષે (વિષય) ઇદ્રિ નારી નીરખે, નળને પાછું આકરખે.' (પ્ર. ૨)
'વિષય ઇદ્રિયે પોતે નવ નીરખે, નળ મન પાછું આકરખે.' (પ્ર. ૪)
૬. 'પરમારથે દેવનિમિત્તે, ગોષ્ઠ માંડિ નૈષધપતે' (પ્ર ૨, ૪)
૭. 'હો લલિત' (પ્ર. ૨, ૪)
૮. આ લીટી પછી પ્ર. ૪ માં 'નથી બેસવું ઘટતું અમને, વારતા સત કહું છાં તમને' છે.
૯. 'જાણે નળ તો એ કહેશે કશું.' (પ્ર. ૪, ૫)
૧૦. 'મારે કંથે કહ્યાવ્યું છે શુંય, સાંભળવા ઈચ્છું હું હુંય.' (પ્ર. ૨, ૬)

તજી રત્ન કોડી કો આણે[1], તજી મદગળ મહીષ પલાણે;
તજી ધેનુ અજા કો બાંધે, તજી સાળ કુસકા કોણ રાંધે.
માટે હું છૌં તારો નેગીયોર[2], દેવ તેજપુંજ નળ આગીઓ;[3]
ઘેલી નળ માનવ શા લેખે, અમરને તું કાં ઉવેખે.[4]
વાસવ વહ્નની ને વરૂણરાય, જમ આદે વર્યાની ઈચ્છાય;
મોકલ્યો છૌં મળીને ચારે, તો હું આવ્યો છૌં માનવી દ્વારે.
તું ત્રિભોવનપતિને ભજ, નળ અલ્પ જીવને તજ;
માગ અમરાવતીનો વાસ, અમર ઈક્ષુ ને નળ ધ્રાસ.[5]
સુર પરણે તુંને નહીં મર્ત, નળ વરે દુઃખનું નહીં નિવર્ત્ત;
સુરસંગે ભોગવવા ભોગ, નળ અલ્પ આયુષ ભર્યો રોગ.
મનુષ્યને વ્યાધિ શત ને આઠ, મરિ મરિ અવતારનો ઠાઠ;
મનુષ્ય વિજોગને પીડે, આયુષ ઉતાવળું હીંડે.
મનુષ્યને ઘડીયે શત ઘાત, પીડે જ્વર શીત સનેપાત;
માનવ ભર્યાં હોય મળમૂત્ર, ઘેલી તે સાથે ઘરસૂત્ર.[6]
ગંગાજળ તજી કૂપનું અણાવે, તજી કીર કો કાગ ભણાવે;
દેવ સુખસમુહ[7] દાતા, નવ ઓસરે અમૃત પાતા.
ઈન્દ્ર મંદિર હીંડોળે હીંચ, તુંથી દેવાંગનાવૃંદ નીચ;
પી સુધા ભોગની વારૂણી[8], થા ત્રૈલોકપતીની તારૂણી.

---

૧. 'નાંખી રત્ન કો સીસું આણું.' (પ્ર. ૪)
૨. 'વગિયો.' (પ્ર. ૪, ૫. ૬)
૩. 'દેવ તે રવિ ને નળ તે આગિઆ.' (પ્ર. ૨)
'દેવ ભાનુ ને નળ આગિઓ.' (પ્ર. ૬)
૪. 'રખે અમરને તું ઉવેખે.' (પ્ર. ૨, ૬)
૫. 'ત્રાસ' (પ્ર. ૨); 'ત્રાસ્ય' (પ્ર. ૬)
૬. 'શુ તે સાથે માંડીએ ઘરસૂત્ર.' (પ્ર. ૨)
'ઘેલી તે સાથે શુ ઘરસૂત્ર.' (પ્ર. ૪)
૭. 'સુખ સંતોખના દાતા.' (પ્ર. ૨)
૮. 'પી સુધા ને ભોગની વારૂણી.' (પ્ર. ૨)

થઈશ અમર સુધાને પીતા, પરણુ ઇંદ્રિને જગ જીતાં;
છાસટ સહસ્ર રંભા આદે, થઇ તૃપ્ત વાસવસંગ સ્વાદે.[૯]
ઇન્દ્રાણીને તાહારી બીક, રખે દમયંતી થાતી અધિક;
પરણી ઇંદ્રિ સાચવ આ તક, જોની કલ્પવૃક્ષ પારિજાતક.[૧૦]
રથ ઐરાવતનું સુખ લે રે, વરવા વાસવને હા કહે રે;
કરી સણુગાર સર્વાંગે, ઘટે રહેવું ઇંદ્ર અર્ધાંગે.
વર વહ્નની હા બાળી, નહીં સમો આવે વળી વળી;
સર્વ દેવતાનું એ વદંન, અગ્નિરૂપ કોટિ મદંન.
વળી વરવા ઈચ્છે છે જમ, તેને ના કેહેવાશે કયમ;
છે વરૂણને ઇચ્છા ઘણી, રઢ લાગી છે તમતણી.
મુકો બાળઅવસ્થાની ટેવ, ફરી માગું ન મોકલે દેવ;
હંસ મિથ્યા કરી ગયો લવ, રૂપહીણુ છે નળ માનવ.

વલણ

નળ માનવ કદરૂપ[૧] કાયા, નળ નિર્ભ્રંછયો નળે રે;
પોતે પોતાનું આપ નિર્ભ્રંછયું, તે દેવતાનો દૂત સાંભળે રે.

કડવું ૨૨ મું. રાગ સામગ્રી.

નળને નિંદ્યો પ્રેમદા દાધીજી, દૂતત્વ નસીધ્યું[૨] વિધિ ન વાધીજી;
એ દુઃખ દાધી ગુણવંત ગોરીજી, વહ્નની વિજોગનો મુકયો સંકોરીજી.

ઢાળ

નિંદા કીધી નળ તણી છે, વિજોગ વહ્નની પ્રથમ;
કોમળ કદળી કુહાડાના, ઘાવ સહે કહો કયમ.[૩]

---

૯. 'છાસઠ સહસ્ર રંભા તું આધે, થાશો તૃપ્ત વાસવને સ્વાદે.' (પ્ર. ૬)
૧૦. 'જોની કલ્પવૃક્ષ જે પારિજાતક.' (પ્ર. ૪)
૧. 'કૂબ્જ' (પ્ર. ૨, ૬)
૨. 'દૂતત્વ કીધું' (પ્ર. ૨, ૬)
૩. 'ઘાય ખમે ભાઈ કયમ.' (પ્ર. ૪, ૫)
'ઘા સહેવાસે કેમ.' (પ્ર. ૪ ખ)

વિરહિણી ઘણી વિકળ [૪] થઇને, પડી પૃથ્વીમાંહે;
સાહેલી ચાંપે હૃદે ને, મુખે વદે ત્રાહે ત્રાહે.
આશ્વાસના કરતી કિંકરી, વળી શ્યામાને સાન;
દૂત પ્રત્યે કહે કન્યા, શું કરૂં સુરરાજાન.
અપ્રાપ્તિ અમને અમરની ને, અલ્પ માનવ કાય;
જઇ કહો તમે દેવને જે, એ કારજ નવ થાય.
ઉત્કૃષ્ઠ અમર નિકૃષ્ટ નળ, મેં તમથી જાણ્યું આજ;
પણ નૈષધપતિને પિંડ સોંપ્યો, અન્ય તણું નવ કાજ.
અકળ અજ ને અનંગઅરિ જો, વરવા આવે ત્રણ;
તોહે પણ મુકું નહીં, [૫] ચિત્ત ચોહોટું નળને ચર્ણ.
વિરસેનસુતનો દૂત હંસ, મેં દીધી તેને આશ;[૬]
ના કહું તો લાજે જનુની, જનમાં હોએ હાસ.
તમો પધાર્યા દૂત થઈને, દેવનું કરવા હેત;
શકે તો નળ વિષ્ટીને આવ્યા, સુરસું કરી સંકેત.
જથારથ બોલેરે [૭] જોગી, ભોગી છો ભૂપાળ;
મનમાં છો તેવા દેખું છૌં, હંસે નાંખી મોહેજાળ.
સંન્યાસી કહે સુંદરી, કોણુ માત્ર નૈષધપત્ય;
દેવ વિના નોહે મનુષ્યને, અગોપ આવ્યાની ગત્ય.[૮]

---

૪. 'વિપ્ર' (પ્ર. ૨)
'વિગ્રે' (પ્ર. ૪, ૭, ૫)
૫. 'તોહે હું ચૂકું નહીં' (પ્ર. ૨, ૬)
૬. '............................આશા;
'ના કહું તો જનક જનુનીનું, છેદાય ત્યાંહાં નાશા.' (પ્ર. ૨)
'ના કહું તો લાજે જનુની, થાય ભીમકનો નાશ.' (પ્ર. ૪ ગ)
'ના........................જનકનો હોય નાશ.' (પ્ર. ૪ ક, ખ, ચ)
'ના કહું તો જનક જનુનીનું, સત્ય થાય નાશ.' (પ્ર. ૬)
૭. 'બોલો' (પ્ર. ૨, ૪, ૫ ૬)
૮. 'ગોહ આવ્યાની ગત્ય' (પ્ર. ૨); અગોચરની ગત્ય' (પ્ર. ૪ ક);
'ગોપ્ય આવ્યાની ગત્ય.' (પ્ર. ૬)

બુધ્યહીણુ બાળા દેખીયે, છે માનવ ઉપર મોહ;[૯]
સ્વર્ગસદન મુકીને કાં, ઇચ્છે નળઘર ખોહ.
તું નહીં વરે તો દેવ ચારે, કરશે બળાત્કાર;
કલ્પવૃક્ષ તુંને તાણી લેશે, જો જાચશે સુર લગાર.
દમયંતી કહે દેહ પાડું, જળમાં કરૂં જળસાઈ;
વરૂણ વસે છે નીરમાં તુંને, સદ્ય જાશે સાહી.
પાવક પ્રકટી કાષ્ટ સીંચી, માંહે કરૂં જંપાપાત;[૧૦]
વહ્નની વરવા રહ્યા બેસી, વારૂ વેવાની[૧] વાત.
કંઠપાશ કરૂં કે વિષ પીઉં, જેમ તેમ પાડું કાય;
તો અવગતે જમલોક પામે, સદ્ય વરે જમરાય.
અનશન વ્રતે તપ કરૂં, મરૂં ગુફામાં પેસી;
તે પુન્યે તું સ્વર્ગ પામશે, ઇંદ્ર રહ્યો છે બેસી.

વલણ

બેસી રહ્યો છે સુરપતિ, તું મુએ ન છુટશે ઘેલી રે;
અંતે અમર વરે ખરા માટે, પરણ પ્રેમદા પેહેલી રે.

કડવું ૨૩ મું. રાગ દેશાખ.

દૂત કેહે સાંભળ સુંદરી, અમર ન મૂકે પરણે ખરી;
તવ કન્યા કેહે હે જોગી જંન, તમારૂં નળના જેવું વદન.[૨]
જેવું હંસે રૂપ વર્ણવ્યું, તેવું તમારૂં દર્શન હવું;
નોહું નળ દેવનો દાસ, નારી કેહે ન આવે વિશ્વાસ.

---

૯. 'બુધહીન અબલા દીસે છે, તુંને માનવ ઉપર મોહ;
સ્વર્ગસદન મઘવાનું મુકીને, કાં ઇચ્છે નળઘર ગોહ.' (પ્ર. ૨)
૧૦. 'પાવકમાંહી દેહ પ્રજાળું, હું કરૂં જંપાપાત.' (પ્ર. ૬)
૧. 'વિચારી.' (પ્ર. ૬)
૨. 'કન્યા કહે હો જોગી જંન, તું નળ સરખો દીસે રતંન.' (પ્ર, ૪, ચ)
'કન્યા કહે હો જોગી જંન, તું નળ સરખો દિસે દરશન.' (પ્ર. ૬)

બ્રહ્મા કરે કોટી ઉપાય, નળ જેવો અન્ય નહીં નીરમાય;[3]
જો સત્યવાદી હો તો સતને વદો, તાતના સમ જો મિથ્યા વદો.[4]
સાંભળી નળને આવ્યું હાસ્ય, દેખી દમયન્તી ગઈ પ્રભુ પાસ;
શીદ નહાસો છો અરાંપરાં, પ્રીછ્યા સ્વામી તમે ખરા.
તોએ નળ સતથી નળ ચળે, તે સર્વ દેવનો દૂત સાંભળે;
ખસી દમયન્તી ગઈ પ્રભુ પાસ, નળ અંતરધ્યાન હવો આકાશ.[5]
જારે મીટામીટજ ટળી, ત્યારે ભીમકતનયા ધરણી ઢળી;
મૂળ સ્વામીની લે છે સદા, મળી જાતાં વાધી આપદા.
દાસી પ્રતિબોધે છે સબળ, બાઈ તમને વરશે નળ;
વદે વૃહદશ્વ હો ધર્મરાય, નળ પહેલો દૂત શિઘ્રે જાય.
વદે સેવક ઇંદ્રને નમી, શે અર્થે રહ્યા છો ટમટમી;
નળનું કાંઈ એ ન લાગ્યું કેહેણ, ન છુટે હંસે ઝાલ્યું પ્રેમરહેણ.[6]
કામિની કુંદન નળ હીરો સાર, જડનારો હંસ સોવણકાર;
નળે દૂતત્વ મન મૂકી કર્યું, પણ કન્યાયે શ્રવણે ન ધર્યું.
જેમ ગતી કરે બળીયો મારૂત, તેમ વર્ત્યે વીરસેનનો સૂત;[7]
નળને સત્યે મેઘ વૃષ્ટિ કરે, નળને સત્યે ધરા શેષ ધરે.
નળ નોહે તો મેરૂ નિશ્ચે ડગે, ધર્મ રહ્યા નળરાય લગે;
તમે ન પરણો તો કરમનો વાંક, બાકી નળે વાળ્યો આડો આંક.
એહવે સમે રાય આવ્યા તહીં, અથઇતિ વારતા સહુ કહી;
સ્વામી માહારૂં કહ્યું મન ન ધરે, બીજો મોકલો જેનું કહ્યું કરે.[8]

---

૩. 'નળ જેહેવી નારમે નહીં કાય.' (પ્ર. ૪, ચ)
૪. 'જે સત્યવાદી હોયે સત્યજ વદે, તો તાતનો સમ તું રાખજે હદે.' (પ્ર ૨)
૫. 'ખસી દમયન્તી ગ્રહેવા હાથ, અંતરધ્યાન થયો નળનાથ.' (પ્ર. ૨)
૬. 'ન ત્રુટે હંસનું ઝાલ્યું રેણ' (પ્ર. ૬)
૭. 'જેમ ગત્યે કરી બળીયો મારુત, તેમ સતવાદી રાજા વીરસેન સૂત.' (પ્ર. ૨)
'જેમ ગતિ કરે બળિયો મારૂત, તેમ સત્યે વિરસેન સૂત.' (પ્ર. ૬)
૮. 'જેનું મન ધરે.' (પ્ર. ૬)

માહારે વિષે લીનતા તો હવી, બીજી ન ગમે વારતા નવી;
ત્યારે દેવતા કરે વિચાર, ફરી જાતાં હસે સંસાર.
આપણો શ્રમ કેમ જાએ વૃથા, તે માટે વરવી સરવથા;
જો કન્યાને ગમ્યો નળભૂપ, તો આપણે લીજે નળનાં રૂપ.
દેવ કહે સુણો નૈષધરાય, અમો ધરૂં તમારી કાય;
પંચ નળ રહિયે એક હાર[૯], ભાગ્ય હોય તેને વરશે નાર.
નળ કહે રે કાં નહીં સ્વામ, મેં આવવું તમારે કામ;
માનવ કયાંથી સુરની સંગત, દેવ ચારની પામું પંગત.
બોલ બંધ કીધો નળ દેવ, કાલે એમ કરવું અવશ્યમેવ;
એ કથા કરી ધર્મ એટલે, હવે[૧૦] કન્યાની કોણ થઈ વલે.
ગઇ દમયંતી જાંહાં છે માત, તવ સ્વયંવરની કીધી વાત;
લાડ વચન કન્યાનાં ગમે, ઘરમાં ભીમક આવ્યા તે સમે.
પુત્રીને શીર મૂકયો ભૂજ, કાલે વરને વરજે તુંજ;
ઝંખના તુંને જેહતણી, તે આવ્યો છે નૈષધધણી.
પુત્રી મનમાં પ્રસન થઈ, પોતાને અંતઃપુર ગઈ;
રાય ભીમક સભામાં આવ્યા, શત પડાદારને[૧] તેડાવ્યા.
આગન્યા દીધી વૈદર્ભરાય, જાઓ વજાડો પડો સેન્યા માંહે;[૨]
આવજો સભામાં રાજકુમાર, કાલ કન્યા આરોપશે હાર.
પ્રાણીમાત્ર આવજો સજ થઈ, જાઓ પડો વજાડો એમ કહી;
જેણે શિબિર ઉતર્યા હોય ઘણા,[૩] ત્યાં સેવક ફરે ભીમકતણા.
ઠામઠામ પડા વાજતા, ક્ષત્રી સણગારે સાજતા;
જળસ્નાન કરે ને અંગ ઉલટ, ફરી ફરી બાંધે મુગટ.

---

૯. એક ઠાર' (પ્ર. ૪)
૧૦. 'એ કથા ધર્મ રહી એટલે, પછે......' (પ્ર. ૨, ૬)
૧. 'પડીઘ' (પ્ર. ૪ ક): 'સુત બધુજન.' (પ્ર. ૬)
૨. 'આજ્ઞા આપી વૈદર્ભરાય, પડો વજડાવ્યો સેના માય.' (પ્ર. ૬)
૩. 'તણુ શિબિર ઉતારા ઘણા.' (પ્ર. ૪, ચ)

રાતમાં શીખે ચાતુરી ચાલ, રખે વીસરી જાતા કાલ;
આખી રાત થયા સાંતરા, ઢળી ઢળી પડે છે ઉજાગરા.

વલણ

ઉજાગરા આખી રાતના, સણગાર સજતાં થયું વહાણું રે;
સ્વયંવરમાં ભૂપતિ મળીયા, કવિ કહે શું વખાણું રે.

કડવું ૨૪ મું. રાગ સામેરી.

વૈશંપાયન કેહે રાજન,[૪] સાંભળ સ્વયંવરનું વર્ણન;
પડો વાજ્યો શુણ્યો સર્વ રાતે, ઉઠયા ઉજમ થાતે પ્રભાતે.
શીઘ્રે જઈ યે વર્યાની તકે, તેડાં મોકલ્યાં ભાઈ઼ ઓ ભીમકે;
નોહે અતિકાળ કીધાનું કામ, માંડવે નવ મળશે બેસવાનાં ઠામ.
ભીડ ભરાઈ ગામ ભાગળથી, રંક જાયે રાય આગળથી;[૫]
મળે શુકન સાહામા તેડે, શુકન વંદે ને રથ ખેડે.[૬]
કરે તિરસ્કાર સેવકપર રીસ, પડે મુગટ ઉઘાડાં શીસ;
જાયે અસ્વાર બહુ અલબેલા, હય હીંડે જાણે જળના રેલા.
ભરાયે રથ માંહોમાંહે અટકે, ત્રાડે હસ્તી ઘોડા ભડકે;
અસ્વાર પડે છે નીસરી, તે મળે કહીએ નવ ફરી.[૭]
વાહન પડઘાનો ચાલ્યો છબ[૮], ચરણ રેણુએ છાયો નભ;[૯]
થઇ રહ્યું છે અંધારૂં ઘોર, પડી રહ્યો છે શોહોરા શોહોર.
બોલે દુંદુભીના બહુ ડંક, અકળામણનો વળ્યો અંક;

---

૪. 'બ્રહદશ્વ કહે છે વચન.' (પ્ર. ૬)
૫. 'રંકરાય જાય આગળથી.' (પ્ર. ૨, ૬)
૬. 'શુકન વંદી શીઘ્ર રથ ખેડે.' (પ્ર. ૨, ૬)
૭. 'અસવાર પડે છે નીસરી, તે અશ્વને નહીં મળે ફરી.' (પ્ર. ૨)
'બેઠા અસ્વાર પડે નીસરી, તેહ મળે કહીંકજ ફરી.' (પ્ર. ૬)
૮. 'પડઘા પાળાનો ચાલ્યો છબ.' (પ્ર ૪ ખ, ચ)
'વાહન પડઘા ચાલ્યાની છબ.' (પ્ર. ૬)
૯. 'અભ્ર' (પ્ર. ૪, ૫)

સર્વને દમયંતીનું ધ્યાન, પ્રાણીમાત્ર વર નહિ કો જાન.
સ્વયંવર જોવા કારણે, પ્રજા મળી મંડપ બારણે;
દ્વારે ઉભા છે જયેષ્ટિકાદાર, તેડે જેને જેવો અધિકાર.
ડાહ્યા થઇ મંડપમાં પેશે, નામ વાંચે ને આસને બેસે;
એક મંત્રી સેવક ખવાસ, ત્રણ ત્રણ સેવક રાયને પાસ.
કોણ રૂપ મંડપની રચના, વર્ણવી શકે શું એક રસના[10];
કદળીસ્તંભ રોપ્યા દ્વારે, માંડયાં આસન હારોહારે.
જશગીત બંદીજન બોલે, મહા ઉન્મત્ત મેગલ ડોલે;[1]
નાના વિધ ચિત્ર ચિતરીયાં, જાણે દેવવૃંદ ઉતરિયાં.[2]
ઉડે અબીલ ગુલાલના છંટા, વાજે ઢોલ ને ઘુઘર ઘંટા;
સભા માંહે બેઠા મહા મુની, લાગી વેદશાસ્ત્રની ધુની.
જતી જોગી બેઠા પાવંન, રાયનાં ભાટ ભણે ભાવંન;[3]
રાયને છત્ર ચામર ઢળે, મુગટે મણી જળહળે.
અગર ધૂપ ત્યાં ઉવેખે, વાજીત્ર નાદ આવે [4] અલેખે;
નટુઆ કરે છે નર્ત, ફરે કુદડી કાહાડે સર્ત.
બોલે ઘુઘરીકેરા રણુકા, ગરવઘેલી નાચે ગુણકા;
પગપાનીએ શોભે ધરા, વાજે કંકણ ને ઘુઘરા.
ગીત ગાએ કોકીલસ્વરા, અનંગ વધારે અપછરા;

---

૧૦. 'કોણ મંડપ કેરી રચના, વર્ણવી શકું શું એક રસના.' (પ્ર. ૨)
'કોણ રીત મંડપની રચના, વર્ણવી શકે શું એક રસના.'(પ્ર. ૪ખ, ચ)
૧. 'નહીં રાજા કો એને તોલે.' (પ્ર. ૧)
'ઉન્મત્ત તે હસ્તી ડોલે.' (પ્ર. ૪ ચ)
'ઉન્મત્ત ત્યાં મેગળે ડોલે.' (પ્ર. ૬)
૨. 'ઉડે અબીર કેસરના છંટ, વાજે ઢોલ ઘુઘરના ઘંટ.' (પ્ર. ૨)
૩. 'જટીલ જોગી બેઠા પાવન, રાયના ભાટ (ડ) ભણે વદન.' (પ્ર. ૨)
'જટીલ જોગી બેઠા પાવન, રાયના ભાટ ભણે ભાવન.' (પ્ર. ૨)
૪. 'થાય' (પ્ર. ૨, ૪, ૫)

જાણે મંડપ નગરી અમરા, નાચે નારી નરચિત્તહરા.
ભીમક ભૂપને દે છે માન, આવી રહ્યા સરવ રાજાન;
ગાનારી[5] ગાએ ગીત ગાથા, બાંધ્યા તોરણ દેવાય હાથા.
વસ્ત્ર કેસર માંહે ઝકઝોળ, બેસે આસને આરોગે તંબોળ;
વર થઈ બેઠા પ્રાણીમાત્ર, સમા કર્યાં છે વરવાં ગાત્ર.
શરીર ક્ષુદ્ર કાષ્ટનાં ખોડ, તેને દમયંતી પરણ્યાના કોડ;
બાળક યૌવનને વળી વૃદ્ધા, તેને દમયંતી પરણ્યાની શ્રદ્ધા.
કો તો મોટા ઘરના કુંઅર, કો કહે આદ્ય અમારૂં ઘર;
આશા અભિમાન ભર્યાં નર, વાંકા મુગટ ધર્યાં શિરપર.[6]
ઘરડા થયા નાહાના વર, વતાં કરાવતાં વાગા છર;[7]
તન મન કન્યાને અરપણ, આગળથી નહીં ટાળે દરપણ.
કેટલાક કરે તિલકની રેષ, કેટલાક કરે માંહોમાંહે દ્વેષ;
કેટલાક કરે પૂછાપૂછ, હું કેહેવો કહી મરડે મૂછ.
જેનાં મુખ માંહે નહીં દંત, તેને પરણવાનું ચંત;
કેવળ વૃદ્ધ ડાચાં ગયાં મળી, તે બેઠાં ટુંપાવી પળી.
જોશીની [8] પ્રણીપત્ય કરી, દેખાડે હાથ ને જનમોતરી;
જો દમયંતી મૂને પરણે, તો જોશી હું લાગું ચરણે.
જેના બેસી ગયાં ગળસ્થળ, મુખમાં રાખ્યાં બન્ને ફોફળ;
એમ ઉંચા કરી ગલોઠાં [9], ઘેલા જુએ કાચમાં મોઢાં.
પૂરણ આશાએ સર્વ કોય, પણ કન્યા નળની વાટ જોય.

---

૫. 'ગીતારી' (પ્ર. ૨)
૬. 'મુગટ પર મુકયાં પાર' (પ્ર. ૨);'વાંકા મુગટ ને મુકયાં પર.' (પ્ર. ૪, ૫)
૭. 'ઘરડા થય તે નાહાના વર, વતાં કરાવીને ભાગા છર.' (પ્ર. ૨)
૮. 'જોશીને' (પ્ર. ૨)
૯. 'ગાલ હોઠાં' (પ્ર. ૨); 'ગાલોઠાં'. (પ્ર. ૬)

વલણ

વાટ જુએ છે નળતણી, દાસીને કહે છે સતી રે;
હું મંડપમાં પછે આવું, પ્રથમ આવે નૈષધપતી રે.

કડવું ૨૫મું. રાગ સારંગ.

મંડપમાંહે ભૂપતિ મળીયાજી, અભિમાને ભર્યા રૂપબુદ્ધિ બળિયાજી;[૧૦]
તેડો કન્યાને ભીમક ઓચરેજી, વૈદર્ભી સણગાર ધરેજી.

ઢાળ

સણગાર સજતી સુંદરી તે, શોભતી શ્રીકાર;
નળ નથી આવ્યો મંડપે, માટે લગાડે વાર.
કૃષ્ણગર મર્દન વાસવર્ધન, મહીલા કરે મંજન;[૧]
બહુ નાર આવે વધાવે, વરસે મુક્તા પરજન.
શુભ વચન બોલે શકુન વંદે, ઉદયો હર્ષ અનંત;[૨]
ભેરીનાદ થાયે ને ગીત ગાયે, બહુ કિંકરી[૩] નાચંત.
માનપૂરણ માનુની, મહીપત મોહવા કાજ;[૪]
સ્વયંવરના સુભટ જીતવા, ધરે શ્યામા સાજ.
પ્રેમપાશ લીધા પ્રેમદા, નાખવા મંડપ ક્ષેત્ર;
ભ્રકુટીધનુષ આકરશીઉં ને, બાણ બન્યો નેત્ર.
તારૂણીને તેડાં મોકલે, રાય ભીમક વારોવાર;[૫]

---

૧૦. 'રૂપબુદ્ધે બળિયાજી' (પ્ર. ૪); 'રૂપબુદ્ધ બળિયાજી.' (પ્ર. ૪, ૫)
૧. 'બહૂ નાર આવે વધાવે, વરશે નળરાજન;
કપૂર અરગજા ચુવાચંદન, મેહેલા કરે મર્દન.' (પ્ર. ૨)
૨. 'શુભ વચન શુકન વંદે, હ્રૃદે હર્ષ અનંત.' (પ્ર. ૨)
૩. 'અવછરા' (પ્ર. ૨)
૪. 'મન પુરણ માનનીનું, મહીપત મોહવા કાજ;
સ્વયંવરના સુભઠ માહા, જીતવા માંડયા સાજ.' (પ્ર. ૧)
૫. 'મોકલે, વાત વારોવાર.' (પ્ર. ૬)

કુંવરી બાહેર નીસરો, કરમાં ગ્રહીને હાર.[૬]
વાજિત્ર વાજે ઘોષ ગાજે,[૭] થાય કુસુમની વૃષ્ટ;
રાજા માત્ર જુએ બારણે, કેમ મળે દષ્ટેદષ્ટ.[૮] ૧૦૭૦
ઓ કન્યા આવી ઓ કન્યા આવી, ઘોષ એહવો થાય;[૯]
શર શબ્દ વાજે ગાન થાએ, વાંકા વળી જુએ રાય.[૧૦]

વલણ

જુએ રાજા ફરી ફરી, કહેવું હશે કન્યાનું રૂપ રે;
એહવે સમે દેવ ચાર સાથે, આવ્યો નળ ભૂપ રે. ૧૦૭૪

---

૬. 'કુંવરી બાહેર પરવરો, કરમાં ધરોને હાર.' (પ્ર. ૨)
'દીકરી બાહેર પરવરો, કરમાં......' (પ્ર. ૬)

૭. 'ધુપ દાઝે.' (પ્ર. ૨, ૬)

૮. 'દષ્ટો દષ્ટ.' (પ્ર. ૬)

૯. 'ઉત્સાહ એવો હોય' (પ્ર. ૨); 'સોર એવો હોય.' (પ્ર. ૬)

૧૦. 'શબ્દ બાણ વાગ્યાં થાય આઘાં, વાકાં વાળીને જોય.' (પ્ર. ૨)
'શબ્દ બાણ વાગ્યાં થયા આઘા, વાંકા વળિ વળિ જોય'. (પ્ર. ૬)

નળાખ્યાનની લીટી ૧ થી ૧૦૭૪ની ટીકા

નળાખ્યાન, (નળ+આખ્યાન), નળ, દ્વાપરયુગના અંતમાં થયલો સૂર્યવંશી રાજા, નિષધ દેશના વીરસેનનો પુત્ર; આ કાવ્યનો નાયક. **આખ્યાન**, (**सं. आ+ख्या**=કહેવું), કોઇપણ જનના ગુણનું જે કથન તે; કથા; ચરિત્ર. નળાખ્યાન, નળરાજાનું આખ્યાન; નળની કથા.

કડવું, એક આખા આખ્યાનનો એકેકો જે ભાગ તે, પછી નાનો મોટો ગમે તે. કડવાંની બધી કડી એકજ રાગમાં ગવાય છે.

૧-૨. ગ્રંથને આરંભે દેવોની અને વિશેષ કરીને સરસ્વતીની સહાયને માટે સ્તુતિ કરવાનો સંસ્કૃત તેમજ ગુજરાતી કવિઓનો ધારો છે. આરંભેલું કામ નિર્વિઘ્ને પાર પડે એટલા સારૂ કેથેકેથે અંગ્રેજી ઇ. કવિઓએ વાણીદેવી (Muse મ્યુઝ) ની પ્રાર્થના કીધેલી જોવામાં આવે છે.

શંભૂસુત, (શંભૂ+સુત), **શંભૂ**, (**सं. शंभू** , **शं**=સુખ+**भू**= થવું, હોવું), સુખ થાય છે જેથી તે, મહાદેવ; શિવ સુત, (**सं. सू**= જન્મ આપવો), પુત્ર-શંભૂસુત, શિવનો પુત્ર; ગણપતિ શિવ એક વાર તપશ્ચર્યા કરવા જવા નીકળ્યા ત્યારે પાર્વતીએ કહ્યું કે મને એકલાં ગમે નહીં, માટે એક પુત્ર આપીને જાઓ. શિવ કહે તમે શક્તિ છો માટે તમારી મેળેજ ઉત્પન્ન કરજો. પછી પાર્વતીએ પોતાના અંગનો મેલ કાઢી એક પુત્ર ગણપતિ અને એક કન્યા ઉષા (ઓખા) એમ બે બાળક ઉત્પન્ન કર્યાં. લડાઇમાં આનંદ માનનાર નારદે શિવને જઈ ભંભેર્યા કે મહારાજ તમે તો જોગી થઇ તપ કરો છો ને ઘેર તો બે બાળક રમે છે. શિવ ભોળવાઇને ક્રોધાયમાન થઇ ઉતાવળા ઘેર આવ્યા. આ વખતે પાર્વતી ઘરમાં નવસ્રા ન્હાવા બેઠાં હતાં, તેથી બાળકોને કોઇ અંદર ન આવે તેટલા સારૂ બારણે બેસાડયાં હતાં. જટાવાળા જોગી મહાદેવને એકદમ ઘરમાં ઘુસતા જોઇ બાળકોએ અટકાવ્યા. શિવ વધારે ગુસ્સે થયા અને મારવા ગયા. તેમાં ઉષા નાસી મીડાની ઓરડીમાં ભરાઈ ગઇ અને ગણપતિ પકડાઈ ગયા. શિવે તેનું ડોકું કાપી નાંખ્યું, જે ચંદ્રમંડળમાં

જઈ પડયું. પછી શિવે અંદર જઈ પાર્વતીને બાળકો વિશે પૂછ્યું ત્યારે પાર્વતીએ કહ્યું કે તમે રજા આપી હતી તે યાદ કરો. શિવે પસ્તાવો કર્યો અને કહ્યું કે તમારા પુત્રને તો મેં મારી નાંખ્યો છે. પાર્વતીએ આક્રંદ કરી કહ્યું કે ગમે તેમ કરી મારા પુત્રને જીવતો કરી આપો. શિવે ડોકું શોધાવ્યું પણ જડયું નહીં. એવામાં એક હાથી મળ્યો તેનું ડોકું ગણપતિના ધડને ચોંટાડી જીવતા કર્યા. મારા પુત્રને કદરૂપો કર્યો તેથી એને કોઇ બોલાવશે નહીં એમ કહી પાર્વતીએ શોક કીધો, ત્યારે શિવે કહ્યું કે સર્વ દેવોમાં એ પહેલો પૂજાશે ને સર્વ શુભ કામમાં એનું આરાધન થશે. ગણપતિને સિદ્ધિ અને બુદ્ધિ નામની બે સ્ત્રી છે; લાભ ને લક્ષ બે પુત્ર છે. એને ઉંદરનું વાહન છે, એનું શરીર ગોરૂં તથા મ્હોં ને સુંઢ લાલ છે. એનો એક દાંત બહાર પડતો છે. કાન મોટા ને લાંબા છે અને તેને ચાર હાથ છે.

ધ્યાન, (**સં. ध्यै**=વિચાર કરવો), સ્મરણ; સ્તવન. **ધ્યાન ધરૂં,** સ્મરણ કરૂં; ગુણ ગાઉં. **સરસ્વતી,** શારદા, બ્રહ્માની પુત્રી; વાણીની તથા સર્વ પ્રકારની વિદ્યાકળાની અધિષ્ઠાતા દેવી; ભાષા, ગાયન, અને કળાનો પ્રસાદ આપનારી દેવી; દેવનગરી અક્ષરો અને સંસ્કૃત વાણી એણેજ ઉત્પન્ન કર્યાં કહેવાય છે. એને ચાર હાથ અને કપાળે ચંદ્ર છે. કોઈ વાર હંસપર ને કોઈ વાર મોરપર એ સ્વારી કરે છે.

પ્રણામ, (**સં. प्र+नम्**=નમવું), હાથ જોડી નમન કરવું તે. **આદરૂં,** (**સં. आ+दृ**=માન આપવું), સ્વીકારૂં; માથે લઉં; અહીંઆં આરંભ કરૂં. **નૈષધનાથ,** (નૈષધ+નાથ), **નૈષધ,** હિંદુસ્તાનના અગ્નિકોણમાં આવેલા નિષધ દેશ (હાલના બંગાળામાં આવેલા દેશ) ના લોકો. **નાથ,** ધણી; પતિ. નૈષધનાથ, નૈષધનો નાથ; નળરાજા.

ઢાળ, ટેકરાનો ઢોળાવ. અહીંઆં વાંચવાની ઢબ ફરે છે માટે.

૩. **પુણ્યશ્લોક,** પુણ્યકારક શ્લોક (યશ) છે જેનો તે (બહુ. સ.); જેના નામના સ્મરણ થકી પુણ્ય લાગે એવો મહાપુરૂષ. આ વિશેષણ નળ, રામ તથા યુધિષ્ઠિરને લગાડવામાં આવે છે. **રાય,** ધનવાન પુરૂષ, રાજા.

૪. **વૈશંપાયન,** ચાલુ મન્વન્તરમાં જે પ્રસ્તુત અઠ્ઠાવીશમો પર્યય તેમાંના દ્વાપરયુગને અંતે થયલા કૃષ્ણદ્વૈપાયન નામના અઠ્ઠાવીશમા વ્યાસના

ચાર શિષ્યમાંનો બીજો. એ તૈત્તિરિ ઋષિના કુળમાં થયો હતો. ઇતિહાસ કહેવામાં એની પ્રખ્યાતિ ઘણી સારી હતી.

વાણી વદે, પોતાના બોલમાં કહે છે. **વદે,** (**સં. વદ્**=બોલવું). **આર્ણિક,** અરણ્ય સંબંધી. **પર્વ,** શેરડી, નેતર વગેરેના ગાંઠામાં એકેકના અંતર જેટલો જે ભાગ તે; પેરિયું. એ ઉપરથી લાક્ષણિક અર્થ, ભાગ. **આર્ણિક પર્વ,** મહાભારતના અઢાર પર્વમાંનું ત્રીજું પર્વ; વનપર્વ. **મહિમાય,** (**સં. મહિમા**), પ્રાસ મેળવવાને માટે કવિ કેટલીક વાર શબ્દોને મચડે છે અથવા અક્ષર ઉમેરીને લંબાવે છે; અહીંઆં ય વધારાનો છે. પ્રતાપ;મોટાઈ;માહાત્મ્ય."આર્ણિક પર્વમાં જેનો મહિમાય વૈશંપાયન વાણી (વડે) વદે (છે) તે નૈષધનાથ" ઇ.

૫. **હારી ગયા,** (**સં. હૃ-હર્**=લઈ લેવું), જુગટું રમતાં હોડમાં પોતાનું રાજ્ય ખોયું. **પાંડવ,** પાંડુ રાજાના પાંચ પુત્ર. પાંડુની સ્ત્રી કુન્તીને દુર્વાસા ઋષિએ આપેલા મન્ત્રથી તેણે યમથી ધર્મ (યુધિષ્ઠિર), વાયુથી ભીમ, ઇંદ્રથી અર્જુન, એ ત્રણ પુત્ર વર્ષ વર્ષને આંતરે ઉત્પન્ન કર્યા. અશ્વિનીકુમારનો મન્ત્ર પાંડુની આજ્ઞાથી તેની બીજી સ્ત્રી માદ્રીને આપ્યો, જેથી તેને નકુલ ને સહદેવ એ જોડ પુત્ર થયા. **વસ્યા,** (**સં. વસ્**=રહેવું), રહ્યા. **દ્વૈતવન,** એ વન સરસ્વતી નદીને તીરે આવેલું છે, ને તેની પાસે મરૂધન્વ દેશ આવેલો છે. પાંડવ હસ્તિનાપુરથી વનવાસ નીકળ્યા તે વખતે પહેલા આ વનમાં આવ્યા હતા. અહીંઆં કેટલોક વખત રહ્યા બાદ કામ્યક વનમાં ગયા, જ્યાં દ્વૈપાયન વગેરે અનેક ઋષિયો તેમને મળ્યા. પછી સઘળા પાંડવો આ વનમાં આવી રહ્યા. **મોઝાર,** મોઝાર; માં. "પાંડવ રાજ્ય હારી ગયા (તેથી) દ્વૈતવનમોઝાર (જઇ) વસ્યા."

૬. **અર્જુન,** પાંડુરાજાને તેની સ્ત્રી પૃથા અથવા કુન્તીથી થયલા ત્રણ પુત્રોમાં સૌથી નાનો; ઇન્દ્રને આરાધી ઉત્પન્ન કીધેલો તેથી તે ઇન્દ્રનો પણ કહેવાય છે. એણે દ્રોણાચાર્ય પાસે શસ્ત્રાસ્ત્ર વિદ્યા સંપાદન કીધી હતી, અને તેમાં ઘણો હોશિયાર હોવાથી દ્રોણનો પ્રેમ એનાપર વિશેષ હતો. દ્રૌપદીના સ્વયંવરમાં એણેજ મચ્છ વીંધ્યો, ને દ્રૌપદીએ એને વરમાળ પહેરાવી. પાંડવ કૌરવની લડાઇમાં એણે ઘણું પરાક્રમ બતાવ્યું હતું. કુરૂક્ષેત્રમાં કૃષ્ણને એણે કહ્યું કે મારા વડીલ, ગુરુ, સંબંધીઓને

કેમ મારૂં,–ને પછી પ્રેમમોહથી મૂર્છા પામી પડયો હતો. કૃષ્ણના જ્ઞાન-બોધથી તે સાવધ થયો, અને તેણે કૌરવોને હરાવ્યા. ધર્મ રાજાના અશ્વમેધમાં તેણે મુખ્ય ભાગ લીધો હતો. પારથ, સવ્યસાચી, ગાંડીવપાણિ વગેરે એનાં બીજાં નામ છે. કૈલાસ, શિવ અને કુબેરની નગરી; હિમાલય પર્વતનું એક શિખર. **આરાધ્યા**, (**સં. आ+राध्=પ્રસન્ન કરવું**). સેવા કીધી; પૂજા કીધી. **ત્રિપુરાર**, ત્રિપુરારિ (ત્રિપુર+અરિ), ત્રિપુર રાક્ષસનો અરિ–શત્રુ; શિવ. ત્રિપુરતું અગ્નિ, શસ્ત્ર ને જળથી અભેદ્ય એવા દુર્ગ (કિલ્લા) વાળું નગર હતું. એ અસુરને અને એના નગરને શિવે કાર્તિક શુદ પુનમે બાળી નાખ્યું હતું. તેના નગરનું નામ પણ ત્રિપુર હતું. શિવ વર આપવામાં ઘણા ભોળા હતા તેથી ઘણાઓ એની પાસે વરદાન લેવા જતા. એના ભોળપણનો લાભ રાક્ષસો પણ લેતા, અને તેઓ મનુષ્યને તેમજ દેવોને શિવના વરના બળે કરી દુઃખી કરતા. એ સેહેલથી સાધ્ય થતા હતા. જુઓ **મહાદેવ** લી. ૪૪૭.

૭. **પશુપતાકાસ્ત્ર**, (પશુપતાક+અસ્ત્ર), **પશુપતાક**, પશુ છે પતાકા (ચિહ્ન) જેનું તે (બહુ સ.), શિવ; વૃષભધ્વજ. **અસ્ત્ર**, (**સં. अस्=ફેંકવું**), મન્ત્ર ભણીને ફેંકવાનું બાણ. **પશુપતાકાસ્ત્ર**, પશુપતાકનું અસ્ત્ર; (ષ. તત્. સ.) અર્જુનને શિવે આપેલું અસ્ત્ર. પશુપતિ, પશુઓનો પતિ; પશુ એટલે જીવોનો સ્વામી; મહાદેવ. જુઓ ૪૪૭. **સ્વર્ગ**, ઇન્દ્રાદિ દેવને રહેવાનું ધામ.

૮. **કાલકેત**, કાલકેય મારીચ નામના અસુરની સ્ત્રી કાલકાના છોકરા. એમને કાલખંજ પણ કહેતા હતા. એ હિરણ્યપુરમાં રહીને ઇન્દ્રને ઘણો હેરાન કરતા હતા, પણ ઇન્દ્રનું એમના આગળ કંઇ ચાલતું નહીં; પછી દ્વાપર યુગને અંતે પાંડુપુત્ર અર્જુન સ્વર્ગમાં ગયો હતો તેને ઇન્દ્રે તેમની સામા મોકલ્યો. એઓ વચ્ચે લાંબા વખત સુધી યુદ્ધ થયું, ને આખરે તેઓ તથા પુલોમા અર્જુનને હાથે મરાયા. **પુલોમા**, પૌલોમ, વૈશ્વાનર દાનવ (અસુર)ની કન્યા પુલોમા, જે મારીચ દાનવની બે સ્ત્રીઓ-માંની પહેલી હતી તેનો પુત્ર. **માર્યો**, (**સં. मृ=મરવું**), હરાવી નાશ કીધો. કાલકેત તથા પુલોમા એ બે ક્રિયાનાથ છતાં 'માર્યો' ક્રિયાપદ કવિએ એકવચનમાં વાપર્યું છે,

૯. **યુધિષ્ઠિર**, યુદ્ધમાં સ્થિર, (સ. તત્‌. સ. સપ્તમી વિભક્તિના પ્રત્યયનો અહીંઆં લોપ થયો નથી), ધર્મરાજા; અર્જુનનો મોટો ભાઇ. એના પિત્રાઇ ભાઇ કૌરવો સાથે એ દ્યૂત રમવામાં હાર્યા તેથી પોતાના ચાર ભાઈ તથા દ્રૌપદી સાથે એણે બાર વર્ષ વનવાસ ભોગવ્યો હતો; કૌરવની હાર થયા બાદ હસ્તિનાપુરની ગાદીએ એ બેઠા હતા. પણ કૃષ્ણ સ્વધામ ગયાની વાત સાંભળી ત્યારે હિમાલય ગયા. એ સત્યવાદી, શસ્ત્ર-વિદ્યામાં પ્રવીણ, રાજનીતિમાં કુશળ, અને ધર્મનિષ્ઠ હતા. **અતિદુઃખ પામ્યા,** (યુધિષ્ઠિરને) ઘણો સંતાપ થયો. ઉપન્યો, ઉપજ્યો. **ઉદ્વેગ,** સંતાપ; ચિંતા.

૧૦. **પુનરપિ,** (પુનઃ+અપિ), ફરીથી; પાછો. **પારથ,** પૃથા અથવા કુન્તીનો પુત્ર અર્જુન. **નેગ,** (**સં. સ્નેહ**), પ્રીતિ; પ્યાર; સ્નેહ. સરખાવો ' મારે હું છૉં તારો નેગીયો. ' શી. ૮૮૬.

૯–૧૦. પારથ પાછો આવ્યો નહીં તેથી યુધિષ્ઠિર રાજા ઘણું દુઃખ પામ્યા ને તેમના મનમાં ઘણી ચિંતા થઇ, અને તેણે ધાર્યું કે ભાઇએ (અર્જુને) ત્યાં કોઈ સાથે નવી પ્રીત બાંધી કે શું.

૧૧. **એહેવે સમે**, એટલામાં; એવામાં. **તાપસ,** (**સં. તપ્‌**=તપવું), તપ–દેહદમન કરનાર યોગી; તપસ્વી. **વૃહદશ્વ,** બૃહદશ્વ, દ્વૈતવનમાં પાંડવ પાસે આવેલા ઋષિ. યુધિષ્ઠિરને એણે અનેક ઇતિહાસ સંભળાવ્યા હતા, અને અક્ષવિદ્યા (દ્યૂતવિદ્યા) તથા અશ્વહૃદયવિદ્યા (અશ્વપરીક્ષા) પણ શીખવી હતી. આ બન્ને વિદ્યાનો ઉપયોગ એવો હતો કે ફરીથી દ્યૂત રમવાનો પ્રસંગ આવે તો પાસા અનુકૂળ પડે, અને યુદ્ધમાં પરાજય ન થાય.

૧૨. **પૂજા કીધી,** મહાન્‌ સંત વગેરે પુરૂષો આપણે ઘેર આવે ત્યારે અર્ઘ્યપાદ્યથી પૂજા કરી આવકાર દેવાનો રિવાજ છે. **વસવાનો ઠામ,** ઉતારો.

૧૩. **ચાતુર માસ,** ચાર માસ; ચોમાસુ; અષાઢ શુદ એકાદશીથી તે કાર્તિક શુદ પુનેમ સુધીનો કાળ. તપસ્વી લોકો ચાતુર માસમાં એકજ જગ્યાએ સ્થિર મુકામ કરીને રહે છે. **કુંતીસુત,** કુન્તીના સુત એટલે પુત્ર; ખરૂં જોતાં યુધિષ્ઠિર, ભીમ ને અર્જુન. નકુળ તથા સહદેવ માદ્રીને પેટે અવતર્યા હતા, પણ એ કુન્તીને મળેલા મન્ત્રથીજ ઉત્પન્ન થયલા હોવાથી કવિ બધાને સારૂ કુન્તીસુત શબ્દ વાપરે છે. **કુંતી,** સુરસેન જાદવની પુત્રી,

ને વાસુદેવની બ્હેન એનું મૂળ નામ પૃથા, પણ કુન્તીભોજ નામના સુર-સેનના મિત્રને સંતાન ન હોવાથી તેને આપેલી, માટે કુન્તી નામ પડ્યું. ત્યાં દુર્વાસા ઋષિની સેવા કરવાથી વિદાય થતી વેળા ઋષિએ પ્રસન્ન થઈ સૂર્ય, યમ, વાયુ, ઇન્દ્ર અને અશ્વિનીકુમાર એ પાંચ દેવતાના પાંચ મન્ત્ર આપ્યા હતા. (એમાં સૂર્યના મંત્રથી કુમારિકા અવસ્થામાં કર્ણ થયો હતો.) **સેવાય**, (**સં. સેવ્**=સેવવું, ચાકરી કરવી), ચાકરી; બરદાસ્ત.

૧૪. **પાય**, પગ.

૧૫. **તળાંસવું**, ધીમે ધીમે ચાંપવું; દાબવું. **ચર્ણ**, ચરણ; પગ.

૧૬. **સાંભર્યો**, (**સં. સં+સ્મૃ**=યાદ કરવું), યાદ આવ્યો. **ભરાયું અંતસ્કર્ણ**, અંતઃકરણ—હૈયું ભરાઈ આવ્યું.

૧૭. **ધર્મરાય**, યુધિષ્ઠિર. જુઓ લી. ૯. **ઋષિજી**, તપસ્વી; મુનિ; એના ત્રણ વર્ગ છેઃ—મહર્ષિ, દેવર્ષિ, ને રાજર્ષિ. **અહીંઆં** વૃહદશ્વ **જળે... આહારા**, મારા પગ જળે (તમારી આંખમાંથી પડતાં આંસુથી) ભીના થયા.

૧૮. **સતવાદી**, સત્યવાદી, યુધિષ્ઠિર. જુઓ લી. ૯. **નેત્રે...ધારા**, આંખમાં જળની ધારા (આંસુ) લાવે છે. હે સત્યવાદી રાજા! તને શું દુઃખ છે કે તારી આંખમાંથી દડદડ આંસુ પડે છે.

૧૯. **ધર્મ**, જુઓ યુધિષ્ઠિર લી. ૯. **સ્વામી**, ધણી. ગુરૂ, દેવ, મુનિ, સાધુ સંતને બોલાવતી વખતે સ્વામી, ભગવાન્. એ શબ્દો વપરાય છે. ઉડી ગયો, જતો રહ્યો; (અર્જુનનો) વિયોગ થયો. સરખાવો 'જ્યારે પુષ્કર ઉઠી વનમાં ગયો.' લી. ૮૭.

૨૦. **સવ્યસાચી**, (**સં. સવ્ય**=ડાબું+**ષચ્**=ફેંકવું), ડાબે હાથે બાણ મારી શકતો હતો તેથી પડેલું અર્જુનનું નામ. એ બેઉ હાથે બાણ મારી શકતો હતો. **અવળા...સાચી**, સવ્યસાચી—અર્જુન સાંભરી આવે છે તેથી મનમાં અતિશય દુઃખ લાગે છે. અર્જુન યુધિષ્ઠિરની મનમાનતી રીતે સેવા બજાવતો હતો, તથા બીજા ભાઇઓના કરતાં યુધિષ્ઠિર માટે વિશેષ માન રાખતો હતો; હાલ તે ગયલો હોવાથી અને બીજા ભાઇઓ પોતાનો ભ્રાતૃધર્મ બરાબર બજાવતા નહોતા તેથી અર્જુન સાંભરવાનું વિશેષ કારણ હતું.

૨૧. **ભીમસેન,** પાંડુ રાજાની સ્ત્રી કુન્તીને વાયુના મંત્રથી થયલો બીજો પુત્ર. જન્મથીજ એની આકૃતિ ભવ્ય અને બળવાન હતી, તેથી એનું નામ ભીમ પડયું હતું. એનો જઠરાગ્નિ ઘણોજ પ્રદીપ્ત હોવાથી આહાર પણ મોટો હતો, તેથી એને વૃકોદર કહેતા. એ દ્રોણ પાસે શસ્ત્રાસ્ત્ર વિદ્યા, અને બળરામ પાસે ગદાયુદ્ધ શીખ્યો હતો. ગદાયુદ્ધમાં જરાસંધના મરણ પછી દુર્યોધન શિવાય એનો બરોબરીઓ કોઇ નહોતો. લાક્ષાગૃહમાંથી સહિસલામત બચી ગંગાપાર ઉતર્યા પછી માર્ગમાં હિડિમ્બ રાક્ષસને તેણે માર્યો, અને તેની બેહેન હિડિમ્બાને તે પરણ્યો. દુર્યોધને પાંડવોની સઘળી સંપત્તિ હરણ કરી લીધા પછી તેમને અરણ્ય મોકલ્યા ત્યારે યુધિષ્ઠિરની મર્યાદાને લીધે નિરૂપાય થઇ તે વનમાં ગયો, પણ જતી વેળા ધૃતરાષ્ટ્રના સો પુત્રને મારવાની પ્રતિજ્ઞા લીધી, અને દ્રૌપદીનાં ચીર કાઢનાર દુ:શાસનનું લોહી પીવાનો નીમ લીધો. કુરૂક્ષેત્રમાં કૌરવ પાંડવ વચ્ચે ઘોર યુદ્ધ થયું તેમાં સઘળા કૌરવો હણાયા અને યુધિષ્ઠિરને રાજ્યાભિષેક થયો. આ પછી કૃષ્ણ સ્વધામ ગયા સાંભળી યુધિષ્ઠિર મહાપ્રસ્થાનથી નીકળ્યા, તેની સાથે ભીમ અને બીજા ભાઇઓ પણ હતા, પણ માર્ગમાંજ એમણે દેહ છેડયો. **દાતણ,** (**सं. दंतधावन, दंत**=દાંત+**धावन**=ધોવાનું સાધન), બાવળ, આવળ, લીમડા વગેરેની સોટીના કકડા જેનો કુચો દાંત ઘસવાના કામમાં આવે છે.

૨૨. ભીમનું બળ બતાવે છે.

૨૩. **પ્રાત:સામગ્રી,** (**सं. प्रातस्**=સવાર+**सामग्री**=સાહિત્ય), સવારના પહોરમાં સંધ્યાપૂજા કરવાનો સામાન. **નકુળ,** પાંડુરાજાની બીજી સ્ત્રી માદ્રીનો અશ્વિનીકુમારથી થયલો વડો પુત્ર; જુઓ લી. ૫ એ નીતિ ધર્મજ્ઞાનમાં, અશ્વચિકિત્સામાં, તથા રણવિદ્યામાં કુશળ હતો. ૨૫ સૌંદર્ય તથા વરણાગી અને વિવેક એનામાં બહાર પડતાં હતાં. **કદાપી,** ભોગજોગે; કોઇ વાર; કોઇ દહાડો.

૨૪. **પોહોર,** (**सं. प्रहर**), ત્રણ કલાકનો કાળ તે. **એક...લગાડે** ઘણી વાર લગાડે. **વરણાગી,** ટાપટીપ; ચાપચીપ; છેલાઇ.

૨૫. **સહદેવ,** નકુળનો નાનો ભાઇ; જુઓ લી.૫. એ ભૂતભવિષ્યનો જાણનાર જોશી અને રણવિદ્યામાં કુશળ હતો. દ્રોણાચાર્ય પાસે એ ધનુર્વેદ

શીખ્યો હતો, છતાં ખડ્ગ યુદ્ધમાં એની ખ્યાતિ વિશેષ થયલી છે. અશ્વ-ચિકિત્સા એને સારી આવડતી હતી. કામ દેઉં, કામ સોંપું. સાધુ...રોષ, સાધુ હોવાથી મનમાં ગુસ્સો ન લાવે. સાધુ, ઇંદ્રિયો વશ કરી ઇશ્વરના ધ્યાનમાં રહેનાર; ભલો, પ્રમાણિક ગૃહસ્થ.

૨૬. **મધ્યાન્હ**, (**सं. मध्य**=વચલો+**अन्ह**=**अहन्**=દિવસ), દિવસનો મધ્ય ભાગ; બપોર; (ષ. તત્ સ.) **જોષ**, (**सं. ज्योतिष्**, **जुष्**=તર્ક કરવો), મુહૂર્ત; ગ્રહફળ.

૨૭. **જોગણી**, (**सं. योगिनी**), ઇશ્વરશક્તિનાં કલ્પેલાં સ્ત્રી-જાતિવાચક રૂપોમાંનું એક; દેવી; માતા. એ ૬૪ કહેવાય છે. એમાંની ઘણી ખરી વિકાળ ને ભયંકર છે. પડવાથી પુનેમ સુધી પંદર તિથિ અને અમાસ મળી સોળ દિવસમાં જૂદે જૂદે દિવસે આઠ દિશા પૈકી એકેક દિશામાં એ રહે છે. તેરસ તથા પાંચમને દિવસે તે દક્ષિણ દિશામાં હોય છે.

૨૮. **પરવરૂં**, (**सं. प्र**+**वृत्**=જવું), જાઉં. **ચંદ્રનું...સાહામું**, મેષ, સિંહ, ને ધન રાશિનો ચંદ્ર હોય ત્યારે ચંદ્રનું ઘર પૂર્વમાં છે એમ કહેવાય છે; અને ચંદ્રનું ઘર જે દિશામાં હોય તે તરફ જવું લાભકારક ગણાય છે.

૨૭–૨૮. 'આજે જોગણી દક્ષિણ દિશામાં છે, માટે તેમ જાઉં તો દુઃખી થાઉં; જો પૂર્વ દિશામાં જાઉં તો આજે તે દિશામાં ચંદ્રનું ઘર સામું છે, તેથી લાભકારક છે;' એવા એવા અનેક વિચારો તેના મનમાં આવ્યા કરે એમ યુધિષ્ઠિર દાખલા તરીકે વૃહદશ્વને કહે છે.

૨૯. **સહેવાય**, (**सं. सह्**=ખમવું), ખમાય.

૩૦. **દ્રૌપદી**, દ્રુપદ રાજાની પુત્રી, કૃષ્ણા. દ્રુપદ રાજાના યજ્ઞમાં શચીના અંશથી અગ્નિમાંથી એ ઉત્પન્ન થઇ હતી; તેથી તેના શરીરની કાન્તિ ગૌર તથા શ્યામ વર્ણ મિશ્રિત હતી. આ કારણને લીધે એનું નામ કૃષ્ણા પડ્યું હતું. સ્વયંવરમાં એણે અર્જુનને વરમાળ પહેરાવી હતી. પાંડવો દ્યૂતમાં રાજપાટ વગેરે સઘળું હાર્યા, ને છેલ્લી વાર દ્રૌપદીને હોડમાં મૂકી ને તે પણ હારી ગયા, ત્યારે દુર્યોધને દુઃશાસન પાસે સભાની વચમાં તેનાં વસ્ત્ર કઢાવ્યાં હતાં. ભરસભામાં આ વખતે કૃષ્ણે 'પાંચાળીનાં પટકુળ પૂર્યાં' હતાં. નવસેં નવાણું વસ્ત્ર ઉતાર્યાં ત્યારે બંધ રાખ્યાં.

દ્રૌપદી પરમ પતિવ્રતા સદ્‌ગુણી તથા ક્ષમાશીળ હતી. અહલ્યા, તારા, દ્રૌપદી, સીતા ને મંદોદરી એ પાંચ મુખ્ય સતી ગણાય છે. સ્ત્રીઓ ન્હાતી વેળાએ એ પાંચ સતીઓનું સ્મરણ કરે છે. **હરણ**, (**सं. हृ–हर्**=લઇ લેવું), લઈ જવું તે. **હરણ...જાય**, કોઈ લઈ જાય.

૩૨. **ગાંજીવપાણી**, (**सं. गांडीवपाणि**), ગાંડીવ ધનુષ પાણિ (હાથ)માં છે જેના તે (બહુ. સ.); અર્જુન. **ગાંડીવ**, અગ્નિએ અર્જુનને આપેલા ધનુષનું નામ.

૩૩. **ગુણ**, ઉપકાર; યુધિષ્ઠિરની અર્જુને કરેલી સેવા. **વિસરતો**, (**सं. वि+स्मृ**=ભૂલી જવું), ભૂલી જતો. **રહ્યો...રાખી**, મનમાં રાખી રહ્યો છું.

૩૪. **સતોષ**, (**सं. सम्+तुष्**=સંતોષ પામવો), પ્રસન્ન સ્વભાવ; શાતા. **સૂનો**, (**सं. शून्य**), એકલો. **સુખ...પાખી**, હે મુનિ (બૃહદશ્વ ઋષિ), પારથ પાખી (વિના) હું સુખ સંતોષ વિનાનો હોવાથી એકલો મુઝાઉં છું.

૩૫. **નિશ્વાસ**, (**सं. नि+श्वस्**=ઉંડો શ્વાસ લેવો, નિસાસો નાંખવો), નિસાંસો. **રૂખી**, (**सं ऋषि**), મુનિ. નળાખ્યાનમાં ષ નો ખ થયલાં અપભ્રંશ રૂપો વારંવાર આવે છે; જેમકે, વિખ, દોખી (દોષી), ખટપદ, ખટરસ, ઇ.

૩૬. **વિજોગ**, (**सं. वियोग, वि+ युज्**=છુટું પડવું), છુટા પડવું તે. **વિજોગ પડીયો**, અર્જુનનો વિયોગ થયો. **હું સરખો**, મારા સરખો; મારા જેવો. સરખો, જેવો, પાસે, ઇ. શબ્દો આગળ સર્વનામ આવ્યું હોય તો તે બેને જોડવાને સારૂ છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય આવવો જોઇએ. નામની સાથે તે પ્રત્યય અધ્યાહાર રહી શકે છે. 'હું સરખો' આવું રૂપ માત્ર કવિતામાંજ વપરાય છે.

૩૭. **રાજ્યાસન**, (રાજ્ય+આસન; રાજ્ય, **सं राज्**=પ્રકાશવું; આસન, **सं. आस्**=બેસવું), રાજ્યનું આસન; રાજગાદી; તત્પુ. **ભુવન**, (**सं. भवन, भू**=હોવું), ભવન; ઘર; મહેલ. **રીધ**, (**सं. ऋद्धि, ऋध्**= આબાદ થવું), પુષ્કળતા; દોલત; લક્ષ્મી. **હારી**, ભૂતકાળનું રૂપ છે; એનો ક્રિયાનાથ 'હમો' છે, તેથી 'હાર્યા' જોઇએ; પરંતુ કાં તો પ્રાસ

મેળવવાને સારૂ કે કાં તો 'રીધ' સ્ત્રીવાચક શબ્દ છેલ્લો છે તેની સાથે સંબંધને લીધે કવિએ આ પ્રમાણે અનિયમિત ઉપયોગ કરેલો જણાય છે.

૩૮. **હુતું હશે**, થયું હશે. **પીડા...નારી**, દ્રૌપદીને દુઃખ વેઠવું પડયું. જુઓ 'દ્રૌપદી' લી. ૩૦.

૩૯. **વળતા**, પછી. **વૈરાગ**, (**સં. वैराग्य, वि**=ઉલટું+**राग**=પ્રેમ). સંસાર–વિષયવાસના ઉપરથી મન ઉઠી જવું તે.

૪૦. **પાંડવ**, અહીંઆં એકલા યુધિષ્ઠિર માટે વાપરેલું છે. **નથી... ભાગ**, તેની સાથે સરખાવતાં તારૂં દુઃખ કિંચિત્ માત્ર છે.

૪૧. **અનેક...રાજાન**, હે રાજન, તેના (નળના) જેવું અનેક કષ્ટ કો (કોઇ) ન ભોગવે.

૪૩. **ભીમકકુમારી**, વિદર્ભ દેશના રાજા ભીમકની પુત્રી; વૈદર્ભી; દમયન્તી. **કુમારી**, (**સં. कुमार्**=રમવું), છોડી; છોકરી. **મુખ માંડી**, મુખે માંડી; મુખથી માંડી; સવિસ્તર. **રૂપ...માંડી**, દમયન્તીના રૂપનું સવિસ્તર વર્ણન મારા મ્હોંથી શું કરૂં ? તે સેહેજમાં થાય એવું નથી.

૪૪. **રાણી**, (**સં. राज्ञी**), રાણી (ને), રાજાની–નળની સ્ત્રીને. **તે...છાંડી**, દમયન્તીને ફળ કે પાણી કંઈ ન મળે એવા વનમાં છાંડી–તજી, છોડી દીધી. જુઓ કડવું ૩૩.

૪૫. **દાસીરૂપ**, નળે છોડયા પછી દમયન્તી રખડતી રખડતી ચૈદવસુપુરીમાં આવી. ત્યાં સુબાહુ રાજાની માએ પુત્રી પ્રમાણે ગણવાનું વચન આપવાથી સુનંદા નામની રાજ્યકન્યા સાથે તેની દાસી તરીકે રહી. નળાખ્યાનમાં પ્રેમાનંદે સુનંદાને બદલે ઇન્દુમતિ નામ વાપર્યું છે. જુઓ કડવું ૪૩. **ધર્યું**, (**સં. धृ**=ધારણ કરવું); ધારણ કીધું; લીધું. **કુબડું**, (**સં. कुब्ज**), કદરૂપું; બદસુરત. **કુબડું...ગાત્ર**, નળનું ગાત્ર (શરીર) કદરૂપું થયું. જુઓ કડવાં ૩૪–૩૫.

૪૬. **કોણમાત્ર**, શી ગણત્રીમાં; શા હિસાબમાં. **તેહેનાં...માત્ર**, હે યુધિષ્ઠિર, તેના (નળના) દુઃખની સાથે સરખાવતાં તારૂં દુઃખ કશી ગણત્રીમાં નથી.

૪૭. **કર જોડીને**, હાથ જોડીને. **ઋષિરાય**, ઋષિમાં રાજા જેવો; મોટો ઋષિ.

૪૯. **નરેશ,** (**સં. नर+ईश; ईश, ईश्**=રાજ કરવું), નરનો ઈશ; માણસનો રાજા; રાજ્ય કરનાર. **કાહાવે,** કહેવાતો હતો. **કેમ,** કેવી રીતે. **પરણ્યો,** (**સં. परि**=આસપાસ+**नी–नय्**=લઇ જવું; **परि+नी**= કન્યાને ચોરીમાં કીધેલા અગ્નિની આસપાસ લઈ જવી, પરણવું), લગ્ન કીધું; મેળવી.

૫૦. **ભમયન્તી,** (**સં. भ्रम**=ભટકવું), ભમતી; રખડતી.

૫૧. **ઉતપત્ય,** (**સં. उत्पत्ति, उत्+पद्**=પેદા થવું), જન્મ; મૂળ. **અથઇતિ,** પહેલેથી તે છેલ્લે સુધી.

૫૨. **વ્યથાય,** (**સં. व्यथा, व्यथ्**=દુ:ખ થવું), શરીર કે મન સંબંધી દુ:ખ. **ભાગે...વ્યથાય,** મનનું દુ:ખ દૂર થાય. એ સ્વાભાવિક નિયમ છે કે બીજાના દુ:ખની વાત સાંભળ્યાથી આપણું દુ:ખ વિસારે પડી ઓછું લાગે છે. **વલણ,** (**સં. वलन, वल्**=વળવું), કવિતારૂપ આખ્યાનોમાં અક્કેકા કડવાને અંતે જૂદા ઢાળમાં કડવાનું છેવટ બતાવતી જે સાખી–ઉથલો તે.

૫૪. **વિપ્ર,** વેદ ભણ્યા પછીની સ્થિતિવાળો બ્રાહ્મણ; બ્રાહ્મણ.

૫૫. **મુખ,** મુખે, મ્હોડેથી. **ધરતા હૃદે,** ધ્યાન દઈ સાંભળે છે.

૫૬. **વિશાળ,** મોટો; વિસ્તીર્ણ. **વીરસેન,** નિષધ દેશનો સૂર્યવંશી રાજા; નળનો પિતા. **ભુપાળ,** (**સં. भूपाल, भू**=પૃથ્વી, **पाल, पाल्**= રક્ષણ કરવું, પાળવું), પૃથ્વીનો પાળનાર; રાજા.

૫૭. **સુરસેન,** વીરસેનનો ભાઈ, પુષ્કરનો પિતા. **બાંધવજંન,** (બાંધવજન); **બાંધવ,** (**સં. बन्ध्**=બાંધવું), સગો; સ્નેહી; ભાઈ. **જન,** સામાસિક શબ્દના છેલ્લા પદ તરીકે ઘણી વાર અક્કેકાના અથવા સર્વના અર્થમાં વપરાય છે:–'બાંધવજંન' એકના અર્થમાં છે. લી. ૧૪૨માં 'પક્ષીજન', લી. ૩૪૮ માં 'પંખીજન,' તથા લી. ૯૫૩ માં, 'જોગીજન' માં પણ 'જન' એકના અર્થમાં છે લી. ૩૫૨ માં ' પંખીજન ' તથા લી. ૧૦૨૨ માં ' બંદીજન ' માં ' જન ' સર્વ—સમૂહના અર્થમાં છે. **બાંધવજંન,** ભાઈ. **તંન,** (**સં. तनय, तन्**=ખેંચવું, વધારવું), વંશને–કુટુંબને વધારનારો; પુત્ર.

૫૮. **કુટડા,** રૂપાળા; સ્વરૂપવાન. **જેવા કામ,** કામદેવના જેવા. **કામ,** કામદેવ; સ્ત્રીપુરૂષોમાં પરસ્પર પ્રેમ ઉત્પન્ન કરાવનારો દેવ; ઇશ્વર અને માયાનો

પુત્ર; એની સ્ત્રી રતિ. બ્રહ્માના હૃદયમાંથી તે પ્રથમ સ્ત્રીરૂપે ઉત્પન્ન થયો હતો, ને તેથી બ્રહ્મા પોતેજ મોહ પામ્યા હતા. પછી પ્રજાપતિઓએ કહ્યું કે એ તો તમારી પુત્રી થાય, ત્યારે બ્રહ્મા લજ્જિત થયા હતા. કામને શિવે પોતાના ત્રીજા નયનની જ્વાળાથી બાળી નાખ્યો હતો. પછી તેની સ્ત્રી રતિએ ઘણુા વિનવ્યા ત્યારે શિવે કહ્યું કે કામ કૃષ્ણ રૂક્ષ્મણીના પુત્ર રૂપે અવતરશે, અને તને વરશે એનાં પાંચ પુષ્પ–બાણુ છે જેથી તે મોહ ઉપજાવે છે. આ ઉપરથી એનું ' પંચશર ' એવું નામ પડયું છે. વસંત એનો પ્રિય મિત્ર છે. અનંગ, મદન, મકરધ્વજ, કંદર્પ, મનસિજ, કુસુમાયુધ, ઇ. એનાં નામો છે.

૫૯. ગયા વંન, વનમાં જઈને રહ્યા. ઘડપણમાં રાજ્ય કારભાર વગેરે સંસાર ખટપટ છોડી બાકીની જીંદગી ઇશ્વરભક્તિમાં ગાળવાને સારૂ રાજપાટ વડા પુત્ર અથવા યુવરાજને સોપી વનમાં જઈ રહેવાનો અસલ રિવાજ હતો.

૬૦. મહામતી, મહા–મોટી છે મતિ–બુદ્ધિ જેની તે, (બહુ. સ); મોટો બુદ્ધિશાળી. સેનાપતી, (સં. सेनापति), સેનાનો પતિ–ઉપરી; સઘળા લશ્કરનો ઉપરી; ફોજનો સરદાર.

૬૧ જીત્યા, (સં जि–जय्=જીતવું), વશ કર્યા; તાબે કર્યા. ખ્યાત, (સં. ख्याति, ख्या=કહેવું), આબરૂ; કીર્તિ; યશ શત્રુમાત્ર, શત્રુનામે; સઘળા શત્રુ–દુશ્મન. માત્ર, આ શબ્દ સમાસને અન્તે આવીને સઘળા, તે વર્ગમાંના બધા, એવા અર્થમાં વપરાય છે. જુઓ લી. ૧૦૩૭ માં 'પ્રાણીમ ત્ર,' અને ક. ૩૫ મામાં 'સેવક માત્ર કરે નમસ્કાર.' પમાડયા શાંત, (સં. शम्=શાન્ત થવું), ટાઢા પાડયા; દબાવી દીધા; હરાવ્યા.

૬૨. નૈષધ, નિષધ દેશનો રાજા નળ. ભજે, (સં. भज्=ભજવું), ત કરે; પૂજન કરે; માન આપે. નળાખ્યાનમાં વપરાયલા ભજવું શબ્દના બીજા અર્થ માટે જુઓ લી. ૧૮૪ માં ' ભજિયો, ' ક. ૩૭ મામાં 'શુદ્ધ નથી રે શરીરની, ભજતી નળરાય ' ક. ૫૩ મામાં 'ભલો ભજ્યો વરઘોડો ' નળ પુષ્કરે, નળે અને પુષ્કરે (દ્વ. સ). દિગવજે, (સં. दिग्विजय, दिग्, दिक्=દિશા, विजय=જીત), (સઘળી) દિશાઓમાં (અનેક દેશોનો) વિજય (સ. તત. સ.); મોટો જય.

૬૩–૬૪. આ લીટીઓમાં કવિ નળના રાજ્યનો બંદોબસ્ત, તે કાળની જનસ્થિતિ, પ્રજાનું સત્ય આચરણ, તેનો ધર્મ, નળનું ઔદાર્ય વગેરેનું વર્ણન કરે છે.

૬૩. પ્રજા, રૈયત; લોક. **ઉઘાડે બાર**, બારણાં દીધા વગર; નિર્ભયપણે; નિરાંતે. **ચખાર**, ચાડીઆ; ચુગલીખોરો. આ શબ્દનો ઉપયોગ ચોરના સાથે થાય છે; અને ત્યાં 'ચોર ચખાર' એટલે ચોર અને લુચ્ચા હરામખોર એવો અર્થ થાય છે. સરખાવો 'કરે પ્રતિપાલન નગર પ્રજાનું, ટળ્યા ચોર ચખાર.' પ્રે. ભા. અ. ૪૬, ક. ૧૨૪.

૬૪. સત્યે, સત્યવડે; સત્યના બળથી. **યમપતિ**, યમરાજા. અદિતિના બાર પુત્રો એટલે આદિત્યમાંનો એક. એ ન્યાય કરનાર દેવ છે. એને યજ્ઞમાં બળિદાન આપવામાં આવે છે, તેમ શ્રાદ્ધમાં પણ એનો લાગો પહોંચે છે; આ ઉપરથી એ શ્રાદ્ધદેવ કહેવાય છે. યમને બે રૂપ છે–એક સત્ય ને પરોપકાર બુદ્ધિ દેખાડતું તેજસ્વી છે, ને એ રૂપે તે ધર્મરાજ કહેવાય છે; બીજે રૂપે તે યમરાજ કહેવાય છે, જેને દુષ્ટ અધર્મી જીવ જોય છે. **કીધો સાધ**, (**સં. साध्**=સાધવું), વશ કીધો; હાથમાં લીધો. **વ્યાધ**, (**સં. व्याध्**=ભોંકવું), વ્યાધિ; રોગ. **સત્યે...વ્યાધ**, નળે પોતાના સત્યવડે ધર્મરાજા જેવાને પણ વશ કીધા, અને તેના નગરમાં કોઈને રોગ પડી શકતો નહીં.

૬૫. કનકે, સોને. **કોઠાર**, (**સં. कोष्ठागार**), અનાજ ભરવાની જગ્યા; ભંડાર. **દાતાર**, (**સં. दातृ, दा**=આપવું), આપનાર; ધર્મ–પરોપકાર કરનાર; ધર્મી; ઉદાર. **કનકે...દાતાર**, 'તેવા દાતાર' અનેકવચનમાં હોવાથી પ્રેક્ષક આ લીટી લોક–પ્રજાને લગાડે છે. પ્રજાના કોઠાર સોને ભરેલા હતા અને તે જેવી ધનવાન હતી તેવીજ ઉદાર હતી. પણ ૬૬મી લીટીપરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે એને પ્રજા સાથે સંબંધ નથી, પણ નળ સાથે છે; કવિએ માનાર્થે અનેકવચન વાપર્યું હશે. પ્રત ૨ તથા ૬ માં જેવું ધન 'તેવો દાતાર' પાઠ છે. ધનસંપત્તિ અને ઉદારતા સાધારણ રીતે એકજ માણસમાં જોવામાં આવતી નથી; પણ નળ જેટલો ધનવાન હતો તેજ પ્રમાણે સખી મનનો હતો.

૬૬. જાચક, (**સં. याचक, याच्**=માગવું), ભિક્ષુક. **દારિદ્ર** (**સં. दरिद्रा**=ગરીબ હોવું), દુઃખ; કષ્ટ. **કાપીઆં**, દૂર કીધાં; ફેડયાં. **મુખ માગ્યાં**, મુખે–મ્હોંએ માગ્યાં; મ્હોડે માગે તેટલાં; વાંછિત.

૬૭. ભિક્ષુક, (**સં. भिक्ष्**=ભીખ માગવી), જાચક; માગનાર.

હોલાણી, હોલવાઇ; દૂર થઇ; 'હોલાણી' હોલવ ધાતુનું ભૂતકૃદંત. આ રૂપ કાઠીઆવાડમાં વપરાય છે. **દાઝ**, (**सं. दाह,दह्**=બળવું), બળતરા; સંતાપ.

૬૮. **થઈ વિસ્તીર્ણ**, (**सं वि+स्तृ**=વિસ્તારવું), પ્રસરી; ફેલાઈ. **કીર્તિ...કીર્ણ**, જેમ સૂર્યનાં કિરણ ચારે દિશામાં ફેલાઇ જાય છે તેમ નળરૂપી સૂર્યનાં કીર્તિ રૂપી કિરણ ચારે ગમ–સધળા દેશોમાં પ્રસર્યાં.

૬૯. **ધરાવ્યું નામ**, (**सं. धृ**=ધારણ કરવું), નામ ધારણ કીધું; કહેવડાવ્યું. તેના સદ્દ્વર્તનને લીધે તથા પ્રજાને તેણે પોતાનાં છોકરાં તરીકે પાળી તેથી એને લોકોએ પુણ્યશ્લોક નામ આપ્યું. **વૈષ્ણવ**, (**सं. विष्**=વ્યાપવું), વિષ્ણુ જે વ્યાપક દેવ તેના ભક્તિ; વિષ્ણુને માનનારા. **બાધું**, બધું. કાઠીઆવાડ તથા ઉત્તર ગુજરાતમાં આ રૂપ વપરાય છે.

૭૦. **હરિકીર્તન**, (**सं. कृत्**=સ્તુતિ કરવી), ઇશ્વરના ગુણનું ગાન; ઇશ્વરભજન. **એકાદશી વ્રત**, અગીઆરસનું વ્રત. **વ્રત**, પાપ જાય ને મનનો હેતુ પાર પડે તે અર્થે કહેલા નિયમ સાથે કરવાનું કર્મ તે; નીમ. **હરિજન**, હરિની ભક્તિ કરનારા; ભક્ત. જુઓ 'બાંધવજન' લી. ૫૭.

૭૧. **ચારે વરણ**, આર્ય લોકો હિંદુસ્તાનમાં પ્રથમ આવ્યા ત્યારે તેમનાં કર્તવ્ય કર્મ અને વર્ણ એટલે રંગને અનુસરીને પાડેલા જનસમૂહના ચાર વર્ગઃ–બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર. **નિજધર્મ**, પોતપોતાનો ધર્મ. **ધ્યાયે** (**सं. ध्यै**=વિચાર કરવો), ધ્યાન ધરે; ચિંતન કરે; ભજે. સરખાવો 'નવ ભક્તિ કહી વેદ પુરાણે, ધાવા વૈકુંઠનાથ.' 'જે જન જાનકીનાથને ધાયે, તે જનુનીને જઠર ન આવે.'–પ્રે. રણ. 'વર્ણ અઢાર વસે તહાં, તે ધાયે સત ધર્મ.' સા. શત. **વ્યાપક**, (**सं. वि+आप**=વ્યાપવું), વ્યાપી રહેલો; સઘળી જગાએ રહેલો એવો. **પરિબ્રહ્મ**, (**सं. परब्रह्म**), જ્ઞાન બ્રહ્મથી પણ પર–ઉપર તે; અહીંઆં જગદીશ્વર.

૭૨. **નેમ**, (**सं. नियम**), નિયમ; વ્રત. **દાન**, (**सं. दा**=આપવું), ભિક્ષા.

૭૩. જો કોઇ નળનું માથું માગે તો તે આપવામાં પણ તે વિલંબ કરે નહીં–અટકે નહીં–પાછો પડે નહીં.

૭૪. **દશ**, દિશા (માં).

૭૫. વાધ્યો, વધ્યો. **મુજ...પીતરાઈ**, મારાથી પિતરાઇ ચઢયો. **પિતરાઈ, (સં. पितृव्यज)**, કાકાનો છોકરો.

૭૬. **સમસ્ત**, બધી; સઘળી. **એ આગળ**, એના આગળ. **હું...અસ્ત**, મારૂં માન ઘટી ગયું; હું ઢંકાઇ ગયો–નિસ્તેજ થયો.

૭૮. **નળનો...વળયો**, નળે તેને પાછા વળવાને-ઘેર આવવાને સારૂ સમજાવ્યો, પણ તે પાછો આવ્યો નહીં. **દારૂણ**, ભયંકર; અઘોર; બિહામણું. **પળયો**, ગયો.

૭૯. **જઇને...શૃંગ**, પર્વતના શિખરપર જઇને રહ્યો-વાસ કીધો. **નિર્મળ, (સં. निः + मल = મેલ વગરનું)**, સ્વચ્છ પાણીવાળી. **ગંગ**, ગંગા નદી.

૮૦. હે યુધિષ્ઠિર રાજા, પુષ્કરે વનમાં શલ્યા–પથ્થરની બેઠક-ગાદી કીધી અને પાંદડાંનું છત્ર કીધું.

૮૧. **માનસી**, મન કલ્પિત. **કોકિલા**, કોયલ.

૮૨. **મૃગ**, હરણ. **કારણે**, વાસ્તે; માટે. **દ્રુમ**, ઝાડ. **પ્રતિહાર**, રાજાના મહેલનો દરવાન; પોળીઓ; ચોપદાર; છડીદાર.

૮૩. **હસ્તિ**, હાથી. **પરજંગ, (સં. पर्यंक)**, સુવાનો ખાટલો; પલંગ. **કેમ...ભંગ**, કોઇ પણ કારણથી-કોઈ પણ પ્રકારે નાશ પામે નહીં.

૮૪. **ખાતર, (સં. खनू=ખોદવું)**, ઘરમાં પેસવા સારૂ ચોર લોક જે બાકોરૂં પાડે છે તે. **ખાતર નવ પડે**, ચોરી થાય નહી.

૮૫. **માંડયુ રાજ્યાસંન**, રાજ્ય કરવા લાગ્યો. **અણચાલતે**, નછુટકે; નિરૂપાય હોવાથી. **વશ કીધું મંન**, મન માર્યું; મન કબજામાં રાખ્યું.

૮૦–૮૫. પોતાના પિત્રાઇ ભાઈ નળની ચઢતી જોઇ પુષ્કરને અદેખાઇ આવવાથી જંગલમાં જઇ તેણે મનકલ્પિત રાજ્ય કરવા માંડયું;– રાજ્યાસનને ઠેકાણે તેણે પથ્થરની શિલા મૂકી, પાંદડાંનું છત્ર બનાવ્યું, ગાન કરનારી સ્ત્રી–રામજણી, અશ્વ, પ્રતિહાર, હાથી, પલંગ વગેરે રાજ્ય ચિહ્નો પણ તેણે કુદરતમાંથી શોધી કાઢયાં–કોયલ ટૌકા કરતી હતી તે રાજદરબારમાં રામજણી ગાતી હોય એમ વિચાર્યું; જંગલમાં હરણ દોડતાં હતાં તેને ઘોડા કલ્પ્યા; ઝાડો બારણે ઉભેલા છડીદાર ગણ્યા; ભુંડને હાથી માન્યા; અને પૃથ્વીને પલંગ ધાર્યો. આવી રીતે તે પોતાના દિવસ નિર્ગમન કરવા લાગ્યો.

૮૬. **એ કથા**, પુષ્કરની કથા-હકીકત.

૮૭. **ઉઠી વનમાં ગયો**, જુઓ લી. ૧૯.

૮૮. **નિષ્કંટક**,(**સં. निः**=વિના, **कण्टक**=શૂલ, કાંટો), હરકત વિના; નિર્વિઘ્ને. **ધર્મે...ફરે**, ધર્મ પ્રમાણે રાજાની દુવાઇ ફરી; ધર્મની રીતે તેણે રાજ્ય કીધું. સરખાવો 'ધર્મ પડો વાજે પુરમ્હાંય, ઉગ્રસેનની આણ દેવાય.' પ્રે ભા. અ. ૪૫, ક. ૧૨૩. **આણ**, (**સં. आज्ञा**), હુકમ; દુવાઇ.

૮૯. **માગાં**, વિવાહને સારૂ કહેણ-માગણી. **જોવડાવે**, તપાસ કરાવે.

૯૦. **કાહાડે ખોડ**, દોષ કહાડે; ભૂલ કહાડે. **જોડ**, બરોબરીઉં; જોડી.

૯૧. **લક્ષણ**, (**સં. लक्ष्**=જોવું), ચિહ્ન; ગુણ.

બત્રીસ લક્ષણ, નીચે પ્રમાણેઃ—

ન્હાનું અને મોટું કામ કરવે સમર્થ ઘણો. [1]પરાક્રમિ સિંહ ગુણ લેવાને લાયેક છે;
ઇન્દ્રિજીત થઈ કરી, દેશ સમો જોઈ કરી, [2]સવારથ સાધે બગ ધ્યાન ગૂણ છેક છે.
સર્વ થકી પેલ [3]ઉઠે, મરતાં લગી ન [4]હઠે, પરિવાર [5]પેટ પોષી પછે જમે ટેક છે;
સ્ત્રીપર પલટે [6]પ્રીત, ચાર કુકડાની રીત, પાળે તે પંડિત નીત, ચતુરાઈ નેક છે.
અવાસ [7]નિવાસ ઊંચો, રિપૂ [8]મારી કરે કૂંચો, બોલતો [9]મધુરી વાણી, સ્વરૂપે [10]સુંદરતા;
સારી [11]કળાવાળો કાલો, ગર્વ[12]હીન મ્હાલે વ્હાલો, થનથન નાચે મોર, છ ગુણોનો ધરતા.
થોડે[13]ધણે સતોષી જે, ઊંઘ [14]બહુ થોડી ર [15]તે જાણે વ્હેલું, સ્વામી [16]ભક્તી કરતા;
[17]શૌર્યતા [18]શીકારી સહુ, લોકે છે વખાણી ઘણી, છ ગુણ ધારણ શ્વાન, પુર્ષ વ્હાલે સરતા.
ભાર તો [19]અત્યંત વેહે, દંડ [20]નહીં લેશે લેહે, [21]સંતોષથી સદા રેહે, ઘણો ગૂણી ખર છે;
ભરૂંસો કરે ન [22]કહીં, રમે [23]રતિ છાનો રહી, અગર્વિ[24]ષ્ટ સમો [25]સાધુ, કાગડો [26]ચંચળ છે.
યુદ્ધે [27]પરાક્રમ કરે, વિપતે [28]ધીરજ ધરે, ચડતીએ [29]ક્ષમા સજે, પુરૂષ [30]ચતુર છે;
સભામાં [31]વાચાળ બહુ, જશનો [32]ભૂખ્યો તે સહુ, છ ગુણ સહિત સાર, સલખણે નર છે.

(**દોહરો**)

અક્કેકો સિંહબગતણો, કુકડાના તો ચાર; ત્રણ વળિ ગર્દ્ધાના કહ્યા, પાંચ કાગના ધાર.
પુરૂષ મોર કુતરાતણા, ષડ્ગુણ લેતાં થાય; પૂરાં બતરિસ લક્ષણો, જેથી જન શોભાય.

નર્મકવિતા, આવૃત્તિ ૩જી, પૃ. ૫૧૪.

વળી જુઓ—સામળભટનાં પ્રીતનાં બત્રીસ લક્ષણ; દલપતરામનું કાવ્યદોહન—ભાગ ૧ લો પૃ. ૩૭૧. દયારામકૃત કાવ્યસંગ્રહ, પૃ. ૫૭૫. **પાણિગ્રહણ**, પાણિ—હાથનું ગ્રહણ—પકડવું તે; પરણવું તે; લગ્ન.

૯૨. **વહી ગયા**, (**સં. वह्=**વહેવું, લઇ જવું), જતા રહ્યા. 'વહ્યા જવું' ચાલ્યા જવાના અર્થમાં કાઠીઆવાડમાં વપરાય છે. **નારદમુંન**, નારદમુનિ; બ્રહ્માના પુત્ર. સ્વાયંભૂ મન્વંતરમાં બ્રહ્માએ દશ પ્રજાપતિ ઉત્પન્ન કર્યા તેમાંના એક; એણે પ્રજોત્પત્તિનું કામ માથે લીધું નથી. એ દેવર્ષિઓમાં મુખ્ય છે. નારદ મસ્તકે જટાભાર ને ખાંધે વીણા રાખે છે, ને કપાળે ઉભું ટીલું કરે છે. એણે ધર્મસ્થળ ઉપર એક સ્મૃતિ, તીર્થસ્થળ ઉપર એક, અને ગાયન ઉપર એક એમ ગ્રંથ કર્યા છે. તે ધર્મ—બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરવામાં સમર્થ વક્તા છે, તેમ ગાયનમાં એક્કા કહેવાય છે. એ સદૈવ ત્રિલોકમાં અહીં તહીં ફર્યાજ કરે છે. નારદ બ્રહ્મચારીજ છે. લડાઇ કરાવવામાં એ આનંદ માને છે. **મુંન**, મુનિ; ઋષિ; તપસ્વી.

૯૪. **વેણાપાણી**, (**સં. विणापाणि**), વીણા—તમ્બુરો છે પાણિ—હાથમાં જેના તે (બહુ સ.); નારદજી. **વેવીશાળ**, વિવાહ વેસવાળ.

૯૬. **દીધું માન**, આદરસત્કાર કર્યો; આવકાર દીધો. **અર્ઘપાદ્ય**, અર્ઘ અને પાદ્યવડે (દ્વ સ). **અર્ઘ**, (**સં. अर्ह्=**લાયક થવું), દેવને અથવા બ્રાહ્મણને માન આપવાને સારૂ ચોખા, દુર્વા (દરભ), ફૂલ, પાણી ઇત્યાદિ પૂજાનો સામાન. **પાદ્ય**, (**સં. पाद्य=**પાદ, પગને સારૂ પાણી). માન આપવાને સારૂ પગ ધોવાનું પાણી. **અર્ઘ...પૂજ્યા**, હાથમાં અર્ઘ આપી પગ ધોઇ પૂજન કીધું. **ભગવાન**, સકળ ઐશ્વર્યવાળો, ઇશ્વરી અંશવાળો, ઋષિ; અહીંઆં નારદને માટે.

૯૭. **આદર આણી**, માન સહિત; માનથી.

૯૮. **અન્યોઅન્ય**, (**સં. अन्योन्य**) એક બીજાને; પરસ્પર. **સમાચાર**, (**સં. सम्+आ+चार, चर्=**ચાલવું), ખબર અન્તર. **કુશળીક્ષેમ**, ક્ષેમકુશળ. **પૂછીઓ...ક્ષેમ**, સાજાતાજાની ખબર પૂછી બે જણ મળે ત્યારે પરસ્પર ક્ષેમકુશળ પૂછવાનો ધારો છે. સામા માણસની તથા તેના કુટુંબના માણસોની તનદુરસ્તી વિશે મળતી વખતે સૌથી પહેલાં પૂછવામાં આવે છે.

૯૯–૧૦૦. ઋષિ જેવા મહા પુરૂષને માન આપતી વેળાએ તથા ધર્મ સંબંધી કાર્ય કરવામાં પતિપત્ની જોડે રહે છે તેથી આદરસત્કાર વખતે નળને એકલો દેખીને નારદે પૂછ્યું કે પટરાણી જણાતાં નથી તેનું શું કારણ છે?

૧૦૦. **પટરાણી,** (**સં. पट्टराज्ञी, पट्ट**=રાજગાદી, **राज्ञी**=રાણી), જે રાણીને સિંહાસન ઉપર અભિષેક થયલો હોય છે તે, જેની સાથે રાજા પ્રથમ પરણ્યો હોય તે સ્ત્રી; મુખ્ય રાણી. **કોહોની**, નારદ નળની સાથે બોલતાં અહીંઆં અનેકવચન વાપરે છે, પણ નીચે 'તાહરા સરખું નવ મળે' એ લીટીમાં એકવચન વાપરે છે. સાધુઓ સંસારી માણસસને એકવચનમાં બોલાવે છે.

૧૦૧. **આસન,** (**સં. आस्**=બેસવું), બેઠક; ગાદી; રાજગાદી. **દોષ,** (**સં. दुष्**=બગડવું), પાપ; ધર્મથી વિરૂદ્ધ હોવું તે.

૧૦૨. **પ્રતિઉત્તર,** ઉત્તર; જવાબ. **ધરી શોષ,** (**સં. शुष्**= સૂકાઈ જવું), ગદગદકંઠે; અચકાતાં અચકાતાં.

૧૦૩. **પ્રજાપતિ,** બ્રહ્મા. સાધારણ રીતે આ શબ્દ બ્રહ્માને માટે વપરાય છે. ખરૂં જોતાં સ્વયંભૂ બ્રહ્મા ઉત્પન્ન થયા પછી એણે સૃષ્ટિ વધારવાના કામમાં મદદ કરવાને સારૂ દશ પ્રજાપતિ ઉત્પન્ન કર્યા તે. **વેણાધારી,** (**સં. वीणाधारी**), વીણને ધારણ કરનાર; નારદ. (દ્વિ. તત્. સ.) સરખાવો 'વેણાપાણી' લી. ૯૪.

૧૦૪. **બ્રહ્માજી,** સૃષ્ટિનો ઉત્પન્ન કરનાર. બ્રહ્મની જે ઉત્પત્તિ, સ્થિતિ, ને લય એ ત્રણ શક્તિ, તેમાંની પહેલી તે બ્રહ્મામાં રહેલી છે. બ્રહ્મા શેષશાયી નારાયણના નાભિકમળમાંથી સૃષ્ટિ ઉત્પન્ન કરવાને પેદા થયા છે. એનું વાહન હંસ છે. એની પુત્રી સરસ્વતી છે. બ્રહ્મા ચાર મ્હોડેથી નિરંતર ચારે વેદ ભણ્યા કરે છે. પ્રજાપતિ, વિરંચી, ચતુરાનન વગેરે બીજાં એનાં અનેક નામ છે. **માહારે,** મારે સારૂ; મારે માટે. **નિરમી છે,** (**સં. निर्मा**=ઉત્પન્ન કરવું, ઘડવું), ઘડી છે; પેદા કરી છે; નક્કી કરી રાખેલી છે. **કો નારી,** કોઈ સ્ત્રી.

૧૦૫. **સપ્ત,** સાત. **દ્વીપ,** (**સં. द्वि**=બે+**अप्**=પાણી. સંસ્કૃત વ્યાકરણના નિયમ પ્રમાણે **अप्** નો **इप्** થાય છે), જેની બે બાજુએ– એટલે બે અર્ધગોળ ◠ મળી–સઘળી બાજુએ પાણી હોય તે. પૃથ્વીનો પાણીથી

ઘેરાયલો ભાગ. **સપ્તદ્વીપ**, સાત દ્વીપ આ પ્રમાણે છેઃ-જંબુ, પ્લક્ષ, શાલ્મલિ, કુશ, ક્રૌંચ, શાક, ને પુષ્કર. પ્રત્યેક દ્વીપની સાથે એકેકો સમુદ્ર છે. **નવખડ**, હિંદુશાસ્ત્ર પ્રમાણે પૃથ્વીના (જંબુદ્વીપના) નવ ભાગ કર્યા છેઃ- ઇલાવૃત, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિંપુરૂષ, કેતુમાલ, રમ્યક, ભરત, હિરણ્યમય, ને ઉત્તરકુરૂ બીજા મત પ્રમાણેઃ-ભરત, વર્ત, રામ, દ્રામાળા. કેતુમાલ, હિરે, વિધિવ્રસ, મહિ, ને સુવર્ણ. **કોટાકોટ**, કોટાનકોટી; કરોડો; અગણિત.

૧૦૬. **શકે...ખોટ**, તેથી મને લાગે છે કે કન્યાની ખોટ છે. **શકે**, (**सं. शंके**), શક જાય છે કે; એમ લાગે છે કે; આ ઉત્પ્રેક્ષાવાચક શબ્દ છે.

૧૦૭. **ચાતુરી**, ચતુરાઈ; હોશિયારી. **ચાલ**, રીતભાત; આચરણ. **રૂપ...ચાલ**, જયાં-જે કન્યાનું રૂપ સારૂં હોય છે તેના કુળમાં ખોડ હોય છે, અને જેનું કુળ સારૂં હોય છે, તેનામાં ચતુરાઈ તથા ચાલની ખોટ હોય છે.

૧૦૮. **સકળ લક્ષણ**, સઘળાં લક્ષણ; બત્રીસે લક્ષણ. જુઓ લી. ૯૧. **તતકાળ**, (**सं. तत्कालम**), તેજ વખત; તરત.

૧૦૯. **તવ**, ત્યારે. **ઓચર્યા**, (**सं. उद्+चर**=ઉચ્ચાર કરવો, બોલવું), બોલ્યા **કીજે**. કહીએ. ‘કહેવું’ નાં કીજે, કીધું (કહ્યું), એવાં રૂપો ગુજરાતના કેટલાક ભાગમાં વપરાય છે. સરખાવો ક. ૨૯ ‘તારા પિતાસુ અમારે મૈત્રી, તે માટે હીત (હીતની વાત) કીજે રે.’

૧૧૦. **શ્યામા**, (**सं. श्यामा, श्याम**=કાળું), જેને છોકરાં ન થયાં હોય તેવી આઠથી તે સોળ વર્ષની વયની, એકવડા નાજુક બાંધાની અથવા શ્યામવર્ણની પરણેલી સ્ત્રી; સ્ત્રી.

૧૧૧. **પણ તે કન્યા**, તારા લાયક કોઈ કન્યા નથી એમ કહે નહીં; એક કન્યા એવી છે, પણ **અલોકીક**, (**सं. अलौकिक, अ**=નહીં **+लौकिक**=આ લોક-દુનિયા-સંબંધી), લોક વ્યવહારમાં ન હોય તેવું; અસાધારણ; અદ્દભુત. **વેદ જેને વરણે**, વેદમાં પણ જેનું વર્ણન કીધેલું છે.

૧૧૨ **ઇંદ્ર**, દેવતાઓમાં જે મુખ્ય તે; સ્વર્ગનો રાજા; એ વાયુ, આકાશ, વિદ્યુત (વીજળી), ગર્જના, વૃષ્ટિ અને પૂર્વ દિશાના દેશનો અધિપ છે. એ અમરાપુરીમાં રહે છે; એની સભામાં ગાનારા તે ગંધર્વ ને નૃત્ય કરનારી સ્ત્રીઓ તે અપ્સરા કહેવાય છે. એની સ્ત્રીનું નામ શચિ; ઇંદ્રને હજાર આંખ છે તેથી એને સહસ્રાક્ષ કહે છે. એ સ્વર્ગ, મૃત્યુ ને

પાતાળનો લોકપાળ કહેવાય છે. ઇચ્છે નહીં, ચ્હાય નહીં; (ઇંદ્રને) પરણવાની મરજી કરે નહીં.

૧૧૩. **મહામુનિ**, મોટા ઋષિ. **કોણ નામ**, શું નામ.

૧૧૪. **કવણ**, કયા.

૧૧૫. **વિદર્ભ દેશ**, દક્ષિણ હિંદુસ્તાનમાં આવેલો એક દેશ. હાલમાં એને બરાર (Berar–વરાડ) કહે છે; ભીમક રાજાનો દેશ.

૧૧૬. **રાજ્યાસન કરે છે**, રાજ્ય કરે છે; અમલ ચલાવે છે. સાધારણ ભાષામાં ' રાજ્યાસન કરવું ' વપરાતું નથી.

૧૧૭. **તારૂણી**, (**सं. तरुणी**), જુવાન સ્ત્રી **વજ્રવતી**, વિદર્ભ દેશના રાજા ભીમકની સ્ત્રી; દમયન્તીની મા. **નિદાન**, સંસ્કૃતમાં ' પ્રથમ કારણ ' એવો અર્થ થાય છે, તે ઉપરથી પરિણામ. અવ્યય તરીકે આખરે, છેવટે એવો અર્થ થાય છે. પ્રેમાનંદે નક્કીના અર્થમાં ' નિદાન ' શબ્દ વાપર્યો છે. સરખાવો. 'વિનેચટને કરાવ્યું સ્નાન, પછી ધરાવ્યું વસ્ત્ર નિદાન.' સા.વિ.વા.

૧૧૮. **પુણ્યદાન**, પુણ્યને સારૂં કીધેલું દાન; ધર્મનાં કામ. **અપાર**, પાર વગરના; ઘણાં; **સંતાન**, (**सं. सं+तन्**=વિસ્તારવું), વંશને–કુટુંબને વિસ્તારનાર–લંબાવનાર; વસ્તાર. **પણ...સંતાન**, પણ તેને છોકરાં થયાં નહીં.

૧૧૯. **દમન**, એક બ્રહ્મર્ષિ. તેના પ્રસાદથી ભીમક રાજાને ત્રણ પુત્ર ને એક પુત્રી દમયન્તી થયાં હતાં.

૧૨૦. **આતિથ્ય**, 'અતિથિ' ઉપરથી ભાવવાચક નામ. **અતિથિ**, (**सं. अत्**=ફરવું, ભટકવું), જે એક જગ્યાએ સ્થાયી ન રહે તે. ' **अ**=નહીં+**तिथि**=દિવસ ' આ ઉપરથી પણ લેવાય છે. પરંતુ તેમાં પણ અર્થ બેસાડવામાં મતભેદ છેઃ—(૧) તિથિએ તિથિએ–દરરોજ–ન આવનાર તે અતિથિ. (૨) તિથિ એટલે પર્વ. ઉત્સવ–એ સઘળાં જે મહાત્માએ તજેલાં છે તે. (૩) એક જગ્યાએ એકજ તિથિ—એકજ રાત્રી રહેનાર બ્રાહ્મણ. **આતિથ્ય**, અતિથિ—યાચકવૃત્તિવાળા પરોણાની સેવા; પરોણાચાકરી. **ખટરસ**, છએ રસવાળાં ભોજન; ભાતભાતનાં ભોજન. ૭ રસ નીચે પ્રમાણે છેઃ—ખાટો, ખારો, કડવો, કટાણો, તીખો ને મીઠો.

૧૨૧. **ક્ષુધા**, ભુખ.

૧૨૨. **ત્રિકાળજ્ઞાને**, ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળના

જ્ઞાનવડે–એ ત્રણ કાળની હકીકત જાણવાની શક્તિવડે. **વંઝાદોષ**, (**સં. વંધ્યાદોષ**), વાંઝણી–જેને છોકરાં ન થતાં હોય એવી હોવાનો દોષ. દોષ, ખોડ, ખામી.

૧૨૩. **ખરૂં કીધું**, નક્કી કીધું; ખાતરી કરી.

૧૨૪. **વરદાન**, (**સં. वर, वृ**=પસંદ કરવું; **दान, दा**=આપવું), ઇશ્વર, દેવ, દેવી ઇત્યાદિએ પ્રસન્ન થઇને ભક્તની ઇચ્છા પૂરી પાડી આપવાને તેને કહેલું જે વચન તે.

૧૨૫. **હશે...ધામ**, રૂપના ભંડાર થશે; ઘણાંજ સ્વરૂપવાન થશે.

૧૨૬. **એધાણી**, નિશાની; ચિહ્ન. **એધાણી...નામ**, મારા વરદાનથી છોકરાં થયાં છે તેની નિશાની દાખલ મારા નામ ઉપરથી તેમનાં નામ પાડજે.

૧૨૭. **પામીઆં અંતરધ્યાન**, (**સં. अन्तर्धान, अन्तर्+धा**=ગુપ્ત થવું), અલોપ થયા; અદર્શ થયા.

૧૨૮. **કેટલે દિવસે**, કેટલેક દિવસે; થોડાક દિવસ પછી.

૧૨૯. **ધર્યાં**, (**સં. धृ**=ધારણ કરવું) રાખ્યાં; પાડયાં. સરખાવો ક. ૩૫ ‘ હરખ્યો નળ થયું દિવ્ય કામ, નાગે બાહુક ધરિયું નામ. ’ ‘ધર્યું’ ના બીજા અર્થ માટે જુઓ લીટી ૪૫ તથા ૨૦૩.

૧૩૦. **ઉછર્યાં**, મોટાં થયાં.

૧૩૧. **મુખે...જાય**, તેનું મ્હોડેથી વર્ણ કરી શકાય નહીં.

૧૩૨. **ઉપમા**, (**સં. उप+मा**=સરખાવવું), મુકાબલો; સરખાપણું; સાદસ્ય. **અંગ...અપાય**, હે નળ, દમયંતી એવી તો સમ્પૂર્ણ કાન્તિવાન છે કે તેના અંગ–શરીરને બીજી કોઇ પણ વસ્તુ સાથે સરખાવી શકાતું નથી.

૧૩૩. **મેં**, મારાથી.

૧૩૪. **રૂપ કહો**, રૂપનું વર્ણન કરો. **વિસ્તારી**, (**સં. वि+स्तृ**=વિશેષ ફેલાવવું), વિસ્તાર કરીને; લંબાણથી.

૧૩૫. **નૈષધધણી**, નળરાજા.

૧૩૬. **કુંઅરી**, (**સં. कुमारी**), દીકરી.

૧૩૭. **વીખાણ**, વખાણ, (**સં. व्याख्यान, वि+आ+ख्या**=

તારીફ કરવી), તારીફ: ગુણ ગાવા તે. અહીંઆં 'વર્ણન'ના અર્થમાં છે. જુઓ લી. ૧૫૧, ૩૮૪, ૪૧૭ ને ૪૧૮. રૂડી...વિખાણ, દમયન્તી કેવી રૂપાળી છે તેનું વર્ણન કરો.

૧૩૮. **સુજાણ**, (**સં. સુજ્ઞાન, સુ=સારૂં+જ્ઞા=જાણવું**), દુનિયાદારીની જાણવાળો; પ્રવીણ; ચતુર.

૧૩૯. **અદ્‌ભુત**, અલૌકિક; નવુંજ; અસાધારણ. **વેશ**, (**સં. વિશ=** દાખલ થવું), લૂગડાંલત્તાં પહેરવાની, સણુગારવાની જે રીત તે; પોશાક-લૂગડાંનો દેખાવ; કાન્તિ. **ગુણ...વેશ**, ગુણ, ચાલ અને ચાતુરી એ અંદરનાં લક્ષણને માટે ને અદ્‌ભુત સુંદર વેશ એ બહારનાં લક્ષણ અથવા રૂપને માટે છે.

૧૪૦. **શેષ**, શેષનાગ; કશ્યપ ને કદ્રુનો પુત્ર; નાગનો રાજા. એનું અનન્ત એવું પણ નામ છે ને એને એક હજાર જીભ છે. એ હમેશાં પાતાળમાં રહે છે, અને ત્યાંના પ્રદેશનો અધિપ છે. પ્રલય કાલને વિશે નારાયણને રૂપે વિષ્ણુ તેના ઉપર શયન કરે છે. એણે રામાવતારમાં લક્ષ્મણનો અને કૃષ્ણાવતારમાં બળરામનો અવતાર લીધો હતો. એ પૃથ્વીને પોતાની ફેણપર ધારણ કરી રાખે છે તેથી તે ધરાધર પણ કહેવાય છે.

૧૩૯–૪૦. શેષનાગ પોતાની હજાર જીભથી તેના ગુણ, ચાલ અને ચતુરાઈને તથા અદ્‌ભુત સુંદર વેશને વર્ણવી શકે તેમ નથી, તો હું મારી એક જીભવડે તેનું શી રીતે વર્ણન કરી શકું. બરોબર વર્ણન કરવાની શક્તિ મારામાં નથી. સરખાવો લી. ૫૨૮.

૧૪૧. **બુદ્ધિ પ્રમાણે**, યથામતિ; મારી બુદ્ધિ ચાલે તે મુજબ. **માનની**, (**સં. માનિની**), માનવંતી સ્ત્રી; (રસશાસ્ત્રમાં) પ્રિયના ઉપર રીસે ભરાયલી પ્રિયા; ભારેખમ સ્ત્રી; માનની ઇચ્છા રાખનારી સ્ત્રી.

૧૪૨. **સાગર**, ઇક્ષ્વાકુ કુળના સગર રાજાને તેની સ્ત્રી વૈદર્ભીથી સાઠ હજાર છોકરા થયા હતા. સગરે કીધેલા યજ્ઞમાં ઘોડો ખોવાઇ ગયો તેની શોધ ઘણી કીધી પણ કંઇ જડયો નહીં, તેથી તેઓએ સમુદ્ર ખોદાવ્યો. આથી સમુદ્રની વૃદ્ધિ થઈ તેપરથી તેણે સગર પુત્રનું નામ ધારણ કીધું, તે અદ્યાપિ ચાલે છે. **પક્ષીજન**, પક્ષી. જુઓ લી. ૫૭.

૧૪૧–૧૪૨. જેવી રીતે વિશાળ સાગરમાંથી પક્ષી જળ-પાણીની

એક ચાંચ ભરે પણ તે કંઈ હિસાબમાં નથી તેમ દમયન્તીનું મારી શક્તિ પ્રમાણે વર્ણન કરૂં છું તે પણ કિંચિત્ માત્ર છે. સરખાવો 'વર્ણન કરૂં છું તાહારૂં, ગુણ તુજ અપરમપાર; સમુદ્રમાંથી પક્ષી હરે, એક ચંચનો હાર.' સા. વિ. વા. વલ્લભભટે શ્રીમદ્ ભાગવતમાં સ્કન્ધ ૧લો, અ. ૧લામાં એ-વીજ બે લીટી મૂકી છે:—'પણ બુદ્ધિમાને પ્રભૂજીનું, કરૂં છઉં વર્ણન; જેમ સાગરમાંથી ચંચ જળની ભરે પક્ષીજન.'

૧૪૩. **સોહાગ, (सं. सौभाग्य)**, શોભીતા.

૧૪૪. **અભિમાન મૂકી, (सं. अभि+मान्=**ઇચ્છવું), ગર્વ તજી દઈ-છોડી દઈ. **લજ્જા આણી**, લાજ પામી; શરમાઈ જઈને. **પાતાળ, (सं. पाताल)**, પૃથ્વીની નીચેનો પ્રદેશ. એનો અધિષ્ઠાતા અનન્ત–શેષ છે. એમાં નાગ રહે છે. પાતાલ સાત છેઃ–અતલ, વિતલ, સુતલ, મહાતલ, રસાતલ, તલાતલ, ને પાતાલ.

૧૪૩–૧૪૪. દમયન્તીનો ઘણો શોભીતો ચોટલો જોઇને નાગ તેના આગળ હલકો પડવાથી ગર્વ છોડીને શરમનો માર્યો પાતાળમાં જતો રહ્યો.

૧૪૫. **ભીમકસુતા**, ભીમક રાજાની પુત્રી; દમયન્તી. **વદન**, મુખ; મ્હોં. **સુધાકર, (सं. सुधा=**અમૃત**+आकर=**ખાણ), અમૃતની ખાણ અથવા તેનો જથો; ચંદ્ર.

૧૪૬. **ક્ષીણ પામી, (सं. क्षि, क्षय=**ઘસાઇ જવું), નિસ્તેજ થતો જઇ; કળાહીન થઈ. **આભ, (सं. अभ्र)**, વાંદળાં.

૧૪૫–૧૪૬. ભીમકસુતાનું જે વદન સુધાકર–મુખચંદ્ર તેની શોભા જોઇને ચંદ્રમા ઇ. પ્રત ૪માં 'દેખી નવ સોહાય' એવો પાઠ છે, તેનો અર્થ નીચે પ્રમાણેઃ–દમયન્તીના મુખરૂપ ચંદ્રને જોઈને આકાશના ચંદ્રને સોહાય નહીં, એટલે ઠીક ન પડે—ગમે નહીં. દમયન્તીના મુખચંદ્રની પોતાથી અધિક શોભા જોઈ ગ્લાનિ થવાથી ક્ષીણ પામીને તે આભમાં સંતાય છે એટલે પોતાનું મ્હોડું છુપાવે છે.

૧૪૭. **સૃષ્ટિ કરતાં, (सं. सृज्=**સરજવું), સૃષ્ટિ–દુનિયા ઉત્પન્ન કરતી વેળાએ. **તેજ**, પૃથ્વી, અપ (પાણી), તેજ, વાયુ ને આકાશ એ પંચ મહાભૂત (quintessence) માંનો એક; પ્રકાશ; શોભા. **પાત્ર**, વાસણ

૧૪૮. **પ્રજાપતિ**, જુઓ લીટી ૧૦૩. **ઘડયું**, (સં. **ઘટ્**=ઘડવું), બનાવ્યું; પેદા કર્યું.

૧૪૯. **શેષ**, (સં. **શિષ્**=રહેવા દેવું), બાકી રહેલું; વધારો. **વાધ્યું**, વધ્યું; રહ્યું. ખેરો, ભૂકો; કરચ; રજ. સરખાવો લી. ૪૩૨–૪૩૪.

૧૫૦. **વખાણભાવ**, વખાણમાં ગુપ્ત રહેલો અર્થ; મતલબ.

૧૫૧–૧૫૨. નળ નારદને કહે છે કે એ વખાણભાવ (ઉપલી બે લીટીમાં કીધેલા દમયંતીની ઉત્પત્તિના વર્ણનનો અર્થ) પહોતો નહીં–હું સમજ્યો નહીં. દમયંતી હમણાં અવતરી–પેદા થઈ, તો શું ચંદ્ર ત્યાર પહેલાં નહોતો ? ચંદ્ર પહેલાંથીજ હતો તેથી નળને આવો સવાલ ઉઠે છે.

૧૫૨. **અવતરી**, (સં. **અવ**=નીચે+**તૄ**=ઓળંગવું, તરવું), જન્મી; પેદા થઈ.

૧૫૪. **અવતારિ નહિ**, દમયન્તીને જન્મ આપ્યો નહીં; પૃથ્વીપર મોકલી નહીં. **ભરથાર**, (સં. **ભર્તૃ**, **ભૃ**=ભરવું), ભરણ પોષણ કરનાર; પતિ; વર. **પાખી**, વિના; વગર. **પણ...પાખી**, એના લાયક પૃથ્વીમાં કોઈ વર ન હોવાથી અત્યાર સુધી એને જન્મ આપ્યો નહીં.

૧૫૫. **વિરંચી**, બ્રહ્મા. જુઓ લી. ૧૦૪. **વૈદર્ભ નાંખી**, વિદર્ભ દેશમાં અવતાર આપ્યો. **ઉદય પામી**, (સં. **ઉત્**=ઉંચે+**ઈ**, **અય્**=જવું) બહાર પડી; પેદા થઈ.

૧૫૬. **સ્વામી**, પતિ; ભરતાર. **તે જો...સ્વામી**, જો તેને અહીંઆં પેદા કીધી તો એના લાયક કોઈ ભરતાર તેને માટે બ્રહ્માજીએ નિર્મ્યો હશે–પેદા કીધોજ હશે.

૧૫૭. **આગળ વિસ્તારો**, અગાડી વર્ણન ચલાવો; બાકીની શોભાનું વર્ણન સંભળાવો. જુઓ લી. ૧૩૩. **ભેદ**, (સં. **ભિદ્**=ભાગવું), ભાવ; ગુપ્ત અર્થ **એ...સાંભળીયો**, મારી શંકાનું નિવારણ થયું.

૧૫૮. **ચતુરા**. ચતુર, હોશિયાર સ્ત્રી; સ્ત્રી. **ટળિયો**. દૂર થયો.

૧૫૯. **મીન**, માછલું. **મધુકર**, (સં. **મધુ**=મધ+**કર**=કરનાર, **કૃ**=કરવું), ભમરો.

૧૬૦. **ભ્રૂકુટિ**, ભવાં; ભમ્મર.

મીન...ધર, દમયન્તીની આંખ ઘણી ચંચળ છે તે જાણીને લજ્જાથી

માછલાંએ પાણીમાં વાસ કીધો–રહેવા માંડ્યું, અને તેના ભમ્મર ઘણીજ કાળી જોઈ ભમરાએ શરમાઇને કમળમાં વાસ કીધો. મીનનો વાસ પાણીમાં અને ભમરાનો વાસ કમળમાં છે તે દમયન્તીના રૂપની ઈર્ષાથી કીધો એવું કવિ કલ્પે છે.

૧૬૧. **નાસિકા,** નાક **વેસર,** નાકની વાળી; વીટલી. **કળાધર,** પોતાનાં પીછાં ઉભાં કરી તથા પ્રસારીને કળા કરે છે તે પરથી પડેલું મોરનું નામ; મોર. **કીર,** પોપટ.

૧૬૨. **ધીર,** ધૈર્ય; ધીરજ.

૧૬૧–૬૨. પોતાની કળાના આકાર કરતાં સુંદર અને ગોળ એવી દમયન્તીની વીટલી જોઈ મોર, અને દમયન્તીનું સુંદર અણીઆળું નાક જોઈને પોપટ, શરમાઇને ધીરજ ન રાખી શક્યા, તેથી તેઓ જંગલમાં (પોપટ) ને પહાડપર (મોર) જઈ રહ્યા. જુઓ લી. ૫૮૦.

૧૬૩. **અધર,** નીચલો હોઠ; હોઠ. **વેધ્યું,** વીંધ્યું; છિદ્રવાળું કીધું. **પ્રવાળી,** (**सं. प्रवाल**), પરવાળું; એક જાતના દરિયાઈ જીવડાએ બનાવેલું ચાકનું લાલ રંગનું ઘર. પરવાળાના રંગની હોઠને ઉપમા અપાય છે.

૧૬૪. **કામની,** (**सं. कामिनी, कम्**=ચ્હાવું), પ્રેમ–હેત રાખનારી સ્ત્રી; સ્ત્રી. કંઠ, સાદ; અવાજ; સ્વર. **કોકીલા...કાળી,** દમયન્તીનો મધુર સ્વર સાંભળીને કોયલ અદેખાઈથી બળીબળીને કાળી થઈ ગઈ. કોયલનો ટૌકો મધુર ગણાય છે. સ્ત્રીના કંઠને એના સ્વર સાથે સરખાવવામાં આવે છે. સરખાવો 'કંઠકોકિલા કપોત, જ્યોત પોતની રે લોલ.' વલ્લભ સ. ગ. 'તારો કંઠ સુણી કોકિલા થઈ દીન.' દયારામ–રાધિકાનું વખાણ.

૧૬૫. **રસના વાણી,** રસના–જીભની વાણી; શબ્દોચ્ચાર.

૧૬૬. **કુંવારી,** (**सं. कुमारी**), પરણ્યા વગરની. **સંસાર...ત્યાગ,** દુનિયા તજી દીધી; દુનિયાદારીથી દૂર રહી.

૧૬૭. **દાડમ,** (**सं. दाडिम**), એક જાતનું ફળ. એના દાણા–બીજ સાથે દાંતને સરખાવવામાં આવે છે. **દંત...ફાટ્યું,** દમયન્તીનાં દાંતની ગોઠવણ જોઈને તે ન ખમાયાથી દાડમ ફાટ્યું. જુઓ ક ૨૭ 'શોભીતા દાડમ બીજ રદ જ્યમ, ચિબુક મધુકર બાળરે.' **કપોત,** જેની ડોકે રંગની છાંટ હોય છે તે ખબુતર. એની ડોક સાથે સ્ત્રીની ડોકને સરખાવવામાં

આવે છે. સરખાવો 'તારી ગ્રીવાએ કપોત કંબુ રેખા રાજે રે.' દયારામ-રાધિકાનું વખાણ. 'ગ્રીવા પોતકપોત શી, ઉજ્વળ ઓપિત વાન.' ગ્રા. નં. ૫. **સંતાડે મ્હોને**, લોકની નજરથી દૂરનો દૂર એકાંતમાં જઈ રહે છે.

૧૬૮. **નાદ કરતો**, સાદ કરતો; બૂમ મારતો **કપોત...કોને**, દમયન્તીની ડોક–ગરદન ઘણી ભરાવદાર જોઇને કપોત પક્ષી શરમનો માર્યો અવાજ કરતો વનમાં ફરે છે ને કહે છે કે મારૂં દુઃખ કોના આગળ કહું.

૧૬૯. **કુચ**, સ્તન. **હાર્યું**, હાર પામ્યું; હલકું પડયું. **કુંજરકૂળ**, હાથીનો વર્ગ; હાથી.

૧૬૯–૭૦. દમયન્તીનાસ્તનની કઠણાશ આગળ હાથીના કુંભસ્થળની કઠણાશ પણ હલકી પડી, તેથી હાલતાં ચાલતાં હાથી પોતાના માથા પર ધૂળ ઉરાડે છે. સરખાવો ક. ૨૭ 'ગુચ્છ કુસુમ ઉદે, કુચરૂદે, કુંજરકુંભ-સ્થળ માન રે.'

૧૭૧. **હસ્ત કમળ**, હાથરૂપી કમળ; હાથ તેજ કમળ (ક. સ.) **હસ્ત...ઘર**, દમયન્તીના કમળ જેવા હાથ–હથેલીની શોભા ખરા કમળની શોભા કરતાં વધારે હોવાથી કમળને શરમ લાગી ને તેથી તેણે પાણીમાં રહેવા માંડયું.

૧૭૨. ઉદર, પેટ. **સરોવર**, (**સં. सरस्**=તળાવ+**वर**=મુખ્ય), મોટું, વિશાળ તળાવ. સરખાવો કવિવર, તરૂવર, મુનિવર. **ઉદર સરોવર**, દમયન્તીનું તરતું પેટ જોઈ સરોવર પણ લજ્જાથી સુકાઇ ગયું.

૧૭૩. **રંજયા**, (**સં रञ्ज्**=ખુશી કરવું), ખુશી થયા; આનંદ પામ્યા.

૧૭૪. **જંઘા**, જાંગ. **વંઝા**, (**સં. वन्ध्या**), વાંઝણી; છોકરાં ન થતાં હોય તેવી સ્ત્રી. **કાકવંઝા**, (**સં. काकवन्ध्या**), કાગડાની પેઠે બીજીવાર વિઆય નહીં તે. કેળ એકજ વાર ફળે છે. સરખાવો 'કેળ ફળે એક વાર ને વાઘણ જણે પણ એકજ વાર' **દમયન્તી...વંઝા**, દમયન્તીની જાંગ કેળના કરતાં પણ .[illegible] ..[illegible]ડાર અને સુંદર હોવાથી કેળને ઈર્ષા લાગી ને તેથીજ તે કાકવંઝા રહી.

૧૭૫. **દોષ રહીતા**, દોષ રહિત; ખોડ ખાંપણ વિનાની. **રહિત**, (**સં. रह्**=છોડી દેવું), વિનાનું. **ગીતા**, (**સં गै**=ગાવું), કવિતારૂપે વખાણ.

૧૭૬. **વાચક**, (**સં. वाक्य, वच्**=બોલવું), વાણી; શબ્દ; વચન.

નહિ...તોલે, તે તારૂણી–જુવાન સ્ત્રીની બરોબરી કરી શકે તેવું કાંઇ નથી; એવી કોઇપણ વસ્તુ નથી કે જેની સાથે દમયન્તીને સરખાવી શકાય.

૧૭૮. **કટી**, કેડ, કમ્મર. સિંહના જેવી સાંકડી કેડ શરીરની શોભા ગણાય છે. **ઘટી**, ઓછી થઈ જોઇ...**ઘટી**, દમયન્તીની કેડ ઘણી પાતળી છે એવું જોઈને સિંહનું પોતાની પાતળી કેડ વિશેનું અભિમાન ઓછું થયું, અને તેથી તેની સંખ્યાનો ઘટાડો થયો.

૧૭૯. **ચટપટી**, અકળામણ; સંતાપ; ચિંતા. **ચાલ્ય**, ચાલ, ચાલવાની રીત–ઢબ. સ્ત્રીની ચાલને હંસની ચાલ સાથે સરખાવવામાં આવે છે. **ગોરી**, (**સં. गौरी**), કુંવારી છોકરી. **મટી**, હલકી પડી. **હંસને... મટી**, દમયન્તીની ચાલ હંસની ચાલ કરતાં સારી હોવાથી હંસના મનમાં ઘણો સંતાપ થવા લાગ્યો.

૧૮૦. **રામા**, (**સં. रम्**=રમવું), સુંદર સ્ત્રી. **રામાઅંગની**, રામાના–સ્ત્રીના–દમયન્તીના અંગની–શરીરની. **રોમાવળી**, (**સં. रोम**= ચામડી પરની રૂંવાટી+**आवलि**=હાર), રૂવાંટીની હાર. **દવ**, વનમાં લાકડે લાકડાં ઘસાયાથી એની મેળે જે આગ લાગે છે તે; અગ્નિ; દાવાનળ.

૧૮૧. **રહ્યાં જળહળી**, પ્રકાશી રહ્યા; ઝળકી રહ્યા.

૧૮૨. **પગપાની**, પગની પાની. **પાની**, (**સં. पार्ष्णि**), એડી. સ્ત્રીની પાનીના રંગને અળતાના રંગ સાથે સરખાવવામાં આવે છે. **અળતો**, (**સં. अलक्त**), લાખનો રંગ; પોથીનો રંગ. **અબળા**, (**સં. अबला**, **अ**=અલ્પ+**बला**, **बल**=જોર), અલ્પ બળવાળી; સ્ત્રી. **પાગે**, પગે. **લળતો**, નમતો.

૧૮૩. **નેપુર**, (**સં. नूपुर**), સ્ત્રીઓના પગનું ઘરેણું; ઝાંઝર. **નાદ**, શબ્દ; અવાજ; ઝણકાર. **ગાંધર્વ**, ગંધર્વ; દેવના ગવૈયા; સ્વર્ગના ગાનારા; એ અડધા મનુષ્ય ને અડધા દેવ છે. કશ્યપની તેર સ્ત્રીમાંની અરિષ્ટાથી ગંધર્વ ઉત્પન્ન થયા છે. **સાથ**, ટોળું; સમુદાય. **નેપુર...બળતો**, ગંધર્વનું ગાયન ઉત્તમ ગણાય છે; તેમના ગાયન કરતાં સારો સુર દમયન્તીના નૂપુરમાંથી નીકળતો સાંભળી સઘળા ગંધર્વના મનમાં બળાપો થવા લાગ્યો.

૧૮૪. **વરણ**, (**સં. वर्ण**), રંગ. **ચંપક**, ચંપાનું ફૂલ; ચંપો; આ જગાએ સોનચંપો અથવા પીળો ચંપો. છેક ગોરી ચામડી ખુબસુરતીનું

લક્ષણ ગણાતી નથી. ચંપકવર્ણી દેહ વખણાય છે. સરખાવો લી. ૧૯૭. **રાજવું**, દીપવું; શોભવું. જુઓ લી. ૬૨ની ટીકા. **વરણથી...તજીયો**, વર્ણમાં-રંગમાં ચંપો દમયન્તીથી ચઢ્યો નહીં તેથી ભમરાએ તેની પાસે જવાનું બંધ કીધું. સરખાવો, 'ચંપા તુજમે તીન ગુણ, રૂપ રંગ ઔર બાસ; પણ એક અવગુન તુજમે ભયો, કે ભ્રમર ન આવે પાસ.'

૧૮૫. સજિયું, (સં. सृज्=પેદા કરવું), ઉત્પન્ન કીધું. **બીજું... નીપજિયું**, દમયન્તીના જેવું બીજું કોઇ પેદા થયું નથી.

૧૮૬. **સણગાર**, (સં. **शृंगार**), સારાં વસ્ત્ર ધરેણાં; વસ્ત્રાભૂષણ; તે પરથી, એકાદી વસ્તુને (શરીરને) શોભાવનાર, તેને અડકેલો જે સાજ-સામાન તે. **હવે...સોળ**, હવે તેના સોળે સણગારનું વર્ણન કરૂં છું.

૧૮૬-૯૫ માં સોળ સણગારનાં નામ આપ્યાં છે તે નીચે મુજબઃ- ૧. મંજન; ૨. ચીર; ૩. હાર; ૪. તંબોળ; ૫. અરગજાનો રોળ; ૬. શીશફૂલ; ૭. રાખડી; ૮. ચુની; ૯. ગોફણો; ૧૦. કટી મેખળા; ૧૧. ગળુબંધ; ૧૨. મુક્તાહાર; ૧૩. કંકણ ને ચુડી; ૧૪. નેપુર; ૧૫ અણુવટ ને વીછુવા; ૧૬. ઝાંઝરી. સોળ સણગાર કયા કયા તે વિષે કવિઓમાં મતભેદ છે. જુઓ નર્મકવિતા આ. ૩ જી, પાનું ૫૧૩, તથા દયારામકૃત કાવ્ય સંગ્રહ, પાનું ૫૬૨.

૧૮૬. **મંજન**, ચોળી ઘસી સ્વચ્છ કરવું તે. **ચીર**, સ્ત્રીને પહેરવાનું સારૂં રેશમી લુગડું. **હાર**, ફૂલનો હાર. **તંબોળ**, (સં. **तांबूल**),ખાવાનાં પાન.

૧૮૭. **કલ્લોળ**, (સં. **कल्लोल**), મોજાં; લ્હેર; તે ઉપરથી, સુગંધના કલ્લોલ ઉઠે એટલે સુગંધી બ્હેક બ્હેક થઈ રહે છે. **અરગજો**, ઘણી જાતની સુગંધી મેળવીને તૈયાર કરેલો જે પીળો ભૂકો તે. **રોળ**, વ્યાપી રહેવું તે.

૧૮૮. **શીશફૂલ**, માથે પહેરવાનું એક ઘરેણું. **રત્નરાખડી**, રત્નજડિત રાખડી. **રાખડી**, (સં. **रक्षा**, **रक्ष्**=રક્ષણ કરવું), વિઘ્ન-સંકટ ન નડે ને આવરદા સુખ વધે એવા હેતુથી હાથને કાંડે જે દોરાવડે ગુંથેલું ઘરેણું સ્ત્રીઓ પહેરે છે તે. **ભમરમાં**, બે ભમરની વચ્ચે; નિલવટ-પર. **ચુની**, માણક, નીલમ, પોખરાજ, સફેદ હીરા વગેરેની કરચ. **શોભે ...જડી**, નિલવટપર ચોઢેલી ચુની શોભે છે.

૧૮૯. **ગોફણો**, સ્ત્રીઓને અંબોડે લટકતું રાખવાનું સોના રૂપાનું ઘુઘરીવાળું ઘરેણું. **અંગશું અડી**, શરીરની સાથે અડકીને. **કટિમેખળા**, કટિનીમેખળા કેડે પહેરવાનો કંદોરો. **ગોફણો...વઢી**, ગોફણો કેડના કંદોરાની સાથે લઢી પડતો હોય એમ દેખાય છે, મતલબ કે ચોટલો લાંબો હોવાથી તે કેડ સુધી પહોંચે છે, ને તેની સાથે અથડાય છે.

૧૯૦. **ગળુબંધ**, ગળાનું ઘરેણું; ગળચવો. **નવરંગ**, ઘણા રંગવાળો; અનેક રંગના રત્નોથી જડેલો. **મુગતાહાર**, (**સં. मुक्ताहार**), મોતીનો હાર. **ગળુબંધ...સંગ**, કંઠે નવરંગ ગળુબંધ છે ને તેની સાથે એ મુક્તાહાર છે.

૧૯૧. **ગિરી**, (**સં. गिरि**), પર્વત. **શકે...ગંગ**, દમયન્તીના બે મોતીના હાર જાણે તેનાં સ્તન રૂપી પર્વતને ફાડી ગંગા નદી વહેતી હોય તેવા દેખાય છે.

૧૯૨. **વાયે**, પવનથી. **ઓઢણી**, છોકરીઓને શરીર અને માથે ઓઢવાનું જે લુગડું તે. **ખળકે**, અવાજ કરે છે; અનુકરણવાચક શબ્દ છે. જુઓ અગાડી રણુકા, ઝણુકા, ઠણુકા, ઝાંઝરી. **કંકણ**, સોનારૂપાનું કાંડા ઉપર પહેરવાનું જે કાંગરાવાળું ઘરેણું તે. **કર**, હાથ–હાથે. **ચુડી**, સ્ત્રીઓને હાથે પહેરવાનું સોનાની ચીપથી મઢેલું અથવા સાદું લાકડાં, કચકડાં, દાંતનું ગોળાકાર ઘરેણું.

૧૯૩. **રતિ**, કામદેવની સ્ત્રી. એ ઘણી સ્વરૂપવાન હતી. જુઓ 'કામ' લી. ૫૮. **સંભ્રમ**, (**સં. सं+भ्रम**=ગભરાવું), ભ્રમણા, બહાવરાપણું. **રૂપે...બુડી**, તેનું રૂપ જોઇને રતિ પણ પોતાના રૂપની મહતા ઘટશે એવી ધાસ્તીથી બાવરી બની ગઈ.

૧૯૪. **ઝણુકા**, ઝણુકાર; રણુકા. **અણુવટ**, પગને અંગુઠે ઘાલવાનું ઘુઘરીવાળું રૂપાનું ઘરેણું.

૧૯૫. **અંગુળી**, (**સં. अङ्गुलि**), આંગળિઓ; પગના અંગુઠા શિવાયની આંગળીઓ. **વીછવા**, પગની આંગળીઓએ પહેરવાનું રૂપાનું ઘરેણું; છવીટીઆ. **ઝાંઝરી**, ઝાંઝર; સ્ત્રીઓને પગે પહેરવાનું ગુંથણનું ઝીણી ઝીણી ઘુઘરીવાળું રૂપાનું ઘરેણું.

૧૯૬. **એળે**, ફોકટ; મિથ્યા. સરખાવો–વર્ષ પાણીમાં નાખ્યાં; જીવતરનું સાર્થક કીધું નહીં.

૧૯૭. **જાણે**, (सं. **जाने**), આમ હોયની શું એવો અર્થ સૂચવે છે. ઉત્પ્રેક્ષાવાચક શબ્દ છે. **કનકની લોઈ**, સોનાના રંગની લુગદી. તેના શરીરનો વર્ણ કનકના જેવો હતો પણ તે ઘણીજ સુકુમાર હતી.

૧૯૮. **ભાગીરથી**, ગંગા. સગર રાજાના ભગીરથ નામના એક વંશજે પોતાના પૂર્વજોનો ઉદ્ધાર કરવા સારૂ તપશ્ચર્યા કરીને ગંગાને સ્વર્ગમાંથી મૃત્યુ લોકમાં આણ્યાં સ્વર્ગમાંથી નીચે પડતાં તેનો ધોધ કોઇથી ઝીલાય નહીં, માટે શિવે તેને પોતાની જટામાં લઇ લીધાં. જ્યારે ભગીરથે શિવને વિનવ્યા ત્યારે એણે એક લટ છોડી પ્રવાહ ચલાવ્યો. આ ઉપરથી એ ભાગીરથી કહેવાય છે. **જેમ...સર્વથી**, નદીઓમાં જેમ ગંગા શ્રેષ્ઠ ગણાય છે તેમ સર્વ સ્ત્રીઓમાં દમયન્તી છે.

૧૯૯. **ત્રણ લોક**, સ્વર્ગ, મૃત્યુ, ને પાતાળ. **જાણે...મથી**, સમુદ્રનું મંથન કરી (વલોવી) તેમાંથી કાઢેલાં ચોદ રત્નમાંની રંભાજ જાણે હોયની તેવી એ છે.

૨૦૦. **ઇંદ્રાદિક**, ઇંદ્ર છે આદિ–પહેલો જેમાં તે (બહુ. સ.), ઇંદ્ર વગેરે દેવો. **મહેલા**, (स. **महिला**), સ્ત્રી. **મનમાં નવ ધરે**, દરકાર કરતી નથી; ગણતી નથી; લેખવતી નથી.

૨૦૧. **અશ્વિનીકુમાર**, (सं. **अश्विनीकुमार**), સુવર્ણા નામની સૂર્યની સ્ત્રીએ એનું તેજ ન ખમાયાથી અશ્વિની–ઘોડીનું રૂપ ધારણ કર્યું; સૂર્યે અશ્વરૂપ ધારણ કરી તેનાથી એ સુંદર જોડ પુત્ર ઉત્પન્ન કીધા તે અશ્વિની-કુમાર. એ બન્ને અશ્વિનીના નાકમાંથી નીકળ્યા હતા. એ દેવના વૈદ્ય છે. **પળે**, (सं. **पलाय्**, **पला–परा+इ**=જવું), જાય; દોડે. **અશ્વિની...તળે**, અશ્વનીકુમાર તે સ્ત્રીની અગાડી અગાડી દોડે છે પણ તેના તરફ તે નજર સરખી પણ કરતી નથી.

૨૦૨. **પુતળું**, (सं. **पुत्तल**), અહીંઆં ખુબસુરત સ્ત્રીના અર્થમાં આ શબ્દ વાપર્યો છે. એ લાડવાચક શબ્દ છે. સરખાવો લી. ૩૪૬ માં 'પુતળું.'

૨૦૩. **દમ્યું જગત**, જગતને–જગતના પ્રાણીને દુઃખ દીધું. એના અતિસુંદર રૂપને લીધે લોકો ઈર્ષા વગેરેથી દુઃખ પામ્યા.

૨૦૪. **જોગી**, (सं. **योगी**), વિરાગી; ત્યાગી; જેણે સંસાર વિષય

ઉપરથી ભાવ ઉઠાવ્યો હોય તે. **સર્વસ્વ**, પોતાનું સઘળું. **તીર્થ**, ધર્મક્ષેત્ર; જેમાં ન્હાવાથી પાપ જાય ને પુણ્ય લાગે એવું પાણીનું સ્થાન–નદી, સરોવર; તીર્થ ૬૮ ગણાય છે. **સમસ્ત** સઘળાં.

૨૦૫. **હીમાળે**, (**सं. हिमालय, हिम**=બરફ+**आलय**=ઠેકાણું), હિમાલય પર્વતપર. **અસ્ત**, (**सं. अस्थी**), હાડકાં. **ગાળ્યાં**...**હસ્ત**, જેણે હિમાલય પર્વતપર જઈને તપ કરવામાં પોતાનાં હાડકાં ગાળી નાખ્યાં હશે તે દમયંતીનો હાથ ઝાલશે; એટલે તેને પરણશે.

૨૦૬. **સબળ**, ઘણાં; પુષ્કળ. **રૂધિર અટવાચું** લોહી ધમ ધમ વહેવા લાગ્યું; લોહી ઉકળવા લાગ્યું. **પળ પળ**, દર પળે; નિરંતર.

૨૦૭. **કળ**, (**सं. कला**). કળા; યુક્તિ.

૨૦૮. **કહેણુ**, કહેવું તે; સંદેશો **મારૂં**...**લાગે**, મારા કહેવાની તેનાપર અસર ન થાય; મારી મારફત સંદેશો મોકલવાથી તારી મતલબ સરશે નહીં. **તારે માગે**, તારી તરફનું માગું કરવાને માટે.

૨૦૯. **મોહ**, રૂપ ગુણ, કર્મમાં રહેલી જે શક્તિથી સામાનું ચિત્ત પરવશ થઇ રહે તે. **મોહનાં બાણ** જુઓ 'કામ' લી. ૫૮. **બ્રહ્મચર્યવ્રત**, સ્ત્રીનો સંગ ન કરવો એવું જે પુરૂષનું વ્રત–નિયમ તે. જુઓ 'નારદ' લી. ૯૨, તથા 'બ્રહ્મચારી' લી. ૪૫૯. **ભાગે**, તુટે.

૨૧૧. **લાગ્યું**...**ધ્યાન**, દમયંતીનાજ વિચાર મનમાં આવવા લાગ્યા; તેનીજ લ્હે લાગી. **કામજ્વર**, કામને લીધે આવેલો તાવ. **વહ્નિસમાન**, અગ્નિ–દેવતાના જેવો.

૨૧૨. **વગડાની ઓષધિ**, જંગલમાંની વનસ્પતિ દવા; રાનની જડી બુટ્ટી.

૨૧૩. **તાપ**, તાવ **શમાવે**, (**सं. शम्**=શાંત થવું), શાંત પાડે; દૂર કરી શકે.

૨૧૪. **મંત્રી**, (**सं. मन्त्र्**=મસલત કરવી), સલાહકાર; પ્રધાન; વજીર.

૨૧૫ **નીલાં વસ્ત્ર**, ઘેરા આસમાની રંગનાં કપડાં; ગળીનાં રંગનાં–ગળીએર કપડાં.

૨૧૬. **અનંગ**, (**सं. अन्**=વિનાનું+**अंग**=શરીર), કામદેવનું અંગ શિવે બાળી નાંખ્યું હતું તેપરથી પડેલું તેનું નામ. જુઓ 'કામ' લી. ૫૮.

અનળ, (સં. अनल), અગ્નિ. **અનંગઅનળ**, કામનો અગ્નિ; કામાગ્નિ. **નળને પ્રગટ્યો**, નળમાં વ્યાપ્યો; નળરાજા કામાગ્નિથી પીડાવા લાગ્યો.

૨૧૭. **હચે**, ઘોડાપર. લાગ્યો...**થાવા**, ગભરાવા લાગ્યો; બાવરો થયો.

૨૧૮. **વાઘો**, વાગો; ગરદનથી તે ઘુંટણ સુધી પહેરવાનું વસ્ત્ર; પોશાક. **મૃગયા**, (સં. मृग=શોધવું), શિકાર.

૨૧૯. **અઘોર**, ભયંકર; બિહામણું; ભયાનક. **માનસરોવર**, હિમાલયપર વૈદ્યુત શિખરની તળેટી પાસે આવેલું સરોવર. એમાંથી સરયૂ નદી નીકળેલી છે. **સાર**, સારૂં; ઉત્તમ. કવિતામાં વપરાય છે.

૨૨૦. **સુભટ**, જોદ્ધો; લડવૈયો. **એકલો...ગમ્ય**, એકલો હોવાથી કંઈ સૂજ પડી નહીં.

૨૨૧. **રમ્ય**, આનંદ પમાડે તેવું; રમણીય. **વન...રમ્ય**, આ વનના તથા ક. ૧૪ મામાં દમયન્તીના ઘરની વાડીના વર્ણન સાથે સરખાવો પ્રે. ભા. અ. ૧૫, ક. ૫૧ માંનું વૃંદાવનનું વર્ણન.

૨૨૨. **વારૂ**, (સં. वरम्), સારાં; વિશેષણ. જુઓ લી. ૮૭૯. **અનંક**, (સં. अन्+अङ्क), અંક વગરના; અગણિત; અસંખ્ય.

૨૨૩. **નાનાવિધનાં**, અનેક પ્રકારનાં; તરેહ તરેહનાં. **વંક**, વાંકાં.

૨૨૪. **મોગરો...રહ્યો**, મોગરો ફૂલનાં ઝુમખાના ભારથી નમી ગયો છે—લચી ગયો છે. **મગી**, મઘી—મ્હેકી રહેલી છે. **અરણી**, એક જાતનું સુગંધીદાર ફૂલવાળું ઝાડ. એનાં લાકડાંને એક બીજા સાથે ઘસવાથી અગ્નિ પેદા થાય છે; હુક્કાની નળ એની બને છે. એનાં ફૂલ ચંપેલીનાં જેવાં ધોળાં અને સુવાસિત હોય છે. **મરેઠી**, એક જાતનો ખુશબોદાર ફૂલવાળો છોડ.

૨૨૫. **અગથિયા**, (સં. अगस्ति), એક જાતનું ઝાડ. એનાં ફૂલ શ્રાદ્ધમાં તથા ખાવાના કામમાં આવે છે. **અરેઠી**, અરીઠી; અરીઠાનું ઝાડ.

૨૨૬. **કદળી થંભ**, (સં. कदलीस्तम्भ), કેળનું થડ. **સાકર... શેલડી**, સાકરના જેવી મીઠી શેરડી.

૨૨૭. **લવિંગલતા**, લવેંગનું ઝાડ. સંસ્કૃત કવિઓએ 'લવંગલતા' વાપરેલું છે તે પરથી પ્રેમાનંદે લીધેલું હોય એમ લાગે છે. ખરૂં જોતાં લવેંગનો વેલો થતો નથી. જુઓ લી. ૫૭૫. **લલિત**, સુંદર. **વિરાજે**, (સં.

વિ=વિશેષ+**राज्**=પ્રકાશવું), શોભે. **વેલડી**, (**સં. वल्ली**), નાનો વેલો. **વૃક્ષવેલડી**, ઝાડની આસપાસ વીંટાયલા વેલા.

૨૨૮. **નાળીકેરી**, નાળીએરી. **નૌત્તમ**, (**સં. नवतम, नव**=નવું +**तम**=સર્વસાપેક્ષ તુલના દર્શક પ્રત્યય), ઘણી શોભીતી; ઉત્તમ. **નીચાં... નેત્ર**, તેમાં નેત્ર—નેતરનાં ઝાડ લાંબાં ઉગવાથી નીચાં નમ્યાં—વળી ગયાં હતાં.

૨૨૯. **ફોફળી**, (**સં. पूगफली**), સોપારીનું ઝાડ. **ફાલસિ**, ફાળસાનું ઝાડ. **ખજુર ખારેક**, ખજુર અને ખારેકનાં ઝાડ જૂદાં ન હોવા છતાં અહીંઆં તથા લી. ૫૪૫ માં તેનાં ઝાડ જૂદાં હોય એવી રીતે લખ્યું છે. **ક્ષેત્ર**, ખેતર; વનનાં વન; પુષ્કળ ઝાડ.

૨૩૦. **પીપળો**, (**સં. पिप्पल**), એક જાતનું પવિત્ર મનાતું મોટું ઝાડ. એની નીચે બેસીને શ્રાદ્ધાદિક કર્મ કરવામાં આવે છે. એ વિષ્ણુપ્રિય કહેવાય છે ને એની લોક પ્રદક્ષિણા કરે છે. **પીપળિ**, એક જાતનું ઝાડ. **ગુલર**, ઉમરડો; એને અંજીરના જેવા ટેટા થાય છે. **પાલાશ**, ખાખરનું ઝાડ.

૨૩૧. **નિરખ્યું**, (**સં. निरीक्ष्, निः**+**ईक्ष्**=તપાસીને જોવું), સારી પેઠે ધારી ધારીને જોયું; નિહાળ્યું. **ચોપાસ**, (**સં. चतुष्पार्श्व**, **चतुः**= ચાર+**पार्श्व**=બાજુ), ચારેગમ.

૨૩૨. **આંબાસાખ**, ડાળ ઉપર ગળવા આવેલી કેરી. **બાબચિ**, (**સં. बाकुची**), બાવચી; એક વનસ્પતિ—વસાણું. **બીજોરી**, લીંબુની જાતનું એક ફળ ઝાડ.

૨૩૪. **કુમુદનિ**, (**સં. कुमुदिनी**), ચંદ્રપ્રકાશથી ખીલતાં ધોળાં કમળ—કુમુદનાં ફૂલનો વેલો. **પ્રહાર**, (**સં. प्र**+**हृ**=મારવું), માર; ઝપાટો.

૨૩૬. વાયુ શીતળ—ઠંડો હોવા છતાં નળ કામ પીડિત હોવાથી તેના શરીરને તે વહ્નિના સરખો ગરમ લાગ્યો. સરખાવો લી. ૬૪૨.

૨૩૭. **નગ્નવૃક્ષ**, પાંદડાં વિનાનાં થડ. **આલિંગન**, (**સં. आ**+**लिङ्ग्**=ભેટવું). ભેટવું તે.

૨૩૮. **રંભન**, ચુંબન કરતાં જે ધ્વનિ—અવાજ થાય છે તે. **રંભન ચુંબન**, રંભન સહિત ચુંબન. સરખાવો 'કરે રંભન ચુંબન કંઠે ઝુમે, નથી તૃપ્તિ કંદર્પે ધુમે.' પ્રે. ભા. અ. ૩૩, ક. ૯૪.

૨૩૯. **મેગળ**, (**सं. मदकल, मद्**=હાથીના કુંભસ્થળમાંથી ઝરતો રસ+**कल्**=અવાજ કરવો), મદને લીધે અવાજ કરે છે જે તે; હાથી. **ત્રાડે**, બૂમ મારે; બરાડે. નળરાજાનું મન વિહ્વલ હોવાથી તેણે આ પ્રમાણે ચેષ્ટા કીધી.

૨૪૦. **હંસ**, લાંબી ગરદનનું અને કુમળાં હલકાં પણ ભરાઉ પીંછાંવાળું, સુશોભિત, તળાવ–સરોવરને તીરે રહેતું પક્ષી. એ પોતાની ખુબસુરતી ને ચાલવાની છટાથી સૌને આનંદ પમાડે છે એ સરસ્વતી ને બ્રહ્માનું વાહન કહેવાય છે. સ્ત્રીની ચાલને એની ચાલની ઉપમા અપાય છે. દૂધપાણી ભળેલાં હોય તો તેમાંથી દૂધ દૂધ પી જઈ પાણી છૂટું પાડવાની એનામાં શક્તિ છે એમ કહેવાય છે. **સુવરણ**, (**सं सुवर्ण**), સોનું.

૨૪૨. **દીસ**, દિશા. **નહોતું...અનુક્રમી**, જો હું દિશા અનુક્રમી–ઓળંગી અહીંઆં આવ્યો તો મેં કદી નહોતું દીઠું તે દીઠું. અનુક્રમી શબ્દનો અર્થ ઓળંગી કરવો પડે છે, જો કે એ અર્થને માટે અતિક્રમી જેવો શબ્દ જોઈએ. ભાવાર્થ એવો લાગે છે કે હું આટલે દૂર નીકળી આવ્યો તો મેં આવી નવાઈ જેવી વસ્તુ જોઈ. આ અર્થને પ્ર. ૨ જી ના પાઠથી પુષ્ટિ મળે છે. મેં નહોતું દીઠું તે દીઠું તેથી અનુક્રમી એટલે અનુક્રમીં–અનુકૂળ દીસ–દહાડો આવ્યો એમ કેટલાક લે છે. પહેલો અર્થ પસંદ કરવા લાયક લાગે છે.

૨૪૪. **હાથ પડે**, હાથમાં આવે; પકડાય; મળે. **પાળું**, (**सं. पाल्**=રક્ષણ કરવું), પોષણ કરૂં.

૨૪૫. **દુ:ખ...નાખું**, દુ:ખના દહાડા ભૂલી જાઉં.

૨૪૬. **શરપ્રહાર**, બાણનો માર. **થાય નિધન**, નાશ પામે; મરીજાય.

૨૪૭. **ગ્રહણ...જીવતું**, તેથી એ પંખીને જીવતું પકડવું જોઇએ. **વિમાસવું**, (**सं. वि+मृष्**=વિચાર કરવો), વિચારવું.

૨૪૮. **એવે**, એટલામાં. **પૃથ્વીમાંય**, પૃથ્વીપર; જમીનપર.

૨૪૯. ઝાડના થડ પાસે–થડને અઢેલીને. એક પગપર ઉંઘતો ઉભેલો દીઠો.

૨૫૦. **ભેદ**, યુક્તિ; કપટ. **પરવરિયો**, જુઓ 'પરવરૂં' લી. ૨૮.

૨૫૧. **અંબર**, કપડું; વસ્ત્ર. **સંકોડી**, સંકોચીને. **શ્વાસરૂંધન કરિયો**, શ્વાસ રૂંધ્યો; શ્વાસ લેતો બંધ પડયો; શ્વાસ ઘુંટયો.

૨૫૨. ફુમ...પુંઠે, ઝાડના થડની પછવાડે. ભડ, એકદમ; એકાએક; ઓચિંતો. સંસ્કૃત ભટ ઉપરથી લઈ કેટલાએક અહીંઆં નળભટ એટલે શૂરવીર નળ એમ લે છે, પણ અર્થમાં બહુ ચમત્કાર લાગતો નથી. બેસી આપો ચાલ્યો, બેઠો બેઠો અગાડી હંસની તરફ ગયો.

૨૫૩. લઘુલાઘવી, યુક્તિ; પેચવાળી તદબીર; કરામત. સરખાવો 'લઘુલાઘવતા કની રામ, ચાંપ્યો પદનો અંગુઠો વામ.' ગિ. રા. અ. ૩૮; 'નારાયણ લઘુલાઘવી કરે, ચોહો પગ વચ્ચે પેસી નીસરે.' પ્રે. ભા. અ. ૩૭, ક. ૧૦૫

૨૫૫. પોતાની...કરી, હંસની ભાષામાં. પોકાર, મોટો સાદ; શોક.

૨૫૬. વિલાપ. (सं. वि+लप्=શોક કરવો, लप्=બોલવું), બોલીને રડવું તે; શોક કરવો તે. માણસાં, માણસ; માણસના અનેક વચન તરીકે માણસા કેટલાક ભાગમાં વપરાય છે. સરખાવો ધરાં, ફૂલાં, બોરાં, ઈ. શું...પાપ, શું મારાં કોઈ પૂર્વ જન્મનાં પાપને લીધે આ દશામાં હું આવ્યો ?

૨૫૭ કાળા...ધણી, માથે કાળા વાળવાળો માનવી—મનુષ્ય પ્રાણી. સાધારણ રીતે મનુષ્ય જાતિની શક્તિ બતાવવાને મગરૂબીના શબ્દ તરીકે વપરાય છે. સરખાવો, 'કાળા માથાનો માનવી શું ન કરે.' નિર્દયતા, દયા વગરના હોવાપણું; ક્રુરતા.

૨૫૮. જીવ, પ્રાણી. તતખેવ, તરત; તેજ વખત કવિતામાં વપરાય છે. અર્થમેવ, (सं. अवश्यमेव), જરૂર; નક્કી; ખસુસ.

૨૫૯. પંખાય, (सं. पक्ष), પાંખ.

૨૬૦. પક્ષ, બાજુ; તરફેણ; ઉપરાણું. મહારે...ભક્ષ, આથી મારો તો પ્રાણ જશે ને એને ભક્ષ–ખાવાનું મળશે. સરખાવો 'ઉંદરનો જાન જાય ને બિલાડીને હસવું થાય.'

૨૬૧. મજ સરખું, મારા સરખું; મારા જેવું. રતન, (सं. रत्न), સુશોભિત રત્ન જેવું પ્રાણી; ઘણું સુંદર પ્રાણી.

૨૬૨. ટળવળી મરશે, ટટળી મરશે; આશા રાખી રાખીને રીબાઈ મરશે. કેહેને આધાર, કોને આધારે; કોને આશ્રરે.

૨૬૩. **ગ્રહ્યો**, (**सं. ग्रह्**=પકડવું), ગ્રહેલો; પકડેલો; પકડાયલો. **નાથ**, પતિ; ધણી. **ધાયો**, (**सं. धाव्** =દોડવું), ધસીને વ્હારે આવ્યો; દોડી આવ્યો. **સહસ્ર**, હજાર. **સાથ**, સમૂહ; ટોળું.

૨૬૪. **સ્રીવૃંદ**, હંસની સ્ત્રીઓનું ટોળું. **નાથ...વૃંદ**, હંસ જે જગ્યાએ હતો તેના ઉપર આકાશમાં તેની હજાર સ્ત્રીઓનું ટોળું ટમટમી રહ્યું. **આક્રંદ**, (**सं. आक्रन्द, आ+क्रन्द्**=દુઃખથી રડવું), રડારડ; કલ્પાન્ત.

૨૬૫. **હંસી**, હંસની માદા; હંસણી. **શાપ**, (**सं. शप्**=શ્રાપ દેવો), જેને જેનાથી દુઃખ થયું હોય તેણે તેનું માઠું ઇચ્છવું તે.

૨૬૭. **ભુવંન**, (**सं. भवन**), ઘર; મુકામ.

૨૬૮. બ્રહ્માએ-વિધાતાએ ભવિષ્યની સ્થિતિ માટે જે અક્ષર-લેખ લખ્યા હશે તે કદી ધોવાઈ-ભૂસાઈ-મિથ્યા થઈ-શકવાના નથી. જે કર્મમાં લખ્યું હશે તે બન્યા વગર રહેનાર નથી. સરખાવો 'છઠ્ઠીના લેખ મટતા નથી.' હિંદુઓ એમ માને છે કે બાળક જન્મ્યા પછી છઠ્ઠી રાતે વિધાત્રી આવી ભવિષ્યમાં શું શું થવાનું છે તે લખી જાય છે. તેને છઠ્ઠીના લેખ કહે છે. તે રાત્રે વિધાત્રીને લખવાને સારૂ કંકુ, કાગળ, ખડીયો ને કલમ પ્રસુતિના ઓરડામાં મૂકવામાં આવે છે.

૨૬૯. **કેમ...બંધ**, કર્મના પાશ-ફાંસામાંથી શી રીતે છુટી શકીએ.

૨૭૦. **અણઘટતું**, (**सं. अघटित**), અયોગ્ય; ન કરવા જેવું કામ. **મને...નહિ**, તે કરતાં મને અટકાવ્યો નહીં.

૨૭૧. **આપણે...વ્યોમ**, આપણાં જેવાં પક્ષીઓએ તો ઝાડ ઉપર અને આકાશમાંજ રહેવાનું છે. **ભોમ**, (**सं. भूमि**), પૃથ્વી.

૨૭૨. **થાએ...ભ્રષ્ટ**, પોતાના સ્થાનથી-જગ્યાથી ભ્રષ્ટ થાય-દૂર થાય; પોતાનું સ્થાન છોડી બીજી જગાએ જાય. **થાનકભ્રષ્ટ**, (**सं. स्थानकभ्रष्ट**), થાનકથી ભ્રષ્ટ (પ. તત્. સ.). **મ્હારી પેર**, મારી માફક-પેઠે.

૨૭૩. **ધરણિ**, (**सं. धृ**=ધારણ કરવું), પૃથ્વી-જમીન(પર). **મા**, નહીં.

૨૭૫. **રોષ**, (**सं रुष्**=ગુસ્સે થવું), ગુસ્સો; ક્રોધ. **તે...દોષ**, તેઓ મારો વાંક કાઢે છે; મને ઠપકો આપી શાપ દે છે.

૨૭૬. **વિશ્વાસ ધરો**, (**सं. वि+श्वास्**=ભરોસો કરવો, **श्वस्**=શ્વાસ લેવો), ભરોસો રાખો; ખાતરીથી માનજો.

૨૭૮. **વાચા**, ઉચ્ચારવાની–બોલવાની શક્તિ; મનુષ્ય વાચા.

૨૭૯. **પંખી**, હંસ.

૨૮૦. **પ્રાણદાન**, (**સં. प्राण, प्र+अन्=**શ્વાસ લેવો, **दान, दा=**આપવું), પ્રાણનું દાન; જીવતદાન. ઉપકાર, (**સં. उप+कृ=**મદદ કરવી), કોઈનું સારૂં–કલ્યાણ કરવું તે.

૨૮૧. **સર્વથા**, સઘળે–કોઈ પણ પ્રકારે; હું પાછો નહીં આવું એવી ધાસ્તી રાખ્યા વિના. **આ...સુંદરી**, આ મારી દશ હજાર સ્ત્રીઓ રૂદન કરેછે.

૨૮૨. **આસનાવાસના કરીને**, (**સં. आश्वासन**), ધીરજ આપીને; ટાઢા પાડીને; દિલાસો દઈને.

૨૮૩. **વીર**, યોદ્ધો; શુરવીર; નળરાજા. **વિસ્મે પામ્યો**, (**સં. वि+स्मि=**આશ્ચર્ય પામવું), હંસને વાચા થયલી જોઈ આશ્ચર્ય પામ્યો. **અલ્યા**, સરખા તથા ઉતરતા દરજ્જાવાળાને બોલાવવાની રીત. સંબોધનના અર્થમાં. જુઓ **અલ્યા**, લી. ૪૧૦. **હવે...ચૂકું**, તારૂં સુંદર રૂપ જોઈને હું આનંદ પામ્યો હતો, પણ તે ઉપરાંત તારામાં માણસની પેઠે બોલવાની શક્તિ છે તે જાણી હવે હું તને જવા નહીં દઉં.

૨૮૪. **મરતાં...મૂકું**, મારા પ્રાણ જાય ત્યાં સુધી છોડીશ નહીં.

૨૮૫. **વાહુંન**, (**સં. वाहन, वह्=**લઈ જવું), જે ઉપર ચઢી–બેસી દૂર જવાય તે–હાથી, ઘોડા, પાલખી, રથ વગેરે. **અમો...વાહુંન**, જુઓ 'હંસ' લી. ૨૪૦.

૨૮૬. આકાશ ને અવની–પૃથ્વી કોઇ દિવસ એકઠાં થાય એવો સંભવ નથી, છતાં તેમ જો થાય તો પણ હું કદી જુઠું બોલનાર નથી.

૨૮૮. **દેશપતિ**, દેશનો પતિ–ધણી; રાજા. **ક્ષત્રી**, (**સં क्षत्रिय**), દુઃખમાંથી છોડાવે તે ક્ષત્રી. મૂળ ચાર વર્ણમાંની બીજી વર્ણમાંનો પુરૂષ; લડાયક વર્ગ; રાજવંશી.

૨૮૯. **હુંથી**, મારાથી. **વિઘ્ન**, (**સં. वि+हन्=**મારવું), હરકત; અહીંઆં નાશના અર્થમાં છે.

૨૯૦. **અમો રાજવંશીને**, મારા જેવા રાજવંશી–ક્ષત્રીને. **રઢીઆળું**, સુંદર; આનંદ આપે તેવું.

૨૯૧. **ખટપટ,** ચિંતા; ભય. **ટાળો,** દૂર કરો; કાઢી નાંખો. **રખે... શોક,** મરણની ધાસ્તીથી તમારા મનમાં શોક લાવશો નહીં–દિલગીર થશો નહીં, કારણ હું કદી પણ તમને મારનાર નથી.

૨૯૨. **ફોક,** ફોગટ; વ્યર્થ.

૨૯૪. **ઠરશે,** સંતોષ પામશે; પોતાની નજર ઠારશે.

૨૯૬. **બંધન,** (**सं. बन्ध्**=બાંધવું), પકડવું તે. **મહારૂં...જાણી,** મને બંધાયલો–પકડાયલો સાંભળી. **સર્વે કો,** સર્વે કોઈ; સઘળી. **તતક્ષણ,** તરતજ; ઢીલ વગર. **પ્રાણી,** (**सं. प्र+अन्**=શ્વાસ લેવો), પ્રાણ; જીવ.

૨૯૭. **પ્રસવ્યો,** (**सं. प्र+सू**=જન્મ આપવો), પ્રસવ કીધો છે; જન્મ આપ્યો છે.

૨૯૮. હે નગરાજા, મારા જેવા ગરીબનું તે શા માટે પુત્રનું સુખ ખોવડાવે છે. અહીંઆં 'તે' ભારવાચક અવ્યય છે

૨૯૯ **સાખી,** (**सं. साक्षी,स**=સાથે+**अक्षि**=આંખ), આંખથી જેણે કોઈ કામ જોયું હોય તે માણસ; સાહેદી. **સૂરજ...સ.ખી** કાંઈપણ કામ નક્કી કરવા સંબંધી સામા માણસની ખાત્રી કરવાની હોય તો અમુક દેવતાને સાક્ષી રાખું છું એટલે તે કામ થયલું તે જુએ છે–તેમની સમક્ષ પ્રતિજ્ઞા લઉં છું એવું બોલવાની રીત છે. કરાર અથવા બીજા કોઈપણ પ્રકારની કબુલત કરતી વખત સૂર્યદેવની સમક્ષ કરતા હોય તેમ તેને સાક્ષી ગણવાનો રિવાજ છે.

૩૦૦. **રૌરવ,** એ નામનું એક મોટું નરક છે. **નરક** પાપી પ્રાણીને તેના મરણ પછી શિક્ષા પામવાને રહેવાનું ઠકાણું. મોટાં ૨૧ ને નાનાં ૭ એમ ૨૮, અથવા ૮૪ નરક કહેવાય છે. જુઓ દયારામકૃત કાવ્યસંગ્રહ, પા. ૫૭૨. **ભાખી,** (**सं. भाष्**=બોલવું), બોલેલી; કહેલી **વાચા ભાખી,** બોલેલા શબ્દ; વચન

૩૦૧. **ગુરૂદ્રોહી,** ગુરૂ પ્રત્યે કપટ બુદ્ધિથી વર્તનાર; ગુરૂ સામે કપટ કરનાર. **સ્વામીદ્રોહી,** સ્વામી–ધણી પ્રત્યે કપટ બુદ્ધિથી વર્તનાર; ધણી સામે કપટ કરનાર. **દ્રોહી,** (**सं. द्रुह्**=ઇજા કરવી), કપટ કરનાર. ગુરૂદ્રોહ અને સ્વામીદ્રોહને માટે ગુરૂદ્રોહી સ્વામીદ્રોહી વિશેષણ છે, છતાં અહીંઆં નામના અર્થમાં વાપરેલા જણાય છે.

૩૦૧-૨. જો માગી સ્ત્રીને મળી આવી પાછો તને નમું નહીં–તારી પાસે હાજર થાઉં નહીં તો ગુરૂદ્રોહ અને સ્વામીદ્રોહનાં પાપ મને લાગે.

૩૦૩. **ત્રાહે ત્રાહે કરી,** (**સં. त्राहि त्राहि**=રક્ષણ કર રક્ષણ કર), તોબા કરીને; ખેદ સહિત. **નિરધાર,** નિર્ધાર નક્કી; ખરેખર.

૩૦૪. **સમ,** (આ. કસમ), સોગન; શપથ. **વિચાર,** વાત. **તું... વિચાર,** તું સોગન લે છે તે પાળશે કે નહીં તે માત્ર તને ખબર છે કે પરમેશ્વરને ખબર છે.

૩૦૫. **પ્રતિજ્ઞા,** (**સં. प्रतिज्ञा**=વચન આપવું, **ज्ञा**=જાણવું), સમ.

૩૦૬. **કટક,** લશ્કર; સૈન્ય; ફોજ. **નહિ...બહાર,** તું પ્રતિજ્ઞા લઈને જાય છે, છતાં પાછો આવશે નહીં તો હું શું કરી શકનાર છું? શું હું કાંઈ તારા સામું લશ્કર લાવી શકનાર છું કે તને તારી ન્યાતની બહાર કઢાવી શકનાર છું? તારા બોલવાના ભરોસાપરજ તને છોડું છું.

૩૦૮. **પ્રેમદા,** (**સં. प्रमदा**), સુંદર સ્ત્રી; સ્ત્રી.

૩૦૯. **સમાચાર,** ખબર; સઘળી હકીકત. સાધારણ રીતે આ શબ્દ અનેક વચનમાં વપરાય છે. **શ્યામા,** જુઓ 'શામા' લી. ૧૯૮. **સમજાવી સુંદરી,** પોતાની સ્ત્રીને સમજુતી આપી શાંત પાડી.

૩૧૦. **વોળાવી,** વળાવી; વદાય કરી; પાછી પોતાને સ્થાનકે મોકલી.

૩૧૧. **લોચન,** (**સં. लोचन, लोच्**=જોવું), આંખ.

૩૧૧–૧૨. આંધળા માણસને ગયલી આંખ પાછી આવે છે તે વેળાએ જેમ ઘણો આનંદ થાય છે, તેમ હંસને પાછો આવેલો જોઈ, રાય–નળરાજાનું મન ઘણું પ્રસન્ન થયું

૩૧૩. **આ...વિષે,** આ યુગમાં; આ વખતમાં. **સતવંત,** સત્યવાદી; સાચા.

૩૧૪. **ભગવંત.** ઇશ્વર. **તુંને...ભગવંત,** ઇશ્વર પર તને પૂર્ણ પ્રેમ હશે; ઇશ્વરપર તને ભાવ હશે.

૩૧૫. **વાયક,** (**સં. वाक्य**), વેણ; વચન. **અંત્ર,** અંતર; તફાવત. **બોલ્યું...અંત્ર,** જો બોલેલા વચન પ્રમાણે ચાલીએ નહીં તો કાગડામાં અને અમારામાં–હંસમાં શો ફેર?

૩૧૭. પેર, રીત; રહેણી.

૩૧૯. **મંદિર**, ઘર; મહેલ. **સુભટ**, શુરવીર; જોદ્ધા. **નળ લાવીઓ**, નળ રાજા પાછો પોતાને મહેલ આવ્યો અને શુરા હંસને પોતાની સાથે લેતો આવ્યો. 'નળરાજા મંદિર આવ્યો અને એ સુભટ (નળ) હંસને સાથે લાવ્યો', એમ પણ લઈ શકાય.

૩૨૦. **સૈન્ય**, લશ્કર; ફોજ. **સાહામું જાય**, રાજાને આવકાર દેવાને સારૂ નગરથી કેટલેક દૂર લેવા જાય છે.

૩૨૧. **વસ્ત**, વસ્તુ. અહીંઆં પ્રાણી. **પરધાન**, (**सं. प्रधान**), રાજાનો મુખ્ય મંત્રી.

૩૨૨. **તાંહાંથી...ભગવાન**, ત્યાંથી–માન સરોવર આગળથી મને ઈશ્વિરે આપ્યો, ઈશ્વિર કૃપાથી મારા હાથમાં આવ્યો.

૩૨૩. **વીર**, વીરો; ભાઈ. લાડવાચક શબ્દ છે.

૩૨૪. **પિંજર**, પાંજરૂં.

૩૨૫. **દ્યૂતક્રીડા**, જુગાર–જુગટાની ક્રીડા–રમત; અહીંઆં પાસા સોકટાંની રમત. **રસિયા**, રસવાળા; રસિક.

૩૨૬. **કલ્લોલ**, હરખમાં ગાવું, પોકારવું, મઝે કરવી તે; આનંદ. **સુખે...કલ્લોલ**, મુખની વાણીથી કલ્લોલ–ખુશીના અવાજ કરતા.

૩૨૭. **રેહેણુ**, ધાતુને સાંધનારો કેટલી ધાતુની મેળવણીનો ભૂકો. **પ્રેમરેહેણુ**, પ્રેમરૂપી રેહેણુ. **હંસ...જડી**, પ્રેમરૂપી રેહેણુ વડે નળ અને હંસને પરસ્પર પ્રીતિ જડેલી–સંધાયલી હતી; અને તેથી નળને હંસ વગર એક ઘડી પણ ચાલતું નહોતું.

૩૨૮. **અશોકવાટિકા**, અશોક નામની વાડી. **ગુણભંડાર**, ગુણના ભંડાર. **ભંડાર**, (**सं. भाण्डागार**), ખજાનો.

૩૨૯. **વ્રેહે**, વિરહ; વિયોગ. **હંસે...કરી**, હંસે પોતાની સ્ત્રીથી થયલા વિયોગ વિશે વાત કીધી.

૩૩૦. **ડીબો**, રડાય બોલાય નહીં તેવી રીતે આચકાના સાથે છાતી ભરાઈ આવવી તે; છાતીમાં મુઝવણ થવી તે. **ડીબો ઝાંપ્યો**, ડીબો આવ્યો; ડીબો ચઢી આવ્યો. **આકસ્માત**, (**सं. अकस्मात्**), એકાએક; ઓચિંતો.

નેત્રે...આંસુપાત, આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. **આંસુપાત**, (**सं. अश्रुपात**), આંસુ પાડવાં તે.

૩૩૧. **કાં**, શા માટે, કેમ.

૩૩૨. **સૂજ પડે**, સમજ પડે; સમજાય.

૩૩૩. હું પરણેલો છું કે કુંવારો છું તે તું જોતો નથી ! શું તેં ઘરમાં તારી ભાભીને દીઠી છે ખરી ?

૩૩૪. **કર ઘસે**, હાથ ઘસે છે; પોતાની ભૂલ માટે પસ્તાવો કરે છે. **પીહેર**, (**सं. पितृगृह**), વહુના બાપનું ઘર.

૩૩૫. **માટ**, માટે. સરખાવો લી. ૮૫૭–**માટે** ના ઉપયોગ માટે. **દાટ**, ખોટ. **તમો...દાટ**, દુનિયામાં શું કન્યાની ખોટ છે; મતલબ કે તે ઘણી છે, માટે તમો કુંવારા છો એવું મેં ન જાણ્યું–ધાર્યું.

૩૩૬. **લોહ્યું જળ**, આંખનું જળ–આંસુ લુછી નાખ્યાં. **ખગ**, (**सं. ख**=આકાશ+**ग**=જનાર, **गम्**=જવું), પક્ષી; હંસ.

૩૩૭. **મરકલડું કરી**, હસતું મ્હોં કરીને; મ્હોં મલકાવીને. **મહીપતી**, (**सं. महीपति**, **मही**=પૃથ્વી+**पति**=ઉપરી, ધણી), પૃથ્વીનો ધણી; પૃથ્વીપતિ; રાજા. **મિત્ર...વીનતી**, મિત્રને–હંસને વિનંતિ કરીને કહ્યું.

૩૩૮. **તે બોલ**, તે વખતનું તમારૂં વચન.

૩૩૯. **ઉપગાર**, ઉપકાર.

૩૪૦. **કહીએ**, ક્યારે.

૩૪૧. **કાજ**, (**सं. कार्य**), કામ.

૩૪૨. **કારજ**, (**सं. कार्य**), કામ. **હું સેવકથી**, હું જે તમારો સેવક તેનાથી; તમારા સેવક–દાસથી.

૩૪૩. **સર્વથી**, સર્વથા; ગમે તે પ્રકારે; ઘણી મહેનત લઈને. **માહારી ...નથી**, તે કામ તમને સોંપવાની મારી જીકર ચાલતી નથી; તેવું કઠણ કામ કરવાનું હું તમને કહી શકતો નથી.

૩૪૪. **કપરૂં**, અઘરૂં; મુસ્કેલ. **દેવાય**, સોંપાય; અપાય; કરવાનું કહેવાય.

૩૪૫. **પામો ખેદ**, દિલગીર થાઓ. **લાજે...વેદ**, લાજને લીધે–લાજ પામીને તમે પાછા ઘેર–અહીં આવો નહીં એ વેદવાક્યના જેવું સત્ય છે;

એટલે કામ ન થાય તો શરમના માર્યા નક્કી તમે અહીં પાછા મારી પાસે આવો નહીં. સરખાવો 'ભાઈઓ વેદ વાણી દમયંતી, કોને નહીં વરે મુજ પાખે.' ક. ૫૩.

૩૪૬. **અમથો...વળું,** એમનો એમ–કામ કાર્ય વગર પાછો આવું નહીં. **રીસાવાનું,** રીસાઈ જાય એવું; શરમાય એવું. **નોહું,** નહોઉં; નથી. **પૂતળું,** મૂર્તિ. જુઓ લી. ૨૦૨.

૩૪૭. લોક, જગત; દુનિયા. એ ત્રણ કહેવાય છે:—સ્વર્ગ લોક, મૃત્યુ લોક, ને પાતાળ લોક. વળી સાત પણ કહેવાય છે:—ભૂ, ભૂવર્, સ્વર્, મહર્, જન, તપો, ને સત્ય લોક. સાત ઉપરના ભૂલોકાદિ અને સાત નીચેના સપ્તપાતાળ મળીને ચૌદ લોક પણ કહેવાય છે ગત્ય. (सं. गति), શક્તિ; બળ. **સત્ય,** નક્કી; ખરેખર

૩૪૮. **પંખીજન,** પંખીના અર્થમાં. જુઓ 'બાંધવજન' લી. ૫૭.

૩૪૯. **દેહ,** શરીર. **વર,** જુઓ 'વરદાન' લી. ૧૨૪.

૩૫૧. **ભોજન,** (सं. भुज्=ખાવું પીવું). ખાય તે. તેહ, તે સોનાનાં કમળ. **જેવું...દેહ,** જેવો ખોરાક ખાઇએ તેવું શરીર થાય.

૩૫૨. **પાળ,** (सं. पाली), તળાવ–સરોવરની આસપાસની બાંધેલી બાજુ. **પાળ પગથીએ,** સરોવરની પાળપર અને પગથીયાંપર. **અમો પંખીજન,** અમે પક્ષીઓ; પક્ષીનો સમૂહ.જુઓ 'બાંધવજન' લી.૫૭.

૩૫૩. **રેખાય,** રજ. **રત્નજડિત,** રત્નથી જડેલી (૫. તત્. સ)

૩૫૪. **હવે...વાત,** આડકતરી વાત હવે પૂછશો નહીં; મુદ્દાની વાત ઉડાવી દો નહીં. **ભ્રાત,** (सं. भ्रातृ). ભાઈ.

૩૫૫. **કુંદનપુર,** વિદર્ભમાં આવેલી ભીમક રાજાની રાજધાની.

૩૫૬. **કારણરૂપે,** કંઈપણ કારણને અર્થ; કંઈપણ કામ સાધવાને. સરખાવો 'ગોપ કરે સૌ જેજેકાર છે નંદપુત્ર કારણ અવતાર'. પ્રે. ભા. અ. ૩૭, ક. ૧૦૫.

૩૫૭. **વણ...અમને,** વગર જોયે મને તેને માટે મોહ ઉત્પન્ન થયો છે; તેણે મારૂં ચિત્ત વશ કીધું છે.

૩૫૮. **વહેવા,** (सं. विवाह), વેવિશાળ. **એહવું...કને,** એટલું તમારી પાસે માગી લઉંછું; આટલું કામ કરવા તમને વિનંતી કરૂંછું.

૩૫૯. **વિહંગમ**, (**સં. विहम्=આકાશ+गम्=જવું**), આકાશમાં ઉડનારૂં પ્રાણી; પક્ષી. **શું...આણીજી**, આટલી બધી લાજ ધરીને–શરમાઈને તમે શું માગ્યું! આવી એક દમયંતી સ્ત્રીજ માગી.

૩૬૧. **દેવકન્યા**, દેવની કન્યા. કવણ, કોણ; **શું હિસાબમાં.**

૩૬૨. **વિદ્યાધરી**, દેવતાઓના વિદ્યાધર નામના ગણની કન્યા. **કિન્નરી**, કિન્નરની કન્યા. **કિન્નરી**, પુરૂષના ધડ અને ઘોડાના મ્હોડાવાળા કુબેરના ગણ; એક જાતના સ્વર્ગના ગવૈયા. **ગાંધ્રવી**, ગાંધર્વી; ગંધર્વ સંબંધી; ગંધર્વની કન્યા. **ગંધર્વ**, જુઓ લી. ૧૮૩. **રૂપનિધાન**, (**સં. नि+धा=ઉંચું મૂકવું**), રૂપની ખાણ; રૂપનો ભંડાર.

૩૬૩. **માન**, અભિમાન; અહંકાર. **તે...માન**, તેમની કાન્ત જોઈને દમયંતી પોતાના રૂપનું અભિમાન તજી દે.

૩૬૪. **પદ્મની**, (**સં. पद्मिनि**), શૃંગાર શાસ્ત્રમાં પદ્મિની, ચિત્રિણી, હસ્તિની ને શંખિની એવી ચાર પ્રકારની સ્ત્રી વર્ણી છે તેમાંની એક. રૂપ, રંગ, નાજુકાઈ, વિવેક, ચાતુર્ય વગેરેથી પહેલા વર્ગમાં ગણાતી સ્ત્રી. **ગોર**, ગોરૂં.

૩૬૫. કાંતિ, રૂપ; ખુબસુરતી.

૩૬૪–૬૫. જેના રૂપ આગળ દમયન્તી તો માત્ર એક દાસી જેવી દેખાય એવી ગોરાવર્ણની કરોડો પદ્મની જાતની કન્યા પરણાવી આપી શકું તો તેના (દમયન્તીના) શા હિસાબ.

૩૬૬. જૂદાં જૂદાં પાતાળનાં નામ. જુઓ લી. ૧૪૪.

૩૬૭. **નાગકન્યા**, પાતાળમાં વસનારા નાગની કન્યા. નાગકન્યા ઘણી સુંદર કહેવાય છે. નાગની ઉત્પત્તિ માટે જુઓ 'શેષ' લી. ૧૦૪. **બાળ**, (**સં. बाल**), બાળા; કન્યા.

૩૬૮. **હું પામ્યો**, મને મળી.

૩૬૯. દમયન્તી સાથે મારો વિવાહ મેળવી આપ એટલે તેં મારાં કરોડો કામ કીધાં એમ હું માનીશ.

૩૭૦. **વાયદો**, મુદતને માટે આપેલું વચન. **વાયદો કર્યો**, મુદત બાંધી. **સુજાણ**, જુઓ લી. ૧૩૮. હંસનું વિશેષણ છે.

૩૭૧. **જુગ**, (**સં. युग**), આર્યલોકોએ બાંધેલા જે ચાર કાળ તેમાંના એકેક, સત્ય (કૃત) ૧૭૨૮૦૦૦, ત્રેતા ૧૨૯૬૩૦૦૦, દ્વાપર ૮૬૪૦૦૦, અને કળી ૪૩૨૦૦૦ વર્ષનો; લાંબો કાળ. **પ્રમાણ**, બરાબર; સરખું.

૩૭૨. **અવધ કરી**, (**સં. अवधि**), હદ બાંધી; મુદત બાંધી. **ગુણવાન**, ગુણવાળો; ગુણી–હંસ.

૩૭૩. **પીઠી**, (**સં. पिष्ट, पिष=**દળવું), હિંદુઓમાં સુગન્ધીયુક્ત જે હળદ વરકન્યાને શરીરે લગનના થોડા દહાડા અગાડી ચોળવામાં આવે છે તે. **પીઠી કરજો**, પીઠી ચોળાવજો. **તત્પર**, તૈયાર. **જાન**, (**સં. जन्य** =વરનાં સગાંવહાલાં), વરની જોડેનાં લોકો.

૩૭૪. **પ્રયાણ**, (**સં. प्र+या=**જવું), જવાનું; જવું તે. **ભુપ... કહેવાય**, નળ કહે છે કે હે હંસ, તું જા એમ કહેવાને મારી જીભ ઉપડતી નથી–એમ હું કહી શકતો નથી.

૩૭૫. તારા વગર હું જીવ વગરના ખોળીયા જેવો થઈશ, એટલે અને એકલાં રહેવું ઘણું કઠણ પડશે.

૩૭૬. **વિલંબ**, ઢીલ. **કોસું**, કોઈ સાથે.

૩૭૭. **વટશે**, જશે; વીતી જશે. **પડશે...દેહ**, મારો પ્રાણ જશે; મારૂં મોત નિપજશે.

૩૭૮. **વિશ્વાસ...આપ્યો**, ભરોસો આપ્યો; ખાતરી કરી. **ખગેશ**, (**સં. खग=**પક્ષી+**ईश=**રાજા), પક્ષીનો રાજા; હંસ.

૩૮૦. **વાડી**, (**સં. वाटिका**), બાગ. **ધામ**, ઠેકાણું; રહેવાની જગ્યા.

૩૮૨. **પૂર્ણિમા**, મહિનામાં જે દિવસે ચંદ્ર પૂર્ણ–આખો દેખાય છે તે તિથિ; પુનેમ. **જામની**, (**સં. यामिनि**), રાત. **ચંદ્રમા...જામની**, પુનેમના દિવસની મધરાત હોવાથી તે સમયે ચંદ્ર માથે આવ્યો હતો.

૩૮૩. **દ્યૂત**, સોકટાબાજી. **ભામની**, (**સં. भामिनि, भाम=**ગુસ્સો), ગુસ્સાવાળી સ્ત્રી; સ્ત્રી.

૩૮૪. **હંસલે**, હંસે. **વિખાણયો**, વખાણયો; નળનાં વખાણ કીધાં.

૩૮૫. **શબ્દ સુંદર**, મધુર અવાજ. **ધરિયો કાન**, કાન દીધો; ધ્યાન દઈ સાંભળવા લાગી.

૩૮૬. **હરિવદની**, હરિ–ચંદ્રના જેવું વદન–મુખ છે જેનું તે સ્ત્રી (બહુ. સ.) ચંદ્રમુખી–દમયન્તી. સરખાવો–શશીવદની; વિધૂવદની; વદન સુધાકર. **બેઠો...**છોડ, ચંપાના ઝાડપર બેઠેલો.

૩૮૭. શું, કેવું; કેવું શોભિતું–સુંદર. સાવજું, પક્ષી. કોડ, મન; ઇચ્છા.

૩૮૮. **નળની વિખાણુ**, વિખાણુ શબ્દ અહીંઆં નારીજાતિમાં વાપર્યો છે; આગળ લી. ૧૩૭માં નાન્યતર જાતિમાં વાપર્યો છે.

૩૮૯. **કર ચઢે નહીં**, હાથ આવે નહીં; પકડાય નહીં; હાથ પડે નહીં.

૩૯૦. **ઝાંઝર કાડયાં**, અવાજ ન થાય તેટલા માટે.

૩૯૧. હંસને પકડાવવુંજ હતું તેથી જાણી જોઈને દમયન્તીને: લલચાવવા સારૂ નીચી ડાળે આવી બેઠો.

૩૯૨. **દ્રોડે**, દોડે. **અંગના**, સુંદર અવયવાળી સ્ત્રી; સ્ત્રી.

૩૯૩. **ચપળ**, (**सं. चपल**), ચંચળ.

૩૯૫. નળ વગર બીજું કોઈ અમને પકડી શકતું નથી તો તું એવી કોણુ કે અમને પકડી શકે.

૩૯૬. **તુંને...શુદ્ધ**, તારામાં નળના જેટલી શુદ્ધ–અક્કલ–બુદ્ધિ ક્યાંથી હોય.

૩૯૭. **વામા**, સ્ત્રી. **બુદ્ધ**, (**सं. बुद्धि**), યુક્તિ.

૩૯૮. ભીમકની કુમારી (દમયન્તી) ચતુર હતી તેણે અકળિત વાત વિચારી. **અકળીત**, (**सं. अ**=નહીં+**कल्**=વિચાર કરવો, કળવું), કળી ન શકાય એવી; આશ્ચર્ય પમાડે એવી; નવાઇ જેવી. **વાત**, યુક્તિ; તદબીર. **વિચારી**, (**सं. वि+चर्**=વિચાર કરવો), ધારી; શોધી કાઢી. **તેણે... વિચારી**, તેણે એક નવાઇ જેવી યુક્તિ શોધી કાઢી 'તું મૂર્ખી મને ઝાલનાર કોણુ' એવાં હંસના વચન સાંભળી દમયન્તીએ વિચાર કીધો તો એને એવી યુક્તિ સૂઝી આવી કે ઈશ્વરે મારા હાથ કમળ સરખા કીધા છે અને હંસ કમળપર જઈ બેસે છે, માટે મારૂં શરીર છૂપાવી મારા હાથરૂપી કમળથી છેતરી એને બેસવાને લલચાવી પકડી લઉં.

૩૯૯. **સાહાવા**, પકડવા; ઝાલવા. **પણ...જાવા**, પણ હું એને અમને એમ–પકડયા વિના છોડવાની નથી.

૪૦૦. **ધીરે**, (**सं. धृ**=ધીરવું), વિશ્વાસ રાખે છે. સરખાવો લી. ૪૫૪. **પંખી**...કાજે, કમળને માટે પંખી–હંસ–પોતાની જાત–શરીર ધીરે છે, એટલે વિશ્વાસ આણીને તેનાપર બેસે છે. **આપ્યા**, બક્ષ્યા છે. **મહારાજ**, (**सं. महा**=મ્હોટા+**राज**=રાજા, ઇશ્વર), મ્હોટા રાજા; પરમેશ્વર.

૪૦૧. **જોગવાઈ**, (**सं. योग्यता, युज्**=જોડવું), સગવડ; અહીંઆં મળતાપણું. **જગદીશ**, (**सं. जगत्**=દુનિયા+**ईश**=રાજા), દુનિયાના રાજા; પરમેશ્વર. **હથેલી**, (**सं. हस्ततल, हस्त**=હાથ+**तल**=સપાટી), હાથની સપાટી. **જોગવાઇ...હથેલી**, પરમેશ્વરે એવી સગવડ કીધેલી છે કે મારી હથેલી કમળના સરખી બનાવી છે.

૪૦૨. **કહીંએ**, કેથાં; ગમે ત્યાં; ગમે તેમ. **સંતાડું**, છુપાવું; ઢાંકું. **પાણપંકજ**, (**सं. पाणिपङ्कज, पाणि**=હાથ+**पङ्कज** કમળ; **पङ्क**=કાદવ+**ज** જન્મેલું), પાણ–હાથરૂપી કમળ; હાથ તેજ કમળ.

૪૦૩. **વસ્ત્ર**, (**सं. वस्**=કપડાં પહેરવાં), કપડાં; લુગડાં **દાસી**, ચાકરડી. **પેહેરાવી**, (**सं. परि**=ઉપર+**धा**=મૂકવું), પહેરવા આપી; બદલાવી. **પોતાનાં...પેહેરાવી**, દાસી સાથે લુગડાં અદલાબદલી કરી. **ચેહેબચો**, પાણીથી ભરેલું ખાબોચીઉં.

૪૦૪. **મસ્તક**, મસ્તકે; માથે. **પલાશ**, ખાખર. પાન. (**सं. पर्ण**), પાંદડું. **વિકાસી**, (**सं. वि**=વિશેષ+**कस्**=પાસે જવું, **विकस्**=ખીલવું), પ્રફુલ્લ કીધી; પહોળી કીધી. **કમળ સમાન**, કમળના જેવી. હંસ જે સમયનું વર્ણન કરે છે ત્યારે "પૂર્ણિમા મધ્ય જામની" હતી, તેથી અહીંઆં કમળ એટલે રાત્રીએ ખીલતું કમળ અથવા પોયણું એવો અર્થ લેવાય, અથવા ખરા કમળ કરતાં દમયન્તીનાં કરકમળમાં કવિ એટલી અધિકતા દેખાડવા માગે છે કે કમળ માત્ર સૂર્ય હોય ત્યાં લગીજ વિકસિત રહે છે, પરંતુ કર–કમળ સૂર્ય હો કિંવા ન હો તોપણ, એટલે અહોનિશ વિકસિત રહે છે.

૪૦૫. **મધ્ય**, વચમાં. **ભમર**, (**सं. भ्रमर**), ભમરો. **પીમળ**, (**सं. परिमल**), સુગંધ; સુવાસ.

૪૦૬. **નાસિકા**, નાક. **ગણુગણુતી**, ગણુગણુ અવાજ કરતી; ભમરાના જેવો શબ્દ કરતી; ગુંજારવ કરતી. **ભામા**, (**सं. भामिनी**), સ્ત્રી. જુઓ 'ભામની' લી. ૩૮૩. **ભણુતી**, અવાજ કરતી. **મધ્ય...પીમળ**, દમયન્તીએ

હાથેલીરૂપી કમળપર બેસી ભમરો પીમળ લેતો હોય એમ બતાવવાને કાળું જાંબુ વચમાં મૂક્યું અને ભમરો ગુંજ ગુંજ કરતો હોય તેમ પોતેજ નાકવડે ગણુગણુ શબ્દ કીધો.

૪૦૭-૮. હંસ ચેતી ગયો કે આ ચંદ્રમુખી દમયન્તી છે અને જે કમળ સરખું દેખાય છે તે કમળ નથી પણ તે સ્ત્રીનો હાથ છે; તેમ છતાં નળરાજાને એની સાથે પરણાવવો છે તેથી અજ્ઞાન-અજાણ્યો થઈ એના હસ્તકમળપર જઈ બેસું એવો વિચાર તેણે કીધો.

૪૦૯. **આનંદ આણી** ,ખુશી થઈ; હર્ષથી. **આનંદ**, (**सं. आ+नन्द्=** ખુશ થવું), ખુશી; હર્ષ. **અંબુજ**, (**सं. अम्बु**=પાણી+**ज**=જન્મેલું), પાણીમાં જન્મેલું; કમળ. સરખાવો 'પંકજ'. **અબળા**, (**सं. अबला, अ**= અલ્પ+**बल**=જોર), અલ્પ બળ છે જેનું તે; સ્ત્રી જાતિ ઘણું કરીને પુરૂષના કરતાં નબળી હોવાથી અબળા શબ્દ સ્ત્રીસુચક છે.

૪૧૦. **હલ્યા**, અવ્યય, અલ્યા. સામા માણસને બોલાવતી વખત નરજાતિ **અલ્યા**, અને નારીજાતિ **અલી** વાપરવાનો ગુજરાતી ભાષામાં ધારો છે. **અલી** સ્ત્રીવાચકનો ઉપયોગ વધારે છે. પુરૂષોમાં **અલ્યા** અરસપરસ થોડો વાપરવામાં આવે છે-વિશેષે કરીને ઉંચ વર્ગમાં. જુઓ **અલ્યા** લી. ૨૮૩. **ગાડુઓ**, લુચ્ચો; ગઢીઓ; પક્કો. **ગાઠો**, ગાંઠયો; બંધનમાં પડયો; વશ થયો. **દમયંતી**...ગાઠો, હંસ નહોતો પકડાતો તે પકડાયો જાણી અભિમાનથી દમયન્તી બોલી કે હવે કેમ ન નાસી ગયો, અલ્યા ગઢીઓ થઈને તું કેમ ગંઠાયો-પકડાયો.

૪૧૧. **કીધી દૂખી**, હેરાન કરી; થાક ચઢાવ્યો; થકવી નાખી. **મુવા**, સંબોધન વિભક્તિ-હે મુવા-મુઆ. **મુવા**, ગાળવાચક શબ્દ છે. ઘણું કરીને નીચલા વર્ગોમાં અને સ્ત્રીવર્ગ તથા મૂર્ખ છોકરાઓમાં વપરાય છે. દમયન્તી મુગ્ધા હોવાથી એનાં મ્હોંમાં એ શબ્દ મૂકયો છે. **પેહેલાં**, અગાડીથી. **હું**, દ્વિ. વિ. સાધારણ રીતે 'મને' જોઇએ, છતાં કોઈવાર હું વાપરવામાં આવે છે. **ઓળખી**, જાણી.

૪૧૨. **તારા અવગુણ**, 'ગ્રેહેનાર તું કોણ મૂર્ખી' લી. ૩૯૬, 'મુને દોડાવી દૂખી કીધી' લી. ૪૧૧, તથા 'ભુજ અંબુજ મેં પણ બેઘાં' લી. ૫૯૭માં બતાવેલા. **તારા...સંભારૂં**, તારા અવગુણ મનમાં લાવી

તને હેરાન નહીં કરૂં. **મુને...મારૂં**, જો તને હું મારૂં તો મને મારા બાપના સમ; મારા બાપના સોગન ખાઇ કહું છું કે હું તને મારીશ નહીં.

૪૧૩. **ભ્રમ**, (**સં. भ्रम**=ભટકવું), એક વસ્તુને બીજી ધારવાની ભૂલ; ખોટી સમજણ-ધારણા. **હંસ...ભૂલી**, દમયન્તીએ ઉપર કહેલા ગર્વિષ્ઠ વચનના ઉત્તરમાં હંસ કહે છે કે તમે ફુલી શાનાં જાઓ છો-અભિમાન શાનું કરો છો, હું કંઈ છેતરાઇને તમારી હથેલીને ખરૂં કમળ સમજી બેઠો નથી.

૪૧૪. **હુંમાં**, મારામાં. **પ્રાક્રમ**, (**સં. पराक्रम=परा+क्रम्**=વશ કરવું), જોર; બળ. **ચંચપ્રહાર**, (**સં. चञ्चुप्रहार**), ચંચુ-ચાંચનો પ્રહાર-માર (ષ. તત્. સ.) **હણું**, (**સં. हन्**=મારી નાખવું), ઘાયલ કરૂં. **હુંમાં...હણું**, હંસ કહે છે કે મારામાં ઘણુંજ બળ છે અને મારી મરજીમાં આવે તો તારા હાથને ચાંચના મારથી ઘાયલ કરી હમણાં છૂટો થઈ જાઉં. આ બોલ સાંભળી દમયન્તીએ ગર્વ છોડયો અને દીનતાથી હંસ સાથે બોલી.

૪૧૫. **મિત્રાઇ**, દોસ્તી; ભાઈબંધી.

૪૧૬. **અન્યોઅન્યે**, એક બીજાએ. **અન્યો...લીધો**, એકબીજાએ આપણે મિત્ર થયાં એવો બોલ આપ્યો-વચન આપ્યું, અને અત્યાર સુધી હંસ, જે દમયન્તીના હાથમાં હતો તેને તેણે હવે પોતાના ખોળામાં બેસાડયો. સરખાવો 'બોલ બંધ કીધો નળ દેવ', લી. ૫૮૪.

૪૧૭. **ભીઆ**, સં. વિ. ભાઈ. આ શબ્દ ઉત્તર ગુજરાતમાં અને મુખ્યત્વે કરીને હલકા વર્ગમાં વપરાય છે. **તમો...નળ**, જેનું તમોએ સબળ વખાણ કીધું તે નળ, હે ભીઆ, કોણ છે? અથવા તે નળ ભીઆ, હે હંસ, કોણ છે? સરખાવો 'એ ભીઆ મોટા ચતુર સુજાણ', લી. ૪૨૧.

૪૧૮. **માત ને તાત**, માબાપ. **તાત**, (**સં. तन्**=વિસ્તાર કરવો), પુત્રાદિકનો વિસ્તાર કરનાર જે હોય તે; પિતા. **વિખાણી**, વર્ણન કરી. જુઓ 'વિખાણુ' લી. ૧૩૭. **વાત**, હેવાલ; બ્યાન; હકીકત; વૃત્તાન્ત.

૪૧૯. **તવ**, ત્યારે. **ઘેલી કશી**, કંઈ ઘેલી; ઘેલી સરખી; ઘેલી જેવી.

૪૨૦. **બ્રહ્મ સભા**, બ્રહ્માની સભા-મંડળ. **ગુણ ગવાય**, ગુણનાં વખાણ થાય. **વિષ્ણુ**, (**સં. विष्**=વ્યાપવું), બ્રહ્મા, વિષ્ણુ ને રૂદ્ર એ ત્રણ મુખ્ય દેવતામાંના એક; પાલણ અને વ્યવસ્થા કરનાર દેવ. એ નારાયણનો અંશ છે અને મહાપ્રલય સમે તેમાં મળી જાય છે. નારાયણરૂપે એ ક્ષીર-

સમુદ્રમાં શેષનાગપર શયન કરે છે ને લક્ષ્મી તેના પગ ચાંપે છે. વિષ્ણુએ શિવની તપશ્ચર્યા કરી ૧૦૦૦ કમળ ચડાવવાનો નીમ લીધો હતો, પણ શિવે પરીક્ષા કરવા એક કમળ છુપાવ્યું ત્યારે એણે પોતાનું એક નયન-કમળ કાપી ચડાવ્યું હતું. શિવે આથી પ્રસન્ન થઈ નયન પાછું સારૂં કર્યું હતું અને સુદર્શન ચક્ર આપ્યું હતું. એ પરથી વિષ્ણુ પુંડરીકાક્ષ કહેવાય છે. એનાં સહસ્ત્ર નામ છે. એ ચતુર્ભુજ સ્વરૂપે હોય છે ત્યારે એના હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ હોય છે. એની સ્ત્રી લક્ષ્મી, એનું વાહન ગરૂડ અને એનું ધનુષ શાર્ઙ્ગ છે.

૪૨૧. **એ બીઆ,** તે ભાઈ નળ. **ચતુર સુજાણ,** ડાહ્યા અને વિદ્વાન. **એ...વિખાણુ,** હું જે નળની–નળનાં વિખાણુ કરૂંછું એ (તે) બીઆ મોટા ચતુરસુજાણુ છે.

૪૨૨. **રોઝ,** એક જાતનું કદરૂપું અને અક્કલ વગરનું ચોપગું જાનવર; મૂર્ખ કમઅક્કલના માણસને રોઝની ઉપમા અપાય છે. **વ્રખડો,** વરખડો; એ એક નાનું જંગલી ઝાડવું છે. **જ** નિશ્ચયાર્થદર્શક પ્રત્યય. **નળ ...જેવાં,** જે નરે નળને દીઠો નહીં તે નર રોઝ જેવો જાણવો, અને જે નરે નળ સાંભળ્યો–નળને વિશે સાંભળ્યું નહીં તે નર વ્રખડો જ (નક્કી) જાણવો; જે નરે નળને જોયો નહીં તેનાં લોચન (આંખ) કેવાં ગણવાં તો કે મોર પીછનાં ચાંદલીઆ જેવાં.

૪૨૩. **મોર પીછ ચાંદલીઆ,** મોરનાં પીછાંપરના ચાંદલીઆ (પહેલો ષ. તત્ સ. અને બીજો સ. તત્ સ). **ચાંદલીઆ,** ચાંલ્લા; મોરનાં પીછાંમાં જે આંખના આકારના કાળા ચાંલ્લા હોય છે તે. **મોર ...જેવાં,** માત્ર શોભાનાં; ખોટાં; નકામાં.

૪૨૪. **એટલામાં,** ઉપલું વર્ણન કરતાં વારને. **વેહેવળ,** (**સં. विव्हल** =શોકાદિથી ગાત્રભંગ થયલો), આકુળ; કામાતુર. **ચિત્ત,** મન. **મહિલા,** સ્ત્રી; દમયન્તી. **આકરશી લીધું,** (**સં. आ+कृष्**=ખેંચવું), ખેંચી લીધું.

૪૨૫. **બેઉ કર જોડી,** બે હાથ જોડી. **નમયંતી,** (**સં. नम्**= નમવું), નમતી. **હંસ પ્રત્યે,** હંસને.

૪૨૭. **વૃદ્ધ,** (**સં. वृध्, वर्ध्**=વધવું), ઘરડો. **જોબનધામ,** (**સં. यौवनधाम**), જોબન–જુવાનીનું ધામ–સ્થાન–ઠેકાણું (ષ. તત્ સ.);

જુવાન; તરૂણ. **શે અર્થે**, શા માટે. **ધરાવ્યું**, જુઓ લી. ૬૯.

૪૨૮. **આવડો**, આટલો બધો. **જીભે વરણ્યો**, મ્હોડેથી તેનાં વખાણ કીધાં. **કુંઆરો**, (**सं. कुमार**), વગર પરણેલો.

૪૨૯. **વચનને સાંભળી**, વચન સાંભળી; શબ્દ સાંભળી. **કળકળી** તોબા કરીને; ગદ્દ ગદ્દ કંઠે.

૪૩૦. **અન્યા**, (**सं. अन्याय, अ**=નહીં+**न्याय**=ઇનસાફ), ગેરઇનસાફ; તે ઉપરથી, વાંક; ગુન્હો. સરખાવો ‘કબુધ આવી, મન ભાવી, અન્યાયે દીધો છેહ,’ ક. ૩૪; ‘નથી બાઇ તું ચુકવાવાળી, નહીં તજે અન્યા ટાળી,’ ક. ૪૮. **નળ...અન્યા**, કન્યા નથી તેથી નળ કુંવારો છે, ને એ બ્રહ્માનો મોટો અન્યાય છે.

૪૩૧. **અમો**, અહીંઆં હંસ અનેક વચન વાપરે છે, કારણ ‘હજાર હંસ હું સરખા ફરે છે, નૈષધપતિના દૂત,’ લી. ૪૭૨. **કોટાનકોટ**, કરોડો; અગણિત; અસંખ્ય. સરખાવો, ‘કોટાકોટ’ લી. ૧૦૫. **નિરખી**, (**सं. निरीक्ष्, निः+ईक्ष्**=તપાસ કરવી), જોઈ.

૪૩૨. **સકળ**, (**सं. सकल**), સઘળું.

૪૩૩. **ઘડયો**, બનાવ્યો. **રજ**, (**सं. रजस्**), કરચ. **વાધી**, (**सं. वृध्, वर्ध्**=વધવું), વધી. નાગર લોકોમાં અને ઉત્તર ગુજરાતમાં વપરાય છે.

૪૩૪. **થપોલી**, થેપડી. **હવી**, બની. **રવી**, સૂર્ય; કશ્યપના પુત્ર. એ બાર આદિત્યમાં છે. એના હાથમાં શંખ ચક્ર છે. એને સાત મ્હોંના ઘોડાનો રથ છે, એના સારથી-રથ હાંકનારનું નામ અરૂણ. એ ઉષ્ણતા ઉત્પન્ન કરે છે, પ્રકાશ રાખે છે અને બાળીને ભસ્મ પણ કરે છે. એ નવ ગ્રહમાં મુખ્ય છે, ને મેરૂ પર્વતની આસપાસ ફરે છે.

૪૩૨-૩૪. આવીજ રીતનું દમયન્તીના ઉત્પત્તિનું વર્ણન જુઓ લી. ૧૪૭-૫૦, તથા લી. ૬૧૬-૧૭ માં.

૪૩૫. **વાહાણે**, સવારે. **સાંજે**, (**सं. संध्या**), સંધ્યાકાળને વખતે. **બાહેર નીસરે**, બહાર ફરવા જાય. **તેજવંત**, તેજવાળો; તેજોમય-નળ. **વનમાં ફરે**, શિકાર કરવા જાય.

૪૩૬. **સૂરજ...કોર**, સૂરજ પોતાની કોર ઝાંખી કહાડે-ઝાંખો

દેખાય. સૂરજ નિસ્તેજ થાય. **તેણે**, તેથી કરીને; તેને લીધે. **ટહાડો પોહોર**, ઠંડો વખત.

૪૩૭. **તપે**, (**સં. तप्**=તપવું, ગરમ થવું), ગરમી સાથે પ્રકાશે. **અદૃષ્ટ...મધ્યાહ્ન**, મધ્યાહ્નને જ્યારે રાજાન–નળ અદૃષ્ટ થાય–ઘરમાં જઇ આ રામ લે ત્યારે ભાનુ–સૂર્ય નિશ્ચિત–ફિકર વગર તપે છે.

૪૪૦. **ભણે**, કહે. **ભામની**, (**સં. भामिनी, भाम**=ગુસ્સો), ગુસ્સાવાળી સ્ત્રી; સ્ત્રી. **બ્રહ્માંડ**, સ્વયંભૂ બ્રહ્માએ અંડ–ગોળાકાર ઉત્પન્ન કીધેલું મહાવિશ્વ; સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણ બ્રહ્માંડ કહેવાય છે. **સહી**, નક્કી.

૪૪૧. **તુલના**, (**સં. तुल्, तोल्**=તોળવું), બરોબરી; સમાનતા; સરખાપણું. **મહીતળ**,(**સં. महीतल, मही**=પૃથ્વી+**तल**=સપાટી), પૃથ્વીની સપાટી; દુનિયા. **નળની...નહીં**, હંસ કહે છે કે હે સ્ત્રી સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળ, એ ત્રણે લોક મેં જોયા અને ત્યાં નળની તુલના (બરાબરીનું) મેળવું (મેળવવાનો પ્રયત્ન કરૂં છું), પણ દુનિયામાં કોઇ એની તુલના (જોડી, બરાબર) નથી.

૪૪૨. **જુગ્મ**, (**સં. युग्म**), જોડકું; જોડ; અશ્વિનીકુમાર. જુઓ લી. ૨૦૧. **રવિસુત**, (**સં. रवि**=સૂર્ય+**सुत**=છોકરો, વંશજ), રવિકુળનો વંશજ; સૂર્યવંશી રાજા નળ. **રવિ...આગળ**, રવિસુતના રૂપ આગળ. **જાય ...વાટ**, વાટ નાખી—રસ્તો છોડી ચાલ્યા જાય–નાશી જાય (શરમને લીધે). **જુગ્મ...વાટ**, જુગ્મ એટલે અશ્વિનીકુમાર, રવિસુત એટલે સૂર્યવંશી નળરાજાના રૂપ આગળ પોતાનું રૂપ હલકું પડવાથી નાશી જાય છે; વળી 'જુગ્મ રવિસુત' એટલે સૂર્યની સ્ત્રીએ અશ્વિની (ઘોડી)નું રૂપ ધારણ કરેલું, તે સ્થિતિમાં સૂર્યે અશ્વનું રૂપ ધારણ કરી ઉત્પન્ન કીધેલા બે જોળપુત્ર અશ્વિનીકુમાર તે (નળરાજાના) રૂપ આગળ શરમાઇને નાશી જાય છે, એમ પણ લેવાય.

૪૪૩. આવું નળનું રૂપ છે. એની ગંભીરતાનું વર્ણન કરૂં તો તેને અર્ણવ એટલે સમુદ્રની ગંભીરતા સાથે સરખાવાય, પરંતુ તે યોગ્ય નથી, કારણ સમુદ્રમાં ખારાટ છે. નળમાં ખારાટ નથી એટલે તે ગંભીરતામાં સમુદ્રથી ચઢતો છે.

૪૪૪. **શીતળતાએ**, ઠંડકમાં. **શશિ**, ચંદ્ર. **હાર્યો**, હલકો પડયો. **કળા**, ચંદ્રના વ્યાસસૂત્ર–બિંબનો સોળમો ભાગ; તેજ. **મુકે...કષ્ટ**, પુનમને

દિવસે ચંદ્ર સંપૂર્ણ ગોળ હોય છે ને ત્યાર પછી ધીમે ધીમે કળાહીન થતો જાય છે ને અમાસને દહાડે બીલકુલ દેખાતો નથી. ચંદ્રની કળા (Phases of the Moon) ઓછી થતી જાય છે તે ક્ષયરોગને લીધે છે એમ કહેવાય છે, તેથી અહીંઆં કષ્ટ પામે છે એમ કહ્યું છે.

૪૪૫. **આદિત, (સં. आदित्य)**, વરૂણ, સૂર્ય, વેદાંગ, ભાનુ, ઇંદ્ર, રવિ, ગભસ્તિ, યમ, સ્વર્ણરેત, દિવાકર, મિત્ર ને વિષ્ણુ, એ કસ્યપના અદિતિથી થયલા બાર પુત્ર. પ્રત્યેક માસનો એક અધિષ્ઠાતા હોય છે, અહીંઆં સૂર્ય. મેરૂ, એ નામનો પર્વત છે. એ સાત ખંડ (જુઓ 'સપ્તખંડ' લી. ૧૦૫) ની વચમાં છે. એને કમળના કોશની ઉપમા આપવામાં આવી છે. જેમ કમળના ફૂલને પાંખડી હોય છે તેમ એને જૂદા જૂદા દ્વીપો છે. મેરૂની ઉંચાઇ ચોર્યાસી હજાર જોજન છે, જેમાંના સોળ હજાર જોજન જમીનની સપાટી નીચે છે. સ્વર્ગમાંથી ગંગા આવી તે પ્રથમ એના શીખરપર પડી ને ત્યાંથી ચાર નદીને રૂપે આસપાસના દ્વીપોમાં તે વહે છે. દક્ષિણ તરફનો જે પ્રવાહ તે હિન્દુસ્તાનની ગંગા, તાતાર દેશમાં ઉત્તર તરફ વહે છે તે ભદ્રસોમા, પૂર્વ તરફની તે સીતા, ને પશ્ચિમ તરફની તે ચક્ષુ અથવા ઓકસસ છે. મેરૂના શિખરપર બ્રહ્માદિ દેવ, ઋષિ ને ગન્ધર્વો રહે છે. એ પર્વત સોના ને મણિથી ભરેલો છે. સૂર્ય મેરૂની આસપાસ ફરે છે એમ મનાય છે. પૃષ્ઠ, પાછળ.

૪૪૬. **ઐશ્વર્ય**, શક્તિ; સત્તા. **ઐશ્વર્ય...લાખ**, ઇન્દ્રે લાખો ઉપાય (યુક્તિઓ) કીધા છતાં પણ ઐશ્વર્યયુદ્ધમાં તે નળથી હાર્યો.

૪૪૭. **મહાદેવ**, સંહાર કરનાર તમોગુણ ઇશ્વર; શિવ. એ યોગીરૂપે છે ને ચિરકાળ યોગાભ્યાસ કરે છે; એ ક્રોધી છે. પાર્વતી અર્ધાંગે ને ગંગા જટામાં એવી એને બે સ્ત્રી છે. શિવને ત્રણ આંખ છે તેમાં બે ભવાંની વચમાંની છે તેમાંનો ડોળો ઉંચોનીચો થયાંજ કરે છે. એને મુંડ (રાક્ષસનાં ડોકાં) ની માળા છે. એને સર્પનાં આભૂષણ છે ને એનું વાહન વૃષભ–નન્દી પોઠીઓ છે. જુઓ 'શંભૂસુત' લી. ૧; 'ત્રિપુરાર' લી. ૯. **ચોળે**, શરીરે લગાડે. **રાખ, (સં. रक्षा)**, વિભૂતિ; ભસ્મ; યજ્ઞની ભસ્મ; મહાદેવના ભક્ત–બ્રાહ્મણો મન્ત્ર ભણી પોતાને કપાળે, બાહુએ લગાડે છે તે.

૪૪૯. નળ ઘણો સ્વરૂપવાન છે ને તેથી આપણી સ્ત્રીઓ તેને પરણી બેસે એવા ભયથી સઘળા દેવોએ સંભાળ લેવા માંડી–પોતાની સ્ત્રીઓને સાચવવા લાગ્યા. આનું વર્ણન નીચેની દશ લીટીમાં આપ્યું છે.

૪૫૦. **લક્ષ્મી**, વિષ્ણુ–શેષશાયી નારાયણુની શક્તિ–ની સ્ત્રી. જ્યારે શેષશાયી નારાયણ પોઢે છે ત્યારે એ તેના પગ ચાંપે છે. એ સૌંદર્ય ને ધનની દેવી છે. **વિમાસે**, (सं. वि+मृष्=વિચાર કરવો), વિચારે; ફિકર કરે.

૪૫૧. **શેષ**, જુઓ લી. ૧૪૧. **બેઠા...વાંસે**, શેષનાગના વાંસા–પીઠપર જઈ રહ્યા. જુઓ 'વિષ્ણુ' લી. ૪૨૦.

૪૫૨. **હીમસુતા**, હીમાચળ–હીમાલય પર્વતની સુતા–દીકરી; શિવની સ્ત્રી; પાર્વતી. એ પૂર્વ અવતારે દક્ષ પ્રજાપતિની શ્રીદેવીથી થયલી સોળ કન્યામાંની સૌથી નાની સતી નામની પુત્રી હતી, તે શિવને પરણી હતી. દક્ષ એક વાર શિવલોક ગયા હતા ત્યારે શિવે તેનો બરાબર સત્કાર કર્યો નહીં, તેથી દક્ષને ઘણો ક્રોધ આવ્યો. એક વાર દક્ષે યજ્ઞ કીધો તેમાં શિવ અને સતી શિવાય બીજા બધાને તેડ્યા. સતીને યજ્ઞની ખબર પડી એટલે તેણે પોતાના પિતાને ઘેર જવાની મરજી કીધી. પણ શિવે કહ્યું કે તેડાં વગર જવું સારૂં નહીં; જશે તો તારૂં અપમાન થશે. છતાં સતીએ કહ્યું કે બાપને ત્યાં તેડાં વગર જવામાં ખોટું નથી માટે મને રજા આપો. શિવે આખરે રજા આપી કેટલાક ગણોની સાથે સતીને મોકલી. શિવના કહ્યા પ્રમાણે દક્ષે તેનું અપમાન કર્યું. આથી ગુસ્સે થઈ સતી બળી મુઈ, ને ગણોએ જઈને શિવને આ ખબર કરી. બીજે અવતારે એ હિમાચળ પર્વત ને તેની સ્ત્રી મેનાની પુત્રી થઈ તેથી તેનાં પાર્વતી, ગિરિજા, હિમસુતા ઇ. નામ પડયાં. એ અવતારમાં પણ તે શિવને પરણી હતી; એને ગણપતિ, કાર્ત્તિકસ્વામી ને ઉષા (ઓખા) એ ત્રણ સંતાન હતાં. **હર**, મહાદેવ. જુઓ લી. ૪૪૭. **ગૂફા**, (सं. गुहा, गुह्=સંતાડવું), પહાડનાં જે પોલાણ હોય તે; ગુહા.

૪૫૩. ઇન્દ્રે પોતાની સ્ત્રી શચિને (નળને પરણે નહીં તેટલા સારૂ) સાચવવાને હજાર આંખ કીધી. ઇન્દ્રને હજાર આંખ છે તે પરથી કવિ એવી કલ્પના કરે છે કે ઉપલા કારણ સારૂજ તેણે એટલી આંખો કરી. જુઓ 'ઇન્દ્ર' લી. ૧૧૨.

૪૫૪. **સિદ્ધિબુદ્ધિ**, સિદ્ધિ અને બુદ્ધિ (દ. સ.); એ બે ગણુપતિની સ્ત્રી, વિશ્વરૂપની દીકરી હતી. એનાં લગ્ન કરવાને એવો ઠરાવ હતો કે જે એક દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા કરી આવે તે તેઓને પરણે. ગણુપતિએ વિચાર્યું કે મા છે તે પૃથ્વીરૂપ છે, માટે એની પ્રદક્ષિણા કરવી. પછી તેણે એ પ્રમાણે કર્યું ને બેઉ સ્ત્રી એને વરી. **ધીરે નહીં**, તેમનો વિશ્વાસ રાખે નહીં; તેઓને છુટી મૂકે નહીં. **ગણુપતિ**, ગણુનો પતિ. જુઓ 'શંભુસુત' લી. ૧. **અહોનિશ**, (**સં. अहः**=દહાડો+**निशा**=રાત), દહાડો રાત; રાત દિવસ (દ. સ.).

૪૫૫. **ઋષિપત્ની**, ઋષિઓની સ્ત્રી. **જઇ...વાસ**, વનવાસ જઈ રહ્યા; વનમાં જઈ વાસ કીધો.

૪૫૬. **પદ્મની**, (**સં. पद्मिनी**), જુઓ 'પદ્મની' લી. ૩૬૪. અહીંઆં વરૂણુની સ્ત્રી ગૌરી. **વરૂણ**, પશ્ચિમ દિશાના દિગ્પાળ અને પાણીના અધિપતિ-રાજા (Neptune). એની રહેવાની નગરી માનસોત્તર પર્વતપર આવેલી નિમ્લોચિની અથવા સૂષા છે. એની સ્ત્રી ગૌરી ને એનું આયુધ પાશ છે. જુઓ લી. ૭૭૮. **પાતાળ...ભૂપ**, વરૂણુ રાજા તો પોતાની પદ્મની સ્ત્રી ગૌરીને લઈને (નળને રખેને તે વરે એવા ભયથી) પાતાળમાં જઈ રહ્યા.

૪૫૭. **સ્વાહા**, દક્ષ પ્રજાપતિની સોળ કન્યામાંની ચોદમી. અગ્નિની સ્ત્રી. એ યજ્ઞમાં દેવોને તેમનો હવિર્ભાગ (બળીદાન) પહોંચાડે છે. **વહ્નિ**, અગ્નિ. પૃથ્વી, અપ્ (પાણી), તેજ, વાયુ અને આકાશ એ પંચ મહાભૂત-માંના ત્રીજા–તેજ અથવા વહ્નિનો મૂર્તિમાન દેવતા. દક્ષની કન્યા સ્વાહા એની સ્ત્રી થાય. એને બે મુખ, ત્રણ પગ ને સાત હાથ છે. એનું વાહન મેંઢો છે ને એની ધજાપર પણ મેંઢો છે. **ધર્યાં...રૂપ**, ઉડતાળીશ જૂદાં જૂદાં રૂપ લીધાં. અગ્નિનાં એ નામોને માટે જુઓ અમરકોષ.

૪૫૮. **ચંદ્ર**, એની સ્ત્રીનું નામ રોહિણી. **સૂરજ**, એની સ્ત્રી રન્નાદે.

૪૫૯. નળ ઘણોજ કાન્તિવાન છે અને હું પરણીશ તો મારી સ્ત્રી એના પર મોહિત થઈ એને વરશે એમ નારદજી આગળથી જાણી ગયા તેથીજ પોતે પરણ્યા નહીં અને સદા બ્રહ્મચારી રહ્યા. **બ્રહ્મચારી**, (**સં. ब्रह्मचारिन्**, **ब्रह्म**=વેદ અથવા વેદાંગના અધ્યયન સારૂ લીધેલું વ્રત+**चारिन्**=ચાલનાર, પાળનાર), સ્ત્રી સંગ ન કરવો એવું જેણે વ્રત લીધું હોય તેવો પુરૂષ; હિંદુ ધર્મ-

શાસ્ત્ર પ્રમાણે માણસની જીંદગીના બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એવા ચાર આશ્રમ કહેલાછે, તેમાં જનોઈ દેવાય ત્યાંથી તે લગ્ન થતાં સુધીની વિદ્યાભ્યાસ કરવાની અવસ્થામાંનો માણસ. જુઓ લી. ૨૦૯.

૪૬૦. સંતાડી, પોતાની સ્ત્રીઓ નળને ન જોય તેટલા સારૂ.

૪૬૧. વપુના, શરીરના. વાન, (સં. वर्ण=રંગ), કાન્તિ; ખુબસુરતી. સર્વે...પમાડી, આખી દુનિયાને દુઃખ થયું. નળનાં સ્વરૂપની દેવો પણ અદેખાઇ કરતા હતા. 'વિદર્ભે ગયા મન ભંગ થયા, દેખી નળનું રૂપ રે' લી. ૭૪૩, અને 'રખે આપણી સ્ત્રીઓ વરે નળને, સરવે માંડી રક્ષાય', લી. ૪૪૯, આવી રીતે સઘળી સૃષ્ટિને નળના રૂપથી કષ્ટ થયું.

૪૬૨. નળ બધા કરતાં વધારે ખુબસુરત હોવાથી તથા પોતાની સ્ત્રીઓ તેને વરે એવા ભયથી પુરૂષો નળની અદેખાઇ કરી બળતા હતા અને સ્ત્રીઓ કામથી—નળને મળવાની ઇચ્છાથી બળતી હતી.

૪૬૩. અનલ, અગ્નિ; દેવતા. અનલ શબ્દનો અર્થ કવિએ નળ નહીં તે અનળ એમ લીધો છે. સઘળાને અનળ પ્રગટયો, પણ નળમાં અનલ નહોતો તેથી એનું નામ નળ પડયું. સરખાવો 'દમ્યું જગત સ્વરૂપ ઉદે કરિયું, માટે દમયન્તી નામ ધરિયું.' લી. ૨૦૩.

૪૬૪. જપ, (સં. जप्=જપવું, ધીમે બોલવું), નામ, મન્ત્ર ઇત્યાદિનો મનમાં અથવા મુખથી વારે વારે જે ઉચ્ચાર કરવો તે; ઇશ્વિરના નામનું સ્મરણ. સેવ્યો હિમ પરવત, જુઓ 'ગાળ્યાં હશે હીમાળે અસ્ત.' લી. ૨૦૫.

૪૬૫. કરવત, (સં. करपत्र), લાકડું વ્હેરી પાટીઆં પાડવાનું દાંતાવાળું લોઢાનું હથિયાર. જેણે...કરવત, કાશી અથવા બનારસ જે હિંદુઓનું પવિત્ર ધામ છે ત્યાં જઈ કરવત મૂકાવવાથી, એટલે ઉંધે માથે બંધાઈ ગુદા આગળથી કરવત મૂકાવી લાકડાંની પેઠે વ્હેરાવવાથી, આવતા જન્મમાં જેની આશા રાખીને કરવત મૂકાવ્યું હોય તે મનમાન્યું સુખ મળે છે. એવી ધર્મઘેલાઇ ઘણા વર્ષ પૂર્વે ચાલતી હતી, જે હાલ તદન બંધ પડી છે. અહીંઆં કવિની મતલબ એવી છે કે જે સ્ત્રીએ નળને પરણવાની ઇચ્છાથી કાશી જઈ કરવત મૂકાવ્યું હશે તેજ સ્ત્રી નળને વરશે.

૪૬૪-૬૫. જેણીએ જપ અને વ્રત કર્યાં હશે, જેણે હિમપર્વત સેવ્યો હશે, અને જેણે કાશી જઈ કરવત મૂકાવ્યું હશે તે નારી નળને પરણશે.

૪૬૬. **બ્રહ્માજીની સૃષ્ટિમાં**, બ્રહ્માજીએ સર્જેલી દુનિયામાં એટલે સ્વર્ગ, મૃત્યુ ને પાતાલ એ ત્રણે લોકમાં. કો...રૂપ, જાચક-ભિક્ષુકનું નામ નથી.

૪૬૭. **છેદ્યાં**, (**સં. છિદ્**=કાપવું), કાપ્યાં; દૂર કીધાં; ટાળ્યાં. સરખાવો લી. ૬૬. **ભિક્ષુક...ભૂપ**, ભીખારૂઓને પણ નળે દાન આપીને રાજા સરખા બનાવ્યા (અતિશયોક્તિ).

૪૬૮. **ત્યારે**, હંસને મ્હોડે નળનાં આટલાં બધાં વખાણ સાંભળ્યાં ત્યારે. **નરમ થઇ**, (**સં. નમ્ર**=નીચું, નમેલું), દીન-ગરીબ થઈ; અભિમાન છોડી. **નિર્મળ**, (**સં. નિર્મલ, નિઃ**=વિનાનું+**મલ**=મેલ), મેલ વિનાનો; ખોડ ખાંપણ વગરનો; પૂર્ણ રીતે સ્વરૂપવાન અને યશસ્વી.

૪૬૯. **જેમ તેમ કરતાં**, ગમેતેમ કરીને; ગમે તેટલી મહેનત પડે તોપણ. **તાંહાં**, નળને ત્યાં; નળની સાથે. **મેળાવ**, કરાવ; મેળવી આપ. **વેવીસાળ**, વેસવાળ; વવાહ.

૪૭૦. **વામણો**, (**સં. વામન**=ઠીંગણો), ઠીંગણો (માણસ).

૪૭૦-૭૧. હંસ કહે છે કે જેમ કોઇ ઠીંગણો માણસ ઉંચા આંબા પરથી કેરી તોડવા ઇચ્છે અને ફાંફાં મારે પણ કંઇ વળે નહીં, તેમ તારા જેવી સ્રીને નળ જેવા અતિ સ્વરૂપવાન ભરતાર (વર) મેળવવાની ઇચ્છા થઈ છે, પણ તે વ્યર્થ ફાંફાં મારવા જેવું છે. હંસને પોતાની મતલબ સાધવી હતી છતાં પોતે ગરજાઉ ન હોય તેવી રીતે નળનાં વખાણ કરીને તેણે દમયન્તીના ગર્વને છેક હલકો પાડી નાંખ્યો; અને દમયન્તી જ્યારે નળ સાથે પોતાના વિવાહ કરાવવા સારૂ અજીજી કરે છે, ત્યારે હંસ પાછો તેને તરછોડી નાંખે છે અને કહે છે કે એ ફોકટ ફાંફાં શા માટે મારે છે. તું ક્યાં ને નળ ક્યાં ! (મહાકવિ કાળીદાસના રઘુવંશ નામના મહાકાવ્યના પ્રારંભમાંજ આવી રીતે કવિએ રઘુકુળના મહિમા સાથે પોતાનો મુકાબલો કીધો છે, ને તે ઉપરથીજ પ્રેમાનંદે આ વિચાર લીધેલો હોવો જોઇએ.)

૪૭૨. **દૂત**, સંદેશો પહોંચાડનાર; જાસુસ. અહીંઆં નળને સારૂ કન્યા શોધવા મોકલેલા માણસ.

૪૭૩. **ખપ**, મહેનત; ખંત; શોધ. સરખાવો, 'ખપ કરી ખોળજોરે, કહાડજો ક્ષિતિકેરો છેક.' ક. ૪૬. **ખપ કરી**, મહેનત કરીને, પુષ્કળ શોધ

કરીને. **ભૂત**, (**સં. भू=થવું**), મરતી વખત મરનારનું મન કશામાં રહી ગયાથી તેના જીવની સ્થિતિ જે રૂપે થયલી મનાય છે તે; વિચિત્ર બિહામણું માણસ. અહીંઆં હંસ દમયન્તીનું અભિમાન છેકજ મૂકાવી દે છે. **ખપ... ભૂત**, (જો નળને અમે) ખપ કરી (તે) પરણાવીએ તો તું સરખું (તારા સરખું) કંઈ ભૂત(જ પરણાવીશું) ?

૪૭૪. **વિહંગ**, પક્ષી; અહીંઆં હંસ. જુઓ 'વિહંગમ' લી. ૩૫૯ **અહંકાર**, અહં–હુંપણું; હુંપદ; અભિમાન; ગર્વ.

૪૭૫. **ભુંડા**, નઠારા. સંબોધન વિભક્તિ. હે ભુંડા. લાડવાચક શબ્દ છે. નઠારા એવો ખરો અર્થ અહીંઆં નથી. **નિર્ભ્રંછાં**, (**સં. निर्+भर्त्स=** ધમકાવવું), ધમકાવે છે; તરછોડી નાખે છે. નિંદવું, વખોડવું એવા અર્થમાં પણ પ્રેમાનંદે આ ક્રિયાપદ વાપર્યું છે. જુઓ લી. ૯૧૪ તથા ૯૧૫. **ભુંડા...મિત્રાચાર**, દમયન્તી હંસને કહે છે કે, આપણે બે મિત્ર થયાં છીએ, ને હે ભુંડા તું મને શું તરછોડે છે.

૪૭૬. વેદ અને ન્યાયશાસ્ત્રમાં કહ્યું છે કે સ્નેહ કરવો તે સત્કર્મનો હોવો જોઇએ, એટલે સ્નેહમાંથી સારાં કામ થાય તોજ તે સ્નેહ ખરો.

૪૭૭. દમયન્તી આખરે છેક ગળગળિત થઈ કહે છે કે, હે હંસ, હું તને પગે લાગું છું, તું નળ સાથે મારો વિવાહ કરાવી આપ.

૪૭૮. **નળ માગું**, નળ સાથે પરણાવ એવું માગું છું. **આવી તારે શર્ણરે**, (**સં. शरण**=સંકટમાંથી બચવાને કોઇ સમર્થની સહાય–ઓથમાં જઈ રહેવું તે), હું તારી પાસે રક્ષણને સારૂ આવી છું; મને તારોજ આધાર છે.

૪૭૯. **નહીંતર**, નળ નહીં મળશે તો **પીંડ**, દડો; દેહ; શરીર. **પીંડ પડશે ધર્ણરે**, મારો દેહ જમીનપર પડશે.

૪૮૦. **ભગની**, (**સં. भगिनी**), બહેન. **ભીમક રાજકુમારી**, ભીમક રાજાની કુમારી–કન્યા; દમયન્તી.

૪૮૧. દમયન્તીને છેક નરમ કર્યા પછી હંસ એના કાલાવાલાને લીધે દયા લાવી જાણે તેનાપર મહેરબાની કરતો હોય તેમ પોતાની ગરજ છુપાવી વાત કરે છે.

૪૮૨. **મળતાને**, જે મળે તેને; મિત્રને.

૪૮૩. **પાશ**, જાળ; બન્ધન; પ્રપંચ. **નાખી...પાશ**, આમ તેમ જાળમાં ફસાવીને; પ્રપંચથી સમજાવીને; આડાઅવળા પાટા દઈને.

૪૮૨–૮૩. હું મારા મિત્રને માટે જીવ આપીને પણ તેના મનની આશા પૂરૂં એવો છું, માટે આડાઅવળા પાટા દઈને–આડું અવળું સમજાવીને–નળ તારાપર મોહિત થાય એમ હું કરીશ.

૪૮૪. **જડીબુટ્ટી**, (**જડી**=છોડ, ઝાડ વગેરેનાં મૂળીયાં–ડાંખળી, છોડીયું, છાલ તે પણ; ઔષધિ. **બુટ્ટી**=જેમાં અજબ જેવો ગુણ હોય તેવી વનસ્પતિ), અજાયબ જેવા ગુણવાળી–અદ્‌ભુત અસર કરે એવી–જડી–વનસ્પતિની દવા. **તતક્ષણ**, તેજ ક્ષણે; તેજ ઘડીએ. **ઘેહેલો**, ગાંડો; ઢંગ વગરનો. આ જગ્યાએ દમયન્તીઘેલો એટલે દમયન્તીનેજ જોય અને તેનેજ માટે વિચાર કર્યા કરે એવો.

૪૮૫. **આફ્ણીએ**, પોતાના મેળે; સહજ. સરખાવો 'આફ્ણીએ આપણને વરશે, થશે હંસનું કીધું ફોકજી'. લી. ૭૬૫. 'આફ્ણીએ નહાસશે દેખીને, વારો છો શાને–હો બાઇ.' પ્રે. ભા. અ. ૧૬, ક. ૫૫. 'આફ્ણીએ જોને દ્વાર ઉઘડીઆં, હાર ગોપાળરાયે દીધોરે.' પ્રે. હારમાળા, પદ ૧૪૩. **આંહાં**, વિદર્ભ. **સર્વની પહેલો**, સ્વયંવરમાં દમયન્તીને મેળવવા સારૂ જે સઘળા રાજા રાણા આવશે તેમાં પહેલો.

૪૮૬. **સંકેત**, (**સં. संकेत**=તેડવું, વખત નક્કી કરવો), કોઇ કામને સારૂ મુકરર કરેલી જે યોજના તે; આગળથી કરી મૂકેલી ગોઠવણ; ગોઠવણ.

૪૮૭. હું તારી સાથે ગોઠવણ કરૂં છું, ને તું બીજા કોઇને પરણી બેશે ને નળ આગળ હું જુઠો પડું તો પછી મારી આબરૂ જાય.

૪૮૮. **ઘાતી**, (**સં. हन्**=મારી નાખવું), ખુની; હત્યારા; આ જગાએ ખરાબી કરનાર; નિર્દય; વિઘ્ન કરનાર.

૪૮૯. **વણ...મા**, નળ વિશે પાકી ખાત્રી કીધા વગર કોઇને પરણીશ નહીં. **વહવાતી**, (**સં. वह्**=લઈ જવું), છેતરાતા; ઠગાતી.

૪૯૦. **અમર**, (**સં. अ**=નહીં+**मृ**=મરવું), જેને મોત નથી એવા; દેવ. **વેહેરો**, ભેદ; ફેર; તફાવત. **તે**, તેનો, દેવોનો. સરખાવો 'તે (તેથી) હીંડતાં ચાલતા હાથી, માથે ઘાલે ધુળ,' લી. ૧૭૦. **વેશ**, બહારનાં ચિહ્ન.

૪૯૧. **અંત્રિક્ષ**, (**सं. अन्तरिक्ष**), આકાશ. અહીંઆં અવ્યય છે. **અદ્ધર**, પૃથ્વીને અડક્યા વગર. **નિમેષ**, આંખ ઉઘાડ દે કરવી તે; આંખનો પલકારો.

૪૮૭–૯૧. હંસ જતાં પહેલાં દમયન્તીને ચેતાવી જાય છે કે દેવો પણ નળનાં રૂપ લઇ તને પરણવા આવશે, માટે તું ડાહી થઈને છેતરાતી નહીં. નળ અને દેવોમાં શો તફાવત છે તથા તેઓને પારખવાનાં બહારનાં ચિહ્ન શાં છે તે પણ તે દમયન્તીને કહેતો ગયો. દેવ જમીનને અડક્યા વગર અદ્ધર ઉભા રહેશે અને તેઓને માણસની પેઠે આંખના પલકારા હશે નહીં.

૪૯૨. **સ્વયંવર**, (**सं. स्वयम्**=પોતે, જાતે+**वर**, **वृ**=પસંદ કરવું), કન્યાએ પોતાની પસંદગીનો વર શોધીને પરણવું તે; આવી રીતે વર પસંદ કરવા સારૂ દેશદેશના રાજાઓને આમન્ત્રણ મોકલી મંડપ વગેરેથી લગ્નની ધામધુમ કરવી તે. **રચાવે**, (**सं. रच्**=ગોઠવવું), રચાવજે; (સ્વયંવરની ધામધુમ) કરાવજે; સમારંભ કરાવજે. **વળી...વાનું**, સ્વયંવર રચાવવા ઉપરાંત તું એક બીજી વસ્તુ–વાત–કરજે.

૪૯૩. **નોહોતરૂં**, (**सं. निमन्त्रण, नि+मन्त्र्**=તેડવું), તેડું; આમન્ત્રણ.

૪૯૪. **હંસરાય**, હંસમાં રાજા; મોટો હંસ. **કરે...વીદાય**, વિદાય કરે; વળાવે; (હંસને) પાછો મોકલવાની તૈયારી કરે છે.

૪૯૫. દમયન્તી હંસને કહે છે કે તમને જાઓ કહું તો મારી જીભ કાપી નાખવી પડે; મતલબ કે મારાથી તમને જાઓ એમ કહેવાતું નથી, તેમજ તમારા ગયા વગર (નળ સાથે વિવાહ મેળવવાનું) કામ પણ થાય તેમ નથી.

૪૯૬. **વિરહ**, (**सं. वि+रह्**=તજવું, છોડી દેવું), વિયોગ. **મારો ...સમાવો**, નળથી મારો જે વિયોગ છે તેને લીધે મારા શરીરમાં જે વહ્નિ–અગ્નિ–લાગ્યો છે તેને (નળને લાવીને) શાન્ત કરો–હોલવો. નળને દમયન્તીએ પોતાનું મન સમર્પ્યું ત્યારથી થયલો સંયોગ અને હમણા નળ એની કને નથી તેથી વિરહ–વિયોગ.

૪૯૭. **વીવાઅરથે**, વિવાહને અર્થે; લગ્નને સારૂ. **વીરા**, **બાઈ**. લાડવાચક શબ્દ છે. જુઓ 'વીર' લી. ૩૨૪ અને ૫૨૧.

૪૯૮. **દુખાળી**, દુઃખવાળી; દુઃખી. **તારા...દુખાળી**, તારા (હંસ) વગરની હું થઇશ-તું જશે તેથી, અને નળનો વિયોગ છે તેથી હું બેવડી દુઃખી થઇશ.

૪૯૯. **મેલાપ**, મુલાકાત; હાજરી. **મેલાપ...ટાળી**, તમારા મેળાપ ટાળી-શિવાય, વિના. જુઓ 'નથી બાઇ તું ચુકવાવાળી, નહીં તજે અન્યા ટાળી,' ક. ૪૮; 'નૈષધનાથને કોણુ મેળવે, હો ગુરૂજી તમ ટાળી.' ક. ૫૧.

૫૦૨. **નાથ**, રક્ષણુ કરનાર; ધણી; સ્વામી. દમયન્તીએ હંસનાં વખાણુ સાંભળીને પોતાનું મન અર્પણુ કર્યું છે તેથી 'નાથ' શબ્દ વાપરે છે. **તો...વળતું**, તો વળતું (પછીથી) કોણુ (આણી) આપશે? દમયન્તી કહે છે કે હે હંસ તું મારા સ્વામીને લાવી આપશે નહીં તો પછી બીજું કોણુ લાવશે?

૫૦૩. **રાખ્યાનું**, (**સં. रक्ष्**=રક્ષણુ કરવું), રક્ષણુ કરવાનું; બચાવવવાનું. **મોટું...બળતું**, અનંગ અગ્નિ-કામની પીડાથી બળતું માણસ રાખ્યાનું-બચાવ્યાનું મોટું પુણ્ય છે.

૫૦૫. **અણેતી**, (બાલ્યાવસ્થામાં-લાડ-કોડમાં) અજ્ઞાન; બેવકુફ.

૫૦૬. છાની વાત (કેટલીક એવી હોય છે કે) તે મિત્રને કહિયે (કહી શકાય છે, પણુ તેમાં), વહાલાની ચોરી હોય (વહાલાથી તે છાની રાખવી પડે છે).

૫૦૭. **મોરી**, મારી. કવિતામાંજ વપરાય છે. **વણુ...મોરી**, રોગ વિના મારા શરીરની આ (નળના વિરહની) વેદના-પીડા હે હંસ તું જાણે છે.

૫૦૮. **આશાસૂત્ર**, આશા રૂપી સૂત્ર-સૂતર. તંતુ, તાંતણો; દોરી.

૫૦૯. **અળગી**, (**સં. अ**=નહીં+**लग्**=લાગવું), આઘી; દૂર; છુટી.

૫૦૮-૯. હે હસ તેં મને નળ સાથે પરણાવી આપવાની આશા આપેલી છે તે આશા રૂપી સુતરના તાંતણાને મારો પ્રાણુ વળગી રહ્યો છે, એટલે જેમ સુતરનો તાંતણો સેહેજમાં તૂટી જવાનો ભય રહે છે તેમ જો તેં આપેલી આશા એટલે વહેવાની વાત મિથ્યા થશે તો મારો પ્રાણુ જે આશા રૂપી સુતરના તાંતણાને લટકી રહ્યો છે તે તરતજ દેહમાંથી નીકળી જશે.

૫૧૦. **વિશ્વાસઘાત**, વિશ્વાસનો ઘાત; આગળથી ભરોસો આપી તે પ્રમાણે ન કરવું તે; વિશ્વાસ તોડવો તે.

૫૧૧. **વૃદ્ધની વાત**, ઘરડા માણસના જેવી એટલે વિશ્વાસ રાખી શકાય એવી ડહાપણ ભરેલી વાત. **નથી...છૈએ**, નાના છોકરાએ–બાળકે કીધી નથી કે તેપર ભરોસો રાખી ન શકાય. **વૃદ્ધની...છૈએ**, દમયન્તી કહે છે કે હે હંસ, તું ડહાપણ ભરેલી ઘરડા માણસના જેવી વાત કરી જાય છે અને એ વાત કંઈ નાના છોકરાએ કરી નથી—તું કંઈ નાદાન નથી, માટે હું તારાપર ભરોસો રાખું છું.

૫૧૪. **વાત**, હકીકત; બીના. **વીતી**, થઈ; બની.

૫૧૭. **પરણ્યાનું**, પરણવાનું; દમયન્તીને પરણવા જવાનું.

૫૧૯. **દૂત**, જુઓ લી. ૪૭૨. દૂત શબ્દ સામાન્ય નામ છે, પણ અહીંઆં પ્રેમાનંદે 'દૂતત્વ' ભાવવાચક નામના અર્થમાં વાપર્યો છે. સરખાવો 'દૂત' લી. ૬૨૧. **દૂતત્વ**, દૂતનું કામ; દૂતપણું.

૫૨૧. **વીર**, જુઓ ' વીરા ' લી. ૪૯૩. **કેમ...વેવીસાળ**, કવી રીતે–શી યુક્તિથી દમયન્તી સાથે મારો વિવાહ મેળવ્યો.

૫૨૨. **ઠામ**, ઠેકાણું; રહેવાની જગ્યા; મહેલ. **ભૂપગણ**, રાજાને શોભે એવા ગુણ. **ગોત્ર**, વંશનો મૂળ પુરૂષ જે ઋષિ તેના નામ ઉપરથી પડેલું કુળનું નામ. **આચર્ણ**, (**सं. आचरण, आ+चर्**=ચાલવું, વર્તવું), રીતભાત; લક્ષણ; ચાલચલણ.

૫૨૩. **સર્વાંગે...અંતસ્કર્ણજી**, તે શ્યામા–દમયન્તી સર્વાંગે–સઘળા અવયવોમાં સંપૂર્ણ છે—બરાબર છે ?—તેના અવયવ બરાબર જોઈએ તેવા છે ? અને તારૂં અંતઃકરણ—મન તેને જોઈને માન્યું ? તે તને પસંદ પડી ?

૫૨૪. **વાત...માંડીજી**, શરૂઆતથી—આરંભથી મને વાત કહો.

૫૨૫. **લજ્જા છાંડીજી**, મનની શરમ છોડીને. સ્વાભાવિક રીતે કન્યા પોતાના વિવાહ સારૂ વાત કરતાં શરમાય છે.

૫૨૬. **વિવેક**, વિવેકથી; હદમાં રહીને વિચારપૂર્વક; ટુંકામાં. **પંખી ...વિવેકજી**, હંસ કહે છે કે હે સ્વામી—નળ, કન્યા—દમયન્તીનું હું જે વિવેકથી વર્ણન કરૂં છું તે તમે સાંભળો. કેટલાક 'કન્યાના વિવેકનું વર્ણન,'

અથવા 'કન્યાનું વર્ણન અને વિવેક' એ પ્રમાણે બે છે. પણ આ કડવામાં દમયન્તીના પિતાની નગરીનું વર્ણન તથા હંસે દમયન્તીને કેવી સ્થિતિમાં જોઈ અને તેનું મન કેવી રીતે પોતાની તરફ આકર્ષ્યુ તેનુંજ માત્ર કથન છે; તેમજ કડવા ૧૫ મામાં દમયન્તીના સ્વરૂપનું વર્ણન કરેલું છે; વિવેક વિશે એમાંથી એકે કડવામાં કહેલું નથી.

પર૭. છેક, છેડો; પાર. **સ્તવતાં,** (**સં. સ્તુ, સ્તવ્**=વખાણ કરવાં), વખાણ કરતાં; વર્ણવતાં. **જીવ્હા,** જીભ. **શેષ...એકજી,** જો શેષનાગ તેની હજાર જીભવડે વર્ણન કરતાં પાર ન પામે તો હું મારી એક જીભે શું કહી શકું—કેટલું વર્ણન કરી શકું. આ લીટી ઉપરથી પણ જણાય છે કે ઉપલી લીટીમાં 'વિવેકથી વર્ણન' લેવું પસંદ કરવા જોગ છે. સરખાવો **લી.** ૧૪૦ તથા **લી.** ૧૦૨૦.

પર૮. **કુંદનપુર,** ભીમક રાજાની નગરી. **કુંદન,** ચોખ્ખું સોનું; સૌથી ઉંચા ટચનું સરસ સોનું. **જોતાં મોહ ઉપજાવેજી,** જોતાં વારનેજ મનને ખુશી કરી નાંખે.

પર૯. **વૈકુંઠ,** વિષ્ણુનું ધામ. વિકુન્ઠા–વિષ્ણુની માના નામ ઉપરથી પડેલું વિષ્ણુનું અને તેની રહેવાની જગ્યાનું નામ. **પ્રસ્થાને,** સ્થાને; સ્થળે; જગ્યાએ. **અમરાપુરી,** અમરાવતી; ઇન્દ્રની નગરી. **લજાવે,** શરમાવે. **વૈકુંઠ ...લજાવેજી,** તે સ્થળે વૈકુંઠજ પૃથ્વીપર આવ્યું હોય એવો દેખાવ થઈરહ્યો છે, અને એવું કુંદનપુર ઇન્દ્રની નગરીને પણ શરમાવે છે; મતલબ કે અમરાપુરી પણ કુંદનપુર આગળ કશા હિસાબમાં નથી.

૫૩૦. **ચાહારે...પાળે,** જુઓ 'ચારે વર્ણ પાળે નિજ ધર્મ.' લી. ૭૧. **ચાહારે...કર્મજી,** ચારે વર્ણના લોકો પોતાના વર્ણાનુસાર જે કર્મ કરવાનાં તેજ કરે છે અને સ્વધર્મમાં રહી આચરણ પાળે છે.

૫૩૧. **સુખનિવૃત્ત,** સુખને લીધે નિવૃત્ત–નિરાંતવાળા; નિશ્ચિન્ત (૫. તત્. સ.). **નિવૃત્ત,** (**સં. નિ+વૃત્**=પાછાં ફરવું, બંધ પડવું), નિવૃત્તિ (સંસારના પ્રપંચ ઉપાધિથી દૂર હોવું તે) વાળા. **નિરભે,** ભય રહિત. **ને,** ઉભયાન્વયી અવ્યય. 'સુખ નિવૃત્તિ નિરભે પ્રજા' અને 'આણ ભીમકની ધર્મજી' એ બે વાકયને જોડે છે. **સુખ...ધર્મજી,** પ્રજા સુખને લીધે નચિંત અને

નિર્ભય હતી ને ભીમક રાજાની ધર્મઆણુ હતી એટલે ભીમકનો હુકમ-અમલ ધર્મ પ્રમાણે ચાલતો હતો.

૫૩૨. આનંદ, જુઓ લી. ૪૦૯. ઓચ્છવ, (सं. उत्सव), મોટી ખુશાલી; આનંદનો દહાડો; તેહેવારનો દહાડો. હરિસેવા, હરિ-ઈશ્વરની સેવા-ભક્તિ. વાજીત્ર, (सं. वादित्र), વાજાં.

૫૩૩. વાસવ, ઇન્દ્ર. વાસવ...કાજેજી, સુખ ભોગવવાને સારૂ ઇન્દ્ર, વિષ્ણુ અને બ્રહ્મા પણ કુંદનપુરમાં વાસ ઇચ્છે છે-આવી રહેવાનું મન કરે છે.

૫૩૪. નિશાચર, નિશાએ-રાતે ચર-ચરનાર અથવા ફરનાર (સ. તત. સ.); ચોર. દીશાચર, નિશાચરથી ઉલટો 'દીશાચર' શબ્દ યોજી કાઢેલો છે. 'દીશાચર' શબ્દનો અર્થ તો દીશામાં ચરનાર અથવા ફરનાર થાય; પણ કવિની મતલબ અહીંઆં 'દીશાચર' એટલે દિવસે ફરનાર એટલે ચોરથી ઉલટા અથવા આબરૂદાર એમ છે. વિદ્યા, (सं. विद्=જાણવું), કામ; ધંધો. વિદ્યા...કામજી, (ભીમક રાજાએ) નિશાચરની વિદ્યા મૂકાવી-ચોરને ચોરી કરતાં બંધ કીધા અને તેઓ દીશાચરનું કામ શીખ્યા એટલે આબરૂદાર ધંધો કરી પોતાનું પેટ ભરવા લાગ્યા.

૫૩૫. જુગ્મ, બે. કપાટ, બારણું. વિજોગપુર, લોક ઉઘાડે બારણે નિર્ભય સૂતા હતા, તેથી કવિ કુંદનપુરને વિજોગપુર એવું નામ આપે છે; કારણ ત્યાં આઠે પહોર બેઉ બારણાં જુઆં રહેતાં હતાં-ઉઘાડાં રહેતાં હતાં. જુઆં, જુદાં; ઉઘાડાં. અષ્ટ, આઠ. જામ, (सं. याम), દિવસનો આઠમો ભાગ-ત્રણ કલાકનો વખત; એક પહોર. અષ્ટ જામ, આઠે પહોર; આખો દિવસ ને રાત.

૫૩૬. પારધી, (सं. पापर्द्धि, पाप+ऋद्धि=પાપનું વધવું તે; શિકાર; આ કામ કરે પાપનો વધારો-સંચય થાય છે તેથી આ નામ), શિકાર કરનાર. કર્મ...કીધાં, પારધીએ પોતાનાં કર્મ-શિકારનાં કામોનો ત્યાગ કીધો-શિકાર કરવાનું છોડી દીધું. ગુણકા, (सं. गणिका), વેશ્યા. ગ્રહી લજ્જા, લજ્જા-શરમ ધરી-ધારણ કીધી. ભાવાર્થ કે વેશ્યા કે જેને લાજ હોયજ નહીં-ઘટે નહીં તેવી સ્ત્રીઓએ પણ ભીમક રાજાના નગરમાં લજ્જા ધારણ કરી પોતાના કુમાર્ગ છોડી દીધાં.

૫૩૭. ઉચ્ચાટ, (सं. उच्चाटन), અકળામણ; ઉદાસી; ચિંતા. અધર્મી, પાપી. વર્તે, હોય; થાય. સકંપ...ધ્વજાજી, કુંદનપુરમાં નિશાણની

ધ્વજા માત્ર કંપે છે-ફરફરે છે, એ શિવાય બીજું કોઈ સકંપ નથી-બીજા કોઈને ધ્રુજવું પડતું નથી-ડર નથી. સરખાવો 'નળના રાજ્યમાં બંધન ....પીડી ન શકે લગારેજી,' ક. ૬૪.

૫૩૮. **ભુવન**, જુઓ લી. ૩૭. **ભવ્ય**, મોટાં ને શોભિતાં; પ્રૌઢ અને સુંદર. **ભુવનત્રણ**, ત્રણ ભુવન; સ્વર્ગ. મૃત્યુ ને પાતાળ એ ત્રણ લોક. **વ્યતિરેક**, (**सं वि+अति+रिच्**=ચઢીઆતાં થવું), જુદાં; ન્યારાં ચઢીઆતાં. **ભુવન...વ્યતિરેક**, ભૂપ ભીમકનાં ભવ્ય ભુવન ત્રણ ભુવન-થી-માં વ્યતિરેક છે; ભીમક રાજાના મોટા ને શોભિતા મહેલ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણે લોકમાં ચઢીઆતા છે એટલે એના જેવા મહેલ બીજે કેથાં નથી.

૫૩૯. **પરમ**, ઘણીજ. **મનોહર**, મનનું હરણ કરે એવી; મનને ખુશી કરી નાખે એવી; સુંદર. **મધ્યે**, (વાડીની) વચમાં. **અવાસ**, (**सं. अवास**), ઘર.

૫૪૦. **સપ્તભોમ**, સાત માળ. **વ્યોમ સમાને**, આકાશને પહોંચે એવાં. **ફરતી**, આસપાસ; ચારે બાજુએ.

૫૪૧. **આયુધધારી**, આયુધ-હથિયારને ધારણ કરે છે જે તે (બહુ. સં.); હથિયારવાળી; હથિયારબંધ. **રખેવાળી**, રક્ષણ; સંભાળ.

૫૪૨. **ફણસી**, (**सं. फलस**), ફણસનું ઝાડ. **શ્રીફળી**, (**सं. शिरः-फल**), નાળિયેરીનાં ફળ છેક ટોચે બાઝે છે, માટે આ નામ.

૫૪૪. **બીલી**, બીલીનું ઝાડ; એનાં ફળને બીલાં કહે છે. **કોઠી**, (**सं. कपित्थ, कपि**=વાંદરે+**स्था**=રહેવું), જેના ઉપર વાંદરાં રહે છે એવું ઝાડ; કોઠીનું ઝાડ. **દાડમી**, દાડમડી.

૫૪૫. **ખજુર...ખેત્ર**, જુઓ લી. ૨૨૯.

૫૪૬. **શીતળ**, (**सं. शीतल**), ઠંડા. **જળાશય**, (**सं. जलाशय, जल**=પાણી+**आशय**=જગ્યા), જળનો આશય, ઠેકાણું; હોજ. **કેતકી**, કેવડાનું ઝાડ. **કુસુમ...કુંજ**, કુસુમ-ફૂલથી-છવાઈ ગયલો કુંજ હતો; ફૂલોની ખુબ ઘટા થઈ હતી. કુંજ, વેલાઓથી છવાઈ ગયલી જગ્યા.

૫૪૭. **મળીઆગર**, (**सं. मलयागरु**), એક જાતનું ઝાડ; એનું લાકડું ઘણું સુગંધીદાર . **માલતી**, મોગરાની એક જાત. **ખટપદ**, (**सं.**

षट्पद), ખટ–છ–પદ–પગ છે જેને તે (બહુ. સ.); ભમરો. **ગુંજાગુંજ**, ભમરાનું ગણગણાટ સાથે ફરવું–ફૂદવું.

૫૪૮. **વેલ**, (**सं. वल्ली**), વેલાઓ. **સમીર**, વાયુ; પવન.

૫૪૯. **વયણ**, વેણ; શબ્દ. **રયણ**, (**सं. रजनी**), રેણ; રાત્રી (એ).

૫૪૮–૪૯. વળી ત્યાં એખરાનાં ઝાડ, અનેક વેલાઓ તથા અગણિત કળીઓ નજરે પડે છે, અને ઠંડો પવન વાય છે; રાત્રીને સમયે પક્ષીઓ મધુરા અવાજ કરે છે; આ સઘળી ખુબીઓ, હે રાજા, એવી છે કે–પર્વત પણ ડોલી જાય; પર્વત જે અચળ ગણાય છે તે પણ આથી ચલિત થાય તેવું છે.

૫૫૦. **સરધુઆ**, સેકટો. **સાદડીઓ**, સાદડો; એ નામનું ઝાડ. **તાલ**, તાડ. **તમાલ**, એક જાતનું ઝાડ. એની છાલ તે તજ, અને પાંદડાં તે તમાલપત્ર.

૫૫૧. **કરેણ**, કરેણનું ઝાડ. **કામ**, આંબાની એક જાત. **બદ્રિકા**, બોરડી. **જાવંત્રી**, (**सं. जातीपत्री**), જાયફળપરનું લાલાશ પડતું પીળું વેષ્ટન અથવા ઢાંકણ; એક જાતનો તેજાનો. **જાયફળ**, (**सं. जातीफल**), એક જાતનું સોપારીની પેઠે છોડામાં થતું સુગંધીદાર ફળ. જાયફળની આસપાસ જાવંત્રી વીટલાયલી હોય છે ને તેનાપર છોડું હોય છે. **જાવંત્રી જાયફળ**, જાવંત્રીયુક્ત–સાથેનું જાયફળ; જાયફળનું ઝાડ.

૫૫૨. **વાટિકા**, વાડી. **વંક વોલામણી**, વાંકવાળી; વાંકાચુંકા રસ્તા વાળી. **વાડ...વોલામણી**, વાડીમાંની કિત્તાની આસપાસ કીધેલી મેંદી વગેરેની વાડ વાંકી ચુંકી હતી–એટલે વાડીમાં વાંકાચુંકા રસ્તા હતા. **કેળવંન**, કેળનાં ઝાડો પુષ્કળ હોવાથી કેળનું વન કહેલું છે.

૫૫૩. **બેલડીએ**, બેઉ બાજુએ એકેક છે એવી રીતે. **સાહેલડી**, સખી; બહેનપણી. **ગોરી**, દમયન્તી. જુઓ લી. ૧૭૯. **બેલડીએ...ગોરીજી**, તે ગુણવંત ગોરી–દમયન્તી તેની સખી માધવી અને કેશવીને બે બાજુએ રાખી–વળગીને હીંડે–ચાલતી હતી. સરખાવો, 'બે બે ગોપી વચ્ચે ગોવિંદજી, બેલડીએ ફરતો,' પ્રે. ભા. અ. ૩૩, ક. ૯૩.

૫૫૪. **હવો...પૂર્ણ**, મને અત્યંત આનંદ થયો.

૫૫૫. **વૃક્ષજુથ**, (**सं. वृक्षयूथ**), વૃક્ષનું જુથ; ઝાડનો સમૂહ; વૃક્ષની ઝાડી–ઘટા. **ગોપવીને**, (**सं. गुप्**=સંતાડવું), છુપાવીને; સંતાડીને.

૫૫૬. **થઈ નિ ાવશ,** નિદ્રાને વશ થઈ; ઉંઘી ગઈ. **ઇંદુ,** ચંદ્ર.

૫૫૭. **માધવી,** દમયન્તીની સખી; એની માધવી અને કેશવી નામની બે ખાસ સખીઓ હતી.

૫૫૮. **મેં તમો વર્ણવ્યા,** મેં તમારૂં વર્ણન કીધું. **ધરીઆ શ્રવણ,** વર્ણન સાંભળવાને કાન દીધા.

૫૫૯. **બાળી,** કન્યા; દમયન્તી. **અટાળીએ,** (**સં. अट्टालिका**), ઝરૂખો. **જોતી...તીક્ષણ,** તીક્ષ્ણ નેત્રે જોતી; હંસ ઝાડીમાં છુપાઇને બેઠો હતો તે કોણ છે ને ક્યાં છે તે જાણવા સારૂ તાકીને ઝીણી આંખે જોવા લાગી.

૫૬૦. **ચોદશ,** (**સં. चतुर्दिश**), ચારે દિશાએ; ચારે બાજુએ; આસપાસ. **ભાળે,** ધારીને જોય.

૫૬૧. **જન,** પ્રાણી; માણસ. **બોલી...કાળે,** આ વખતે-મધરાતને વખતે શબ્દ કરે છે-બોલે છે.

૫૬૨. **વન,** ઝાડી. **ફરીફરી,** વારે વારે.

૫૬૩. **શું વખાણું,** કેવી રીતે વખાણ કરૂં. જુઓ લી. ૫૨૭. **સુંદરી,** સુંદર સ્ત્રી; સ્ત્રી.

૫૬૪ **ગર્વઘેલડી,** ગર્વથી ઘેલી; જુવાનીના મદથી ભરેલી. **અલબેલડી,** અલબેલી ઉપરથી થયલો લાડવાચક શબ્દ; સુંદર; ફુટડી; છબીલી.

૫૬૫. **વેલડી,** (**સં. वल्लि**), નાનો વેલો. **કદળી...વેલડી,** દમયન્તીની બે સખીઓ કેળના સ્થંભ જેવી જણાતી હતી, અને એની વચમાં તે સોનાની નાજુક વેલી સરખી દેખાતી હતી. દમયન્તી પોતાની માધવી અને કેશવી સખીને વળગીને ઉભી હતી તેથી કવિ તેને બે કેળના થાંમલા ઉપર વિંટલાયલા નાજુક વેલાની ઉપમા આપે છે.

૫૬૬. **હેમ,** સોનું. **અવેવ,** (**સં. अवयव**), શરીરના જૂદા જૂદા ભાગ; અંગ; અવયવ. **અવેવ ફુલે,** અવયવ રૂપી ફૂલથી. **ફુલી,** ખીલેલી; ખીલી રહેલી.

૫૬૭. **ચકિત,** સ્તબ્ધ; દિઙ્‌મૂઢ.

૫૬૬-૬૭. દમયન્તી જાણે સોનાની વેલી હોયની શું તેવી દેખાતી હતી, અને તે અવયવરૂપી ફૂલથી ખીલી રહી હતી, તેને જોઈને હું દિઙ્‌મૂઢ બની ગયો અને મારૂં દૂત તરીકેનું કામ વિસરી ગયો.

૫૬૮. **સોમ**, ચંદ્ર.

૫૬૯. **બિંદુ**, દમયન્તીના સંબંધમાં ચાંલ્લો; અને ચંદ્રના સંબંધમાં તેમાંનું કલંક—લાંછન. **બિરાજે**, (**સં. वि+राज्**=પ્રકાશવું), પ્રકાશે. **ઉડુગણુ**, (**સં. उडुगण**), ઉડુ–તારાનો ગણુ–સમૂહ; તારાગણુ.

૫૬૮–૬૯ આકાશમાં ચંદ્ર અને પૃથ્વીપર દમયન્તીનો મુખચંદ્ર એવા બે સોમ સામસામા શોભી રહ્યા હતા, અને આકાશમાંના ચંદ્રમામાં જેમ મૃગાંક છે તેમ દમયન્તીના મુખચંદ્રમાં પ્રકાશતો ચાંલ્લો મેં જોયો, તેથી જાણે ઉડુગણુ એટલે તારાનો સમૂહ પૃથ્વીપર આવ્યો હોયની એમ મને લાગ્યું.

૫૭૦ **ઉભે**, (**સં. उभय**), બેઉ. **અમિનિધિ**, (**સં. अमृतनिधि**), અમી–અમૃતનો નિધિ–ભંડાર (ષ તત્ સ); ચંદ્ર. જુઓ 'સુધાકર' લી. ૧૪૫. **કળા**, (**સં. कला**), ચંદ્રના વ્યાસસૂત્ર–બિંબનો સોળમો ભાગ; કાન્તિ; તેજ.

૫૭૧. **જયોત**, (**સં. ज्योतिस्**), પ્રકાશ; તેજ. **જયોતે જયોતથી**, વ્યોમસોમ ને ભોમસોમના સામસામા પ્રકાશથી. **થંભ્યો**, ટેકાઇ રહ્યો.

૫૭૦–૭૧. આકાશમાંના અને પૃથ્વીપરના બેઉ ચંદ્રોએ પોતાનાં કિરણુ પ્રગટયાં અને તેઓનું તેજ પ્રકાશી રહ્યું; એ બેઉના સામસામા પ્રકાશ મળવાથી એક થાંભલો થયો અને તેથીજ આકાશ જાણે ટેકાઈ રહ્યું–તેનેજ આધારે આકાશ રહ્યું હોય એમ મને ભાસ્યું.

૫૭૨. **પરિમળ**, (**સં. परिमल**), સુગંધ; સુવાસ; પીમળ. **બેહેકે**, મગમગ થઈ રહે; પસરી રહે.

૫૭૩. **ધરાધર**, ધરા–પૃથ્વીને ધરનાર; જુઓ 'શેષ' લી. ૧૪૦; તે ઉપરથી, નાગ. **ચંદનવૃક્ષ**, સુખડનું ઝાડ; એની સુગંધીને લીધે એની આસપાસ નાગ–સાપ રહે છે. સરખાવો 'અગર તગર મળીયાગર બીલી, ચંદન ચડીયા નાગ.' પ્રે ભા. અ. ૫૧, ક. ૫૧.

૫૭૨–૭૩. તે સ્ત્રીનું તેજ લાખવસા–પુષ્કળ પ્રકાશતું હતું. એટલે તે ઘણીજ કાન્તિવાન દેખાતી હતી, ને તેના શરીરની સુગંધી બહેક બહેક થઈ રહી હતી, અને તેના વાંસાપર પડેલી તેની ગુંથેલી વેણી તે જાણે તેના શરીરરૂપી ચંદનવૃક્ષપર વાસ લેવા સારૂ નાગ ચડયો હોયની તેવું મને ભાસ્યું.

૫૭૪. **ચપળતા**, ચંચળતા; અસ્થિરતા. **ખંજન**, એક જાતનું પક્ષી. એની પુછડી એના શરીરના જેટલી લાંબી ને ઉભી હોય છે ને તે વારેવારે

હાલ્યાજ કરે છે. જાળ, (सं. जाल), માછલાં, પક્ષી વગેરે પકડવાનો સુતળી અથવા દોરીનો ગુંથેલો એક ઘાટ; પાશ.

૫૭૫. **નેત્ર અણિ અગ્રે**, નેત્રની અણીના અગ્ર ભાગ વડે. **સોય**, (सं. सूचि). **નીમડિયાં**, નિવડયાં. **સોય...નીમડિયાં**, સોયનું કામ સાર્યું.

૫૭૪-૭૫. તેની આંખ હરણ અને માછલાંની આંખ જેવી ચપળ હતી, તેથી ખંજન પક્ષી જાળમાં પકડાયું હોયની એવું લાગ્યું; અને તેની આંખ એટલી તો લાંબી હતી કે તેની તીણી અણીએ તેના કાન વીંધી નાખીને સોયનું કામ સાર્યું હોયની એવું લાગ્યું. સરખાવો 'કાને કુંડળ હીરે જડયાંરે, નેત્ર પ્રલંબ શ્રવણ અડિયાંરે'. પ્રે. મામેરૂ ક. ૧૨, તથા 'લોચન અગ્ર શ્રવણ અડિયાંરે, શું ખંજન જાળે પડિયાંરે.' પ્રે. ભા. અ ૪૮, ક. ૧૩૭.

૫૭૬. **ક્ષેત્ર**, (सं. क्षेत्र), સ્થાન. **ડોડાળાં**, ડોડાવાળાં. **અંબૂજ**, અંબુજ, (सं. अंबु=પાણી+ज=જન્મેલું), પાણીમાં જન્મેલું છે જે તે; કમળ.

૫૭૭. **ભ્રુવ**, (सं. भ्रू), ભવાં. **શરાસન**, (सं. शर=બાણ+आसन=ફેંકવું તે, अस्=ફેંકવું), શર-તીર ફેંકાય છે જે વડે તે; ધનુષ; કામઠું. **હાવભાવ**, હાવ બહારના અને ભાવ અંદરના-મનના ચાળા.

૫૭૬-૭૭. ડોડાવાળાં કમળના જેવી દમયન્તીની આંખ શું મોહનું સ્થાન-મૂર્ચ્છા પમાડે એવી વસ્તુ હોયની તેવી જણાતી હતી, કારણ તેનાં ભવાં તે ધનુષ, તેની દૃષ્ટિ તે તેમાંથી ફેંકાતું તીર, અને તેને ફેંકવાને હાવભાવ એ બે હાથ છે. ભાવાર્થ કે દમયન્તીનાં ભવાં ધનુષનાં જેવાં કમાનવાળાં છે, તેની દૃષ્ટિ તીવ્ર અને ચપળ છે, અને તેના હાવભાવથી તેની શોભામાં વધારો થાય છે.

૫૭૮. **ગળસ્થળ**, (सं. गल्लस्थल), ગાલ. **નારંગ ફળશા**, નારંગીના ફળની છાલ જેવા લાલ. **અકોટી**, એક જાતનું ઘરેણું.

૫૭૯. **કનકરેખા**, સોનાની લીટી. **જીભ્યા**, (सं. जिव्हा), જીભ. **કસોટી**, (सं. कष्=ઘસવું), સોના રૂપાની પરીક્ષા કરવાનો પથ્થર.

૫૭૮-૭૯. તેના ગાલનો રંગ નારંગીના જેવો છે, અને તેના બે કાનની અકોટી તે સૂર્ય અને ચંદ્ર છે, એટલે તેની અકોટી સૂર્ય અને ચંદ્ર જેવી પ્રકાશવાળી છે, તેના હોઠ પરવાળા જેવા લાલ છે, તેના દાંત સોનાની રેખાઓ છે ને તેના જીભ જાણે તે સોનાને કસવા કસોટી હોયની તે પ્રમાણે છે.

૫૮૦. **આનન**, મ્હોં. **શ્રીખંડ, (સં. शिखण्डी)**, મોર. **અણુછતી**, છાની–ન દેખાય એવી રીતે.

૫૮૧. **વનલતા**, વનની લતા–વેલી; દમયન્તી.

૫૮૦–૮૧. દમયન્તીના મુખ ઉપરના પોપટના જેવા નાકપર તેની વાળીમાંનો મોર શોભી રહ્યો હતો, અને તે બોલતી હતી તે કોયલ છુપાઇને બોલતી હોય તેમ લાગ્યું; આ પ્રમાણે વનલતા પર પંખી (મોર) બેઠેલો જોઈ મારી ધીરજ રહી નહીં; એટલે દમયન્તીનું નાક પોપટના જેવું હતું, તેના નાકની વાળીનો મોર ખરા મોર જેવો હતો, તેનો સ્વર કોયલના જેવો મધુર હતો, અને કનક વેલડી (દમયન્તી) પર વાળીનો મોર પક્ષી બેઠો હતો તે જોઈ હંસ કહે છે કે મને પણ તે લતાપર જઈ બેસવાનું મન થયું. સરખાવો. 'નાકે સોહે મોતીની વાળી, તેને અનિરૂદ્ધ રહ્યો છે ન્યાળી; નારી તારિ નાસિકાનો મોર, નોય ભૂષણ ચિત્તનો ચોર.' પ્રે. ઓ. ક. ૨૨.

૫૮૨. **અધરરસ**, હોઠની ભીનાશ. **શ્વેતબિંદુ**, સફેદ બિંદુ; વાળીમાંનું લટકતું મોતી. પ્રત ૪ માં, 'સ્વાતીબિંદુ' પાઠ છે તેનો પણ સ્વાતિ નક્ષત્રમાં વરસાદના બિંદુરૂપે પડી પાકેલું મોતી, એટલે 'મોતી' એવો અર્થ થાય. **કરૂં ગ્રાસ, (સં. ग्रस्=**પકડવું), કોળીઓ કરૂં; ખાઈ જાઉં. કવિકલ્પના છે કે હંસ મોતી ખાય છે.

૫૮૩. **ઉદરસર**, ઉદર–પેટ રૂપી સર–સરોવર. **જઇને પૂરૂં વાસ**, ત્યાં જઈને વાસ કરૂં; ત્યાં રહું.

૫૮૨–૮૩. તેના લીલા–ભીનાશવાળા હોઠ ઉપર તેની વાળીનું મોતી આવી રહ્યું હતું, તે જોઈ મને તે ખાવાનું મન થયું; વળી તેનું ઉદર–પેટ સરોવર જેવું હતું અને તે પર પડેલાં ઘરેણાં તે સરોવરમાં ઉગેલાં કમળ જેવાં હતાં, તેથી મને ત્યાં જઇ રહેવાની ઈચ્છા થઈ.

૫૮૪. **નાભી**, ડુંટી. **નીકટ**, પાસે. **મેખળા**, જુઓ 'કટિમેખળા' લી. ૧૮૯. **ગમન**, ચાલવાની રીત. **સાથ અમારો**, અમારૂં ટોળું; હંસનો સમૂહ. હંસો માન સરોવર પર રહે છે: અહીંઆં દમયન્તીના ઉદરરૂપી માન-સરોવરને કાંઠે મેખલાના ઝણકારા રૂપી અને તેની–દમયન્તીની ગતિરૂપી હંસ રહે છે, એવી કલ્પના કીધી છે.

૫૮૫. ટોડા, તળાવને કાંઠે અથવા મસીદના દરવાજા પર થાંભલા આકારે ચણીને બનાવે છે તે; હાથણિયું. ઉરમંડળ, બે સ્તનની વચ્ચેનો ઢળતો ભાગ. ઉવારો, (સં. अवार), ઓવારો; સરોવરનો કાંઠો.

૫૮૪–૮૫. દમયન્તીની નાભીની પાસે પહેરેલી મેખલામાં અને તેના ગમનમાં અમારો સાથ રહે છે, એટલે કે તેના કંદોરાની ઘુઘરીનો ઝણુઝણુ અવાજ હંસનાં બચ્ચાંના કિલબિલ શબ્દ જેવો હતો, અને તેની ગતિ હંસના જેની હતી. તેના બે સ્તન તે તો સરોવરપરના બે ટોડા છે અને તેનું ઉરમંડળ તે ઉદરસરનો ઓવારો છે.

૫૮૬. અંગરંગ, શરીરનો વર્ણ. તરંગ, મોજાં; લ્હેર. જોતાં...થઇએ, જોતાં ધરાઈએ નહીં તૃપ્ત, (સં. तृप्=સંતોષ પામવો), ધરાયલાં; સંતોષી.

૫૮૭. ક્ષુધા, (સં क्षुध्=ભૂખ લાગવી), ભૂખ. તૃષા, (સં. तृष्=તરસ્યા થવું), તરસ. રૂપસુધા, રૂપરૂપી અમૃત.

૫૮૬–૮૭. તેના શરીરનો વર્ણ અને જુવાનીની લ્હેરો એવાં છે કે તે જોતાં મન કદી ધરાય નહીં, અને તેના સૌંદર્યરૂપી અમૃતમાં રહીએ તો ભૂખ તરસ કાંઈ લાગે નહીં; તેને જોતામાં ભૂખ તરસ પણ ભૂલી જવાય.

૫૮૮. કચભૂષણ, કચ–ચોટલાનું ભૂષણ–ઘરેણું; તેની વેણીને છેડે બાંધેલું ઘરેણું; ગોફણુ. સરખાવો 'વેણુ વાસુકી સરખી, શીશ રાજતીરે લોલ; ક્ષુદ્ર ઘંટી ગોફણા ને મધ્ય ગાજતીરે લોલ.' વ. સ ગ. કદળીપત્ર, કેળનું પાંદડું એટલે વાંસો; કારણ વાંસાને અધોમુખના–નીચે વળેલા કેળપત્ર સાથે સરખાવવામાં આવે છે; વાંસાનો બરડો તે કેળના પાંદડાનો ખાડાવાળો વચલો દાંડો અને વાંસો તે અધોમુખ કેળપત્ર, કારણ કે વાંસો ઉપરથી પહોળો અને નીચેથી એટલે કેડ તરફ સાંકડો હોય છે. સરખાવો 'કંઠ હેઠ ઠેઠ વાંસો, તે એકત્ર છે રે લોલ; અધોમુખનું અખંડ કેળપત્ર છેરે લોલ.' વ. સ. ગ. શબ્દ, અવાજ.

૫૮૯. પંચાનન, સિંહ. અહીંઆં કટિરૂપી સિંહ. જુઓ લી. ૧૭૮. મહાસ્થી, ગોફણના મારથી–વાગવાથી. મેગળ, હાથી; અહીંઆં, દમયન્તી ગજગામી–હાથીના જેવી ચાલવાળી હોવાથી તેની ચાલને મેગલ કહ્યો છે.

૫૮૮–૮૯. દમયન્તીની વેણીનો ગોફણો કદળીપત્ર સરખા તેના વાંસા ઉપર પડેલો છે. તેનો શબ્દ થાય છે તે તે ગોફણાનો શબ્દ નથી, પણ ત્યાં

તેનો પ્રહાર થવાથી કટિરૂપી સિંહ બોલે છે–ગર્જના કરે છે, અને તેથી એમ ભાસે છે કે કટિની નીચેના ચરણુની ગતિ, જે ગજની ગતિના જેવી છે, તે ગતિરૂપી ગજની પૂંઠે–પછવાડે કટિરૂપી સિંહ લાગ્યો છે કે શું.

૫૯૦. **કેળશાખા**, કેળનો સ્થંભ; અહીંઆં દમયન્તી. **જલજ**, (સં. जल=પાણી+ज=જન્મેલું), કમળ. **જુગમ**, (સં. युग्म), બે. **જલજ જુગમ**, બે કમળ, એટલે અહીંઆં બે સ્તનરૂપી કમળ. સરખાવો લી. ૧૬૯–૭૦. **પામે ખેદ**, દિલગીર થાય.

૫૯૧. **યુગમ**, (સં. युग्म), બે. **મધુકર વેદ**, વેદ–ચાર મધુકર –ભમરા; અહીંઆં બે આંખરૂપી કમળપર રહેનારા પાંપણુ રૂપી ભમરા.

૫૯૦–૯૧. કેળશાખા જે દમયન્તી, તેનાં કમળ જેવાં સ્તન જોઇને હાથી પણુ પોતાના કુંભસ્થળનું અભિમાન તજી દે છે. વળી તેનાપર બે આંખ રૂપી કમળ હતાં અને તે કમળની આસપાસ પાંપણુ રૂપી ચાર ભમરા હતા.

૫૯૨. **પદ**, પગ. **સ્કંધ પદના**, પગના સ્કંધ એટલે સાથળ; કેડ અને ઘુંટણુની વચ્ચેનો ભાગ. **ખટ**, (સં. षट्), છ. **તોયજ**, તોય–પાણીમાં જન્મેલું; કમળ. **તોય**, પાણી. **પાખે**, વિના. સરખાવો–'છ કમળ વાહે ને છળ કરે, હસે માંહોમાંય; શૃંગીને વિહ્વળ કર્યો, બળે સાહી બાંય.' ૧૮. કડવું ૫ મું–ઉદ્ધવકૃત રામાયણુ. (છ કમળ–બે હાથ, બે પગ અને બે નેત્ર એ છ કમળ વડે છેતરે).

૫૯૩. **સુદ્ધબુદ્ધ**, શુદ્ધિબુદ્ધિ; ભાન. **અભિલાખે**, (સં. अभिलाष), ઇચ્છાથી; મનના ભાવથી.

૫૯૨–૯૩. દમયન્તીની સાથળ કેળના જેવી કોમળ છે; વળી છ કમળ પાણી વગર પણુ દમયન્તીની પાસેનાં પાસે હમેશાં રહે છે. [છ કમળ તે બે નેત્રકમળ, બે હસ્તકમળ અને બે પગરૂપી કમળ–(પાદ-પંકજ); અથવા બે નેત્રકમળ, બે હસ્તકમળ અને બે સ્તનરૂપી કમળ]. દમયન્તીને આવી (કમળ સહિત સરોવરવાળી) જોઇને મારૂં ભાન હું તો ભૂલી ગયો અને મનનો ભાવ દબાવી શકયો નહીં તેથી એકાએક અનાયાસે મારા મુખમાંથી શબ્દ નીકળી ગયા.

૫૯૪. **વ્યોમચર**, વ્યોમમાં ચરનારો–જનારો (સ. તત્. સ.); પક્ષી. **મુરછા**, (સં. मूर्च्छा), થોડી વાર બેશુદ્ધ થઈ જવું તે.

૫૯૫. **હાટકરૂપ મુજને**, સોનાના રૂપવાળા મને. **ધાઇ**, (**સં. धाव्**=દોડવું), દોડી આવી.

૫૯૪–૯૫. હું પક્ષીની વાણી બોલીને બેશુદ્ધ થઈ પૃથ્વીપર પડયો ત્યારે મારૂં શરીર સોનાનું દેખીને તે મને પોતાની સખીઓ સાથે પકડવા દોડી આવી.

૫૯૬. **મોહવારૂણી**, મોહરૂપી મદિરા–દારૂ.

૫૯૭. **ભુજઅંબુજ**, હાથ–હાથેલી રૂપી કમળ. **ભેધાં**, (**સં. भिद्**=ધોંચવું), છેધાં; ચાંચ મારી. **મન નવ લાવી**, મનમાં લાવી નહીં; ગણકાર્યું નહીં.

૫૯૬–૯૭. હંસ કહે છે કે ઉપર પ્રમાણે મોહરૂપી મદિરા પીને હું મૂર્છામાં પડયો હતો તેટલામાં દમયન્તીએ આવી મને પકડયો; તે વખતે મેં પણ તેની હાથેલી રૂપી કમળને ચાંચ મારીને ઇજા કરી, તો પણ તે પીડા તેણે ગણકારી નહી.

૫૯૮. **કૂણ**, કોણ.

૫૯૯. **રટણ**, સ્મરણ; વારેવારે નામ લયા કરવું તે. **બાંધી રસનાએ**, એકી જીભે. **નિપૂણ**, ચતુર; કુશળ; પ્રવીણ.

૫૯૮–૯૯. તેણે મને પૂછ્યું તારો સ્વામી કોણ છે, ને તેની નાત, ગામ, ને નામ શું છે; અને કહ્યું કે વર્ણમાં નિપુણ–ઘણો કાન્તિવાન–સૌંદર્યવાન પુરૂષ કોણ છે કે જેનું તું એકી જીભે નામ લયા કરે છે.

૬૦૦. **દૂત**, સંદેશો લઈ જનાર.

૬૦૧. **તરૂવર**, મોટું ઝાડ.

૬૦૨. **પ્રાણનળ**, પ્રાણવાયુનો નળ; શ્વાસનળ. **ઉદરનળ**, ઉદરનો નળ; જઠરનો નળ. **જળ...ગ્રેહનો**, ગ્રેહનો જળ નળ; ઘરના પાણીનો નળ.

૬૦૩. તુજ દેહનો વરણ કાંતિમાં કમળે મળ્યો રહે–શું તેની દેહનો એ વર્ણ છે ? અથવા—તુજ વરણ કાંતિ કમળે મળ્યો રહે–શું તેની દેહનો છ.

૬૦૦–૩. હંસે જવાબ દીધો કે મારો સ્વામી નળ છે, હું તે નળનું વર્ણન કરૂં છું. ને હું તેનો દૂત છું. ત્યારે દમયન્તીએ મજાકમાં પૂછ્યું કે નળ તે શું ? શું તે પર્વત છે, ઝાડ છે, ધાતુ છે. ફળ છે, કે ફૂલ છે ? કે તે નળ વાયુનળ છે કે ઉદરનળ છે કે ઘરમાંના પાણીનો નળ છે, અને

તારી દેહનો વર્ણ જેમ કમળની કાન્તિને મળતો છે તેવોજ તેની એટલે નળની દેહનો વર્ણ-રંગ છે ?

૬૦૪ **પર અગ્ર**, પર-પીછાનો અગ્ર ભાગ-અણી. **વૃશ્ચિક આંકડો**, વીછુનો આંકડો. **નિજ ભુજતળ**, મારી હાથેલી. **નિજ** માટે સરખાવો 'પ્રલ્હાદે પ્રભુ પાસથી, મરાવિયો નિજ બાપ'—દ્રૌપદી હરણ-ક. ૨૧ મું.

૬૦૪-૫. પછી તેણે મને કહ્યું કે વીછુના આંકડા સરખી જે તારા પીછાની તીક્ષ્ણી અણીવતી તેં મારી હાથેલીમાં પ્રહાર કીધા તેવીજ કોમળ કાયા હું ધારૂં છું કે તારા સ્વામીની પણ હશે.

૬૦૭. **તમ પ્રતાપે**, (**સં. प्र+तप्**=ગરમ થવું), તમારા પુણ્યથી; તમારી કૃપાથી.

૬૦૬-૭ તે વખતે તો (મારે કામ કાઢવું હતું તેથી), તે સ્ત્રીના આવા માર્મિક બોલ સાંભળી હું ગમ મારી ગયો; પણ તમારી કૃપાથી મેં તેને મોહની જાળ નાખી, એટલે તમારે માટે તેને મોહ ઉત્પન્ન કીધો.

૬૦૮. **અમૃતઘટ**, અમૃતનો ઘડો; અમૃતનું વાસણ. **ઊંણો**, (**સં. ऊन**) ઓછો; અધુરો. **પાન**, (**સં. पा**=પીવું), પીવું તે

૬૦૯. **કુંભ**. ઘડો.

૬૦૮-૯ દેવો અમૃત પીએ ત્યારે તેનું વાસણ ઊણું થાય તો દમયન્તીની વાણી અમૃતજ છે એવું જાણી તે વડે તે પાછું ભરે છે; મતલબ કે તે અમૃત જેવી મીઠી છે.

૬૧૦. **વિનતાવદન**, (**સં. वनितावदन**), તે સ્ત્રીનું મુખ. **વિધિ**, (**સં. वि+धा**=બનાવવું, ઘડવું), બ્રહ્મા. **સાર**, તત્વ. **શશી**, ચંદ્ર.

૬૧૧. **નક્ષત્રનાથ**, નક્ષત્રનો નાથ; ચંદ્ર. **લાંછન**, કલંક; ચંદ્રમામાં સસલા જેવી જે આકૃતિ દેખાય છે તે. તે ઉપરથી ચંદ્રને શશાઙ્ક કહે છે. **લાગટ કીધું**, શરૂ કીધું; જારી કીધું.

૬૧૦-૧૧. બ્રહ્માએ દમયન્તીનું મુખ ઘડવામાં ચંદ્રનું તત્વ-તેજ લઇ લીધું, તેથીજ ચંદ્રમામાં કલંક દેખાય છે અને ત્યારથી ચંદ્રનું એ કલંક શરૂ થયું.

૬૧૨. **ગ્રહેશ**, ગ્રહનો ઈશ-રાજા; સૂર્ય. **શરવરીપતિ**, (**સં. शर्वरीपति**), શર્વરી-રાત્રિનો પતિ; ચંદ્ર; નિશાકર. **ગોપ્ય**, (**સં. गुप्**=છુપાવવું), ગુપ્ત; છુપો.

૬૧૩. વક્ત્ર, મ્હોડું. આરતી, (સં. आरत्ति, आ+रम्=અટકવું, બંધ પડવું), પૂજા દર્શન ઇ.ની સમાપ્તિ વેળા દેવની આગળ કપૂર વગેરેનો દીવો ફેરવવાનું જે કર્મ તે. આરતી કરે, મોટાના આગળ નાના આરતી કરે છે તે ઉપરથી અમર તે આરતી કરે એટલે સુર્ય ચંદ્ર શિવાયના ઇંદ્ર, યમ વરૂણાદિ દેવો દમયન્તી કરતાં ઉતરતા છે—હલકા છે.

૬૧૨-૧૩. સૂર્ય અને ચંદ્ર તો દમયન્તીની નિષ્કલંક મુખ સુંદરતા જોઈ તેના આગળથી ઉભા ને ઉભા—જરા પણ આરામ લીધા વગર નાસતા અને સંતાતા ફરે છે; વળી તેના મ્હોડા આગળ અમર સરખા તો આરતી ઉતારે છે, એટલે દમયન્તીના આગળ કંઈ હિસાબમાં નથી.

૬૧૪. કચસમુહ, ચોટલો. રાવ, ફરિયાદ. કળાધર, (સં. कलाधर), કળાને ધરનાર—રાખનાર; કળાનિધિ; ચંદ્ર.

૬૧૫. અધર, આધાર ન હોય તેમ; અતરંગ; નિરાધાર. અદ્યાપી, (સં. अद्य+अपि), આજ સુધી; હજી સુધી.

૬૧૪-૧૫. દમયન્તીનો ચોટલો રાહુના જેવો કાળો હોવાથી ચંદ્રને બીક લાગી ને તેથી તે બ્રહ્મા કને ફરિયાદ કરવા ગયો, પણ બ્રહ્માએ ચંદ્રને હાથવતી ઠેસ મારીને અદ્ધર હડસેલી મૂકયો, અને તેથી તે આજ સુધી અંતરીક્ષ રહ્યો છે; કારણ કે બ્રહ્માએ પોતે દમયન્તીનો ચોટલો ઘણી ચતુરાઇથી રચેલો અને ચંદ્ર તેની શોભા ઓછી કરાવવા આવેલો તે વાત ન ગમી ને તેથી તેને ગુસ્સો લાગ્યો.

૬૧૬. દિવ્ય, (दिव्=પ્રકાશવું), તેજસ્વી; સુંદર. દેહડી, શરીર. 'દેહ' પરથી અલ્પાર્થદર્શક રૂપ. થવા, કરવા; બનાવવા.

૬૧૭. હવા, થયા. પુરાણ વાંચવામાં પુરાણીઓ આ રૂપ વાપરે છે.

૬૧૬-૧૭. બ્રહ્માએ દમયન્તીની દેહ ઘણીજ તેજસ્વી બનાવવા સારૂ આખી દુનિયાનું તેજ એકઠું કીધું, અને દમયન્તીને ઘડયા પછી પોતાને હાથે વળગેલી રજ ખંખેરી નાખી તેના આકાશમાં તારા થયા. સરખાવો શ્રી. ૧૪૭-૫૦, તથા ૪૩૨-૩૪.

૬૧૮. જજ્ઞ, (સં. यज्ञ, यज्=પૂજા કરવી), દેવાદિને પૂજીને અગ્નિ મારફત તેમને બળીદાન આપવાનું વેદોક્ત કર્મ. જાગ, (સં. याग, यज्=

પૂજા કરવી), મોટા યજ્ઞ. **ધર્મ**, પુણ્યદાન. **ધ્યાન**, (**સં. ध्यै**=વિચાર કરવો, ધ્યાન ધરવું), એક ચિત્તથી ઇશ્વરનું સ્મરણ કરવું તે. **તીરથ કીધાં હશે**, પવિત્ર ધામે જઈ ત્યાં સ્નાન કીધું હશે.

૬૧૮–૧૯. હે પુણ્યશ્લોક નળ રાજા, તમે જે જે યજ્ઞ યાગ કીધા હશે, જે જે ધર્મધ્યાન કીધાં હશે, અને સઘળાં તીર્થે ન્હાયા હશો, તેના પુણ્યથી તમે દમયન્તીને પરણશો. સરખાવો લી. ૨૦૪-૫.

૬૨૧. **દૂત**, જુઓ 'દૂત' લી. ૫૧૯. **ચળવું**, (**સં. चल्**=ખસવું), ફરવું; ડગવું.

૬૨૦–૨૧. હે રાજાજી, દમયન્તી વશ થઈ, તેણે તમારૂં માગું કબુલ રાખ્યું, એ તમારૂં મોટું ભાગ્ય સમજવું; તેની સાથે તમારો વિવાહ મળ્યો, ને દૂતત્વ સફળ થયું, અને હવે તેનું મન ડગવાનું–ફરવાનું નથી.

૬૨૨. **આમંત્રણ**, (**સં. आ+मन्त्र्**=તેડવું), તેડું.

૬૨૩. **નિશ્ચે**, (**સં. निश्चय**), નિશ્ચયપૂર્વક, નક્કી. **સાક્ષી**, જુઓ 'સાખી' લી. ૨૫૯.

૬૨૪. **સ્વપ્ના સરખું ભાસે**, સ્વપ્નામાં કોઈ વાત જોઈ હોય અને તે જેમ જાગ્યા પછી ખોટી જણાય છે, તેમ આ વાત નળને સાચી લાગી નહીં.

૬૨૫. **વીવા**, વિવાહ; લગ્ન. **વિશ્વાસ થાશે**, દમયન્તીની સાથે મારૂં લગ્ન કેવી રીતે થશે તે વિશે નળને ભરોસો પડતો નથી.

૬૨૬. **સંબંધ**, (**સં. सम+बन्ध**=બાંધવું), સગાઇ; લગ્ન. **એ... સર્વથા**, ખરેખર એ મોટી નવાઈ જેવી વાત છે.

૬૨૮. **વળી**, પાછી ગઈ. **વીનતા**, (**સં. वनिता**), સ્ત્રી.

૬૨૯. **દમવા લાગ્યો**, પીડવા લાગ્યો.

૬૩૦. **વખાણ બાણ**, વખાણરૂપી બાણ. **વખાણ...વાગ્યાં**, હંસ નળનાં અત્યંત વખાણ કરી ગયો તે રૂપી બાણથી દમયન્તીનું હૈયું વેધાયું, દમયન્તીના મન પર ઘણીજ અસર થઇ. **મોહ મેલી**, નળને માટે મોહ પેદા કરીને; નળઘેલી કરીને.

૬૩૧. **લાગી...વેલી**, ચટપટી થઈ; જીવ તલપાપડ થવા લાગ્યો.

૬૩૨. **કહિયે**, કોઈ વાર.

૬૩૩. **અદકા**, વધારે (ગરમ).

૬૩૨–૩૩. કોઈવાર ઘરમાંથી બહાર નીકળીને અગાસીમાં જઈને બેસે ને ત્યાં ચંદ્રનાં શીતળ કિરણ પથરાયલાં હોય તે જોય ત્યારે કહેતી કે આ ચંદ્રકિરણ દેવતાથી પણ ગરમ છે, તે મને બાળી નાંખશે. દમયન્તીનું મન નળમાં હોવાથી બીજું કંઈ સૂઝ પડતું નહોતું. મનની આવી સ્થિતિ હોવાથી એને સારી વસ્તુ પણ નઠારી જેવી ભાસવા લાગી.

૬૩૪. **વણ પરણ્યાને**, કુંવારાને; વિરહીને. **પાપી**, દુષ્ટ; દુઃખ દેનાર; ચંદ્ર

૬૩૫. **કમળાપતિ**, કમલા (લક્ષ્મી)નો પતિ; વિષ્ણુ. **રાહુ**, એક દૈત્ય. કશ્યપ ઋષિને તેની સ્ત્રી સિંહિકાથી થયલો પુત્ર. એને ચાર હાથ હતા ને એના શરીરનો નીચલો ભાગ પુછડીના આકારનો હતો. જ્યારે દેવ દૈત્યોએ સમુદ્ર મંથન કરી અમૃત કાઢ્યું ને વિષ્ણુએ મોહિની સ્વરૂપ લઈ દેવોને અમૃત આપવા માંડ્યું, ત્યારે એણે દેવનું રૂપ લઈ સૂર્યચંદ્રની વચ્ચે બેસી તે પીધું; પણ તરતજ સૂર્યચંદ્રે વિષ્ણુને સંકેત કર્યો એટલે વિષ્ણુએ ચક્રવતી એનું માથું ને બે હાથ કાપી નાખ્યા. એણે અમૃત પીધું હતું તેથી એ મુવો નહીં; પણ ધડ ને ડોકું જીવતાં છુટાં પડયાં. પછી એને વિષ્ણુએ કહ્યું કે હવે તું દેવની પંક્તિમાં આવ્યો માટે રાક્ષસી બુદ્ધિ છોડી દે અને તને આકાશમાં દેવની સાથે બેસવાની જગ્યા આપીએ છીએ. પછી એ આકાશમા ગયો ને નવ ગ્રહમાં ગણાયો છે. એના ડોકાને રાહુ ને ધડને કેતુ કહે છે. સૂર્યચંદ્રે સાન કરી એને વિષ્ણુને બતાવ્યો હતો તે વેર રાખી, એ તેઓને અમાસે અને પુનેમે અનુક્રમે કોઈ વાર રોકે છે, જેને ગ્રહણ કહે છે. એ કાળો અને ક્રોધી હતો.

૬૩૬. **સિંહિકાસુત**, સિંહિકાનો છોકરો; રાહુ.

૬૩૭. રાહુને પેટ ન હોવાથી જો કે ગ્રહણ વખતે ચંદ્રને ગળે છે છતાં તે પોતે બહાર નીકળે છે, પણ જો પેટ હતે તો એનાથી–ચંદ્રથી બહાર નીકળાત નહીં અને એ બળીને રાખ થઈ જાત.

૬૩૮. **જળપાત્ર**, જળથી ભરેલું વાસણ (મ. સ.). **વિષે**, માં. **ઇંદુબિમ્બ**, ઇંદુ–ચંદ્રનું બિમ્બ–પડછાયો. **શાન**, (સં.સંજ્ઞા), ઇશારત; નિશાની.

૬૩૭. **ભોગળ**, બારણાની આડી. **રિપુ**, દુશ્મન; શત્રુ. અહીંઆં ચંદ્ર, દમયન્તીને તે વ્યાકુળ કરે છે તેથી. **પિષ્ટ**, (**सं. पिष्**=દળવું), લોટ.

૬૩૮-૩૯. પાણીથી ભરેલા વાસણમાં પડેલો ચંદ્રનો પડછાયો જોઈ તેજ ખરેખરો ચંદ્ર છે એમ માની દમયન્તીએ પોતાની સખીને સાન કીધી કે ભોગળ લાવ, તેના પ્રહારથી આ શત્રુને મારીને ચુરેચુરા કરી નાંખું.

૬૪૦. **એમ કરતાં**, આવી સ્થિતિમાં. **પ્રાતઃકાલ**, સવાર.

૬૪૧. **વાત...ભાવ**, વાતપર ભાવ નથી; વાત કરવી ગમતી નથી.

૬૪૨. **ટાઢક**, ટાઢી વસ્તુ; સીત ઉપચાર. **ચરચે**, લગાડે; ચોપડે. **અગ્નિ...જેહ**, જે જે ટાઢી વસ્તુ તેને શરીરે લગાડે તે તે તેને દેવતાના તણખા જેવી ગરમ લાગે.

૬૪૩. **વ્યાધ**, (**सं. व्याध्**=વિંધવું), શિકારી; પારધી. **સોંસરો**, આરપાર; ઠેઠ. **વાયુ...દેહ**, પવન વાતો હતો તે પારધીએ મારેલા બાણની માફક તેના શરીરની આરપાર નીકળી જતો હતો—તેના શરીરને વિંધી નાખતો હતો. નળ દમયન્તી માટે પીડાતો હતો તે વખતની તેની સ્થિતિ પણ આવીજ હતી. જુઓ લી. ૨૩૬.

૬૪૪. **દુખતું જાણી**, દુઃખ થતું હતું તે જાણી. **રાણી**, ભીમક રાજાની સ્ત્રી, વજાવતી, દમયન્તીની મા.

૬૪૫. **માડી**, મા, પણ લાડમાં બોલાવતાં દીકરીને એ શબ્દ લગાડયો છે.

૬૪૬. **લાડકવાઈ**, લાડકી; લાડમાં ઉછરેલી; ઘણી વહાલી, દમયન્તી એકની એક દીકરી છે તેથી. **ક્યાંથકિ**, ક્યાંથી; કેમ. **કર્મ**, નસીબ. **દોખી**, (**सं. दोषित**), દોષવાળાં.

૬૪૭. **અક્ષત**, (**सं.अ**=નહીં+**क्षत**=ખાંડેલા), ખાંડેલા નહીં તે; ભાત; ડાંગર. **અક્ષત ઉતારવા**, ભૂત વગેરે આડાનો સંદેહ આવ્યાથી શું છે તે ગુણી પાસેથી જાણી લેવા સારૂ સપડાયલા માણસના માથા ઉપર અનાજના દાણા સાતવાર ફેરવવા (ને પછી પોટલી બાંધી તે સુતું હોય ત્યાં માથાતળે મૂકવા) નો રિવાજ છે. **દૃષ્ટિ**, નજર. **મેલી ચોખી**, સારી નઠારી.

૬૪૬-૪૭. અમારાં નસીબજ ફુટેલાં છે તો લાડકી દીકરી કેવી રીતે જીવે; જુઓ એને કોઈની સારી નઠારી નજર લાગી હોય તો દાણા વાળો, દાણા ઉતારી કોઈને દેખડાવો.

૬૪૮. **પરણ્યામા**, પરણવાનો. **ઓરિયો નવ વિત્યો**, **લહાવો ન લીધો**. **સાસરૂં**, (**સં. શ્વાશુરમ**), સસરાનું ઘર. **સમોતી**, સુખરૂપ; સારીતાજી.

૬૪૯. **રત્ન દીકરી**, રત્ન જેવી દીકરી; રૂપાળી અને એકની એક હોવાથી મોંઘી. **પનોતી**, ભાગ્યશાળી. સરખાવો 'સઉ પરિવારે પનોતો રાવણ, લક્ષ્મી વૈભવ પૂરજી'. ગી. રા. અ ૪.

૬૫૦. **દૈવ**, ભાગ્યદેવી; નસીબ. **દૈવને...ડાટ**, દૈવને ત્યાં શું ખોટ પડી કે.

૬૫૧. **કુંવરી**, સંબોધન વિભક્તિ. **અંતરની આપદા**, તારા મનનું દુઃખ. **ઉચાટ**, ફિકર. જુઓ લી. ૫૩૭.

૬૫૨. **મુખ મરડી**, મ્હોડું મચકોડીને; મા આટલું સમજતી નથી તેથી પોતાનો ગુસ્સો અને કંટાળો બતાવવાને દમયન્તીએ મુખ મરડ્યું. **નઠોર**, શરમ વગરનાં; નિર્લજ.

૬૫૩. **પ્રીછે**, જાણે; સમજે. **ફોકટ...સોર**, નકામી હોહા કરવાની ટેવ હોય છે.

૬૫૪. **હું સમાણી**, (**સં. સમાન**), મારા સરખી; મારી ઉમરની. **ભોગ**, (**ભુજ્**=ભોગવવું), સુખનો લહાવો.

૬૫૫. **આફુરો**, એની મેળે; એમને એમ.

૬૫૪-૫૫. દમયન્તી પોતાની માને કહે છે કે મ રા જેવડી છોકરીઓ સાસરે જાય છે તે કેવી સુખી હોય છે તે તું જો; તેના જેવું મારે થશે ત્યારે મારો રોગ એની મેળે જશે.

૬૫૬. **પરણનારી**, પરણવા યોગ્ય.

૬૫૭. **ભામની**, સ્ત્રી.

૬૫૮. **દુખવા આવે**, દુઃખ થાય છે; તબીયત બગડે છે. **આ વારકી**, આ વખત; હમણાં.

૬૫૯. **ભાએગે**, ભાગ્યે; નસીબે. **કાળથી**, મોતથી. **ઉગરે**, બચે. **પરણાવી કરો પારકી**, પરણાવીને બીજાને આપો. કન્યા પારકું ધન છે. દમયન્તી આપણે ઘેર રોજ માંદી રહે છે માટે એને પરણાવીને પારકું ધન કરો, કે કદાચ બીજાને નસીબે તે જીવે ને શરીરે આરોગ્ય રહે.

૬૫૮-૫૯. જો આ વારકી (તે) જીવે (છે તોપણ) વહાણું વાય

ને દુખવા આવે (છે માટે) પરણાવી પારકી કરો (કે) કોઈને ભાએગે તે કાળથી (મોતથી) ઉગરે.

૬૬૦. સોહાએ, શોભે. દીકરી...સોહાએ, સરખાવો 'હાથી તે દરબારેજ શોભે, ને દીકરી તે સાસરેજ શોભે.'

૬૬૪. તૃણ, ઘાસ સામગ્રી, સાહિત્ય; સામાન અંન...રચાવો, સ્વયંવરમાં દેશ દેશના રાજા આવશે તેને સારૂ અન્ન ધન તૃણ વગેરે જોઈતો સામાન તૈયાર રખાવો અને સ્વયંવરને માટે મંડપ–માંડવો બંધાવો.

૬૬૫. નફેરી, એક જાતનું વાદ્ય. મંગળ...નફેરી, મંગળકારક–શુભકારક ધોળ તથા ગાયન ગવડાવો અને નફેરી વગડાવો. અપછરા, અપ્સરા; નૃત્ય તથા ગાયન કરનારી સ્ત્રી. જુઓ લી. ૭૩૭.

૬૬૮. (જ્યાં) નારદે (દમયન્તીનું) વિખાણ કીધું હતું (તે) નૈષધ (દેશ) પ્રધાન મોકલ્યો. પ્રત ૬માં 'નારદે' ને બદલે 'હંસે' એવો પાઠ છે; એ પાઠ લેતાં હંસે જેનું વિખાણ કીધું તે નૈષધ (દેશ) પ્રધાન મોકલ્યો એવો અર્થ બેસે.

૬૬૯. પાઠવ્યો, મોકલ્યો. દીધાં નીશાણ, વાવટાવાળી નોબત વગડાવી. દમયન્તી...નિશાણ, હંસના કહ્યા પ્રમાણે દમયન્તીએ કાગળ મોકલ્યો ને તે વાંચી નળે નિશાન દીધાં એટલે તૈયારી કરવા માંડી.

૬૭૦. હૃદયા ચાંપી, છાતી સરસો ચાંપીને. સરખાવો, દયારામકૃત રૂકૃમિણી વિવાહમાં રૂક્મિણીએ કૃષ્ણને લખેલી કંકોતરી.

૬૭૧. સ્વસ્ત, સ્વસ્તિ; આશીર્વાદનો શબ્દ. શ્રી...ગામ, શોભાયમાન નૈષધપુર. પુણ્યવંત, પુણ્યશાળી; પુણ્યાત્મા.

૬૭૨. કંકોતરી, (सं. कुंकुमपत्री), શુભ અવસરે કંકુ છાંટી મોકલવામાં આવતો કાગળ. છે...કંકોતરી, આ આજીજી ભરેલી કંકોતરી છે. લખીતંગ, (सं. लिखित=લખેલું), લખીતંગ દમયન્તીનો અર્થ દમયન્તીએ લખેલી એવો થાય. પણ સાધારણ ભાષામાં તેનો અર્થ લખનાર દમયન્તી એવો થાય છે. કિંકરી, દાસી.

૬૭૩. ખગપત, ખગપતિ; હંસ. સત, (सं. सत्य), સાચી; ખરી.

૬૭૪. સમરપ્યું, સોંપ્યું; આપ્યું. નિમિત્ત, બહાનું. મેં...માત્ર, હું

તમને મારૂં શરીર સમર્પીને મનમાં વરી ચુકી છું, અને મારે ત્યાં જે આ સ્વયંવર થાય છે તે તો માત્ર બહાર બતાવવાને માટે છે.

૬૭૫. મીનના–માછલાંની નીર–પાણી સાથે જેવી પ્રીતિ છે તેવી પ્રીતિ તમે મારે માટે ધરજો ને મારૂં ચિત્ત જેમ તમારા તરફ વળેલું છે, તેમજ તમે તમારૂં ચિત્ત મારા તરફ વાળજો.

૬૭૬. **દળ**, ટોળું; સમૂહ. **જાનનું દળ**, જાનમાં લઈ જવાના લોકો.

૬૭૭. **અતિ શીઘ્ર**, ઘણી ઝડપથી. **સાંચરે**, (**સં. सं+चर्**=જવું), જાય; નીકળે. **શુકન**, (**સં. शकुन=पक्षी**), શુભ અથવા અશુભસૂચક ચિહ્ન. **સવચ્છી**, (**સં. सवत्स**), વાછરડા સાથે.

૬૭૮. **કોરંગ**, (**સં. कुरंग**), હરણ. **કોરંગની**, (**સં. कुरंगी**), કુરંગની માદા; હરણી. **દક્ષિણ**, જમણો. **કોરંગ...હાથ**, હરણીની સાથે હરણ સામી દિશામાંથી આવી જમણા હાથ તરફથી ઉતર્યું-થઈને ગયું.

૬૭૯. **ભલા શૂકન**, સારા–શુભ શુકન. ઉપર કહેલા બે શુકન શુભ ગણાય છે ને તેથી હંસ કહે છે કે રાજા, હવે તારૂં કાર્ય સિદ્ધ થશે.

૬૮૦. **સિધ કીજીએ**, (**સં. सिध्=**ફતેહ પામવું), કાર્ય સિદ્ધ કરીએ; કાર્ય પાર પાડીએ. **મને આજ્ઞા...દીજીએ**, મને હવે જવાની આજ્ઞા-રજા આપો.

૬૮૧. **પ્રાણજીવન**, પ્રાણનું જીવન; મને જીવાડનાર; ઉગારનાર.

૬૮૨. **કહું વીનતી**, વિનવીને કહું છું; માગી લઉં છું **દ્યૂત**, જુગટું.

૬૮૩. **વિનાશ**, (**સં. वि+नश्**=નાશ થવો), હાનિ.

૬૮૨–૮૩. હંસની આ સલાહ પ્રમાણે ન ચાલવાથી નળરાજાને પાછળથી દુઃખ પડયું ને પસ્તાવો કરવો પડયો. જુઓ કડવું ૩૨મું.

૬૮૪. **નળ...ભરી**, નળ રાજાની આંખમાં આંસું ભરાઈ આવ્યાં.

૬૮૫. **કાચું મન**, પોચું હૈયું.

૬૮૬. **વેર સંબધે**, વેરને લીધે; પૂર્વ જન્મમાં જેવો સંબંધ હશે અને જે દેવું લેણું હશે તે આપવા લેવાને માટેજ.

૬૮૭. **એહ**, એ; આ; દેહનું વિશેષણ છે. **ધાર્યો**,(**સં. धृ=**લેવું), ધારણ કીધો; લીધો.

૬૮૮. **હું...ભીલરાય,** પૂર્વે જન્મમાં હું બ્રાહ્મણ હતો ને તું ભીલનો રાજા હતો.

૬૮૯. **કાશિ...ગયો,** જુઓ લી. ૬૪૫.

૬૯૦. **એવો...ધરી,** એવો દુઃખનો વખત મનમાં લાવી. **સમર્યા,** (**સં. સ્મૃ**=યાદ કરવું), યાદ કીધા; સ્મરણ કીધું. **હરી,** પરમેશ્વર.

૬૯૧. **તારે સ્થાનક,** (**સં. સ્થા**=ઉભા રહેવું), તારે રહેઠાણે; તારા મકાનપર.

૬૯૨. **રજની,** રાત. **દ્વાદશ...નહીં,** આસપાસ બાર ગાઉ સુધી ઉજાડ હતું; આસપાસ ઘણે દૂર સુધી કોઈ માણુસ રહેતું હોય તેમ દેખાયું નહીં.

૬૯૪. **ત્યાં,** તેવામાં; તે વખતે. **ચિન્તાતુર,** ચિન્તાવડે આતુર; મને પરોણા તરીકે ક્યાં રાખવો તને માટે તું ફિકરમંદ થયો.

૬૯૫. **આગતાસ્વાગતા,** આગત–આવેલાની સ્વાગતા–પરોણાચાકરી. (ષ. તત્. સ.)

૬૯૬. **આવ્યું.** આવેલું. **માય,** સમાય, રહી શકે.

૬૯૭. **સાધવી,** (**સં. સાધ્વી, સાધ્**=સાધવું), પરલોક સાધનારી; પતિવ્રતા સ્ત્રી. **આસન,** બિછાનું; પથારી. **નિર્વાણ,** નક્કી.

૬૯૮. **વીરા,** ભાઈ. **બહાર રહિયો,** ગુફા બહાર સુતો. બ્રાહ્મણ પ્રત્યે આદરભાવ તથા પરોણાઓની આગતાસ્વાગતા કરવાનો ગુણ ભીલ જેવા સાધારણ વર્ગના લોકોમાં પણ હતો એવું કવિ બતાવી આપે છે. **રાક્ષસ,** દેવમનુષ્ય સાથે શત્રુવટ રાખનાર મનુષ્યયોનિમાંથી ઉત્પન્ન થયલા પ્રાણી.

૬૯૯. તમારૂં માંસ તથા હાથ પગ એ સઘળું હેઠે જમીનપર પડી રહ્યું અને પછી તેનું શું થયું તે હું જાણતો નથી, કારણ હું પણ તારી સ્ત્રી બળી મરી ત્યારે અગ્નિમાં પડી બળી મુઓ.

૭૦૦. **કાષ્ટ ભક્ષ,** સળગતાં લાકડામાં પડી બળી મરવું તે.

૭૦૧. **સતી,** (**સં. અસ્**=હોવું), એક પતિના વ્રતવાળી પ્રતિવ્રતા.

૭૦૩. **શું...કરી,** મારે લીધે ભીલરાયને બહાર સુવું પડયું ને તેથી કરીને ભીલરાય અને તેની સતી સ્ત્રીના પ્રાણ ગયા, તેની હત્યા (પાપ) મારે શીર બેઠી, તેથી જીવીને શું કરવું એવું મનમાં આવ્યું. **એને,** ભીલરાયને.

૭૦૪. **એવું કહીને**, આવતા જન્મમાં ભીલરાયના ઉપકારનો બદલો વાળવા સારૂ મને તેની સાથે મેળવજે એમ કહીને.

૭૦૫. **અવતાર**, (**સં. अव=નીચે+तॄ=ઓળંગવું**), જન્મ; દેહ. **આ વાર**, આ જન્મમાં.

૭૦૬. **નામી**, (**સં. नम्=નમવું**), નમાવીને.

૭૧૦. **આપ્યું...દાન**, દમયન્તીની સાથે વિવાહ મેળવી આપીને મારો પ્રાણ ઉગાર્યો. **બંધુ**, ભાઈ.

૭૧૧. **પરમ સુધીર**, ભારે ધીરજવાળો.

૭૧૨. **રૂણ**, (**સં. ऋण**), પૂર્વે જન્મમાં કીધેલા ઉપકારના બદલા રૂપી ઋણ; દેવું.

૭૧૩. **નિશ્વાસ**, (**સં. नि=નીચે+श्वस्=દમ લેવો**), દિલગીરીમાં શ્વાસ નીચે મૂકવો તે; નિસાસો.

૭૧૫. **ચોહોફેર**, ચોમેર; ચારે બાજુએ. **સબીર**, (**સં. शिबिर**), તંબુ. **વસ્યા...ગામ**, દરેક રાજાની સાથે ઘણા માણસો હોવાથી પ્રત્યેક રાજાનો ઉતારો એકેકા ગામ જેવો થઈ રહ્યો હતો.

૭૧૬. **નાવ**, (**સં. नौ**), હોડી. **સાગર...તેમ**, સમુદ્રની વચમાં જેમ હોડકું હોય તેમ રાજાઓના તંબુની વચમાં ભીમકનું નગર દેખાતું હતું. જનસમૂહ જે શેહેર-નગરની ચારે પાસ એકઠો થયલો તે જાણે દરિયો ઉલટયો, ને તેમાં ભીમકનું નગર તે જાણે નાવ.

૭૧૭. **ગજદળ**, હાથીઓનું ટોળું. **હયદળ**, ઘોડાનું ટોળું. **માનવ**, માણસો. **તેણે**, તેણે કરીને; તેથી. **મોઘું**, (**સં. महार्घ, महा=મોટી+अर्घ=કીમત**), મોટી કીમતવાળું; અગાઉ કરતાં વધારે મૂલે મળે તેવું.

૭૧૮. **રસકસ**, રસ-ઘી તેલ વગેરે; કસ-ઘઉં વગેરે ધાન્ય. **ટાંકે**, (**સં. टंक**), તોલથી. **રસકસ...તોળાય**, ચીજોના ભાવ એટલા બધા વધી ગયા હતા કે ઘાસ પાણી તોલબંધ વેચાતાં હતાં, તો રસકસ સામું કેમ જોવાય (નહીં જોવાય) એટલે કે તે તો ઘણાંજ મોઘાં હતાં.

૭૧૯. **રંક**, ગરીબ. **અરજના**, (**સં. अर्जन, अर्ज्=કમાવું, મેળવવું**), કમાઈ; રોજી. **માગ્યાં...ગરજના**, ગરજાઉ હોવાથી મ્હોડે માંગેલી કીમત લોકો આપતા.

૭૨૦. ભીમક રાજા સઘળાની ખબરઅન્તર રાખે છે, અને તેના ડાસ નોકરો જે જોઇએ તે ફેરવે છે–પૂરૂં પાડવા સારૂ લઈને ફરે છે.

૭૨૧. ખચખચી, ખીચોખીચ.

૭૨૨. હીંડોળા, (सं. हिन्दोल), હિંચકા ખાવાનું સુંદર પાટીઉં; આસપાસ કઠેરાવાળો હિંચકો;—હાલ આ શબ્દ ઠાકોરજીને માટે બનાવેલા ખાસ હીંચકાને માટે વપરાય છે. ધારણું, બારોટીઓ. મંડપ...ગાર, સોનાની ગારવડે મંડપને લીપ્યો; મંડપ ઘણો સુશોભિત કર્યો. સરખાવો દ્વારકાનું વર્ણન–' કનક ચોસલે બાંધ્યા ચોક, બહુ જાળી અટારી બારી ગોખ, ' પ્રે. ભા. અ. ૫૦, ક. ૧૪૨; 'લીપી ભીંતે સોનાની ગાર, ચળકે કામ તે મીનાકાર,' પ્રે. ઓ ક. ૨૦; 'રાયે રચના કીધી સારી, લીપ્યો મંડપ કનકની ગારી.' પ્રે. ઓ. ક. ૪૧. આસન, બેઠક.

૭૨૫. જે રાજાને તેના દરજ્જા પ્રમાણે જ્યાં બેસવાનો અધિકાર હતો તે સ્થળે–તે આસને તેનું નામ લખ્યું.

૭૨૭. કલહ, કંકાસ; લડાઈ. નારદને લડાઇ કરવાની ટેવ છે. જુઓ લી૦ ૯૨.

૭૨૮. પૂજ્યા અરચ્યા, ચંદન ફૂલ વગેરેથી પૂજા કીધી. અરચ્યા, (सं. अर्च्=પૂજા કરવી). પ્રીત અપાર, પ્રીતિથી; ઘણા હેતથી. તવ, ત્યારે; પછી.

૭૨૯. પેર, રીત; સ્થિતિ; હકીકત. કો...પેર, ઇંદ્ર પૂછે છે કે અમારે ઘેર એટલે સ્વર્ગમાં હાલ કોઈ આવતું નથી તેનું શું કારણ?

૭૩૦. પડતી...કાયે, સાધુઓ દેહ છોડતા–મૃત્યુ પામતા.

૭૩૧. સુનો, (सं. शून्य), ખાલી; વસ્તી વગરનો. જુઓ ' સુનો ' લી. ૩૪. ઘાટ, ઓવારો; આરો; માર્ગ; રસ્તો. જમપુર, યમરાજાની નગરી.

૭૩૦–૩૧. પૃથ્વીપર જે ધર્મી લોકો મરતા તે સ્વર્ગમાં આવતા હતા, પણ હાલમાં અમરાવતી–સ્વર્ગનો ઘાટ–માર્ગ સુનો થઇ ગયો છે; તેના રસ્તામાં કોઈ જણાતું નથી અને જમપુર–નર્ક તરફ સર્વે જાય છે.

૭૩૨. કશું, શું.

૭૩૩. અવગત્ય, (सं. अवगति), મુઆ પછી નઠારી દશાએ–સ્થિતિએ.

૭૩૪. કવિના કહેવાનો ભાવાર્થ એ છે કે, સઘળા મનુષ્યનું લક્ષ દમ-

યન્તી તરફજ લાગેલું છે ને બીજું કંઈ તેમને સુઝતું નથી; વળી એ વિશે વિચાર કર્યા કરવાથી તેમની અવગતિ થાય છે અને તેઓ નર્કે પડે છે.

૭૩૫. **સર્વથી**, સર્વથા. જુઓ લી. ૨૧૮. **જેણે...સર્વથી**, જેણે દમયન્તીને જોઈ નથી તે જીવતાં છતાં ખરેખર મુઆ બરોબર છે.

૭૩૬. **સ્વયંવર મંડાયો**, સ્વયંવરનો સમારંભ થયો છે.

૭૩૭. **અપ્સરા**, સ્વર્ગમાં ગાયન નૃત્ય કરનારી સ્ત્રીઓ. એ સમુદ્રમંથન કરતાં દાસી સાથે સમુદ્રમાંથી નીકળી હતી. એ રૂપ મોહિની અને ચાતુર્યથી સંપન્ન છે. **વોહોછો**, ખેંચાવો છો; છેતરાઓ છો. **વના**, વિનય. સરખાવો 'વનો વેરીને વશ કરે.' **શું...દેવાંગના**, નારદજી દેવોને કહે છે કે તમે અપ્સરાના વિનયથી–હાવભાવથી શું લોભાઈ જાઓ છો. એ દેવાંગનાઓ–અપ્સરાઓ દમયન્તીની દાસી જેવી છે; અથવા આ શાનો વખાણનો ભાર વ્યર્થ ઉપાડો છો, અપ્સરાના વખાણમાં શું વાજ આવો છો.

૭૩૮. **સૂર**, (सं. सुर), સંબોધન વિભક્તિ, દેવ. **વિદર્ભે...સૂર**, હે સુર, તમે અહીંઆં શું બેશી રહ્યા છો, વિદર્ભ દેશમાં આવેલી કુંદનપુર નામની ભીમકરાજાની નગરીમાં સ્વયંવરનો સમારંભ જોવા જાઓ.

૭૩૯. **છાના**, ક્રિયાવિશેષણ–એક બીજાને પોતાનો વિચાર કહ્યા વિના. **સાવધાન**, (सं. स=સાથે+अवधान=ધ્યાન, લક્ષ), જાગૃત; જવાને તૈયાર.

૭૪૦. **ફૂલતા**, અભિમાન ધરાવતા; હરખાતા. **લૂલતા**, લલૂતા; લોભ; લાલચ.

૭૪૧. **જ્યમ ત્યમ**, જેવી સ્થિતિમાં બેઠા હતા તેવાજ; ખાસ તૈયારી કર્યા વિના; જેમના તેમ.

૭૩૯–૪૧. **છાના...જ્યમ ત્યમ**, ઉપર પ્રમાણે કહી નારદ ઋષિ અન્તર્ધાન થયા ને ઇંદ્ર, અગ્નિ, વરૂણ ને જમ એ ચારે દેવ પોતપોતાના મનમાં વિચાર કરી જવાને તૈયાર થઈ ગયા; તેઓને દમયન્તીને પરણવાનો લોભ લાગ્યો; અને ઘણો રૂપવાન છું તેથી દમયન્તી મનેજ વરશે એમ વિચારી દરેક મનમાં હરખાવા લાગ્યા ને પછી જેવા ને તેવાજ ત્યાંથી ઉઠીને કુંદનપુર તરફ ચાલ્યાં.

૭૪૨. **જુજવા**, જૂદાં જૂદાં.

૭૪૩. **મનભંગ**, નિરાશ.

૭૪૪. નળનું રૂપ જોઈ ઇંદ્ર દિઙ્મૂઢ બની ગયા છે એટલામાં તો જમ-રાજા આવ્યા.

૭૪૫. **પૂછે...કેમ**, ત્યાં આવવાનું કારણ એક બીજાને પૂછે છે.

૭૪૬. **ચોરી કરતા**, વાત છુપાવતા. **જુજવાં**, જૂદાં; ખરાં કારણુથી જૂદાં. **અન્યો...કામ**, એક બીજાથી તેઓ પોતાની વાત છુપી રાખીને ખોટાં કારણો આપવા લાગ્યા.

૭૪૭. **પરણ્યાનું**, પરણવાનું.

૭૪૮. **અધર્મ**, જૂઠું; અસત્ય. **દમયંતીના લોભી**, દમયંતીને મેળ-વવાને–પરણવાને આતુર.

૭૪૯. **મનોરથ**, (**सं. मनस्+रथ**), મનરૂપી રથ; ઇચ્છા.

૭૫૦. **તાળી...માંહોમાંહે**, બધાજ દમયન્તીને પરણવા આવ્યા છે એ વાત પકડાઈ જવાથી હસાહસ કરી તેઓએ એક બીજાને તાળી આપી. **કપટ**, છુપો ભેદ.

૭૫૧. **કોહોનું**, કોનું; કોઈનું; આપણામાંથી એકાદનું. **ભળશે**, દમ-યન્તીના ભાગ્ય સાથે મળશે; ખુલશે; ઉઘડશે.

૭૫૩. **છેદાશે**, કપાશે. **અધરસું**, અધરના બરોબર. **નાસા**, નાક. **પરણશે...નાસાજી**, વરૂણુ કહે છે કે નળ પરણશે ને આપણી આબરૂ જશે–આપણે ફજેત થઈશું, અને હોઠનો બરાબર નાક કપાઈ જશે, એટલે છેકે છેક કપાઈ જશે.

૭૫૪. **હર્ષ**, (**सं. हृर्ष्=**ખુશી થવું), હરખ; આનંદ.

૭૫૫. **દમયંતી...વર્ષ**, જો સો વર્ષ લગી તપ કરો તોપણુ દમયંતી તમને મળનાર નથી.

૭૫૬. **અભાગિયાં**, કમનસીબ. **ભીમક...ગાત્ર**, આપણાં ભાગ્યહીન શરીર, એટલે આપણે, દમયંતીને પરણી શકવાના નથી.

૭૫૮. **જદપી**, યદ્યપિ; જો કે. **મનસા**, (**सं. मनीषा**), ઇચ્છા; ઉમેદ. **મમતા**, વહાલ; હેત.

૭૫૯. **ગુણુ**, સારૂં નરસું પારખવાની શક્તિ. **વોહોણી**, વગરની; વિનાની. **બલા**, પીડા કરતું ભૂત, ચેટક વગેરે. **બલા આપણી વરે**, આપણે ની સાથે પરણવું નહીં.

૭૬૦. **લક્ષણ, ગુણ; આચરણ. ઉનમત્ત,** મદવાળી; મગરૂબ; અભિમાની.

૭૬૧. **ગોળ, (સં. ગુલ),** શેરડીના રસને ઉકાળીને બનાવેલો પદાર્થ; તે ઉપરથી અહીં સારી વસ્તુ, એટલે નળ. **ખોળ,** તલ પીલતાં બાકી રહેલો કુંચો; તે ઉપરથી અહીં હલકી વસ્તુ, એટલે દેવ પોતે. **નોહે,** ન હોય. **પશુવત,** પશુ જેવી; મૂર્ખ.

૭૫૮–૬૧. કદાપિ દમયંતી નળની ઇચ્છા છોડી દઈને આપણા પર વહાલ કરે તો પણ જો દમયંતી ગુણ વગરની છે તો તેને આપણી બલા પરણે; વળી દમયંતી લક્ષણ વગરની છે ને પોતાના સ્વરૂપ અને જુવાનીને લીધે મદમાં છાકી ગયલી છે; ને જો નળરૂપી ગોળને છોડીને દેવરૂપી ખોળને પસંદ કરે તો એ ચતુર નથી પણ પશુવત્ છે.

૭૬૨. **બેહુ પ્રકારે...વરવી,** દેવોએ નળનું રૂપ જોયું ત્યારથી દમયન્તીને વરવાની તેમની આશા ભાંગી ગઈ હતી, તેથી અગ્નિ મન વાળવાને કહે છે કે પહેલાં તો તેજ આપણને વરનાર નથી અને બીજું કદાપિ એ આપણને પરણવાનું મન કરે તો તેના ઉપર ગણાવેલા દોષોને લીધે આપણે પરણવું નહીં, એટલે એકે રીતે એને વરી શકાય એમ નથી, માટે સારો રસ્તો એ છે કે આપણે પાછા જવું. અથવા બીજો અર્થ આમ લેવાય:–અગ્નિ કહે છે કે દમયન્તી આપણી મમતા ક્યારે કરે કે જો એ ગુણ વેહોણી હોય ત્યારે; કારણ નળ એવો રૂપવાન છે કે તેની આગળ વિષ્ણુ પણ લેખામાં ન આવે, તો આપણે તે કોણ માત્ર? તો એવા નળને છોડી દમયન્તી જદપિ આપણને વરવા ઉભી થાય તદપિ–તો પણ તેને ગુણની કદર નથી એવી જાણી આપણે તેને ન વરવી–એ એક પ્રકાર. વળી આખું જગત જાણે છે કે માણસ કરતાં દેવ ચઢતા છે ને દેવ જે આપણે, તેને છોડી નળ જે માનવ, તેને, ગોળ તજી ખોળ ખાવા તત્પર થવાની પેઠે, લક્ષણ વેહોણી અને રૂપ યૌવનના મદવાળી હોવાથી, દમયન્તી વરવા ઉભી થાય ને આપણે વીલે મ્હોડે પાછા જવું પડે એ અપજશ કરતાં મરણ પણ ભલું–એ બીજો પ્રકાર; માટે ઉભય પ્રકારે આપણે તેને ન વરતાં પાછા ફરવું.

૭૬૩. નળ પરણે ને આપણે દેવ એમના એમ રહીએ તેના કરતાં આપણે મરવું બહેતર છે.

૭૬૪. **શક્ર**, ઇંદ્ર. **શક્ર...લોકજી**, ઇંદ્ર યમને કહે છે કે, હે યમરાજ, નળને તમે જમપુરીમાં લઈ લો, એનો કાળ આણીને આપણને આડ ખીલી છે તે દૂર કરો.

૭૬૫. **આફણીએ**, એની મેળે; ન છુટકે. **કીધું**, કીધેલું; નળ તરફ દમયન્તીનું મન વાળી કીધેલો વેવીશાળ. **થશે...ફોકજી**, હંસની વાત દેવોને ખબર હોય એમ સંભવતું નથી; નારદે તેઓને કહ્યું ત્યારેજ સ્વયંવરની તેઓને જાણ થઈ. જો એમને હંસની વાત ખબર હતી એમ માનીએ તો દેવ તરીકે એમને 'વિદર્ભ ગયા મન ભંગ થયા, દેખી નળનું રૂપરે' થાત નહીં. આ ઉપરથી જણાય છે કે કવિએ પોતાનું જ્ઞાન ઇંદ્રના મ્હોંમાં મૂક્યું છે. સરખાવો લી. ૯૧૩.

૭૬૬. **વણખુટે**, આવરદા ખૂટયા વગર; આવરદા પુરૂં થયા વગર.

૭૬૮. **અગ્નિ...સાચોજી**, અગ્નિ કહે છે કે ભલો શ્રમ-સારી પેઠે મહેનત–પ્રયત્ન તો કરીએ, કારણ કદાપિ આપણો શ્રમ સાચો–સફળ થાય.

૭૬૯. **જાચો**, વિનંતી કરો. **દમયંતી...જાચો**, દમયન્તીની પાસે આપણી તરફથી માગું કરવાને વાસ્તે દૂત તરીકે નળરાજા જાય એવી આપણે તેને વિનંતી કરીએ.

૭૭૦. **સ્વર્ગવાસી**, સ્વર્ગમાં વસે છે જે તે; ચારે દેવો. **વિપ્ર**, બ્રાહ્મણ. **વેશ...ધારી**, બ્રાહ્મણનું રૂપ લઈને.

૭૭૧. **ત્રિપુંડ**, (**सं. त्रिपुण्ड्र**), શિવમાર્ગીઓ કપાળે ત્રણ સેરનું તિલક કરે છે તે. **તાણ્યાં**, કીધાં. દેવોએ વેશ લીધો છે તેથી મજાકમાં "તાણ્યાં" શબ્દ વાપરેલો લાગે છે. **ઝારી**, નાળચાવાળું અને પડઘીવાળું પાણી પીવાનું પાત્ર–વાસણ.

૭૭૨. **નિર્મળ**, પવિત્ર.

૭૭૪. મારા લાયક કંઈ કામ હોય તો કહો, પછી થવું તો ઇશ્વરના હાથમાં છે.

૭૭૭. નળની પાસે ઉપર પ્રમાણે કામ કરવાનું વચન લીધા પછી દેવો બ્રાહ્મણોનો વેશ તજી પ્રત્યક્ષ થયા, તેઓએ પોતાનાં ખરાં રૂપ ધારણ કર્યાં.

૭૭૮. **વજ્ર**, ઇન્દ્રનું આયુધ. એ ઘણુંજ કઠણ અને ધારવાળું છે. એ વડે ઇંદ્રે પર્વતોની પાંખો કાપી હતી. **પાશ**, વરૂણનું આયુધ. **જ્વાળા**, અગ્નિનું ચિહ્ન. **જમદંડ**, જમનું ચિહ્ન.

૭૭૯. **જળહળ**, પ્રકાશમાન; ઝગઝગાટવાળાં. **મંદીર**, રહેવાની જગ્યા; મુકામ; નળનો તંબુ. **ઉદયા**,(सं. उत्+अय्=ઉપર જવું), ઉગ્યા. **માર્તંડ**, સૂર્ય.

૭૭૮–૭૯. ઇન્દ્ર વજ્ર સહિત, વરૂણ પાશ સહિત, અગ્નિ જવાળા સહિત અને જમ દંડ સહિત, પ્રત્યક્ષ થયા ત્યારે સૂર્ય ઉગે ને જેમ બધે પ્રકાશ થઈ રહે છે તેમ નળનું મંદિર ઝળાંઝળાં થઈ રહ્યું.

૭૮૦. **ચકીત થઇ રહ્યો**, છક થઈ ગયો; અચંબાથી સ્તબ્ધ બની ગયો. **દંડ પ્રણામ**, દંડવત્ પ્રણામ; સોટાની પેઠે લાંબા પડી નમવું તે.

૭૮૩. **કન્યાને**, કન્યાકને; દમયંતી પાસે. **જો**, પ્રયત્ન કર.

૭૮૪. **મિત્ર**, કામ કરાવવું છે તેથી દેવો મિત્ર શબ્દ વાપરે છે.

૭૮૫. **કૃપા કરી**, મહેરબાની કરી. **વેવીસાળીયા**, માગું કરવા જનાર.

૭૮૬. **મહિલા**, સ્ત્રી; દમયન્તી. **મહિલા...વખાણ**, અમારા ચારેનાં દમયન્તી આગળ વખાણ કરીને અમારે માટે મોહ લાગે એમ કરો.

૭૮૭. **જેહનાં ફરશે**, જેનું નસીબ ઉઘડશે.

૭૮૮. **રક્ષક**, રખેવાળ. **પેસવા નવ દે**, દમયન્તીના ઘરમાં જવા દે નહીં.

૭૮૯. **જોગી**, (सं. योगि), જુઓ લી. ૨૦૪. **વેખે**, (सं. वेष), વેષમાં; રૂપ ધારણ કરીને.

૭૯૦. **અણસારો**, ઇશારો; સાન. **ચારે...મારા**, દમયન્તીના આગળ મારાં વધારે વખાણ કરજો, મારા વધારે વખાણ કરજો, એમ ચારે દેવે નળને ઇશારાથી સમજાવ્યું.

૭૯૧. **વિમાસણ થાય**, (सं. वि+मृष्=વિચાર કરવો), વિચારમાં પડયા.

૭૯૨. **સદ્યે**, (सं. सद्य), તરતજ.

૭૯૩. **વાત...વરણી**, આપણું કામ પાર પાડવાને સારૂ આપણાં જોઈતાં વખાણ કરશે નહીં.

૭૯૪. **દૃષ્ટેદૃષ્ટ**, નજરોનજર. **દૃષ્ટે...સાંભળશે**, જ્યારે એ બેઉની નજર મળશે ત્યારે દમયન્તી આપણાં ગુણનું વર્ણન સાંભળશે નહીં, કારણ નળ ઘણોજ કાન્તિવાન છે. પ્રત ૨ અને ૬ ના પાઠનો 'દમયંતીનું રૂપ જોશે ત્યારે નળ આપણને યાદ કરશે નહીં' એવો અર્થ થાય.

૭૯૫. **વિશેષ,** બરાબર. **નળને...વિશેષ.** આ લીટી એક વાર સી. ૭૯૧ માં 'એવું સાંભળી ચાલ્યો નળરાય...થાય,' વગેરે લખ્યા પછી સારી લાગતી નથી.

૭૯૬. **પાલટી,** બદલીને. **અનુચર,**(अनु=પાછળ+चर्=જવું),પાછળ જનાર; દાસ; સેવક. **હવે...મોકલીઓ,** નળની ચેષ્ટા જોવા સારૂ; નળ દમયન્તી આગળ આપણા શીખવ્યા પ્રમાણે આપણાં વખાણ કરે છે કે નહીં તે જોવા સારૂ.

૭૯૮. **પાધરા દ્વાર,** સીધાને સીધા; અટકાવ વગર. **દિવસના ચોર,** ધોળે દહાડે રજા વગર દાખલ થયા તેથી.

૭૯૯. **અંતઃપૂર,** (**सं. अंतःपुर**), મહેલની અંદર સ્ત્રીઓને-વિશેષે કરી રાણીઓને, રહેવાનો ભાગ; રણવાસ; જનાનો. **શૂર,** શૂરો.

૮૦૦. **દાસ,** દાસીઓ. **જે...પાસ,** દમયન્તી પાસે તેની ગમત સારૂ રહેનારી.

૮૦૧. **નાયકા.** (**सं. नायिका, नि-नय्**=દોરવું), રસશાસ્ત્રમાં વર્ણવેલી સ્ત્રિ; પ્રીતિ, ક્રીડા વગેરેમાં પ્રવીણ સ્ત્રી; અહીંઆં જુવાન સ્ત્રી. **કન્યાના,** દમયન્તીના. **ગુણ ગાતી,** વખાણનાં ગીત ગાતી

૮૦૨. **શામળી,** (**सं. श्यामला**), કાળા વર્ણની. **મુગ્ધા,** (**सं. मुह्**= મૂઢ હોવું), અજ્ઞાન, પ્રેમનો અનુભવ નથી એવી બાળક સ્ત્રી; મુગ્ધા, મધ્યા, અને પ્રૌઢા એ ત્રણ પ્રકારની નાયિકામાંની પહેલી. **છોરી,** છોકરી જેવી.

૮૦૩. **કો...હાલેમાલે,** કોઈ ધામધુમથી કામ કરતી મહાલતી હતી-હરફર કરતી હતી. **કો...વાળે,** કોઈ કપડાં બાધવામાં ગુંથાઈ હતી ને કોઈ તો કપડાંની ઘડીજ વાળી રહી હતી.

૮૦૪. **રેહે...સાજે,** સૌ પોતપોતાની તૈયારીમાં હતી; સૌ પોતપોતાને સોંપેલું કામ કરવામાં રોકાયલી હતી. **ગુંથતી,** (**सं. ग्रथ्**=ગુંથવું), ગુંથીને બનાવતી.

૮૦૬. **ત્રીભોચું,** ત્રીજે માળ.

૮૦૮. **સ્વર ઝીણા,** ઝીણે સ્વરે. **કો...વીણા,** કેટલીએક ત્યાં નૃત્ય કરી રહી હતી, ને કેટલીએક વીણા વગાડતી હતી.

૮૦૯. **રીજવતી**, (સં. रञ्ज्=ખુશી થવું). ખુશ કરતી. **ચતુરસુજાણ**, ચતુરસુજાણ દમયન્તીને કેટલીએક ખુશ કરતી હતી. કેટલીએક ચતુરસુજાણ દાસી પોતાની વાતથી દમયન્તીને રીઝવતી હતી એમ પણ લઈ શકાય.

૮૧૦. **એકાંત**, ધામધુમથી દૂર. **ઓરડી**, (સં. अपवरक), નાનો ઓરડો. **હીંડોળે...દોરડી**, હીંડોળે હીરની–રેશમની દોરી બાંધેલી હતી.

૮૧૧. **હીંચે**, હીંચકે. **કેશમાં**, વાળમાં. **ધુપેલ**, (સં. धूपतल, धूप=ઉકાળવું), વાનાથી સુગંધીદાર કરેલું ઉકાળેલું તેલ. **સીંચે** (સં. सिच्, सिञ्च्=છાંટવું), ઘાલતી હતી; નાખતી હતી.

૮૧૨. **માથુ ગુંથાવે**, ગુથીને ચોટલો વળાવતી હતી; માથું હોળાવતી હતી. **સેંથો**, (સં. सीमन्त), માથાના કેશની વચ્ચે સ્ત્રીઓ જે સીધી લીટી પાડે છે તે. **રખે...આવે**, સાધારણ રીતે સ્ત્રીઓ પોતાનો સેંથો સીધો રાખવાને ખંતી હોય છે.

૮૧૩. **ખાપ**, (સં. कर्पर), આરસો. **આપ**, શરીર સરખાવો:–આપઘાત, આત્મઘાત. 'વ્યાકુળ અંગ પોતાતણું, અવની પછવાડે આપ,' ક. ૩૪ મું; 'સતબળે દેઉ છોં શાપ, ભસ્મ વ્યાધીનું થાજો આપ' ક. ૩૯ મું; વળી, 'સધ મુકાશે મારો શાપ, પછે ધર્યું મેં અહીંનું આપ,' પ્રે. ભા. અ. ૩૫, ક. ૧૦૦. **ભીંત...આપ**, ઓરડામાં ચારે બાજુએ આરસા જડેલા હોવાથી આરસી ધર્યા વિના પોતાનું શરીર જોઈ શકાતું હતું.

૮૧૫. **મુખકમળ**, મુખરૂપી કમળ; કમળના જેવું મુખ.

૮૧૪–૧૫. હીંચકાપર અગાડી દમયન્તી અને તેની પાછળ તેની દાસી, જે તેનો ચોટલો વાળતી હતી, તે બેઉની છબી સામા ભીંતે જડેલા આરસામાં દીપી–શોભી રહી હતી; અને દમયન્તીનું મુખકમળ શોભી રહ્યું હતું, તે જાણે કે બીજો ચંદ્ર સામો પ્રકાશતો હોયની તેવું દેખાતું હતું.

૮૧૬. નવયૌવના દમયન્તી શોભી રહી હતી અને મ્હોડેથી નળ રાજાનું નામ જપતી હતી.

૮૧૭. **મનડૂં**, મન (લાડવાચક શબ્દ). **પરોયું**, (સં. प्र+वे=ગુંથવું), વિંધાયું.

૮૧૮. **આડો આંક**, હદ બતાવનારી નિશાની. સરખાવો લી. ૭૭૩. **આંક...વાંક**, તેના શરીરની શોભાથી હદ વળી છે. એવી સ્ત્રીપર દેવો મોહી ગયા તેમાં તેમનો શો વાંક–તેમાં શી નવાઈ.

૮૧૯. **રત્ન**, આ અમૂલ્ય વસ્તુ; આ અતિક્રાન્તિવાન્ સ્ત્રી. **કર કોને ચઢશે**, કોને હાથ જશે; કોને મળશે.

૮૨૦. **મનની રૂચે**, મનની ઈચ્છાથી; ઘણી ખુશીથી. **અંત્રાઈ**, (सं. अन्तरायी, अन्तर्=વચ્ચે+अय्=જવું), વચમાં આવનાર; અડચણકર્તા; હરકત રૂપ.

૮૨૧. **ભલું**, ભલે; ખેર. **ભાવી**, (सं. भू=હોવું), થનાર; હોનાર. **ભાવી પદારથ**, થનાર વસ્તુ. **ભલું...અહો**, દમયન્તીનું રૂપ જોઈને નળ મોહિત થઈ ગયો હતો અને પોતાનું પરણવાનું લગભગ નક્કી હતું તે દેવો વચ્ચે આવ્યાથી ભાંગી પડશે એવી ફિકર કરવા લાગ્યો, પણ અન્તે હોનાર વસ્તુ થઈ એવું વિચારી પોતાના મનને શાંત પાડયું.

૮૨૨. **શોક**, (सं.शुच्=વિલાપ કરવો), દિલગીરી—દમયન્તી ખોવાના ભયથી થતી. **જ્ઞાન**, વિવેક; ડહાપણ.

૮૨૩. પોતાનું સત્ય સાચવવા—દેવને આપેલું વચન પાળવાને દેવની તરફથી માગું કીધું.

૮૨૪. **શીશ**, (सं. शीर्ष), માથું. **સ્વયંવરને**, સ્વયંવરને માટે—સારૂ. **સાંતરી થાવા**, તૈયાર થવા; સજ્જ થવા.

૮૨૬. **દૃષ્ટ**, દૃષ્ટિ વડે.

૮૨૭. **નળ...પૃષ્ઠ**, નળ પછાડી—પાછળ આવીને ઉભેલો છે.

૮૨૮. **દર્પણ**, (सं. दृप्=પ્રકાશિત કરવું), આરસો. **પ્રતિબિંબ...દર્પણમાં**, કોઈનો—નળનો ઓળો દર્પણમાં—સામે જડેલા આરસામાં પડ્યો. **પૂર્ષ**, પુરૂષ.

૮૨૯. આરસામાં પુરૂષનું પ્રતિબિંબ જોઈને દમયન્તી લજ્જાથી ખુણામાં નાસી ગઈ; અને હે મૂર્ખ, તું ત્યાં બેશી શું રહી છે એમ કહી પોતાની દાસીને બોલાવી લીધી.

૮૩૦. **માધવી**, દમયન્તીને ચોટલો વાળતી હતી તે દાસી. **બાઈ**,બહેન.

૮૩૧. મેં તો કોઈને જોયું નહીં, અને તમે શું દીઠું કે આટલાં વિસ્મય પામ્યાં.

૮૩૨. **ગેહેલી**, મૂર્ખ. **મીટ**, દૃષ્ટિ; નજર. **ગેહેલી...દૃષ્ટિમાં**, તારૂં

ધ્યાન મારો ચોટલો ગુંથવામાં હતું, અને મારી નજર તો આરસામાં હતી–હું આરસામાં જોઈ રહી હતી.

૮૩૪. દમયન્તી કહે છે કે જાણે કોઈક નાટક કરવા આવ્યો હોય તેમ નળ વેરાગીનો વેશ લઈ આવેલો છે.

૮૩૫. **પ્રાણજીવન**, પ્રાણનો આધાર. દમયન્તી પોતે નળને મનથી વરી ચુકી છે માટે તેને પ્રાણજીવન કહે છે.

૮૩૬. **સાહેલી**, સખી. **પ્રીછો**, જુઓ. **ઝંખના**, મનમાં ઘુંટાયલા વિષયનું વારેવારે સ્મરણ થવું તે; ભાસ. **સાહેલી...ઝંખના**, સાહેલી કહે તમે જુઓ–વિચારો; કાં–શું તમે નજરો નજર દીઠું છે? કે સ્વપ્નની ઝંખના છે?

૮૩૭. **પંખના**, પાંખવાળા.

૮૩૮. દમયન્તી કહે તે મેં પ્રીછ્યું–જોયું, તું દાસી માણસનો અવતાર, તું શું સમજે.(દાસી કહેવામાં તેની સમજ શક્તિ ઓછી છે એમ બતાવ્યું છે.)

૮૩૯. **કૈતક**, (**सं. कौतुक**), નવાઇ જેવી વાત; જોવા જેવો દેખાવ. સરખાવો કડવાં ૩૯, ૪૪ તથા ૫૭માં 'કૌતક' શબ્દો.

૮૪૦. **પૂઠપૂઠે**, આગળ પાછળ. **મીટજોડ**, મીટ જોડીને; આંખ રાખીને; ધ્યાન રાખીને.

૮૪૧. **કંદર્પ**, કામદેવ; મદન. **સ્વરૂપ...ક્રોડ**. કરોડ કામદેવના જેવી જેની કાન્તિ છે તેવા નળરાયનું સ્વરૂપ–આરસામાં પડેલું પ્રતિબિંબ–દેખાડયું.

૮૪૨. **રાણી**, અહીં દમયન્તીને માટે. **દાસી...વીજળી**, વીજળીનો ચમકારો થયો હોય તેમ બંને એકદમ ઉઠી ગયાં. સરખાવો 'જેમ ઝબકે વીજળી આકાશેરે, આવી અબળા પ્રભુની પાસેરે.' પ્રે ભા. અ. ૪૮, ક.૧૩૮.

૮૪૩. **કાં**, કેમ. **મળી**, ખરી ઠરી.

૮૪૪. **સ્તુતિ માંડી**, (**सं. स्तु**=વખાણ કરવાં), પ્રાર્થના કરવા માંડી. **અંતરપટ**, (**सं. अन्तर्**=વચમાંનું+**पट**=કપડું), પડદો. **આડો ધરી**, વચમાં ધરી.

૮૪૫. **દેવસ્વરૂપ**, દેવના જેવું સ્વરૂપ છે જેનું તે; દેવના જેવા સ્વરૂપવાળા. **દેખતા**, દેખાતા; પ્રત્યક્ષ; તમારા મૂળ રૂપમાં.

૮૪૬. **કિંકરી**, દાસી; બાંધવી.

૮૪૮. **નીચ માણસ**, હલકું માણસ; ચાકર માણસ. **વૈખરી**, પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી એ વાણીની ચાર સ્થિતિમાંની છેલ્લી; તે ઉપરથી સ્પષ્ટ ઉચ્ચારણ–ભાષણ. **કેમ...વૈખરી**, હું તારી સાથે કેવી રીતે ભાષણ કરૂં.

૮૫૦. **સંન્યાસી**, (**સં. સં+નિ+અસ્**=ત્યાગ કરવું). ગાયત્રીનો અધિકારી એવો જે પુરૂષ સંસાર ત્યાગ કરી સાધુ દિક્ષા લે તે; જોગી; વેરાગી.

૮૫૧. કપટરૂપ, કપટવાળું રૂપ છે જેનું તે (બહુ. સ.); વેશધારી. **કન્યા**, દમયન્તી પોતાને માટેજ કન્યા શબ્દ વાપરે છે.

૮૫૦–૫૧. દમયન્તીએ કહ્યું કે અગર જો તમે દેવ હો તોપણ જોગી થઈને આવ્યા છો, અને એવા વેશધારીને મારાથી શી રીતે પૂછી શકાય, તેથી મારી દાસી તમને પૂછે છે.

૮૫૨. **કેવળ**, શુદ્ધ; ખરો. **અતીત**, (**સં. अतिथि**), જુઓ આતિથ્ય, લી. ૧૨૦. **દાસી...અતીત**, તમે શુદ્ધ––ખરા અતિથિ–જોગી નથી તેથી દાસીજ એવા સંન્યાસી જોગ છે–દાસીજ એવા સંન્યાસી સાથે વાત કરવા લાયક છે.

૮૫૩. **હરી લીધું ચીત**, દમયન્તીએ નળનું મન હરી લીધું–વશ કરી લીધું.

૮૫૪. **ધન્ય...સતી**, આ સતી સ્ત્રીને જે દેવ પરણશે તે મોટો ભાગ્યશાળી થશે.

૮૫૫. **ભોગી**, (**સં. भूज्**=ભોગવવું), સંસારનું સુખ ભોગવનાર; વિલાસી. ભોગ્ય, ભોગવવા યોગ્ય; લાયક. **ભોગી...ભોગ્ય**, ભભાની અક્ષર સગાઈ.

૮૫૭. **વિષયા**, (**સં. विषय**), સંસારની માયા; કામવાસના; ઇન્દ્રિય સુખ. **માટે**, સરખાવો માટ, લી. ૩૩૫.

૮૫૬–૫૭. દમયન્તીને નળ કહે છે કે તું જો. તું જોગી રૂપને લહે છે–જાણે છે–જોય છે, એટલે હું જે તારા આગળ ઉભેલો છઉં તે જોગી છઉં; તેથી અગરજો હું અહીંઆં તારેજ માટે આવેલો છું છતાં હું વિષયાની વાટે જનાર નથી. 'નળ કહે છે કે ખરા જોગીનું રૂપ કેવું હોય તે તું સમજે છે? અમે એવા જોગી છૈયે કે વિષયની વાટે ન જઇએ;

પણ હું સાધવી છે એમ જાણી તારી પાસે આવ્યો છું'—આ પ્રમાણે પણ અર્થ લેવાય.

૮૫૮. આચાર, જુઓ 'આચરણુ' લી.૫૨૨. આચાર...આપણો, મારો પોતાનો એટલે જોગીનો આચાર.

૮૫૯. પુર્વે જનમનું, આગલા જનમનું. નૂન્ય, ન્યૂન, મણા; ઓછું.

૮૬૦. મોદવર્દ્ધન, (સં.मोद, मुद्=ખુશ થવું, वर्धन, वृध्=વધવું), આનંદ વધારે તેવી. વારતા, (સં. वार्ता), ખબર; સંદેશો.

૮૬૧. અળગું કરો, દૂર કરો; ખસેડી નાંખો. ઉલટ, હોંસ; ઉમંગ.

૮૬૨. પરમાર્થ, (સં.परम=મોટું+अर्थ=કામ), મોક્ષ પ્રાપ્તિનું સાધન; તે ઉપરથી પરોપકાર; સ્વાર્થથી ઉલટું. તજી...કરૂં, મારો પોતાનો અર્થ સાધવાનું છોડી દઈને બીજાનું હિત થાય તેવું કામ કરૂં છું.

૮૬૩. રસાળા, (સં. रसाल), રસ-આનંદ ઉપજાવે તેવા; મધુર. પટ, અન્તરપટ; પડદો. બહાર નીસરી, બહાર આવી; અગાડી આવી.

૮૬૪. પરિસ્વેદ, (સં.प्रस्वेद, प्र=વધારે+स्विद्=પરસેવો છુટવો), પરસેવો. પરિસ્વેદ...ટપકી, દમયન્તીના પરસેવાનાં મોતી જેવાં બિંદુ તેના મુખપરથી નીચે પડતાં હતાં. બહાર...ઝબકી, તે વીજળી એકદમ પ્રકાશ સાથે બહાર આવી; દમયન્તી પડદા બહાર નીસરી તે જાણે વીજળીનો ઝબકારો થયો હોય તેમ લાગ્યું. સરખાવો 'જેમ ઝબકે વીજળી આકાશેરે, આવી અબળાની પ્રભુ પાસે રે'. પ્રે. ભા. અ. ૪૮, ક. ૧૩૮.

૮૬૫. દ્રુમવેલી, દ્રુમ—ઝાડની આસપાસ વિંટલાતી વેલી. એપરથી કવિએ નાજુકાઇ દર્શાવી છે. ગર્વવેલી, જુઓ 'ગર્વવેલડી' લી. ૫૬૪.

૮૬૬. પ્રતાપ, તેજ. તારૂણી...ઝંખવાયો, તે જુવાન સ્ત્રીનું તેજ નળથી ખમાયું નહીં—સહેવાયું નહીં, ને તેના તેજના ઝબકારાથીજ નળરાજા ઝાંખો પડી ગયો.

૮૬૭. માતંગી, માતંગની માદા, હાથણી. દીઠી...માતંગી, જે હાથણીને મદ (જુવાનીને લીધે) ઝરતો હોય તે જેવી જુસ્સામાં હોય છે તેવીજ જુવાનીના મદથી—ગર્વથી માતેલી દમયન્તીને નળે દીઠી. ઉઠંગી, અઢંગીને; અઢેલીને.

૮૬૮. **ખણુતી,** (**સં. खन्**=ખોદવું), ખોદતી; ખોતરતી. **પગને... ખણુતી,** દમયન્તી નળના આગળ મર્યાદાથી ઉભી રહી હતી ને શું કરવું તે ન સુઝવાથી, શરમથી નીચું જોઈ પગના અગુંઠાવડે ભોંય ખોતરતી હતી.

૮૬૯. દમયન્તીને પોતાને ગાલે હાથ દઈને-રાખીને ઉભેલી નળે જોઈ.

૮૬૪ મી લીટીથી તે ૮૬૯ મી લીટી સુધીનું ઉત્તમ પ્રતિનું ચિત્ર ચિત્રી શકાય તેમ છે.

૮૭૦. **પ્રેમે પ્રેમે,** પરસ્પર પ્રેમથી.

૮૭૧. **સત્ય રાખ્યું,** સત્યવાદી નળે પોતાનું સત્ય પાળ્યું.

૮૭૨. ઇન્દ્રિ, (**સં. इन्द्रिय**), દૃષ્ટિ; નળ દમયન્તીને જોતો તો હતોજ, પણ પોતાના મનમાં વિષયવાસના પ્રબળ થાય અને એવી દૃષ્ટિએ દમયન્તી તરફ નજર કરાય એવા ભયથી તેણે પોતાનું મન પાછું ખેંચ્યું-મન કબજે કીધું. **આકરખે,** (**સં. आ+कृष्**=ખેંચવું), આકર્ષે-ખેંચે છે.

૮૭૩. **આસને,** બેઠકપર. **આસનવાળી,** (યોગાસનની) પલાંઠીવાળી (જેથી પંચેન્દ્રિમાંથી કોઈ પણ ઇન્દ્રિ પોતાનું બળ બતાવી શકે નહીં). ક્ષત્રીઓ પલાંઠી વાળી બેસતા નથી. છતાં જોગીરૂપ છે તેથી તે વેશ બરોબર ભજવવો જોઈએ તેની ખાતર નળ આ પ્રમાણે બેઠો. **માંડી...સંભાળી,** પોતાના સત્ય પર લક્ષ રાખી-સાચવીને પોતે જે કામને વાસ્તે આવ્યો હતો તે વાત શરૂ કીધી.

૮૭૪. ગોષ્ટિ, (**સં. गोष्ठी**), વાત; ગોઠ.

૮૭૫. **લલિતા,** લલિત-મનોહર સ્ત્રી. **અંબુજલોચની,** અંબુજ કમળના જેવાં લોચન-નેત્ર છે જેનાં તે સ્ત્રી; કમળનયની (બહુ. સ.). **સુખવર્ધનિ,** સુખને વધારનારી છે જે તે (બહુ. સ.) **દુઃખમોચની,** દુઃખમાંથી મોચન કરે છે જે તે; દુઃખ દૂર કરનારી (બહુ. સ.) **મોચની,** (**સં. मुच्**=છૂટું કરવું), છૂટકો કરનારી.

૮૭૬. **પુછું...માંડી,** હું (જે) વાત પૂછું (તે તમે) મુખ (થી) માંડી (ને) કહો.

૮૭૭. **મુને...રહેવું,** પારકા પુરૂષની સમક્ષ-આગળ મારે ઉભા રહેવું એજ યોગ્ય છે.

૮૭૮. **પર...એ શું**, પરાયા માણુસની આગળ હું કેવી રીતે બેશી શકું ? મતલબ કે મર્યાદા લોપ્યા વિના હું બેશી શકતી નથી; અને જો હું પારકા માણુસ આગળ બેસું તે વાત નળ (વિવાહિતને પ્રતિ ગણીને-પતિવ્રતાનો ધર્મ શું છે તે દર્શાવે છે) જાણે તો કહેશે કે એ શું, એટલે હું કેવી અમર્યાદ છું-એમ તેના મનમાં સ્વલ્પ પણ શંકા આવે નહીં ?

૮૭૯. **વારૂ**, (**સં. વરમ્**), સારૂં; ઠીક. અહીંઆં ક્રિયાવિ. જુઓ લી. ૨૨૨. **શું...મોકલીયા**, દમયન્તીએ આરસામાં પ્રતિબિંબ દીઠું ત્યારથીજ તે દીવ્ય નળનું સ્વરૂપ છે એવી તેને શંકા થઇ હતી, તેથી ખરી વાત કઢાવવાને સારૂ આ પ્રમાણે સવાલ પૂછે છે.

૮૮૧. **નહિ...દૂત**, હું નળનો દૂત નથી, પણ દેવનો દૂત છું; આ પ્રમાણે કહીને આ લીટીથી નળ પોતાને વખોડીને દેવોનાં વખાણ કરે છે, અને તે હેતુથી પોતાને હલકી વસ્તુ સાથે અને દેવોને શ્રેષ્ઠ વસ્તુઓ સાથે અસર કરે તેવી રીતે સરખાવે છે.

૮૮૨. **તજી ચાખે**, દેવ રૂપી અમૃતને છોડીને નળ રૂપી ઝેર ચાખવાની શા માટે ઇચ્છા કરેછે ? સરખાવો, પ્રે. ભા. અ. ૧૪, ક. ૫૦:-

'મૂકી સાલને કુસકા ખાંડે, આચરે અન્યમાર્ગ તુજને છાંડે;
'મૂકી ગંગજળ કૂપનું આણે, મૂકી ગજને મહીષ પલાણે.
'મૂકી દેવ દૈત્યને ધાય, પાળે અજા પરહરી ગાય.' વળી સરખાવો સામળની મદન મોહના-કડી ૨૦૪-૦૫, ૩૧૦-૧૧, ૫૮૨-૮૮.

૮૮૩. **સ્વજન**, પોતાનો માણુસ; મિત્ર. **મુકી...બાવળીએ**, દેવરૂપી ચંદન જેવા સુગંધીદાર અને સુખકારક વૃક્ષને મૂકીને નળરૂપી બાવળ જેવા, વળી સુગંધી વનાના, વળી કાંટાવાળા-દુ:ખકારક વૃક્ષને વળગવાનું શા માટે મન કરે છે.

૮૮૪. **કોડી**, (**સં. કપર્દ**), એક જાતના દરિયાઇ જીવડાનું ઘર; છેક હલકી નજીવી કીમતની વસ્તુ. **કો આણે**, કોણ લાવે ? કોણ લેવા જાય ? કોણ પસંદ કરે ? **મદગળ**, જુઓ 'મેગળ' લી. ૨૩૯. **મહીષ**, (**સં. મહિષ**), પાડો. **પલાણે**, સ્વારી કરે.

૮૮૫. **ધેનુ**, ગાય. **અજા**, બકરી. **કો બાંધે**, કોણ પાળે-રાખે ? કોણ પસંદ કરે ? **સાળ**, (**સં. શાલિ**), ઉંચી જાતના ચોખા; સાળીયું.

ફુસકા, ભાત-ડાંગેરનાં છાલાં. **તજી સાળ...રાંધે**, દેવરૂપી સાળને છોડીને નળરૂપી છાલાંને ખાવાનું કોણ પસંદ કરે.

૮૮૬. **નેગીઓ**, સ્નેહી; હિત ઇચ્છનાર. જુઓ 'નેગ' લી. ૧૦. **તેજપુંજ**, તેજનો પુંજ-ઢગલો; સૂર્ય. **આગીયો**, ચળકતી પાંખવાળો પણ હલકો જંતુ; એ અંધારી રાત્રિએ ઝાડઝાડીમાં જણાય છે. **માટે...આગીયો**, હું તારો હેતેસરી છું, માટે તને કહું છું કે દેવો તેજના પુંજ સૂર્ય જેવા છે અને નળ તો આગિયા જેવો છે.

૮૮૭. **શા લેખે**, શા હિસાબમાં; કોણ માત્ર. **કાં ઊવેખે**, (**सं. उपेक्ष्, उप+ईक्ष्**=ન ગણવું, અનાદર કરવો), શા માટે અનાદર કરે છે; શા માટે તરછોડે છે.

૮૮૮. ઇંદ્ર, અગ્નિ, વરૂણ, જમ વગેરેને તને પરણવાની મરજી છે.

૮૮૯. ચારે દેવથી હું મોકલાયો છઉં, અથવા ચારે મળીને-ચારે જણે મને મોકલ્યો છે તોજ-તેટલાજ માટે હું માણસને દ્વારે-તારે ઘેર આવ્યો છું-તોજ તું માનવી છતાં હું (અહીંઆં) આવ્યો છું.

૮૯૦. **ત્રિભોવનપતિ**, (**सं. त्रिभुवनपति**), ત્રિ-ત્રણ ભુવનના પતિ-ધણી; ત્રિભોવન (દ્વિ. સ.), ત્રિભોવનપતિ (ષ. તત્. સ.) **ભજ**, પ્રીતિથી સેવ; ઇચ્છ. 'ભજવું' ના બીજા અર્થ માટે જુઓ લી. ૧૮૪. **અલ્પ જીવ**, હલકો જીવ-પ્રાણી.

૮૯૧. **અમરાવતી**, જુઓ 'અમરાપુરી' લી. ૫૨૯. **ઇક્ષુ**, (**सं. इष्**=ઇચ્છા રાખવી), શેરડી.

૮૯૨. **સુર...મર્ત**, દેવને પરણવાથી તને મોતનો ભય રહેશે નહીં. **નિવર્ત**, છેડો; પાર.

૮૯૩. **સુરસંગે**, સુર-દેવની સાથે. **ભોગવવા**, ભોગવવાના છે; ભોગવાય-ભોગવી શકાય. **અલ્પ આયુષ**, અલ્પ આયુષ્યવાળો; ટુંકા આવરદાવાળો. **ભર્યો રોગ**, રોગથી ભરેલો; રોગને આધીન.

૮૯૪. **શત ને આઠ**, એકસો આઠ. **ઠાઠ**, દેખાવ; ડોળ. **મરિમરિ... ઠાઠ**, મરીમરીને અવતારનો ઠાઠ-દેહ ધારણ-કરવો પડે છે; ફરીફરીને જન્મ લેવો પડે છે; જન્મ મરણના ફેરામાં અથડાયા કરવું પડે છે.

૮૯૫. **ઉતાવળું હીંડે**, જલદીથી ખપી જાય છે; ટુંકું છે.

૮૯૬. ઘાત, (सं. हन्=મારી નાંખવું), મરવાનો જોગ. શીત, શરીરનું છેક ટાઢું થઈ જવું તે. સરખાવો 'એને શીત આવ્યાં છે, હવે બચવો કઠણ.' સનેપાત, (सं. संनिपात, सं+नि+पात, पत्=પડવું), વાત, પિત્ત અને કફ એ ત્રણમાં બગાડ થયેથી વચમાં લવારી–વચમાં બેભાનપણું સાથે તાવવાળી જે સ્થિતિ તે.

૮૯૭ મળમૂત્ર, મળ તથા મૂત્ર. ઘરસુત્ર, (सं. गृहसूत्र), ઘર સંસાર. માનવ...સુત્ર, માણુસ મળમૂત્રથી ભરેલાં હોય છે, તેની સાથે હે ઘેલી સ્ત્રી, ઘરસંસાર તે શું માંડવો ?

૮૯૮ ગંગાજળ, ગંગાનું પવિત્ર પાણી. કૂપ, કુવો.

૮૯૯. સુખ...દાતા, સુખનો ઢગ–ઘણું સુખ આપનાર. ઓસરે, (सं. अप+सृ=પાછું ખસવું), પાછા હઠે; પાછા પડે.

૯૦૦. ઇન્દ્રમંદિર, ઇન્દ્રના મંદિરમાં–મહેલમાં. હીંડાળે હીંચ, હીંડાળે હીંચકા ખા; ત્યાં મ્હાલ. દેવાંગનાવૃંદ, દેવાંગના–અપ્સરાનું વૃંદ–ટોળું. નીચ, ઉતરતું; હલકું.

૯૦૧. વારૂણી, મદિરા; દારૂ. ત્રૈલોકપતિ, (सं. त्रैलोक्यपति), ત્રણ લોકનો પતિ; ઇંદ્ર. પી...તારૂણી, તું ઇંદ્રની સ્ત્રી થા–ઇંદ્રને પરણ, અને ત્યાં અમૃતનું પાન કર, તથા ભોગની–ભોગ વિલાસની વારૂણી–મદિરા પી; ભોગની વારૂણી કારણ કે તેમાં એવો ગુણ છે કે સંસાર ભાન ભૂલી જવાય છે, જેમ વારૂણી એટલે મદિરા પાન કરવાથી પોતાના શરીરાદિકનું કંઈ ભાન રહેતું નથી તેમ ભોગવાસના પણ એવી છે કે તેમાં મગ્ન હોય તેને બીજા કશાનું ભાન રહેતું નથી.

૯૦૨. સુધા–અમૃત પીવાથી તું અમર થશે, માટે ઇંદ્રને પરણ અને જગ–જગત્ જીત, અર્થાત્ ઇંદ્રને પરણી અમર થઈ સંસાર જીત; 'મરિ મરિ અવતારનો દાઠ' તેમાંથી તું છૂટ.

૯૦૩. રંભા, સ્વર્ગની એક અપ્સરા. તૃપ્ત, (सं. तृप्=સંતોષ પામવો), સંતુષ્ટ. થઇ...સ્વાદે, ઇન્દ્રના સંગના સ્વાદથી–ઇન્દ્રની સાથે સુખ માણવાથી સંતોખાઈ.

૯૦૪. ઇંદ્રાણી, ઇંદ્રની સ્ત્રી; શચી. થાતી અધીક, મારાથી ચડતી–ઇંદ્રને મારાથી વધારે પ્રિય થાય.

૯૦૫. કલ્પવૃક્ષ, સંકલ્પિત–ઇચ્છિત–વાંછિત વસ્તુ આપનાર વૃક્ષ. એમ કહેવાય છે કે કલ્પવૃક્ષની તળે બેશી જે વસ્તુની ઇચ્છા કરીએ તે વસ્તુ મળે છે; એ પાંચ છે:–પારિભદ્ર અથવા લિમ્બ, મંદાર, પારિજાતક, સંતાન, હરિચન્દન. પારિજાતક, એક જાતનું સુગંધીદાર, લાલ દાંડીવાળા ફૂલનું ઝાડ. ખરો પારિજાતક સ્વર્ગમાંજ છે એમ પુરાણીક કથા.

૯૦૬. રથ, બેસવાનું વાહન. ઐરાવત, ઇંદ્રનો ધોળો હાથી. એને સાત સૂંઢ ને ચાર દાંત છે. રથ...કેહેરે, હે દમયન્તી, તું આવા ઇંદ્રની સાથે પરણવાનું કબુલ કર, અને ઇંદ્રના ઐરાવતહાથી પર બેશી સુખભોગવ.

૯૦૭. ઘટે...અરધાંગે, ઇંદ્રની અર્ધાંગના–સ્ત્રી તરીકે રહેવું તને ઘટે છે–યોગ્ય છે.

૯૦૮. વર...બાળી, હે બાળી–દમયન્તી તું અગ્નિને પરણ; ઇંદ્રનાં વખાણ કીધા પછી હવે વહ્નિનાં કરે છે. વળી વળી, ફરી ફરીને.

૯૦૯. વદન, મુખ; દેવતાઓને આહુતિ એની મારફત મળે છે માટે. કોટી મદન, કોટી કામદેવ; 'કંદર્પ ક્રોડ.'

૯૧૧. રઢ, લ્હે; ધ્યાન.

૯૧૨. બાળ...ટેવ, બાળાની ટેવ–હઠ–જીદ.

૯૧૩. લવ, લવારો; બકવા.

૯૧૪. નિભ્રંછ્યો, વખોડયો. જુઓ 'નિભ્રંછા' લી. ૪૭૫.

૯૧૬. દાધી, (सं. दह्=બળવું), બાળી; ઘણું દુઃખ લાગ્યું. દૂતત્વ, જુઓ 'દૂત' લી ૫૧૯. સીધ્યું, (सं. सिध्=પાર પડવું), પાર પડયું; ફળીભૂત થયું. વિષ્ટિ. (सं. विष्=છુટું પાડવું), એકાદ કામને માટે મોકલવું તે; સલાહનું કહેણ; કહેણ. અહીંઆં માગાનું કહેણ. વાધી, ફળી; પાર પડી. નળને...વાધી, જોગીએ નળની નિંદા કીધી તેથી દમયન્તી દુઃખથી બળવા લાગી, અને નળનું દૂતત્વ ફળ્યું નહીં ને તેના માગાનો હેતુ પણ પાર પડયો નહીં.

૯૧૭. બે દુઃખ, નળના વિયોગથી પીડાતી હતી તે અને તેવા સમયમાં જોગીએ આવી નળની નિંદા કીધી તે, એમ બે દુઃખથી. વિજોગ, હંસે વખાણ રૂપે ચિત્રેલા નળનો સંયોગ, અને હજુ સુધી નળને પ્રત્યક્ષ મળી નથી તેથી વિયોગ. મુકયો...સંકોરી, (सं. सं+कृ=એકઠું કરવું–મૂકવું), જાગૃત કીધો; ઉશ્કેર્યો.

૯૧૮. **પ્રથમ**, પેહેલાંથી; મૂળથીજ.

૯૧૯. **કુહાડો**, (**સં. कुठार**), કુવાડો; ઝાડ કાપવાનું અથવા લાકડાં ચીરવાનું લાકડાના હાથાવાળું લોઢાનું હથિયાર. **ઘાવ**, (**સં. हन्**=મારવું), ઘા; પ્રહાર; માર. **સહે**, (**સં. सह्**=ખમવું), ખમે. **કોમળ...કયમ**, કેળ જેવી દમયન્તીની નાજુક કાયા જોગીએ કીધેલી નળની નિંદારૂપી કુહાડાના ઘા કેવી રીતે ખમી શકે, અર્થાત્ કે નજ ખમી શકે. સરખાવો 'જેમ કુવાડે કાપી કદલી, તેમ જસોમતી ધરણી ઢળી,' પ્રે. ભા. અ. ૧૬, ક. ૫૫.

૯૨૦. **વિરહિણી**, વિયોગથી પીડાતી સ્ત્રી–દમયન્તી. **વિકળ**, (**સં. विकल, वि**=વિશેષ+**कल**=ગભરાયલું), વ્યાકુળ; ગભરાયલી; મુર્ચ્છાવાળી. **પૃથ્વીમાંહે**, પૃથ્વીપર.

૯૨૧. **હ્રદે**, હૃદય સાથે; છાતી સરસી.

૯૨૨. **આશ્વાસના**, (**સં. आश्वासन**), જુઓ 'આસનાવાસના' લી. ૨૮૨. **વળી**, પાછી આવી. **સાન**, (**સં. संज्ञा**), શુદ્ધિ; ભાન; ચેતના. **આશ્વાસના...સાન**, દાસીએ આસનાવાસના કરવાથી–દિલાસો આપવાથી દમયન્તી શુદ્ધિમાં આવી.

૯૨૩. **દૂતપ્રત્યે**, દૂતને. **સુરરાજાન**, દેવોમાં રાજા જેવા–શ્રેષ્ઠ; ઇંદ્ર યમ, વરૂણ, અને અગ્નિ.

૯૨૪. **અપ્રાપ્તિ**, (**સં. अ**=નહીં+**प्र**+**आप्**=મેળવવું), મેળવવાની જોગવાઈ ન હોવી તે; અયોગ્તા. **અપ્રાપ્તિ...કાય**, દમયન્તી કહે છે કે દેવને માટે અમારા જેવી અલ્પ–તુચ્છ માણસ જાત અયોગ્ય છે; દેવને અમે વરીએ એવી અમારી યોગ્યતા નથી.

૯૨૫. **એ કારજ**, નળને છોડી દઈ દેવોને પરણવાનું કામ.

૯૨૬. **ઉત્કૃષ્ઠ**–ઉત્કૃષ્ટ, (**સં. उत्**=ઉંચે+**कृष्**=ખેંચવું), શ્રેષ્ઠ; ચઢીયાતા. **નિકૃષ્ટ**, (**સં. नि**=નીચે+**कृष्**=ખેંચવું), હલકો; ઉતરતો. **ઉત્કૃષ્ટ... આજ**, દેવ ઉંચા છે ને નળ નીચો છે એ મેં આજેજ તમારી પાસેથી જાણ્યું.

૯૨૭. **પિંડ**, (**સં. पिण्ड्**=ગોળો કરવો), શરીર; દેહ. **સોંપ્યો**, અર્પ્યો; સ્વાધીન કીધો. **પણ...કાજ**, હું તો મનથી નળરાજાને પરણી ચૂકી છું એટલે હવે બીજા કોઈસાથે વરવાની વાત થાયજ નહીં. (વિવાહિત પતિવ્રતા સ્ત્રીધર્મ દર્શાવ્યો.)

૯૨૮. **અકળ**, (**सं. अकल, अ**=નહીં+**कल्**=વિચાર કરવો), સમજી ન શકાય તેવો; વિષ્ણુ. **અજ**, (**सं. अ**=નહીં+**ज**=જન્મેલો), જેની બીજામાંથી ઉત્પત્તિ થઈ નથી તે; સ્વયંભૂ; બ્રહ્મા. **અનંગઅરિ**, અનંગ–કામદેવનો અરિ–શત્રુ; શિવ; રૂદ્ર. જુઓ 'કામ' લી. ૫૮.

૯૨૯. **ચોહોટ્યું**, (કૃદંત વિશેષણ) ચોહોટેલું; લાગેલું.

૯૨૮–૨૯. મારૂં મન નળને ચર્ણે ચોહોટેલું છે એટલે મેં મારૂં મન નળને સમર્પેલું છે, તે બ્રહ્મા, વિષ્ણુ ને રૂદ્ર પરણવા આવે તો પણ તે પણ–નીમ–ટેક મૂકું નહીં.

૯૩૦. **મેં દીધી તેને આશ**, મેં તેને આશા આપી છે; મેં વચન આપ્યું છે.

૯૩૧. **જનુની**, (**सं. जननी, जन्, जा**=પેદા કરવું), જન્મ આપનારી મા. **જનમાં**, લોકમાં; દુનિયામાં. **હાસ**, (**सं. हस्**=હસવું), ફજેતી; હાંસી; ગેરઆબરૂ. **ના...હાસ**, હવે જો હું ફરી જાઉં તો મારી માની કુખને એબ લાગે અને લોકમાં હાંસી થાય.

૯૩૨. **હેત**, (**सं. हित**), હિત; ભલું.

૯૩૩. **શકે...સકેત**, મને લાગે છે કે દેવોની સાથે સંકેત–ગોઠવણ કરીને નળજ અહીંઆં વિષ્ટિ કરવા આવ્યા છે.

૯૩૪. **જથારથ**, (**सं. यथार्थ**), હોય તેવું ખરૂં. **જથારથ...ભૂપાળ**, જોગી હંમેશાં સત્ય બોલે છે, ને તમે સંસારી રાજા છો.

૯૩૫. **મનમાં...જાળ**, હંસે તમારી મોહ જાળમાં મને નાખી છે; એટલે મારૂં મન તમારામાં લીન કરી નાંખ્યું છે; તેથી હંસના વર્ણનથી મારા મનપર જેવી છાપ પડી છે તેવાજ હું તમને પ્રત્યક્ષ દેખું છું.

૯૩૬. **કોણમાત્ર**,શા હિસાબમાં; શી ગણત્રીમાં.

૯૩૭. **અગોપ**, ગુપ્ત; અદર્શ. ગુજરાતીમાં કેટલાએક સંસ્કૃત સાધિત શબ્દોની અગાડી અર્થમાં ફેરફાર થયા વગર અ ઉમેરાયલો જોવામાં આવે છે–અલોપ, અવસ્થા (વૃથા, કડવું ૩૯મું, નળાખ્યાન), એ શબ્દો એવાજ પ્રકારના છે. નળાખ્યાનનાં કડવાં ૩૬ તથા ૪૭મામાં, ચંદ્રહાસના ક. ૧૦મામાં, 'અગોપ વાત મારા મનતણી, તે મદન પુત્રથી થાય' તથા બીજી જગ્યાએ પ્રેમાનંદે 'અગોપ' શબ્દ આ અર્થમાં વાપરેલો છે.

૯૩૮. **બુધ્યહીણ**, (सं. **बुद्धिहीन**), અક્કલ વગરની; મૂર્ખ. **બાળા**, સંબોધન વિભક્તિ.

૯૩૯. **સ્વર્ગસદન**, સ્વર્ગમાંનું સદન; સ્વર્ગનું રહેઠાણ; સ્વર્ગનો મહેલ. **સદન**, (सं. **सद्**=બેસવું). **ખોહ**, (सं. **गुहा**), ગુફા. **નળઘર ખોહ**, નળના ઘરરૂપી ગુફા.

૯૪૦. **બળાત્કાર**, (सं. **बलात्कार**), જોરજુલમ.

૯૪૧. **જાચશે**, (सं. **याच्**=માગવું), યાચના કરશે; ઇચ્છા કરશે.

૯૪૨. (આ લીટીથી તે ૯૪૯મી લીટી સુધી દમયન્તી અને સંન્યાસી નળ વચ્ચે સંવાદ છે. એક લીટી દમયન્તી બોલે છે ને તેનું છેદન નળ કરે છે). **જળસાઇ**, (सं. **जलशायी**), જળ–પાણીમાં શય્યા–શયન કરનાર. **દમયન્તી...જળસાઇ**, દમયન્તી કહે છે કે હું મારી દેહને જળમાં જળશાયી કરીને પાડું, એટલે પાણીમાં બુડીને મારો પ્રાણ કાઢીશ.

૯૪૩. **સાહી**, પકડી.

૯૪૪. **પાવક**, (सं. **पू**=શુદ્ધ કરવું), શુદ્ધ કરનાર; અગ્નિ; દેવતા. **પ્રગટી**, સળગાવી. **કાષ્ટ સીંચી**, ચેહ ખડકી; ચિતા ખડકી. **કરૂં જંપાપાત**, (सं. **झंप**=કુદકો+**आपात**=પડવું તે), કુદીને પડું; ઝંપલાવીને પડું.

૯૪૫. **રહ્યો બેશી**, બેશી રહ્યો છે; ટાંપી રહ્યો છે; ટમટમી રહ્યો છે. **વારૂ...વાત**, ઠીક ત્યારે એ તો વિવાહનીજ વાત થઈ–એટલુંજ જોઈએ છે.

૯૪૬. **કંઠપાશ કરૂં**, કંઠ–ગળામાં પાશ–ફાંસો કરૂં, એટલે ગળામાં ફાંસો ઘાલીશ. **જેમ...કાય**, ગમે તેમ કરીને એટલે જળ અથવા અગ્નિમાં પડયા વગર બીજી કોઈ રીતે મારો દેહ પાડીશ.

૯૪૭. **અવગતે**, જુઓ 'અવગત્ય' લી. ૭૩૩.

૯૪૮. **અનશન**, (सं. **अन्**=નહીં+**अश्**=ખાવું), જેમાં અશન–ખાવાનું નથી તે; ભૂખ્યા રહેવાનું.

૯૪૦–૪૯. દેવોનો દૂત–નળ કહે છે કે તું દેવતાને પરણવાની ના કહેશે તો ચારે દેવ તને જોર જુલમથી ગમે તે પ્રકારે પરણશે; જો દેવ કલ્પવૃક્ષ આગળ જરા પણ ઇચ્છા કરશે તો તે તને તરત સ્વર્ગમાં ખેંચી લેશે. દમયન્તી બોલી કે તો હું પાણીમાં બુડી મરીશ. ત્યારે નળે કહ્યું કે પાણીમાં

વરૂણ રહે છે તે તને તરત પકડીને પરણુશે. દમયન્તીએ ઉત્તર આપ્યો કે તેમ છે તો હું ચિતા ખડકી બળી મરીશ. નળ બોલ્યો કે એમ કરશે તો ઘણી રૂડી વાત છે, કારણ વહ્નિ વરવાને ટમટમી રહ્યો છેજ. દમયન્તીએ જવાબ વાળ્યો કે ભલે, ત્યારે હું ફાંસો ખાઈને, ઝેર પીને અથવા બીજી કોઈ રીતે આપઘાત કરીશ–પ્રાણ કાઢીશ; ત્યારે નળે સૂચવ્યું કે જો એમ કરશે તો તારી અવગતિ થશે અને તારે જમલોકે જવું પડશે, જ્યાં જમરાજા તને પરણુશે. આખરે આ બધાના હાથમાંથી બચવાને દમયન્તીએ બીજી યુક્તિ શોધી કાઢી કે હું ગુફામાં પેશીને ખાધા વગર તપ કરતી મરી જઈશ. ત્યારે નળે તેને સમજાવ્યું કે જો એમ કરશે તો તું પુણ્યનો સંચય કરશે અને એવા તારા પુણ્યને લીધે તને સ્વર્ગ મળશે, જ્યાં ઇન્દ્ર આશા-ભેર બેશીજ રહ્યો છે.

૯૫૦. **સુરપતિ**, સુર–દેવોનો પતિ; ઇન્દ્ર. **છુટશે**, દેવતાઓના હાથમાંથી છુટશે.

૯૫૧. **ખરા**, નક્કી. **અંતે...પહેલી**, આખરે દેવ તને નક્કી પર-ણુશે, માટે, હે સ્ત્રી, પહેલાંથીજ (ડાહી થઇને) તું તેને પરણુ.

૯૫૨. **ખરી**, ખરા; પ્રાસને માટે 'ખરી' શબ્દ મૂક્યો છે.

૯૫૩. **જોગીજંન**, જોગી. જુઓ 'બાંધવજંન' લી. ૫૭.

૯૫૪. **તેવું હુતું**, તેવાજ તમને જોયા.

૯૫૫. **નોહું**, ન હોઉં; હું નથી. **નોહું...વિશ્વાસ**, જોગી કહે છે કે હું નળ નથી, પણ દેવનો દૂત છું. ત્યારે દમયન્તીએ કહ્યું કે મને એ બોલ-વાપર ભરોસો આવતો નથી.

૯૫૭. એ જોગી નળજ છે એવી દમયન્તીની એટલી બધી ખાતરી થઈ ગઈ હતી કે અંતે ન રહેવાયાથી બોલી ઉઠી કે, હે જોગી, જો તમે સત્ય-વાદી હો તો સાચું બોલો, ને જો તમે જુઠું બોલો તો તમને તમારા બાપના સમ છે.

૯૫૮. **આવ્યું હાસ્ય**, દમયન્તીએ આવી રીતે પકડી કહાડયો ને નળનું મ્હોડું બંધ કરી દીધું તેથી. **પ્રભુ**, ધણી; પતિ.

૯૫૯. **અરાંપરાં**, આમ તેમ. **પ્રીછયા**, ઓળખ્યા.

૯૬૦. **સતથી**, દેવને આપેલા વચનથી. **નવ ચળે**, (સં. **चल्**=જવું), ડગતો નથી. **દેવનો દૂત**, નળની પાછળ તેની ચર્ચા જોવાને દેવોએ જે દૂત મોકલ્યો હતો તે.

૯૬૧. **ધસી**, એકદમ જોરથી દોડીને.

૯૬૨. **મીટામીટ**, દૃષ્ટિએ દૃષ્ટિ; નજરે નજર. **જારે...ટળી**, જ્યારે નળને દમયન્તી જોઈ શકી નહીં ત્યારે.

૯૬૩. **મૂળ**, મૂળમાં; પહેલાંથીજ. **લે**, લ્હે; રઢ; એકાગ્ર ચિત્તથી એક વસ્તુમાં મન લાગવું તે. **મળી...આપદા**, મૂળમાં તો નળને માટે રોજની લ્હે છે, તેમાં તે મળીને જતો રહ્યો તેથી દમયન્તીને ઘણું દુઃખ થયું.

૯૬૪. **પ્રતિબોધે**, (સં. **प्रति+बुध्-बोध**=જગાડવું), સમજાવે છે; દિલાસો આપે છે.

૯૬૫. **નળ પેહેલો**, નળની અગાડી. **શીઘ્રે**, ઝડપથી; ઉતાવળથી.

૯૬૬. **સેવક**, દૂત. **શે...ટમટમી**, શા માટે તલ્પી રહ્યા છો.

૯૬૭. **ઝાળ્યું**, ઝાળેલું; સાંધેલું. **પ્રેમરહેણ**, પ્રેમરૂપી રહેણ.

૯૬૮. **કુંદન**, સૌથી ઉંચી જાતનું સોનું, જે હીરો–નંગ વગેરે જડતી વેળાએ તેની આસપાસ વાપરવામાં આવે છે. **સાર**, સારો; શ્રેષ્ઠ; અમૂલ્ય. **સોવ્રણકાર**, (સં. **सुवर्णकार**), સોનાના ઘાટ ઘડનાર; સોની.

ન છુટે...સોવ્રણકાર, દેવનો દૂત તેમને કહે છે કે હંસ સોનીએ નળરૂપી અમૂલ્ય હીરાને દમયન્તીરૂપી કુંદનમાં પ્રેમરૂપી રહેણથી એવી રીતે ઝાળેલો છે–જડી દીધો છે કે તે કદી છુટવાનો નથી–નીકળી જવાનો નથી.

૯૬૯. **મન મૂકી**, ખુલ્લા મનથી; સંકોચ વિના. **શ્રવણે નવ ધર્યું**, કાનપર લીધું નહીં; સાંભળ્યું નહીં; દરકાર કીધી નહીં.

૯૭૦. **મારૂત**, મરૂત્, વાયુ, પવન. મારૂત–મારૂતી, મરૂત વાયુનો પુત્ર; હનુમાન; પણ ક. ૨૬મામાં 'ગતે કરીને જેવો વાય' છે માટે મારૂત અહીંઆં વાયુ, પવનના અર્થમાં છે. **વર્ત્યે**, વર્તવામાં. **જેમ...સુત**, જેમ મારૂત–વાયુ, ગતિ કરવામાં–ગતિમાં બળિયો–બળવાન છે તેમ વર્તવામાં નળ બળવાન છે. દમયન્તી આગળ તમારૂં માગું કરવામાં દૃઢ–અડગ રહ્યો હતો. પોતાનો સ્વાર્થ સધાય એવું હોવા છતાં તમને આપેલા વચન પ્રમાણેજ ત્યાં વર્ત્યો હતો.

૯૭૧. **નળને સત્યે**, નળના સત્ય વડે—સત્યને લીધે. **મેઘ**, વાદળ. **વૃષ્ટિ**, (**સં. વૃષ્**=વરસાદ આવવો), વરસાદ. **નળ...કરે**, નળ સત્યવાદી છે તેથીજ વરસાદ વરસે છે. **નળ...ધરે**, શેષનાગે ધરા—પૃથ્વીને પોતાની ફેણુપર ધરી—રાખી છે, તે પણ નળના સત્યને લીધેજ.

૯૭૨. **નોહે તો**, ન હોય તો. ડગે, ખસે; ચળે. **ધર્મ...લગે**, લોકોમાં ધર્મ નળરાય લગી—એ છે ત્યાં સુધી રહ્યો છે—નળરાયને લીધે ટકી રહ્યો છે. (૯૭૧–૭૨મી લીટીથી નળનું સતવાદીપણું દર્શાવ્યું છે)

૯૭૩. **કરમ**, (**સં. कर्म**), નસીબ. વાંક, દોષ. **વાળ્યો...આંક**, હદવાળી; કંઈ બાકી રાખ્યું નથી; જેટલું થયું એટલું કીધું છે. સરખાવો લી. ૮૧૮. **તમે...આંક**, નળે તો તમારે માટે મહેનત કરવામાં બાકી રાખી નથી; છતાં જો તમે ન પરણી શકો તો તો તમારા નસીબનો દોષ ગણાય—સમજવો.

૯૭૪. **રાય**, નળરાય.

૯૭૫. **સ્વામી**, હે દેવો. **કહ્યું**, કહેલું. **બીજો...કરે**, જેનું કહ્યું દમયન્તી માને તેવા બીજા કોઈને તેની પાસે દૂતત્વ કરવા મોકલાવો.

૯૭૬. **લીનતા**, એકાગ્ર ચિત્ત થવું તે; લ્હે લાગવી તે. **માહરે... હુવી**, મારામાં તે લીન થઈ ગયલી છે; મારે માટે તેને લ્હે—રઢ લાગી છે. **વારતા નવી**, મારા શિવાય કોઈના સંબંધની.

૯૭૭. **ફરી જાતાં**, એમને એમ પરણ્યા વગર પાછા જઈયે તો. **હસે સસાર**, લોકમાં હાંસી—મજાક થાય.

૯૭૮. **વૃથા**, (**સં. वृथा**), નિષ્ફળ; ફોકટ.

૯૭૯. **લીજે** લઈએ; ધારણ કરીએ

૯૮૦. **ધરૂં**, ખરૂં જોતાં બહુ વચન 'ધરિયે' જોઈયે. **તમારી કાય**, તમારા જેવું રૂપ.

૯૮૧. **પંચ નળ**, ચાર દેવ નળના રૂપમાં અને નળરાજા મળીને પાંચ. **રહિયે એક હાર**, એક હારમાં સ્વયંવરમાં ઉભા રહિયે. **નાર**, નારી; દમયન્તી.

૯૮૨. **સ્વામ**, સ્વામી; દેવો. **નળ...કામ**, નળ કહે છે કે હે સ્વામી, મેં તમારે કામે કાં નહીં આવવું—હે સ્વામી તમારા કામને અર્થે કેમ નહીં

આવવું? મતલબ કે તમારી મરજી મુજબ કરવાને હું તૈયાર છું. સરખાવો, 'ક્યાં નહીં સ્વામી કહી થયા તત્પર, પવન ને પરજંન,' પ્રે. ભા. અ. ૨૫, ક. ૭૪.

૯૮૩. **સંગત,** (**सं. सम्=साथे+गम्=**જવું), સાથે જવું તે; જોડે રહેવું તે; સોબત. **માનવ...સંગત,** માનવ–મનુષ્યને સુરની સંગત ક્યાંથી મળે; અથવા માનવને સુરની સંગત ક્યાંથી હોય. **પગત,** (**सं. पङ्क्ति**), હાર; ઓળ; સોબત. **દેવ...પંગત,** હું ચાર દેવની પંક્તિ પામું–પામીશ; તેઓની સાથે એક હારમાં ઉભા રહેવાનું મને મળશે તેથી ૯૦

૯૮૪. **બોલબંધ કીધો,** બોલથી બંધ–બાંધેલો કીધો: નળનાં પોતાનાંજ વચનથી તેને બાંધી લીધો. **બોલ...અવશ્યમેવ,** કાલે સ્વયંવરમાં એ પ્રમાણે નક્કી કરવું એવું વચન નળ પાસે દેવોએ લીધું.

૯૮૫. **ધર્મ,** ધર્મરાય, યુધિષ્ઠિર; સંબોધન વિભક્તિ. **એ...એટલે,** બૃહદશ્વ ઋષિ કહે છે કે હે યુધિષ્ઠિર, એ કથા એટલે (સુધી) કરી; આ કથા આટલી થઈ. **કન્યા,** દમયન્તી. **કોણ વલે,** શી વલે; શી દશા–અવસ્થા.

૯૮૬. **માત,** દમયન્તીની મા–વજાવતી.

૯૮૭. **લાડવચન,** લાડનાં વચન; લાડ ભર્યા શબ્દ–બોલ; પ્રીતિ ઉત્પન્ન કરે તેવા શબ્દ.

૯૮૮. **શીર,** (**सं. शिरस्**), માથું; મસ્તક. **પુત્રી...ભુજ,** પુત્રી-દમયન્તીને માથે ભીમકે હાથ મૂક્યો અને આશીર્વાદ દીધો કે કાલે મનપસંદ વરને પરણજે.

૯૮૯. **ઝંખના...જેહતણી,** જેનામાં તારૂં ધ્યાન લાગેલું છે; જેની તને લ્હે લાગી છે.

૯૯૦. **પ્રસન્ન થઇ,** (**सं. प्रसन्न. प्र+सद्–सीद्=**ખુશ થવું), ખુશ થઈ; આનંદ પામી.

૯૯૧. **સભા,** પોતાની રાજસભા. **પડાદાર,** પડાવાળા; પડો વગાડનાર. **પડો,** (**सं. पटह**), ઢોલ; નગારૂં.

૯૯૨. **આગન્યા,** (**सं. आज्ञा**), હુકમ. **વજાડો,** વગાડો. **સૈન્યામાંહે,** સ્વયંવર માટે આવેલા રાજાઓની છાવણીમાં.

૯૯૩ **સભા,** સ્વયંવરને માટે મળેલી સભા; સ્વયંવરનો મંડપ. **રાજકુમાર,** રાજાના કુમાર; રાજપુત્ર; રાજાઓ. **આરોપશે,** (**सं. आ+रुह्=**

ચઢવું–आरोपय्=નાખવું), પહેરાવશે. હાર, ફૂલની માળા; વરમાળા; સ્વયંવરમાં વર પસંદ કરી તેને પહેરાવવા સારૂ કન્યા જે માળા લઈ જાય છે તે.

૯૯૪. **પ્રાણી માત્ર,** બધાં પ્રાણી; દરેક જણુ. **સજ થઈ,** સજ્જ થઈ; તૈયાર થઈ. **એમ કહી,** ઉપર પ્રમાણે બોલીને.

૯૯૫. **શિબીર,** (**सं. शिबिर**), તંબુ. **જેહે...ભીમકતણા,** જે તંબુઓમાં રાજકુમારો ઉતર્યાં હતા ત્યાં ભીમકના ઘણા સેવકો–નોકરો ફરતા હતા.

૯૯૬. **ક્ષત્રી,** ક્ષત્રી રાજાઓ. **સણુગારે સાજતા,** સણુગાર વડે સજ્જ થતા; સણુગાર સજતા; લૂગડાં ઘરેણાં પહેરતા.

૯૯૭. **મળસ્નાન,** મળ–શરીરનો મેલ સાફ કરવાને માટે સ્નાન. **અંગ ઉલટ,** અંગમાં ઉલટ–મનમાં ઉમંગ રાખતા. **મુગટ,** (**सं. मुकुट**), માથા ઉપરની પાઘડી અથવા પટકા ઉપર સજવાનો એક સણુગાર. **ફરી... મુગટ,** માથે મુગટ બાંધતા તે પસંદ ન પડવાથી વારેવારે છોડીને બાંધતા હતા.

૯૯૮. **રાતમાં શીખે,** કેવી ચતુરાઈ અને કેવી ચાલ સ્વયંવરમાં રાખવી તેનું, પડો વગડાવ્યો તે રાતના, મનન કરતા.

૯૯૯. આખી રાત તૈયાર થયા–તૈયાર થતાં આખી રાત લાગી, ને તેથી ઉજાગરાને લીધે ઝોકાં ખાતા હતા; ઝોકાં ખાતાં વખતે અથડાઈ પડતા હતા.

૧૦૦૦. **થયું વહાણું,** (**सं. विभात**), સવાર પડી; પ્રભાત થયો.

૧૦૦૧. **શું વખાણું,** હું તેનાં શું વખાણ કરૂં; તેનું વર્ણન થઈ શકે તેમ નથી.

૧૦૦૨. **વૈશંપાયન,** જુઓ ટી. ૪. **રાજન,** હે જનમેજય. વૃહદશ્વ ઋષિએ યુધિષ્ઠિર આગળ જે નળનું આખ્યાન કહેલું તે વૈશંપાયન જનમેજયને વનપર્વમાં સંભળાવે છે.

૧૦૦૩. **પડો...રાતે,** પડો વાગ્યો તે સર્વ લોકોએ સાંભળ્યો. **ઉજમ,** ઉજમમાં; ઉજમભેર; ઉમંગભેર. **પ્રભાતે,** (**सं प्र+भा=પ્રકાશવું**), પરોઢીએ; મળસકામાં. **થાતે પ્રભાતે,** પ્રભાત થતાં.

૧૦૦૪. **તકે,** વખતે.

૧૦૦૫. **અતિ કાળ,** વિલંબ; ઢીલ. **માંડવો,** (**સં. मंडप**), જુઓ 'મંડપ' લી. ૬૬૪.

૧૦૦૬. **ભીડ,** ગીડદી; મેદની; ઠઠ. **ભાગળ,** શેહેરનો દરવાજો; ઝાંપો. **ભીડ...આગળથી,** ગામને દરવાજેથી–ઠેઠ ગામને ઝાંપેથી લોકોની ગીડદી થવા લાગી અને સાધારણ રંક–ગરીબ લોકો અને રાજાઓ આગમજથી–નિમેલા વખતની પહેલાં જવા લાગ્યા.

૧૦૦૭. **ખેડે,** હાંકે. સરખાવો, વહાણુ ખેડવું, દરિયો ખેડવો. **મળે...ખેડે,** શુકન મળે માટે સાહામા તેડતા, અને શુકન વંદીને રથ ખેડતા; સારા શુકન થાય તે માટે જેના શુકન શુભ ગણાતા હોય તેવાને સામા બોલાવતા અને તે શુકનને નમી પોતપોતાના રથ હાંકતા હતા.

૧૦૦૮. **ફરે...શીશ,** માથાપરના મુગટ પડી જઈ તેમનાં માથાં ઉઘાડાં થઈ જતાં તેથી તેઓ પોતાના નોકરોને રીસ કરી ધમકાવતા હતા.

૧૦૦૯. **અસ્વાર,**(**સં. अश्ववार**=ઘોડાનો પાળણુ કરનાર), ઘોડેસ્વાર. **અલબેલા,** ફાંકડા; ભપકાદાર; જુઓ 'અલબેલડી' લી. ૫૬૪. **હય...રેલા,** પાણીનો રેલો જેમ અખણ્ડિત–તુટ પડયા વગર ચાલ્યો જાય છે તેમ ઘોડાઓ એકની પાછળ એક તુટ પડયા વગર ચાલ્યા જતા હતા. અથવા, જેમ દરિયાના સફેદ ફીણુના મોજા, જેને ઘોડા કહે છે, તે ઉછળી ઉછળી કિનારા ભણી ધસ્યા જાય છે, તેમ તે અશ્વ પણુ ઉછળતા ઉછળતા ધસ્યા જતા હતા. સરખાવો 'તે પૂઠે તહીં સ્વાર પળાય, જળ રેલાની પેઠે જાય,'— દ્રૌપદીહરણુ–કડવું રજું, કડી ૩૭ મી.

૧૦૧૦. **ભરાયે ..અટકે,** રથ માંહોમાંહે–એક બીજામાં ભરાતા અને રસ્તા વચ્ચે અટકી પડતા હતા.

૧૦૧૧. **અસ્વાર...ફરી,** ઘોડાપરથી અસ્વાર પડી જતા તે પાછા ફેરથી ઘોડાને મળતા નથી.

૧૦૧૨. **વાહન,** ગાડી ઘોડાઓ. જુઓ 'વાહન' લી. ૨૮૫. **પડઘો,** (**સં. प्रतिध्वनि–प्रतिध्वान**), જોરમાં ધા પડેથી અથવા શબ્દ નીકળેથી પાછો જે ઘોર એટલે અવાજ સંભળાય તે. (દેહેરા ટાંકા વગેરેમાં માણુસડાનાં પગલાંના). **છબ,** અવાજ. **ચરણુરેણુ,** ચરણુથી ઉડતી રેણુ (મધ્ય. સ.) **નભ,** આકાશ. **ચરણુ...નભ,** ઘણા લોકો તથા ઘોડા

વગેરેના પગથી ઉડતી ધૂળથી આકાશ છવાઈ ગયું—આકાશમાં અંધકાર થઈ રહ્યો.

૧૦૧૩. અંધારૂં ઘોર, બીક લાગે તેવું અંધારૂં. શોહોરા શોર, ખૂમાખૂમ; શહોર બકોર.

૧૦૧૪. દુદુભી, (सं. दुन्दुभि), ઢોલ. ડંક, નગારા વગેરેથી થ-યલો શબ્દ; અવાજ. અકળામણ...એક, ગભરાટનો પાર રહ્યો નહી; ગભરાટની હદ આવી.

૧૦૧૫. પ્રાણીમાત્ર...જાણ, માણસ નામે દમયન્તીને પરણવા સારૂ વર થયા હતા ને જાનૈયામાં કોઈ રહ્યું નહીં. જુઓ લી. ૯૯૪.

૧૦૧૬. બારણે, બહાર.

૧૦૧૭. જયેષ્ટિકાદ્દાર, જેષ્ટિકાવાળો; છડીદાર; પ્રતિહાર. જયેષ્ટિકા, (सं. यष्टिका), લાકડી; છડી. તેડે, બોલીને માન આપતા; આવકાર દેતા.

૧૦૧૮. ડાહ્યા થઈ, ડાહ્યા ડમરા થઈ; ગંભીર ચહેરે.

૧૦૧૯. ખવાસ, ખાસ હજુરિયો ચાકર. એક...પાસ, દરેક રા-જાની સાથે એક મંત્રી, એક સેવક અને એક ખવાસ એવા ત્રણ ત્રણ નોકરોને મંડપમાં જવા દેવામાં આવતા હતા.

૧૦૨૦. કોણ રૂપ, કેવી શોભિતી. વર્ણવી...રસના, સરખાવો લી. ૧૪૦ તથા ૫૨૭.

૧૦૨૨. જશગીત, યશનાં ગીત; વખાણનાં ગીત. બંદીજન, (सं. वन्दिन्+जन), રાજાઓનાં વખાણ કરનાર ભાટ ચારણો. જુઓ 'બાંધવજન' લી. ૫૭. જશ...ડોલે, ભીમકના બંદીજન જાણે મોટા ઉન્મત્ત—મદવાળા હાથીઓ ડોલતા હોય તેમ ડોલતા ડોલતા જશનાં ગીત ગાતા હતા.

૧૦૨૩. નાનાવિધ...ઉતરી, તરેહ તરેહનાં ચિત્રો મંડપમાં ભીંત-પર ચીતરેલાં હતાં, તેથી જાણે દેવોનો સમૂહ પૃથ્વીપર આવ્યો હોય તેમ લાગતું, એટલે કે મંડપની ભીંતપર દેવોનાં આબેહુબ ચિત્રો પાડેલાં હતાં.

૧૦૨૪. અબીલ, એક તરેહનો ખુશબોદાર સફેદ ભભરો ભૂકો. ગુલાલ, કેટલાક કંદના લોટને પતંગના લાકડાના ઉકાળામાં રંગી સુકવી કરેલો ભૂકો. છંટા, છાંટવું અથવા ઉડાવવું તે. ઘુઘર, (सं. घर्घरी), ઘુઘરા.

૧૦૨૫. **ધ્રુની**, (**સં. ध्वनि**), અવાજ. **લાગી...ધ્રુની**, તે મહામુનીઓ વેદશાસ્ત્ર-વેદ મોટેથી ભણુવા લાગ્યા.

૧૦૨૬. **જતી**, (**સં. यतिं**), જૈન માર્ગનો અથવા શ્રાવક લોકનો ત્યાગી; ધર્મોપદેશક સાધુ. **રાય**, ભીમક. **ભાટ**, બ્રાહ્મણની એક જાત. તે રજપુતનું ગોરપદું કરે છે, ને તેના ગુણુ ગાય છે. **ભાવંન**, વખાણુ.

૧૦૨૭. **ચામર**, મોરપીછ અથવા હમામનાં રાતાં ધોળાં કુમળાં પીછાંનું અથવા ગાયના પૂછડાના વાળનું જે રાજચિન્હ તરીકે ધરી રાખવામાં આવે છે તે. **ઢળે**, માથા ઉપર રાખવામાં આવે છે. **જળહળે**, ઝગઝગે; પ્રકાશે.

૧૦૨૮. **અગર**, (**સં. अगुरु અથવા अगरु**), એક જાતનું હલકું સુગંધીવાળું લાકડું. અહીંઆં અગરબત્તી-અગરના લાકડાની બનાવેલી. **ધૂપ**, (**સં. धुप्**=ગરમ કરવું), કોઇપણુ સુગંધીવાળી વસ્તુને બાળ્યાથી જે સુગંધીવાળો ધુમાડો નીકળે છે તે; અથવા જે સુગંધ નીકળે છે તે. **ઉવેખે**, આગળ ધરે; સુવાસ પ્રસરાવે. સરખાવો 'કસ્તુરી કેસર છંટાણુા, અગર ધૂપ ઉવેખાણાં,' શુકદેવ આખ્યાન; 'દીસે નારી અદ્દભુત રૂપરે, આગળ દાસી ઉવેખે ધુપરે.' પ્રે. ભા. અ. ૪૮, ક. ૧૩૭. **વાજીત્ર નાદ**, અનેક વાજાંઓના અવાજ. **અલેખે**, (**સં. अ**=નહીં+**लिख्**=લખવું), લેખાં વગરનાં; ગણુત્રી વગરનાં; અગણિત.

૧૦૨૯. **નટુઆ**, નટુવા, (**સં. नट**), વેશ લઈ નાચનારા અને ખેલ કરનારા. **નર્ત**, (**સં. नृत्य, नृत्**=નાચવું), નાચ. **કુદડી**, એક એકના હાથના પંજા ઝાલીને ગોળ ચક્કરમાં ફરવાની એક રમત. **કહાડે સર્ત**, ચડસા ચડસી કરે છે.

૧૦૩૦. **ધુઘરીકેરા**, ગુણુકાએ પગે બાંધેલી ઘુઘરીના.

૧૦૩૧. **પગ...ધરા**, પગની પાનીના રંગથી-પૃથ્વી-મંડપની ભૂમિ શોભી રહી હતી.

૧૦૩૨. **કોકીલસ્વરા**, (**સં. कोकिलस्वरि**), કોકિલ-કોયલના જેવો મધુર સ્વર છે જેનો તેવી સ્ત્રી (બ. સ). **અનંગ...અપછરા**, અપ્સરાઓ પોતાના હાવભાવથી કામોદ્દીપન કરતી હતી.

૧૦૩૩. **નગરી અમરા**, જુઓ 'અમરાપુરી' લી. ૫૨૯. **નર-ચિત્તહરા**, નર–પુરૂષનાં ચિત્ત–મન હરે છે–વશ કરે છે જે તે.

૧૦૩૪. **ભુપને**, સ્વયંવરમાં આવેલા રાજાઓને.

૧૦૩૫. **ગાથા**, એક જાતની કવિતા; ગીત. **તોરણ**, ઘરને બારણે અથવા મંદિરને બારણે અથવા ચકલે આંબાનાં, આસોપાલવનાં પાદડાનો જે હાર શુભ કારજમાં અથવા દિવાળી હોળીને ટાંણે બાંધવામાં આવે છે તે. **દેવાય હાથા** કંકુવાળા હાથના છાપા મારવામાં આવતા હતા. **ગાનારી...હાથા**, સરખાવો 'કદળી સ્તંભ તોરણ હાથા, ગાય સોહાસણી ગીત ગાથા,' પ્રે. ભા. અ. ૪૫, ક. ૧૨૩.

૧૦૩૬. **કેસર**, એક જાતના છોડના પીળાશ પડતા રાતા રંગના સુગંધીદાર તંતુ. **ઝકઝોળ**, લચકાબોળ. **આરોગે**, ખાય. દેવ, રાજા વગેરે મોટાઓના સંબંધમાં આ શબ્દ વપરાય છે.

૧૦૩૭. **સમાં કર્યાં**, સામા–ઠીકઠાક કર્યાં; સમાર્યાં. **વરવાં**, (**સં. વિરુપ**), કુબડાં, બદસુરત.

૧૦૩૮. **ક્ષુદ્ર**, નબળાં; દુર્બળ. **ખોડ**, લાકડું; સરખાવો 'સોડ તાણીને સૂવારશે ને હૈયે મૂકશે ખોડ', થોભણદાસ; તથા 'બાંધ્યા પલવટ રાજે રણછોડ, કુહાડે મારી ફોડયું ખોડ', પ્રે. ભા. અ. ૪૫, ક. ૧૨૩. **કાષ્ટનાં** ખોડ, લાકડાનાં ખોખાં. કોડ, હોંસ. **શરીર...**કોડ, જેનાં શરીર દુબળાં અને ખખ જેવાં હતાં તેવાને પણ દમયન્તીને પરણવાની ઇચ્છા હતી.

૧૦૩૯. **શ્રદ્ધા**, ભાવ; ઇચ્છા.

૧૦૪૦. **કો...ઘર**, કોઈ કહેતા કે અમારૂં ઘર અસલ જાુનું ખાનદાનનું છે.

૧૦૪૨. **વતાં**, 'વતું'નું બહુવચન, હજામત. **વાગા**, વાગ્યા; લાગ્યા. **છર**, (**સં. ક્ષુર્**), અસ્ત્રો. **ઘરડા...છર**, ઘરડાઓ પણ જાુવાન જેવા બનીને આવ્યા હતા અને માથાં એટલાં છોલાવ્યાં હતાં–એટલે બાલ એટલા ઘસી ઘસીને લેવડાવ્યા હતા કે તેઓને અસ્ત્રા લાગ્યા હતા.

૧૦૪૩. **આગળ...દરપણ**, પોતાના મ્હોં આગળથી આરસી ખસેડતા નહીં, એટલે હું કેવો દેખાઉં છું તે જોયા કરતા અને પોતાનાં ગાત્ર સમાં કરતા હતા.

૧૦૪૪. તિલક, ધર્મ, પંથ દેખાડવા સારૂ અથવા શોભાને માટે કપાળે જે ચિહ્ન કરવામાં આવે છે તે. રેષ, રેષા; રેખા. દ્વેષ, (सं. द्विष्, ધિક્કારવું), અદેખાઈ. કેટલાક...દ્વેષ, બીજો રૂપવાન છે ને તેથી દમયન્તી એને વરશે તેવું ધારી કેટલાક એક બીજાની અદેખાઈ કરતા હતા.

૧૦૪૬. ચંત, ચિત્ત; મન; ઇચ્છા.

૧૦૪૭. ડાચાં, ગાલ. ટુંપાવી, ચીમટેવતી ધોળા વાળ કહડાવી નાંખી. પળી, (सं. पलित), ઘડપણથી અથવા નજલાથી પાકી ગયલા ધોળા વાળ; પળિયાં. કેવળ...પળી, જે છેક ઘરડા ખખ થઈ ગયા હતા અને જેના ગાલ બેશી ગયા હતા તે પણ પળિયાં ટુંપાવી વરરાજા થઈને બેઠા હતા.

૧૦૪૮. જોશી, (सं. ज्यौतिषिक), જોશ જોનાર; મુહૂર્ત જોનાર; ભવિષ્ય કહેનાર. પ્રણીપત્ય, (सं. प्रणिपात, प्र+नि+पत्=લાંબા પડવું), લાંબા છટ પડીને પ્રણામ કરવા તે; આજીજી–કાલાવાલા સહિત પ્રણામ. જન્મોતરી, જે તિથિ વાર ઘડી નક્ષત્રમાં જન્મ થયો હોય તે ઉપરથી સાધી માંડેલા જે ગ્રહો–તે ગ્રહોના યોગથી આખા જન્મારામાં જે લાભ હાનિ સ્થિતિ થવાની તે બતાવનારૂં કાગળ–ઓળિયું. દેખાડે...જન્મોતરી, કોઈ પોતાના હાથનાં રેખાદિ ચિહ્ન બતાવી પોતાને લાભ થશે કે નહીં–દમયન્તી મળશે કે નહીં તે પૂછતા હતા.

૧૦૪૯. હું લાગું ચરણે, હું તમારે પગે પડું.

૧૦૫૦. ફોફળ, સોપારી; જુઓ 'ફોફળી' લી. ૨૨૯. જેના... ફોફળ, જેના ગાલમાં ખાડા પડ્યા હતા તેવાઓએ ગાલ ફુલેલા દેખડાવવા સારૂ બે બાજુએ બે સોપારી મ્હોમાં રાખ્યાં હતાં.

૧૦૫૧. ગલોઢાં, ગાલ. કાચ, કલઈ કીધેલો કાચ; આરસી. એમ ...મોઢાં, ઉપર પ્રમાણે સોપારી રાખી પોતાના ગાલ ઉંચા કરી–ફુલાવી દમયન્તી પરણવાના વિચારમાં ઘેલા બનેલા રાજાઓ પોતાના મ્હોડાં આરસીમાં જોતા હતા.

૧૦૫૨. પુરણ...કોય, દમયન્તી મનેજ વરશે એવી દરેકને સંપૂર્ણ આશા હતી. વાટ જોય, રાહ જોતી હતી.

૧૦૫૫. રૂપબુદ્ધિ બળિયા, રૂપમાં તથા બુદ્ધિમાં બળિયા; ઘણા રૂપવાન અને બુદ્ધિશાળી.

૧૦૫૬. **સણુગાર ધરે**, સ્વયંવરમાં જવાને લુગડાં ઘરેણાં પહેરે છે.

૧૦૫૭. **સજતી**, ધારણ કરતી; પહેરતી. **શ્રીકાર**, (सं. श्री=શોભા +कार=કરનાર), શોભાયમાન; સરસ; સુંદર. સરખાવો, 'એક અમૃત ફળ શ્રીકાર, બીજું એક ફળ ભોમીભાર.' સા. નં. ખ.

૧૦૫૯. **કૃષ્ણાગર**, (सं. कृष्णागरु), એક જાતનું સુગંધીદાર લાકડું; મળીયાગર. કવિ દલપતરામ એમના કાવ્યદોહનમાં 'કસ્તુરી' અર્થ આપે છે. **મર્દન**, (सं. मृद्=ઘસવું), લગાડવું તે; ચોળવું તે. **વાસવર્ધન**, વાસ વધારનાર. **કૃષ્ણાગર...મંજન**, મહિલા-દમયન્તી વાસવર્ધન જે કૃષ્ણાગર તેનું મર્દન કરાવે છે ને મંજન કરે છે.

૧૦૬૦. **વધાવવું**, શુભ-કલ્યાણ થાઓ એ ભાવમાં-એવી ઇચ્છાથી કોઈનાપર ફૂલ ચોખા વગેરે ઉરાડવું તે; અહીંઆં મોતીએ વધાવવું. **મુક્તા-પરજંન**, (सं. मुक्तापर्जन्य), મોતીનો વરસાદ; અસંખ્ય મોતી.

૧૦૬૧. **શુભવચન**, કલ્યાણવાચક શબ્દ; આશીર્વાદનાં વચન. **ઉદ્દયો**, ઉત્પન્ન થયો (સઘળાને). **અનંત**, અંત વિનાનો; બેહદ.

૧૦૬૨ **ભેરી**, નોબત; મોટું નગારૂં. **ભેરીનાદ**, નોબતનો અવાજ.

૧૦૬૩. **માનપુરણ**, અભિમાનની ભરેલી. **માનુની**, (सं. मानिनी), જેને માન-અભિમાન છે તે સ્ત્રી; સ્ત્રી-અહીંઆં દમયન્તી. **મહીપત**, (सं. महीपति), મહી-પૃથ્વીના રાજા; સ્વયંવરમાં આવેલા રાજા. **મહીપત ...કાજ**, રાજાઓને મોહ પાશમાં પાડવાને માટે; તેમને મોહમાં નાખવાને માટે.

૧૦૬૪. **સાજ**, સણગાર.

૧૦૬૫. **પ્રેમપાશ**, પ્રેમરૂપી પાશ; જાળ. **મંડપ ક્ષેત્ર**, મંડપરૂપી યુદ્ધના ક્ષેત્રમાં; મંડપરૂપી રણભૂમિમાં.

૧૦૬૬. **ભ્રકુટીધનુષ્ય**, ભવાંરૂપી ધનુષ્ય-કામઠું. **આકરશીઉં**, (सं. आ+कृष्=ખેંચવું), ખેંચ્યું.

૧૦૬૪-૧૦૬૬. આ ત્રણે લીટીમાં સ્વયંવરમાં જતી વેળાનું દમયન્તીનું વર્ણન પ્રેમાનંદ કવિએ યુદ્ધ કળાના શબ્દો વડે કરેલું છે. દમયન્તી સ્વયંવરમાં આવેલા રાજારૂપી યોદ્ધાઓને વશ કરવાને સાજ સજીને તૈયાર થઈ; તે સ્ત્રીએ સ્વયંવરના મંડપરૂપી રણક્ષેત્રમાં નાખવાને સારૂ પોતાની સાથે પ્રેમ-

રૂપી જાળ રાખી; વળી તેણે રાજારૂપી મંડપમાં ભરાયલા યોદ્ધાઓને ઘાયલ કરવા સારૂ—મોહવશ કરવાસારૂ પોતાનાં ભવાંરૂપી ધનુષ્ય ખેંચી તેમાં દૃષ્ટિરૂપી બાણુ ફેંકવાની તૈયારી કરી રાખી.

૧૦૬૭. વારેવાર, વારંવાર; ઘડિયે ઘડિયે.

૧૦૬૮. બાહેર નીસરે, સ્વયંવરમાં આવે. હાર, વરમાળ.

૧૦૬૯. વાજીંત્ર...ગાજે, વાજાં વાગે છે તે જાણે મેઘ—વાદળની ગર્જના થતી હોય એવા ગંભીર ગાજે છે. કુસુમની વૃષ્ટ, પુષ્પવૃષ્ટિ; ફૂલનો વરસાદ.

૧૦૭૦. રાજા દૃષ્ટ, કેમે કરતાં પણ દમયન્તીની સાથે નજરોનજર થાય એટલા સારૂ સઘળા રાજાઓ તેને અંદર આવવાના દરવાજા તરફ જોવા લાગ્યા.

૧૦૭૨. રાજાઓ વાંકા વળી વળીને જોતા હતા તેથી તેઓની પાછળ બાંધેલા ધનુષબાણનો અવાજ થતો હતો, અને મંડપમાં ગાયન ચાલતું હતું.

૧૦૭૪. એહેવે સમે, રાજાઓ દમયન્તી આવે છે એવું ધારીને બારણા તરફ એકી નજરે જોઈ રહ્યા હતા તેટલામાં.

સમાપ્ત.

પરિશિષ્ટ.

અલંકાર વિચાર.

(કવિ નર્મદાશંકરના 'અલંકાર પ્રવેશ' તથા કવિ સવિતાનારાયણની 'અલંકાર ચંદ્રિકા' ઉપરથી.)

અલંકાર એ શબ્દ સંસ્કૃત ભાષાનો છે. **અલંકાર એટલે શોભા** અથવા **શોભા આપનારી વસ્તુ.** ઘરેણાં એ અલંકાર છે. જેમ ઘરેણાં શરીરને શોભાવે છે, તેમ અલંકાર બોલવા લખવાથી કેટલીક ચમત્કારિક રીતિ–છટા ભાષણ–લખાણને શોભિતાં–ખુશી અને અસર ઉપજાવનારાં કરે છે.

એક વિચાર સાદી સાધારણ ભાષામાં બોલવાના કરતાં અલંકારની ભાષામાં બોલીએ છિયે તો આપણે આનંદ પામીએ છિયે, એટલુંજ નહીં, પણ સામા ધણીને આનંદ પમાડી તેના ઉપર સારી પડે અસર કરી શકિયે છિયે.

જેમ વ્યાકરણ શિખ્યા વિના પણ આપણે આપણી ભાષા શુદ્ધ બોલીએ છિયે, તેમ અલંકારના નામ ભેદ જાણ્યા વગર પણ આપણા બોલવા લખવામાં ઘણા અલંકાર વાપરીએ છિયે. અર્થાત્ એ કે અલંકારવાળું ભાષણ કરવું એ સ્વાભાવિક છે. એ કંઇ શિખવું પડતું નથી. દિલના જોસ્સા અને તુરંગો થકી અલંકાર આપોઆપ ઉત્પન્ન થાય છે. તોપણ જેમ વ્યાકરણ શિખ્યાથી વિશેષ લાભ, તેમ અલંકાર શાસ્ત્ર શિખ્યાથી પણ વિશેષ લાભ થાય છે.

એ ભાષાલંકારના બે ભાગ કર્યાં છેઃ–**અર્થાલંકાર ને શબ્દાલંકાર.** વિશેષે કરીને વાકયના અર્થની અથવા વાકય માંહેલા વિચારની ચમત્કૃતિ જ્યાં જોવામાં આવે ત્યાં અર્થાલંકાર જાણવો. એમાં શબ્દોના ફેરફાર કરીએ અથવા વાકયનો એક ભાષામાંથી બીજી ભાષામાં તરજુમો કરીએ તોએ અલંકારની ખૂબી જતી રહેતી નથી, વિશેષે કરીને જ્યાં શબ્દની ચમત્કૃતિ જોવામાં આવે ત્યાં શબ્દાલંકાર જાણવો. એમાં શબ્દોનો ફેરફાર કર્યાથી અલંકારની ખૂબી જતી રહે છે. અર્થાલંકાર ને શબ્દાલંકાર એવા

બે ભાગ કર્યા છે ખરા; તોપણ એ બેનો પરસ્પર ઘણો સંબંધ છે, માટે ઘણી વેળાએ તેઓ એક બીજામાં ભળી ગયેલા જોવામાં આવે છે.

આ પરિશિષ્ટમાં સઘળા અલંકારનો સવિસ્તર વિચાર ચલાવી શકાય તેમ નથી, માટે સાધારણ વ્યવહારમાં વપરાતા મુખ્ય મુખ્ય અલંકારો સંબંધી ટુંકમાં સમજુતી આપવામાં આવે છે.

અર્થાલંકાર.

૧. ઉપમા. (Simile).

જ્યાં બે વસ્તુનું અથવા બે વિચારનું સરખાપણું મનને આનંદ પમાડતું હોય ત્યાં ઉપમા અલંકાર જાણવો.

ઉપમા અલંકારમાં ચાર વસ્તુ જોઈએ—જે વસ્તુને સરખાવવી હોય તે (**ઉપમેય**), જેની સાથે સરખાવવી હોય તે (**ઉપમાન**), જે બાબત–ધર્મમાં તે બે વસ્તુ સરખી આવતી હોય તે (**સાધારણ ધર્મ**) અને સરખાપણાનું જે શબ્દથી જ્ઞાન થાય છે તે શબ્દ (**વાચક**). ઉપમામાં, ઉપમા દેખાડનારા–વાચક શબ્દ જરૂર જોઈએ. સરખાપણું જે શબ્દોથી જણાય છે તે આ છેઃ—જેમ, તેમ, જેવું, તેવું, પ્રમાણે, પેઠે, ઠાણી, સમ, સરખું, તુલ્ય, જે રીતે, જે માફક વગેરે. દાખલાઃ—

૧. આ સરોવરનું **પાણી**, **અમરત** સરખું મીઠું છે.

૨. જેનું વદન શશિ સમાન ઉજ્વળ અને જેના હાથ પલ્લવ સરખા કોમળ એવી જનકતનયાને વરવાને દેશ દેશના ભૂપ મિથિલાપુરીમાં આવ્યા.

૩. **ચંદ્રમુખી**, ચંદ્રના જેવું છે મ્હોડું જેનું એવી (સ્ત્રી); **મૃગલોચની**, હરણના જેવી છે આંખ જેની એવી (સ્ત્રી); આવા સામાસિક શબ્દો–જેમાં ઉપમા વાચક શબ્દો અધ્યાહાર છે તે પણ ઉપમાના દાખલા ગણાય છે.

નળાખ્યાનની નીચલી લીટીઓમાં આ અલંકાર છેઃ—૫૮; ૪૦૬; ૪૨૩; ૫૨૮; ૫૭૮ (ગળસ્થળ નારંગ કળશા); ૫૯૨ (સ્કંધ પદના તે કદળી સરખા); ૬૪૯; ૬૭૫; ૮૦૦; ૯૫૩.

૨. પ્રતીપ.

ઉપમાન અને ઉપમેય એ બેની પરસ્પર સ્પર્ધાનું જે કથન તે **પ્રતીપ** અલંકાર. દાખલાઃ—

૧. હે હલાહલ! સઘળા દારૂણ પદાર્થમાં હુંજ શ્રેષ્ઠ છું એવો ગર્વ મા કર, કારણ કે આ લોકમાં દુર્જનોનાં વચનો તારા સરખાં છેજ.

નળાખ્યાનની ૪૪૨ તથા ૫૨૯મી લીટીમાં આ અલંકાર છે.

૩. દૃષ્ટાંત.

જ્યાં બે વાક્યોના જૂદા જૂદા અર્થનું સાદસ્ય-સરખાપણું હોય ત્યાં **દૃષ્ટાંત** અલંકાર. એમાં, સરખા ધર્મથી એક-બાકી ખરેખર જૂદાં એવાં ઉપમાન ઉપમેયના જે ધર્મો તે ધર્મોનું જૂદે જૂદે શબ્દે વર્ણન કર્યું હોય છે. એક વાતને બીજીનો દાખલો આપે છે, ને ઉપમાવાચક શબ્દ જેમ ગુપ્ત રાખે છે. દાખલાઃ-

૧. મેઘ વીજ વાયૂથકી, ડોલે નહિ ગિરિરાય;
આધિ વ્યાધિ ઉપાધિથી, વ્રતાળિ ચલિત ન થાય.

નળાખ્યાનની નીચલી લીટીઓમાં આ અલંકાર છેઃ—૬૮; ૧૪૧-૪૨; ૧૯૮; ૨૩૯; ૩૧૧-૧૨; ૩૭૫; ૪૭૦-૭૧; ૭૧૬; ૯૭૦.

૪. નિદર્શના.

જ્યાં સરખા વાક્યાર્થનું ઐક્યપણું વર્ણવવામાં આવ્યું હોય ત્યાં **નિદર્શના** અલંકાર. દાખલાઃ-

૧. મૂર્ખને ઉપદેશ કરવો એ પથ્થર ઉપર પાણી રેડવું છે.

૨. પ્રીત કરીને પછી વછોડવું ને દઝાડીને લુણ લગાડવું એ બરાબર છે.

૫. વ્યતિરેક.

કોઈ એક અસાધારણ અન્ય ધર્મવડે ઉપમાન કરતાં ઉપમેયનો ઉત્કર્ષ અથવા અપકર્ષ વર્ણવવામાં આવે ત્યાં વ્યતિરેક અલંકાર. દાખલાઃ-

૧. સાધુ સંત ઊંચા ઘણા, મોટા પર્વત જેમ;
પણ પ્રકૃતિના કૂમળા, હોય કુંપળિયાં તેમ.

૨. આ સ્ત્રીનું મુખ ચંદ્ર સરખું શોભે છે; પણ મિજાસી એટલું દેખાય છે કે રસિક જનને પ્રિય લાગતું નથી.

૩. નળાખ્યાનની ૪૪૩મી લીટીમાં આ અલંકાર છે.

૬. રૂપક. (Metaphor.)

જ્યારે એક વસ્તુનું વર્ણન, બીજી વસ્તુના નામથી અથવા ધર્મથી અથવા નામ ધર્મ બંનેથી થાય છે ત્યારે રૂપક અલંકાર. જ્યાં ઉપમાન અને ઉપમેય અભેદે (એકજ થઈને) અથવા તદ્દરૂપે (સરખે રૂપે થઈને) સાથે શોભી રેહે છે ત્યાં રૂપક અલંકાર. વળી રૂપ, રૂપી અને બીજો, બીજી, બીજું એ વાચક શબ્દથી રૂપક (તદ્દરૂપ રૂપક) ઓળખાય છે. એ રૂપકો, અભેદ રૂપકોથી જરા કમી જોર રાખે છે. અસર કરવામાં પહેલે દરજ્જે અભેદ રૂપક, બીજે દરજ્જે ઉપમા અને ત્રીજે દરજ્જે રૂપીવાચક રૂપક છે. દાખલા:—

૧. ચ્હેનમાં છુટા ફર્યા અગાડ઼ પોપટો પણ,
હાલમાં પડ્યાછ પાંજરે ગુમાવિને પણ;
વર્ષ તો વહી ગયાં ગયા પગો બંધાઈ રે,
ના ગમે છુટું થવૂં ગયુંજ વીર્ય બાઇરે.

એમાં હિંદુઓનું પોપટનાં નામ ધર્મથી વર્ણન કરેલું છે.

૨. જિવતર વ્હાણું વહિ જશે, ભણાવે કંઇ ચિત રાખ;
ખરે બપોરે તલપિને, થઇશ બળીને ખાખ.

૩. અજ્ઞાન રૂપી તમ નાશ કર્તા,
કલ્યાણ કારી મતિ દે તું કર્તા.

૪. આ ગવૈયો તો બીજો તાનસેન છે.

૫. મુખચંદ્ર (મુખના રૂપમાં ચંદ્ર, મુખ રૂપી–મુખ એજ ચંદ્ર), આના જેવા સમાસ રૂપકના દાખલા છે.

નળાખ્યાનની નીચલી લીટીઓમાં રૂપક અલંકાર છે:–૮૨–૮૩; ૧૪૫; ૧૭૧ (હસ્તકમળ); ૩૨૭; ૪૦૨; ૫૬૫; ૫૭૮ (આદિત્ય ઈંદુ અકોટી); ૫૭૯ (અધર પ્રવાળી દંત કનકરેખા); ૫૮૩; ૫૮૪; ૫૮૭; ૫૯૬–૯૭; ૬૦૪; ૬૦૭; ૬૩૦; ૮૧૫; ૮૬૪; ૮૬૭; ૯૬૭–૬૮; ૧૦૫૫–૫૬.

૭. સજીવારોપણ. (Personification.)

જે ચીજમાં જીવ નથી તેનામાં જીવ છે એવી કલ્પના કરી તેને

સંજીવન બનાવી તેની પાસ સ્ત્રી પુરૂષનાં કામો કરાવવાં તે સજીવા-રોપણુ અલંકાર. દાખલાઃ—

૧. અરર ધરતિ મોટી માવડી માગ આલ,
ઝટ ઝટ ઝટ વ્હેલી, પેટમાં પાસ પાળ, ૪૦

એમાં ધરતી જે નિર્જીવ છે તેને મા કહી છે.

૨. આકાશે તો ચક ચક થતો શ્વેત વાગો સજ્યોરે,
તારાઓ જે મુઝઇ રડતા, શોક તેણે તજ્યોરે; ૯૦

એમાં શરદ ઋતુનું વર્ણન છે. (વર્ષા ઋતુ જતે આકાશ સ્વચ્છ થાય છે) આકાશને સફેત લુગડું પેરાવ્યું છે. તારાઓ જે રડતા (ઝાંખા હતા) તેઓએ શોક મૂક્યો (સારી પેઠે ચળકવા માંડયું) વગેરે.

૮. ઉત્પ્રેક્ષા.

જ્યાં એક વસ્તુનું વર્ણન, બીજી વસ્તુને નામે અથવા ધર્મે, શંકા અથવા કલ્પના સાથે થાય છે ત્યાં ઉત્પ્રેક્ષા અલંકાર. ઉપમાનનો ધર્મ સંબંધ મનમાં રાખી ઉપમેય ઉપર ઉપમાનના સરખાપણાનો તર્ક અથવા સંશય હોય છે ત્યાં ઉત્પ્રેક્ષા.

શંકા છે–કરૂં છું, ધારૂં છું, લાગે છે, જણાય છે, કલ્પના કરૂંછ, માનુંછ, જાણે, આમ હશે, એમ હોયની શું વગેરે શબ્દો ઉત્પ્રેક્ષાવાચક છે. ઉત્પ્રેક્ષાના બે પ્રકાર છે. એક વસ્તૂત્પ્રેક્ષા અને બીજી હેતૂત્પ્રેક્ષા. વસ્તૂત્પ્રેક્ષામાં વસ્તુને નામે-ધર્મે તર્ક કર્યો હોય છે અને હેતૂત્પ્રેક્ષામાં કારણુ બતાવવામાં તર્ક કર્યો હોય છે. દાખલાઃ–

૧. આડો જાતો બહુ પવનથી મેઘ ઉંચેથી જોવો;
એ તો લાગે ધુળ ઉડિ રહી વા દિસે ધુમ્ર ગોટો.

૨. ચપળ નેત્ર ઝીણું અંજન, જાણે જાળે પડયાં ખંજન.

આ વસ્તૂત્પ્રેક્ષાના દાખલા છે.

૩. કોમળ તારાં ચરણુ જાણે જમીનપર ચાલવાથીજ રાતાં થયાં હોયની ?

૪. જટાની શોભાથી અતિ શરમાઇ શિવ ઉઠયા;
જટાને સંકેલી વડ તજિ ગિરીયે જઇ રહ્યા.

એમાં કબીર વડની જટા જોઈને શિવ શરમાઈ ગયા કે મારી જટા એની આગળ કંઈજ નથી—એ કલ્પિત કારણ છે.

આ બે હેતૂત્પ્રેક્ષાના દાખલા છે.

નળાખ્યાનની નીચલી લીટીઓમાં આ અલંકાર છે:—૧૪૩–૪૪; ૧૪૬; ૧૫૯–૭૨; ૧૭૪; ૧૭૮–૧૮૪; ૧૯૧; ૧૯૭; ૧૯૯; ૪૦૫; ૪૩૬–૩૭; ૪૪૪–૪૫; ૪૪૭–૪૫૯; ૫૬૬; ૫૬૯–૫૭૭; ૫૭૯; ૫૮૪–૮૫; ૫૮૯; ૬૦૯–૧૦; ૬૧૪–૧૫; ૭૭૯; ૮૧૫; ૧૦૦૯; ૧૦૨૩; ૧૦૩૩.

૯. દૃષ્ટાંતરૂપક, અપ્રસ્તુતપ્રશંસા, અથવા અન્યોક્તિ. (Allegory).

જ્યાં વર્ણન કરવાની વસ્તુનું, તેનું પોતાનું છતું નામ ન લેતાં હરકોઈ બીજાના દાખલાથી ભેદમાં વર્ણન કરેલું હોય ત્યાં દૃષ્ટાંતરૂપક અલંકાર.

એ રીતના વર્ણનમાં અર્થ બહારથી લાગે કોઈને, ને અંદરથી ખરેખરો લાગુ પડતો હોય કોઈને. પુરાણોમાં આખ્યાનો છે તે ઘણુંખરાં દૃષ્ટાંતરૂપક છે. પંચોપાખ્યાન, ઇસપનીતિ વગેરે વારતાઓ દૃષ્ટાંતરૂપક છે. વારતા જનાવરની હોય પણ લાગુ પડે માણસને. એ અલંકારનો હેતુ ઘણું કરીને સારો બોધ કરવાનો હોય છે.

નવી મ્હોરનૂં ચલણ બહુ, ચાલ્યું થોડી વાર;
પણ પછિ તે ખોટી ઠરી, જૂનીનો વ્હેવાર.

અંદરનો અર્થ—નવા કારભારીએ થોડી વાર તો અમલ ચલાવ્યો પણ પછી તેનું ગાડું અગાડી ચાલ્યું નહીં ને પાછું જુના કારભારીનું જોર અસલ પ્રમાણે ચાલતું થયું.

૧૦. અપહ્નુતિ.

એકના સરખી બીજી વસ્તુ જોઈને પેહેલીનો નિષેધ કરી બીજીને નામે વર્ણન કરવું તે અપહ્નુતિ અલંકાર. દાખલા:—

૧. ચંદ્રને જોઈને કોઈ કહે છે કે એ ચંદ્ર નથી—એ તો આકાશ ગંગાનું કમળ છે.

૨. આ ચંદ્ર નથી તો પ્રિયાનું મુખ એજ ચંદ્ર છે.

૧૧. અતિશયોક્તિ. (Hyperbole).

જ્યાં વસ્તુનું ખરેખરૂં હોય તેના કરતાં ઘણું વધારીને વર્ણન કરેલું હોય ત્યાં અતિશયોક્તિ અલંકાર. પછી વધારે સારૂં કીધું હોય કે વધારે નરસું કીધું હોય. સાધારણ વાતમાં છેકજ મોટી અતિશયોક્તિ વાપરવી નહીં; કેમક તેમાં પછી ચમત્કૃતિ રેહેતી નથી. દાખલાઃ–

૧. ધ્રુજ્યો ધ્રુવ ને મેરૂ ડગિયો, ખળભળિયાં પાતાળ,
સાગરે મરજાદ મૂકી, ડોલ્યા દશ દીગપાળ.

એમાં શિવ અને કૃષ્ણના યુદ્ધનું વર્ણન છે.

નળાખ્યાનની નીચલી લીટીઓમાં આ અલંકાર છેઃ–૬૪; ૧૧૧; ૧૪૦; ૧૯૩; ૨૦૦–૨; ૪૨૦; ૪૬૬–૬૭; ૬૧૨–૧૩; ૭૭૧–૭૨.

૧૨. રૂપકાતિશયોક્તિ.

જ્યાં ઉપમેયનું નામ ન લેતાં કેવળ ઉપમાન વડેજ ઉપમેયનું વર્ણન કરવામાં આવે ત્યાં રૂપાકાતિશયોક્તિ. દાખલાઃ–

૧. બે નીલ કમળમાંથી તીક્ષ્ણ એવાં બાણ નીકળે છે તે જો.

આ દાખલામાં નેત્ર અને કટાક્ષ જે ઉપમેય તેમનું નામ ન લેતાં કેવળ તેમનાં નીલ કમળ અને તીક્ષ્ણ બાણ જે ઉપમાન તે વડેજ તેમનું વર્ણન કરવામાં આવ્યું; તેમજ કમળમાંથી બાણનું નીકળવું અસંભવિત છતાં પણ તે વર્ણન કરવામાં આવ્યું તેથી એ રૂપાકાશયોક્તિ.

નળાખ્યાનની નીચલી લીટીઓમાં આ અલંકાર છેઃ–૫૮૦–૮૧; ૫૯૦–૯૧; ૭૧૯.

૧૩. પરિસંખ્યા.

કોઈ પદાર્થનો એક સ્થળમાં નિષેધ કરી તેનું અન્ય સ્થળમાં સ્થાપન કરવામાં આવે ત્યાં પરિસંખ્યા અલંકાર. દાખલાઃ–

૧. દીપકમાં સ્નેહનો ક્ષય થયો, પરંતુ મૃગનયનીનાં હૃદયમાં નથી થયો.

૨. ખાલી ઘરો ફક્ત ચોપટમાં રહે છે,
આદર્શમાંજ ઉલટી પકડો દિસે છે;

છે વર્ણશંકર વિચિત્ર પટો વિશેજ,
આ આપના નગરમાં ભય પાપનેજ.

એ કોઈ એક રાજા પ્રત્યે કોઈ કવિની ઉક્તિ છે.

નળાખ્યાનની ૫૩૭મી લીટીમાં તથા ૬૪માં કડવામાં (નળના રાજ્યમાં બંધન નામે...કમાડને વિજોગજી) આ અલંકાર છે

૧૪. વ્યાજસ્તુતિ. (Irony).

જ્યાં ઉપરથી નિંદા કરીને અંદરથી સ્તુતિ કરી હોય અથવા ઉપરથી સ્તુતિ કરીને અંદરથી નિંદા કરી હોય ત્યાં **વ્યાજસ્તુતિ** અલંકાર. દાખલાઃ—

૧. કોઈ પ્રભુને કહે છેઃ—'ઓ પ્રભુ કેવો તારો અવિચાર કે પાપીઓને પણ મોક્ષ આપે છે.' એમાં ઉપરથી નિંદા અને અંદરથી સ્તુતિ છે.

૨. ડાપણમાં તુજ નહિં મણા, માણે મોટી મોજ;
વાઃ વા ભઈ વાઃ વા તને, અબળા મારે રોજ.

એમાં ઉપરથી વખાણ છે અને અંદરથી ઠપકા જેવું છે. નળાખ્યાનની ૬૦૫મી લીટીમાં આ અલંકાર છે.

૧૫. વિરોધાભાસ.

જ્યાં વિરોધનો આભાસ હોય એટલે જ્યાં પ્રથમ તો અર્થનો વિરોધ દેખાય છે, પણ પછી કોઈ કારણને લીધે તે વિરોધ જતો રહે છે ત્યાં **વિરોધાભાસ** અલંકાર. દાખલાઃ—

૧. શિવ શૂલધારી (શૂલ નામનો રોગ નહીં પણ શૂલ નામનું શસ્ત્ર) છે તથાપિ નિરામય (નિરોગી) છે.

૨. જે સુશીલ પુરૂષ છે, જેને પોતાનું પારકુ નથી તેને અગ્નિ જળરૂપ, વિષ અમૃત જેવું, સમુદ્ર નદીનાળાં સરખો અને સાપ માળા સરખો થાય છે.

એમાં અગ્નિ પાણીનો વિરોધ દેખાય છે પણ પછી સુશીલ મનુષ્યને કોઈ દુઃખ દેનાર નથી એવો જે સ્વભાવ તેથી તે વિરોધ જતો રહે છે.

૧૬. શ્લેષ. (Pun)

અનેક અર્થના પદ વડે અનેક અર્થનું વર્ણન કરવું તે શ્લેષ અલંકાર. વર્ણ્ય અને અવર્ણ્ય એવા શબ્દમાં ને પછી વાક્યમાં નાના પ્રકારના અર્થ થતા હોય ત્યાં શ્લેષ. દાખલાઃ—

૧. ફૂંકે શંખ પણ નવ કંઇ, ઉતરે તેનો નાદ.

અર્થ—પેલો માણસ શંખ ફૂંકે છે પણ તેનો અવાજ ઉતરતો નથી—તેનાથી શંખ વગાડાતો નથી—એ એક અર્થ. તેણે શંખ ફુંક્યો એટલે તે પોતાના કામમાં પાર ન પડ્યો, તેણે હાથ ધોયા, દેવાળું કાઢ્યું એવા અર્થ થાય છે. દેવાળું કાઢે છે તો પણ તેનો મિજાજ—અહંકાર ઉતરતો—ઓછો થતો નથી—એ બીજો અર્થ.

૨. રાજા મૃદુલ કરે લોકોનાં હૃદય હરણ કરે છે.

રાજા=ચંદ્ર તથા નરપતિ; મૃદુલ=નવાં તથા અલ્પ; કર=કિરણ તથા આબાધન.

એક વાક્યમાં ઘણા અલંકાર આવે છે પણ તેમાં એકનું પ્રાધાન્ય હોય છે ને બાકીનાનું ગૌણત્વ હોય છે; પણ જેનું પ્રાધાન્ય હોય તેને નામે તે અલંકાર ઓળખાય છે.

અનેક વિષયો સંબંધી જ્ઞાન મેળવવાના સાધનરૂપ લગભગ
૨૦૦૦ પ્રશ્નોના ૧૦૮ મણકારૂપ પ્રશ્નપત્રોથી ભરેલું પુસ્તક
તથા ટુંકામાં પણ જરૂરની પૂરતી માહિતીવાળું
તેના ખુલાસારૂપ પુસ્તક.

પાકું પુઠું ઉત્તમ છાપ કામ

સામાન્ય જ્ઞાન પ્રશ્નમાળા-કિંમત રૂા ૧)

સામાન્ય જ્ઞાન પ્રશ્નમાળાના ખુલાસા

ચરિત્રાવલીના પૃ. ૧૨૨ સહ પૃ. ૪૬૫; (કિં. રૂા૦ ૩)

પ્રશ્નમાળામાં—આબાળવૃદ્ધ સર્વ સ્ત્રી પુરૂષોની સામાન્ય અને વ્યાવહારિક બાબતોની માહિતી મેળવવાની ઉત્સુકતા જાગૃત કરે એવા સાહિત્ય, વિજ્ઞાન, ઇતિહાસ, ચરિત્ર, ધર્મ, આરોગ્યાદિ શાસ્ત્ર, ભૂગોળ, ખગોળ તેમજ રાજકીય અને વ્યાવહારિક બાબતો અને ઉપયુક્ત વિષયો સંબંધી અનેક પ્રશ્નો સમાવવામાં આવ્યા છે.

પ્રશ્નમાળાના ખુલાસામાં—સમાવેશ કરેલી બાબતો અનેક પુસ્તકો વગેરેમાં શોધખોળ કરવાથી પણ સહજ મળી શકે તેમ નથી, અને તે બધાં પુસ્તકો પણ આપણા લોકોને અને નાનાં મોટાં ગામડાં, ગામો અને શહેરમાં દુષ્પ્રાપ્ય છે. વળી આ પુસ્તકમાં રાજસેવા, લોકસેવા, સાહિત્યસેવા વગેરે અનેક રીતનાં કાર્યોથી જાણીતાં થયલાં સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓનાં જરૂર પ્રમાણે ટુંકામાં કે વિગતથી ચરિત્રો આપેલાં છે, અને મનન કરવા વગેરે માટે સુગમ પડે તેટલા માટે ખુલાસાના ભાગથી જુદા પાડી પૃ. ૩૩૮ થી ૪૫૯ સુધીમાં 'ચરિત્રાવલી'માં દાખલ કરેલાં છે.

તૈયાર કરનાર-છગનલાલ ઠાકોરદાસ મોદી તથા
જીભાઇ ગોકળદાસ પારેખ.